પ.પૂ.ધ.ધુ.૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજની
આજ્ઞાથી પ્રકાશિત

# શિક્ષામૃત

(શિક્ષાપત્રી, ધર્મામૃત અને હરિભક્તોને વર્ત્યાની રીતિ તથા
નિત્યનિયમ, પૂજાવિધિ,તિલચિહ્ન વર્ણન, દેશવિભાગનો લેખ -
જનમંગલ સ્તોત્ર-નામાવલિ, શ્રી પુરુષોત્તમ કવચ)


**સંકલન** : સ્વામી આનંદસ્વરૂપદાસજી (વેદાંતાચાર્ય)

**પ્રયોજક** : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી - વડતાલ (હાલ-સરધાર)



**: પ્રસિદ્ધ કર્તા :**

કો. સ્વામી શ્રી વિરક્તસ્વરૂપદાસજી

**શ્રી સ્વામિનારાયણ મંદિર, સરધાર**

તા. જી. રાજકોટ - ૩૬૦૦૨૫ ફોન નં. (૦૨૮૧) ૨૭૮૧૨૧૧

**પ્રકાશક** : શ્રી સ્વામિનારાયણ મંદિર- સરધાર
તા.જી. રાજકોટ-૩૬૦ ૦૨૫

**સંકલન** : સ્વામી આનંદસ્વરૂપદાસજી (વેદાંતાચાર્ય)


તા. ૨૧-૧૨-૨૦૦૨, તા. ૨૦-૨-૦૩,
તા.૧૪-૧૧-૦૪ તથા તા. ૨૦-૧૦-૦૯ ,
તા. ૨૪-૩-૧૧
આ પ્રથમ પાંચ આવૃત્તિની
કુલ પ્રત : ૨૫૦૦૦

**છઠ્ઠી આવૃત્તિ :**
ભગવાન શ્રી સ્વામિનારાયણનો ૨૩૩મો જન્મોત્સવ
વિ.સં. ૨૦૬૯, ચૈત્ર સુદ-૯, શ્રીહરિજયંતિ (રામનવમી)
તા. ૨૦-૪-૨૦૧૩, નિમિત્તે પ્રકાશન

**પ્રત** : ૫૦૦૦

**પડતર કિંમત** : ૩૫/-

**મુદ્રક** :
શ્રીજી આર્ટ, અમદાવાદ
ફોન : ૦૭૯-૨૬૫૮૦૯૧૬, ૯૮૭૯૬૦૬૬૮૬

**ભગવાન શ્રી સ્વામિનારાયણે બસો વર્ષ પૂર્વે આપેલ આશીર્વાદનું મૂર્તિમંત સ્વરૂપ ધારણ કરતું સરધારધામને આંગણે પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી સંપ્રદાયના નજરાણારૂપ શિખરબધ્ધ મંદિરના આગામી મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવને કોટિ કોટિ વંદના...**

## પ્રસ્તાવના

શિક્ષાપત્રી તે ''मद्रूपमिति मद्वाणी मान्येयं परमादरात्'' **એ શિ. શ્લો. ૨૦૯** માં શ્રીમુખે કહ્યા મુજબ મોક્ષદાતા ભગવાન શ્રી સ્વામિનારાયણનું જ વાઙ્મયસ્વરૂપ છે આ શાસ્ત્ર આપણા ઉદ્ધવસંપ્રદાયનાં વૈદિકબંધારણ માટે સર્વોત્તમ અને સર્વમાન્ય ગ્રંથ છે. મુમુક્ષુજનને ચારે પુરૂષાર્થની સિદ્ધિ આપનાર **શિક્ષાપત્રી**નો મુખ્ય વિષય **મોક્ષ** છે અને 'સર્વજીવપ્રાણીનું હિત કરવું' એ તેની વિશેષતા છે. ભગવાન શ્રી સહજાનંદસ્વામીએ **'ગાગરમાં સાગર'** એ ન્યાયે તમામ સત્શાસ્ત્રનાં સારરૂપે આ શિક્ષાપત્રીની રચના કરીને પોતાનાં આશ્રિતોનું પરમશ્રેય થાય તે માટે નિત્યે પાઠ કરવાની આજ્ઞા શિક્ષાપત્રી શ્લો. ૨૦૮માં તથા વચનામૃત ગ. અં. પ્ર. ૧માં કરી છે. તેમાં બતાવેલા વિધિનિષેધરૂપ નિયમોને જે અનુસરે તે આધ્યાત્મિક અને ભૌતિકક્ષેત્રે પણ ઉન્નતિ પામી આત્યંતિક કલ્યાણને પામે છે. આ ઘોર કલિકાળમાં ચાલી રહેલ અંધશ્રદ્ધા અને વહેમોથી બચવા માટેનું **અમોઘ શસ્ત્ર** શિક્ષાપત્રી છે. તેથી શિક્ષાપત્રી તે **માતા** બાળકની જેમ **માનવમાત્ર**ની **હિતકારી** છે.

અને સંતોનાં પવિત્ર ધર્મો જેમાં છે એવું ધર્મામૃત સદ્. શુકાનંદ સ્વામીએ निजाश्रितानां साधूनां हिताय त्यागिनां भुवि। धर्मामृतमिदं पुण्यं कृपया हरिणोदितम् ॥१॥ આ શ્લોકમાં કહ્યા મુજબ સદ્. ગોપાળાનંદ

સ્વામીનાં પૂછવાથી શ્રીહરિએ કેવળ ત્યાગી સંતોના હિત માટે જ કહ્યું છે. છતાં જે ગૃહસ્થભક્તો **સંતોનાં પંચવર્તમાન**ને યથાર્થ જાણે તેનાં પંચમહાપાપને બાળી નાખે તેવું તેનું માહાત્મ્ય સ્વયં શ્રીહરિએ હરિચરિત્રામૃત સાગર ગ્રંથમાં કહ્યું છે તે અનુસંધાનથી શિક્ષાપત્રીની સાથે જ તે **ધર્મામૃત** જોડી ''**શિક્ષામૃત**'' એવું અન્વર્થ નામ રાખ્યું છે.

તેમાં પણ સોનામાં સુગંધની માફક પ.પૂ. આચાર્ય-મહારાજશ્રી ના વિશેષ રાજીપા સાથે **'દેશ વિભાગનો લેખ'** જે સ્વામિનારાયણ ભગવાને બાંધેલું **સંપ્રદાયનું વિશિષ્ટ બંધારણનું સ્વરૂપ** જણાવે છે. જેનાથી શ્રીહરિના તમામ ભક્તોને સંપ્રદાયની મૌલિકતાનું વાસ્તવિક જ્ઞાન થાય અને ધર્મની મર્યાદાઓનું સૂર્ય ચંદ્ર તપે ત્યાં સુધી સંરક્ષણ થાય તે માટે શ્રીજીમહારાજે સ્વહસ્તે શુકાનંદ મુનિ પાસે લખાવેલો અને સંપ્રદાયના અગ્રગણ્ય વરિષ્ઠ સંતો હરિભક્તો અને બંને આચાર્યશ્રીનાં હસ્તાક્ષરની સહીવાળો લેખ જે **સાંપ્રદાયિક વીલ** (વસિયતનામું) સમાન છે. તે બહુધા અપ્રસિદ્ધ હોવાથી આ શિક્ષામૃતમાં સમાવેશ કર્યો છે.

તેમજ આબાલવૃદ્ધ ભક્તોને સંપ્રદાયના નિયમ પ્રથાઓ, વિનય વિવેક વગેરેનું જ્ઞાન થાય અને ભગવાન શ્રીહરિને પામી શકે તેવા હેતુસર શાસ્ત્રોનું **સાર-સંદોહન** કરી અનુજ ગુરૂબંધુ સ્વામીશ્રી આનંદસ્વરૂપદાસજીએ **"હરિભક્તને વર્ત્યાની રીતિ"** આ ગ્રંથમાં સમાવેલ છે. સાથે જ સત્સંગીમાત્રને સવારથી સાંજ સુધીમાં નિયમપૂર્વક નિત્ય બોલવાના **સ્તુતિ-પ્રાર્થના સ્વાભાવિક ચેષ્ટાનાં**



**પદો, જનમંગલ-સ્તોત્ર-નામાવલિ** તથા **'શ્રી પુરુષોત્તમ કવચ'** વગેરેને ઉપયોગી જાણી સંગ્રહિત કરેલ છે. ટૂંકમાં શ્રીજીમહારાજની આજ્ઞાનુસાર સદાચારમય ભક્તિપરાયણ આપણું જીવન વિતે એ જ સર્વ શાસ્ત્રો અને સંતોનો પણ અભિપ્રાય હોય છે તે અનુસારે આ ગ્રંથ સૌને ઉપયોગી બને તેવો નિર્મળ પ્રયાસ કરવામાં આવ્યો છે.

શ્રીજીમહારાજે જે સ્થાનમાં ભક્તોની પ્રાર્થનાથી ચાર માસ સુધી અખંડ નિવાસ કર્યો છે અને તુંગજીત રાજા વગેરે ભક્તોનાં મનોરથને પૂર્ણ કરવા માટે **'ભવિષ્યમાં અહીં શિખરબદ્ધ મંદિર થશે'** એવો આશીર્વાદ આપેલ તે આજે જ્યારે ૨૦૦ વર્ષના સુમારે ભગવાન શ્રીહરિના નિત્ય નિવાસ સ્થાન **કલાત્મક મંદિર** રૂપે **મૂર્તિમંત** થઈ રહ્યો છે ત્યારે તે મંદિરમાં બિરાજમાન થનાર ભગવાન શ્રી સ્વામિનારાયણનો **આગામી** અતિ ભવ્ય **મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ** એમના જ **શુભ સંકલ્પ અનુસાર** ટૂંક સમયમાં જ તીર્થધામ સરધારમાં પ.પૂ.આચાર્ય મહારાજશ્રીના અધ્યક્ષસ્થાને લાખો ભક્તજનોનાં સંપૂર્ણ સાથ-સહકારથી અતિ ધામધૂમથી ઉજવવા નિર્ધારિત છે તેના ઉપક્રમે, સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણના ૨૩૩મો જન્મોત્સવ વિ.સં. ૨૦૬૯, ચૈત્ર સુદ-૯, શ્રીહરિજયંતિ (રામનવમી)ના અનુલક્ષમાં આ ગ્રંથ પ્રકાશિત કરવા ઉત્સુક તેમજ પ્રથમથી જ આ ગ્રંથ પ્રકાશનને લગતા છાપકામ આદિક કાર્યમાં અનુરત **સાધુ અમૃતસ્વરૂપદાસ** તથા **શ્રી અરવિંદભાઈ ડુંગરાણી** (શ્રીજીઆર્ટ-અમદાવાદવાળા) વગેરે સંતો-



ભક્તોને ભગવાન શ્રીહરિ આવી સત્સંગ-સાહિત્યની સેવા કરવાનું વિશેષ બળ આપે એવી પ્રાર્થના સહ-વિશેષમાં આ પ્રસંગે **દેશ-વિભાગનો લેખ** વગેરે છપાવવા માટે રાજીપા સાથે અનુમતિ આપનાર પ.પૂ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. ધર્મકુળ મુગટમણિ ભાવિ આચાર્ય ૧૦૮ શ્રી લાલજી મહારાજશ્રીનો ખૂબજ આભાર માનું છું. તેના ફળ સ્વરૂપે તમામ ભક્તજનો આ ગ્રંથને પોતાના જીવનમાં ઉતારી શ્રીજીમહારાજની આજ્ઞા પ્રમાણે જીવનને ધન્ય બનાવે એવી અપેક્ષા સહ....

લી. સાધુ નિત્યસ્વરૂપદાસજીના
ઘણા હેતપૂર્વક જયશ્રી સ્વામિનારાયણ






## વિષયાનુક્રમણિકા


| ક્રમ | વિષય | પા.નં. |
|---|---|---|
| ૧. | શિક્ષાપત્રી | ૧ થી ૪૨ |
| ૨. | ધર્મામૃત | ૪૩ થી ૧૪૪ |
| - | નિર્લોભી વર્તમાન | ૪૩ |
| - | નિષ્કામી વર્તમાન | ૫૯ |
| - | નિઃસ્વાદી વર્તમાન | ૭૯ |
| - | નિઃસ્નેહી વર્તમાન | ૯૫ |
| - | નિર્માની વર્તમાન | ૧૦૫ |
| ૩. | એકાંતિક ધર્મ (સંતના લક્ષણો સહિત) | ૧૧૯ થી ૧૩૨ |
| ૪. | નિષ્કામ શુદ્ધિ (સ્વામીની વાતો સહિત) | ૧૩૩ થી ૧૪૪ |
| ૫. | હરિભક્તોને વર્ત્યાની રીતિ | ૧૪૫ થી ૧૮૪ |
| ૬. | દેશ વિભાગનો લેખ<br>(શુકાનંદમુનિના હસ્તાક્ષરમાં યથાવત્) | ૧૮૫ થી ૧૯૮<br>" " |
| ૭. | નિત્ય નિયમ (આરતી,સ્તુતિ,પ્રાર્થના,<br>ઓરડાના પદો, સ્વાભાવિક ચેષ્ટા વગેરે) | ૧૯૯ થી ૨૬૦<br>" " |
| ૮. | પૂજાવિધિ તથા શ્રીહરિના તિલચિહ્ન | ૨૩૫ થી ૨૪૫ |
| ૯. | જનમંગલ સ્તોત્ર અને નામાવલિ | ૨૬૧ થી ૨૭૨ |
| ૧૦. | શ્રી પુરુષોત્તમ કવચ | ૨૭૩ થી ૨૮૦ |

ॐ

॥ श्री स्वामिनारायणो विजयतेतराम् ॥

# ॥ शिक्षापत्री ॥

[શ્રી સહજાનંદ સ્વામી જે તે પોતાના સત્સંગી પ્રત્યે શિક્ષાપત્રીને લખતા થકા પ્રથમ (પોતે જ પરબ્રહ્મ-સર્વાવતારી ભગવાન છે છતાં પોતાની માનુષીલીલાથી જનશિક્ષાર્થે આચાર્યત્વને અનુરૂપ ઈષ્ટ-પ્રિય અવતારરૂપે માનેલા;) પોતાના ઈષ્ટદેવ જે શ્રીકૃષ્ણ ભગવાન તેનું ધ્યાનરૂપ મંગળાચરણ કરે છે.]

**वामे यस्य स्थिता राधा श्रीश्च यस्यास्ति वक्षसि ।**
**वृन्दावनविहारं तं श्रीकृष्णं हृदि चिन्तये ॥१॥**

હું જે તે મારા હૃદયને વિષે શ્રીકૃષ્ણ ભગવાનનું ધ્યાન કરૂં છું તે શ્રીકૃષ્ણ કેવા છે, તો - જેના ડાબા પડખાને વિષે રાધિકાજી રહ્યા છે, અને જેના વક્ષ:સ્થળને વિષે લક્ષ્મીજી રહ્યા છે અને વૃન્દાવનને વિષે વિહારના કરનારા છે. ॥૧॥

**लिखामि सहजानन्दस्वामी सर्वान्निजाश्रितान् ।**
**नानादेशस्थितान् शिक्षापत्रीं वृत्तालयस्थितः ॥२॥**

અને વૃત્તાલય ગામને વિષે રહ્યા એવા સહજાનંદ સ્વામી જે અમે, તે અમે જે તે નાના પ્રકારના જે સર્વે દેશ તેમને વિશે રહ્યા એવા જે અમારા આશ્રિત સર્વે સત્સંગી તે પ્રત્યે શિક્ષાપત્રીને લખીએ છીએ. ॥૨॥





શ્રી ધર્મદેવ થકી છે જન્મ જેમનો એવા જે અમારા ભાઈ રામપ્રતાપજી તથા ઈચ્છારામજી તેમના પુત્ર જે અયોધ્યાપ્રસાદ નામે અને રઘુવીર નામે (જેને અમે અમારા દત્તપુત્ર કરીને સર્વે સત્સંગીના આચાર્યપણાને વિષે સ્થાપન કર્યા છે.) ॥૩॥

તથા અમારા આશ્રિત એવા જે મુકુંદાનંદ આદિક નૈષ્ઠિક બ્રહ્મચારી તથા અમારા આશ્રિત જે મયારામ ભટ્ટ આદિક ગૃહસ્થ સત્સંગી. ॥૪॥

તથા અમારે આશ્રિત જે સુવાસિની અને વિધવા એવી સર્વે બાઈઓ તથા મુક્તાનંદ આદિક જે સર્વે સાધુ. ॥૫॥

એ સર્વે-તેમણે પોતાના ધર્મની રક્ષાના કરનારા અને શાસ્ત્રને વિષે પ્રમાણરૂપ અને શ્રીમન્નારાયણની સ્મૃતિએ સહિત એવા જે અમારા રૂડા આશીર્વાદ તે વાંચવા. ॥૬॥

અને આ શિક્ષાપત્રી લખ્યાનું જે કારણ છે તે સર્વે તેમણે એકાગ્ર મને કરીને ધારવું અને આ શિક્ષાપત્રી જે અમે લખી છે, તે સર્વેના જીવને હિતની કરનારી છે. ॥૭॥

અને શ્રીમદ્ ભાગવત પુરાણ આદિક જે સત્શાસ્ત્ર તેમણે જીવના કલ્યાણને અર્થે પ્રતિપાદન કર્યા એવા જે અહિંસા આદિક સદાચાર તેમને જે મનુષ્ય પાળે છે તે મનુષ્ય જે તે આ લોકને વિષે તથા પરલોકને વિષે મહાસુખિયા થાય છે. ॥૮॥





અને તે સદાચારનું ઉલ્લંઘન કરીને જે મનુષ્ય પોતાના મનમાં આવે તેમ વર્તે છે, તે તો કુબુધ્ધિવાળા છે અને આ લોક ને પરલોકને વિષે નિશ્ચે મોટા કષ્ટને જ પામે છે. ॥૯॥

તે માટે અમારા શિષ્ય એવા જે તમે સર્વે તેમણે તો પ્રીતિએ કરીને આ શિક્ષાપત્રીને અનુસરીને જ નિરંતર સાવધાનપણે વર્તવું, પણ આ શિક્ષાપત્રીનું ઉલ્લંઘન કરીને વર્તવું નહિ. ॥૧૦॥

### ❈ સર્વે સત્સંગીઓના સામાન્ય ધર્મ ❈

હવે તે વર્ત્યાની રીત કહીએ છીએ જે - અમારા જે સત્સંગી તેમણે કોઈ જીવ-પ્રાણી-માત્રની પણ હિંસા ન કરવી અને જાણીને તો ઝીણા એવા જુ, માંકડ, ચાંચડ આદિક જીવ તેમની પણ હિંસા ક્યારેય ન કરવી. ॥૧૧॥

અને દેવતા અને પિતૃ તેના યજ્ઞને અર્થે પણ બકરાં, મૃગલાં, સસલાં, માછલાં આદિક કોઈ જીવની હિંસા ન કરવી, કેમ જે અહિંસા છે તે જ મોટો ધર્મ છે એમ સર્વ શાસ્ત્રમાં કહ્યું છે. ॥૧૨॥

અને સ્ત્રી, ધન અને રાજ્ય તેની પ્રાપ્તિને અર્થે પણ કોઈ મનુષ્યની હિંસા તો કોઈ પ્રકારે ક્યારેય પણ ન જ કરવી. ॥૧૩॥

અને આત્મઘાત તો તીર્થને વિષે પણ ન કરવો, ને ક્રોધે કરીને ન કરવો, અને ક્યારેક કોઈ અયોગ્ય આચરણ થઈ જાય તે થકી મુંઝાઈને પણ આત્મઘાત ન કરવો અને ઝેર ખાઈને તથા ગળે





ટુંપો ખાઈને તથા કૂવે પડીને તથા પર્વત ઉપરથી પડીને ઈત્યાદિક કોઈ રીતે આત્મઘાત ન કરવો. ॥૧૪॥

અને જે માંસ છે તે તો યજ્ઞનું શેષ હોય તો પણ આપત્કાળમાં પણ ક્યારેય ન ખાવું અને ત્રણ પ્રકારની સુરા અને અગિયાર પ્રકારનું મદ્ય તે દેવતાનું નૈવેદ્ય હોય તો પણ ન પીવું ॥૧૫॥

અને ક્યારેક પોતાવતે કાંઈક અયોગ્ય આચરણ થઈ ગયું હોય અથવા કોઈ બીજાવતે અયોગ્ય આચરણ થઈ ગયું હોય તો શસ્ત્રાદિકે કરીને પોતાના અંગનું તથા બીજાના અંગનું છેદન ન કરવું અથવા ક્રોધે કરીને પણ પોતાના અંગનું તથા બીજાના અંગનું છેદન ન કરવું ॥૧૬॥

અને ધર્મ કરવાને અર્થે પણ અમારા સત્સંગી કોઈએ ચોરનું કર્મ ન કરવું. અને ધણિયાતું જે કાષ્ટ, પુષ્પ, આદિક વસ્તુ તે તેના ધણીની આજ્ઞા વિના ન લેવું. ॥૧૭॥

અને અમારા આશ્રિત જે પુરૂષ તથા સ્ત્રીઓ તેમણે વ્યભિચાર ન કરવો અને જુગટું આદિક જે વ્યસન તેનો ત્યાગ કરવો અને ભાંગ્ય, મફર, માજમ, ગાંજો એ આદિક જે કેફ કરનારાં વસ્તુ તે ખાવાં નહી અને પીવાં પણ નહી. ॥૧૮॥

અને જેના હાથનું રાંધેલ અન્ન તથા જેના પાત્રનું જળ તે ખપતું ન હોય તેણે રાંધેલ અન્ન તથા તેના પાત્રનું જળ, તે

શ્રીકૃષ્ણ ભગવાનની પ્રસાદી ચરણામૃતના માહાત્મ્યે કરીને પણ જગન્નાથપુરી વિના અન્ય સ્થાનકને વિષે ગ્રહણ ન કરવું અને જગન્નાથપુરીને વિષે જગન્નાથજીનો પ્રસાદ લેવાય તેનો દોષ નહિ. ॥૧૯॥

અને પોતાના સ્વાર્થની સિદ્ધિને અર્થે પણ કોઈને વિષે મિથ્યા અપવાદ આરોપણ ન કરવો અને કોઈને ગાળ તો ક્યારેય ન દેવી. ॥૨૦॥

અને દેવતા, તીર્થ, બ્રાહ્મણ, પતિવ્રતા, સાધુ અને વેદ એમની નિંદા ક્યારેય ન કરવી અને ન સાંભળવી. ॥૨૧॥

અને જે દેવતાને સુરા અને માંસનું નૈવેદ્ય થતું હોય અને વળી જે દેવતાની આગળ બકરા આદિક જીવની હિંસા થતી હોય તે દેવતાનું નૈવેદ્ય ન ખાવું ॥૨૨॥

અને માર્ગને વિષે ચાલતે શિવાલયાદિક જે દેવમંદિર આવે તેને જોઈને તેને નમસ્કાર કરવો અને આદર થકી તે દેવનું દર્શન કરવું. ॥૨૩॥

અને પોતપોતાના વર્ણાશ્રમનો જે ધર્મ તે કોઈ સત્સંગીએ ત્યાગ ન કરવો ને પરધર્મનું આચરણ ન કરવું. તથા પાખંડ ધર્મનું આચરણ ન કરવું તથા કલ્પિત ધર્મનું આચરણ ન કરવું. ॥૨૪॥

અને જેના વચનને સાંભળવે કરીને શ્રીકૃષ્ણ ભગવાનની





ભક્તિ ને પોતાનો ધર્મ એ બે થકી પડી જવાય તેનાં મુખ થકી ભગવાનની કથાવાર્તા ન સાંભળવી. ॥૨૫॥

અને જે સત્ય વચન બોલવે કરીને પોતાનો દ્રોહ થાય તથા પારકો દ્રોહ થાય એવું જે સત્ય વચન તે ક્યારેય ન બોલવું, અને જે કૃતઘ્ની હોય તેના સંગનો ત્યાગ કરવો અને વ્યવહાર કાર્યને વિષે કોઈની લાંચ ન લેવી. ॥૨૬॥

અને ચોર, પાપી, વ્યસની, પાખંડી, કામી તથા કિમિયા આદિક ક્રિયાએ કરીને જનનો ઠગનારો એ છ પ્રકારના જે મનુષ્ય તેમનો સંગ ન કરવો. ॥૨૭॥

અને જે મનુષ્ય ભક્તિનું અથવા જ્ઞાનનું આલંબન કરીને સ્ત્રી, દ્રવ્ય અને રસાસ્વાદ તેને વિષે અતિશય લોલુપ થકા પાપને વિષે પ્રવર્તતા હોય તે મનુષ્યનો સમાગમ ન કરવો. ॥૨૮॥

અને જે શાસ્ત્રને વિષે શ્રીકૃષ્ણ ભગવાન તથા શ્રીકૃષ્ણ ભગવાનના જે વરાહાદિક અવતાર તેમનું યુક્તિએ કરીને ખંડન કર્યું હોય એવા જે શાસ્ત્ર તે ક્યારેય ન માનવા અને ન સાંભળવા. ॥૨૯॥

અને ગાળ્યા વિનાનું જે જળ તથા દૂધ તે ન પીવું અને જે જળને વિષે ઝીણા જીવ ઘણાંક હોય તે જળે કરીને સ્નાનાદિક ક્રિયા ન કરવી. ॥૩૦॥

અને જે ઔષધ દારૂ તથા માંસ તેણે યુક્ત હોય તે ઔષધ





ક્યારેય ન ખાવું અને વળી જે વૈદ્યના આચરણને જાણતા ન હોઈએ તે વૈદ્યે આપ્યું જે ઔષધ તે પણ ક્યારેય ન ખાવું. ॥૩૧॥

અને લોક ને શાસ્ત્ર તેમણે મળમૂત્ર કરવાને અર્થે વરજ્યાં એવા સ્થાનક, જે જીર્ણ દેવાલય તથા નદી-તળાવના આરા તથા માર્ગ તથા વાવેલું ખેતર તથા વૃક્ષની છાયા તથા ફુલવાડી બગીચા એ આદિક જે સ્થાનક તેમને વિષે ક્યારેય પણ મળ-મૂત્ર ન કરવું તથા થૂંકવું પણ નહિ. ॥૩૨॥

અને ચોરમાર્ગે કરીને પેસવું નહિ અને નિસરવું નહિ અને જે સ્થાનક ધણિયાતું હોય તે સ્થાનકને વિષે તેના ધણીને પૂછ્યા વિના ઉતારો ન કરવો. ॥૩૩॥

અને અમારા સત્સંગી જે પુરુષ માત્ર તેમણે બાઈ માણસના મુખથકી જ્ઞાનવાર્તા ન સાંભળવી અને સ્ત્રીઓ સાથે વિવાદ ન કરવો તથા રાજા સંગાથે તથા રાજાના માણસ સંગાથે વિવાદ ન કરવો. ॥૩૪॥

અને ગુરૂનું અપમાન ન કરવું તથા જે અતિશય શ્રેષ્ઠ મનુષ્ય હોય તથા જે લોકને વિષે પ્રતિષ્ઠિત મનુષ્ય હોય તથા જે વિદ્વાન મનુષ્ય હોય તથા જે શસ્ત્રધારી મનુષ્ય હોય તે સર્વેનું અપમાન ન કરવું. ॥૩૫॥

અને વિચાર્યા વિના તત્કાળ કાંઈ કાર્ય ન કરવું અને ધર્મ





સંબંધી જે કાર્ય તે તો તત્કાળ કરવું અને પોતે જે વિદ્યા ભણ્યા હોઈએ તે બીજાને ભણાવવી અને નિત્ય પ્રત્યે સાધુનો સમાગમ કરવો. ॥૩૬॥

અને ગુરૂ, દેવ અને રાજા એ ત્રણના દર્શનને અર્થે જ્યારે જવું ત્યારે ઠાલે હાથે ન જવું અને કોઈનો વિશ્વાસઘાત ન કરવો અને પોતાને મુખે કરીને પોતાના વખાણ ન કરવા. ॥૩૭॥

અને જે વસ્ત્ર પહેર્યે થકે પણ પોતાના અંગ દેખાય તેવું જે ભુંડુ વસ્ત્ર તે અમારા સત્સંગી તેમણે ન પહેરવું. ॥૩૮॥

અને શ્રીકૃષ્ણ ભગવાનની જે ભક્તિ તે ધર્મેરહિત એવી કોઈ પ્રકારે ન કરવી અને અજ્ઞાની એવા જે મનુષ્ય તેમની નિંદાના ભય થકી શ્રીકૃષ્ણ ભગવાનની સેવાનો ત્યાગ કરવો જ નહિ. ॥૩૯॥

અને ઉત્સવના દિવસને વિષે તથા નિત્ય પ્રત્યે શ્રીકૃષ્ણના મંદિરમાં આવ્યા એવા જે સત્સંગી પુરુષ તેમણે તે મંદિરને વિષે સ્ત્રીઓનો સ્પર્શ ન કરવો તથા સ્ત્રીઓ તેમણે પુરુષનો સ્પર્શ ન કરવો અને મંદિરમાંથી નિસર્યા પછી પોતપોતાની રીતે વર્તવું. ॥૪૦॥

અને ધર્મવંશી ગુરુથકી શ્રીકૃષ્ણની દીક્ષાને પામ્યા એવા જે બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય એ ત્રણ વર્ણના અમારા સત્સંગી, તેમણે કંઠને વિષે તુલસીની બેવડી માળા નિત્યે ધારવી અને લલાટ, હૃદય અને બે હાથ એ ચારે ઠેકાણે ઊર્ધ્વપુંડ્ર તિલક કરવું. ॥૪૧॥

અને તે તિલક જે તે ગોપીચંદને કરીને કરવું, અથવા ભગવાનની પૂજા કરતાં બાકી રહ્યું અને કેશર કુંકુમાદિકે યુક્ત એવું જે પ્રસાદી ચંદન તેણે કરીને તિલક કરવું. ॥૪૨॥

અને તે તિલકના મધ્યને વિષે જ ગોળ એવો જે ચાંદલો તે જે તે ગોપીચંદને કરીને કરવો અથવા રાધિકાજી અને લક્ષ્મીજી તેનું પ્રસાદી એવું જે કુંકુમ તેણે કરીને તે ચાંદલો કરવો. ॥૪૩॥

અને પોતાના ધર્મને વિષે રહ્યા અને શ્રીકૃષ્ણના ભક્ત એવા સત્શૂદ્ર તેમણે તો તુલસીની માળા અને ઊર્ધ્વપુંડ્ર તિલક તે બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્યની પેઠે ધારવા. ॥૪૪॥

અને તે સત્શૂદ્ર થકી બીજા જે જાતિએ કરીને ઉતરતા એવા ભક્તજન તેમણે તો ચંદનાદિક કાષ્ટની જે બેવડી માળા તે ભગવાનની પ્રસાદી કરાવીને કંઠને વિષે ધારવી અને લલાટને વિષે કેવળ ચાંદલો કરવો પણ તિલક ન કરવું. ॥૪૫॥

અને જે બ્રાહ્મણાદિકને ત્રિપુંડ્ર જે આડું તિલક કરવું તથા રુદ્રાક્ષની માળા ધારવી- એ બે વાના પોતાની કુળ પરંપરાએ કરીને ચાલ્યાં આવ્યાં હોય અને તે બ્રાહ્મણાદિક અમારા આશ્રિત થયા હોય તો પણ તેમણે તે ત્રિપુંડ્ર અને રુદ્રાક્ષનો ક્યારેય ત્યાગ ન કરવો. ॥૪૬॥

અને નારાયણ અને શિવજી એ બેનું એકાત્મપણું જ





જાણવું, કેમ જે વેદને વિષે એ બેયનું બ્રહ્મરૂપે કરીને પ્રતિપાદન કર્યું છે. ॥૪૭॥

અને અમારા આશ્રિત જે મનુષ્ય તેમણે શાસ્ત્રે કહ્યો જે આપદ્ધર્મ તે અલ્પ આપત્કાળને વિષે મુખ્યપણે કરીને ક્યારેય ગ્રહણ ન કરવો. ॥૪૮॥

અને અમારા સત્સંગી તેમણે નિત્યે સૂર્ય ઊગ્યાથી પ્રથમ જ જાગવું અને શ્રીકૃષ્ણ ભગવાનનું સ્મરણ કરીને પછી શૌચવિધિ કરવા જવું. ॥૪૯॥

અને પછી એક સ્થાનકને વિષે બેસીને દાતણ કરવું અને પછી પવિત્ર જળે કરીને સ્નાન કરીને પછી ધોયેલું વસ્ત્ર એક પહેરવું અને એક ઓઢવું. ॥૫૦॥

અને તે વાર પછી પવિત્ર પૃથ્વીને વિષે પાથર્યું અને શુદ્ધ ને કોઈ બીજા આસનને અડ્યું ન હોય અને જે ઉપર સારી પેઠે બેસાય એવું જે આસન તેને વિષે પૂર્વમુખે અથવા ઉત્તરમુખે બેસીને આચમન કરવું. ॥૫૧॥

અને પછી સત્સંગી પુરુષમાત્રને ચાંદલે સહિત ઊર્ધ્વપુંડ્ર તિલક કરવું અને સુવાસિની જે સ્ત્રીઓ, તેમણે તો પોતાના ભાલને વિષે કુંકુમનો ચાંદલો કરવો. ॥૫૨॥

અને તે વિધવા સ્ત્રીઓ માત્રને પોતાના ભાલને વિષે તિલક





ન કરવું ને ચાંદલો પણ ન કરવો, અને તે પછી તે સર્વે જે અમારા સત્સંગી, તેમણે મને કરીને કલ્પ્યાં જે ચંદન પુષ્પાદિક ઉપચાર તેમણે કરીને શ્રીકૃષ્ણ ભગવાનની માનસી પૂજા કરવી. ॥૫૩॥

અને તે પછી શ્રીરાધાકૃષ્ણની જે ચિત્ર પ્રતિમા તેનું આદર થકી દર્શન કરીને નમસ્કાર કરીને પછી પોતાના સામર્થ્ય પ્રમાણે શ્રીકૃષ્ણનો જે અષ્ટાક્ષર મંત્ર તેનો જપ કરીને તે પછી પોતાનું વ્યવહારિક કામકાજ કરવું. ॥૫૪॥

અને જે અમારા સત્સંગીમાં અંબરીષ રાજાની પેઠે આત્મ-નિવેદી એવા ઉત્તમ ભક્ત હોય તેમણે પણ પ્રથમ કહ્યું તેવી રીતે અનુક્રમે કરીને માનસી પૂજા પર્યન્ત સર્વે ક્રિયા કરવી. ॥૫૫॥

અને તે જે આત્મનિવેદી ભક્ત તેમણે પાષાણની અથવા ધાતુની જે શ્રીકૃષ્ણ ભગવાનની પ્રતિમા અથવા શાલગ્રામ, તેની જે પૂજા તે દેશકાળને અનુસરીને પોતાના સામર્થ્ય પ્રમાણે પ્રાપ્ત થયાં જે ચંદન, પુષ્પ, ફળાદિક વસ્તુ તેણે કરીને કરવી અને પછી શ્રીકૃષ્ણ ભગવાનનો જે અષ્ટાક્ષર મંત્ર તેનો જપ કરવો. ॥૫૬॥

અને તે પછી શ્રીકૃષ્ણ ભગવાનના જે સ્તોત્ર અથવા ગ્રંથ તેનો જે પાઠ તે પોતાના સામર્થ્ય પ્રમાણે કરવો, અને જે સંસ્કૃત ન ભણ્યા હોય તેમણે શ્રીકૃષ્ણ ભગવાનનું નામ કીર્તન કરવું. ॥૫૭॥

અને પછી શ્રીકૃષ્ણ ભગવાનને નૈવેદ્ય કરીને પછી તે





પ્રસાદી એવું જે અન્ન તે જમવું અને તે જે આત્મનિવેદી વૈષ્ણવ તેમણે સર્વકાળને વિષે પ્રીતિએ કરીને શ્રીકૃષ્ણ ભગવાનની સેવાપરાયણ થવું. ॥૫૮॥

અને નિર્ગુણ કહેતાં માયાના જે સત્ત્વાદિક ત્રણ ગુણ તેણે રહિત એવા જે શ્રીકૃષ્ણ ભગવાન, તેના સંબંધ થકી તે આત્મનિવેદી ભક્તની જે સર્વે ક્રિયા તે નિર્ગુણ થાય છે તે હેતુ માટે તે આત્મનિવેદી ભક્ત જે તે નિર્ગુણ કહ્યા છે. ॥૫૯॥

અને એ જે આત્મનિવેદી ભક્ત, તેમણે શ્રીકૃષ્ણ ભગવાનને અર્પણ કર્યા વિનાનું જળ પણ ક્યારેય ન પીવું અને પત્ર, કંદ ફળાદિક જે વસ્તુ તે પણ શ્રીકૃષ્ણ ભગવાનને અર્પણ કર્યા વિનાનું ન ખાવું. ॥૬૦॥

અને વળી સર્વે જે અમારા સત્સંગી તેમણે વૃધ્ધપણા થકી અથવા કોઈ મોટા આપત્કાળે કરીને અસમર્થપણું થઈ ગયે સતે પોતે સેવવાનું જે શ્રીકૃષ્ણનું સ્વરૂપ, તે બીજા ભક્તને આપીને પોતે પોતાના સામર્થ્ય પ્રમાણે વર્તવું. ॥૬૧॥

અને જે શ્રીકૃષ્ણનું સ્વરૂપ પોતાને સેવવાને અર્થે ધર્મવંશના જે આચાર્ય, તેમણે જ આપ્યું હોય અથવા તે આચાર્યે જે સ્વરૂપની પ્રતિષ્ઠા કરી હોય તે જ સ્વરૂપને સેવવું અને તે વિના બીજું જે શ્રીકૃષ્ણનું સ્વરૂપ, તે તો નમસ્કાર કરવા યોગ્ય છે પણ સેવવા યોગ્ય નથી. ॥૬૨॥

અને અમારા જે સર્વે સત્સંગી તેમણે નિત્ય પ્રત્યે સાયંકાળે ભગવાનના મંદિર પ્રત્યે જવું અને તે મંદિરને વિષે શ્રીરાધિકાજીના પતિ એવા જે શ્રીકૃષ્ણ ભગવાન તેના નામનું ઉંચે સ્વરે કરીને કીર્તન કરવું. ।।૬૩।।

અને તે શ્રીકૃષ્ણની જે કથા વાર્તા, તે પરમ આદર થકી કરવી ને સાંભળવી અને ઉત્સવને દિવસે વાજીંત્રે સહિત શ્રીકૃષ્ણનાં કીર્તન કરવા.।।૬૪।।

અને અમારા આશ્રિત જે સર્વે સત્સંગી, તેમણે જે પ્રકારે પૂર્વે કહ્યું એ પ્રકારે કરીને જ નિત્ય પ્રત્યે કરવું અને સંસ્કૃત અને પ્રાકૃત એવા જે સદ્‌ગ્રંથ તેમનો અભ્યાસ પણ પોતાની બુધ્ધિને અનુસારે કરવો. ।।૬૫।।

અને જે મનુષ્ય જેવા ગુણે કરીને યુક્ત હોય, તે મનુષ્યને તેવા કાર્યને વિષે વિચારીને જ પ્રેરવો, પણ જે કાર્યને વિષે જે યોગ્ય ન હોય તે કાર્યને વિષે તેને ક્યારેય ન પ્રેરવો. ।।૬૬।।

અને પોતાના જે સેવક હોય, તે સર્વની પોતાના સામર્થ્ય પ્રમાણે અન્નવસ્ત્રાદિકે કરીને યથાયોગ્ય સંભાવના નિરંતર રાખવી. ।।૬૭।।

અને જે પુરુષ જેવા ગુણવાળો હોય તે પુરુષને તેવા વચને કરીને દેશ કાળાનુસારે યથાયોગ્ય બોલાવવો પણ એથી બીજી રીતે ન બોલાવવો.।।૬૮।।





અને વિનયે કરીને યુક્ત એવા જે અમારા આશ્રિત સત્સંગી-તેમણે ગુરુ, રાજા, અતિવૃધ્ધ, ત્યાગી, વિદ્વાન અને તપસ્વી એ છ જણા આવે ત્યારે સન્મુખ ઉઠવું તથા આસન આપવું તથા મધુરે વચને બોલાવવું ઈત્યાદિક ક્રિયાએ કરીને એમનું સન્માન કરવું. ।।૬૯।।

અને ગુરુ, દેવ ને રાજા એમને સમીપે તથા સભાને વિષે પગ ઉપર પગ ચઢાવીને ન બેસવું તથા વસ્ત્રે કરીને ઢીંચણને બાંધીને ન બેસવું. ।।૭૦।।

અને અમારા આશ્રિત જે સર્વ સત્સંગી તેમણે પોતાના આચાર્ય સંગાથે ક્યારેય પણ વિવાદ ન કરવો અને પોતાના સામર્થ્ય પ્રમાણે અન્ન, ધન, વસ્ત્રાદિકે કરીને તે પોતાના આચાર્યને પૂજવા. ।।૭૧।।

અમારા જે આશ્રિત જન તેમણે પોતાના આચાર્યને આવતા સાંભળીને આદર થકી તત્કાળ સન્મુખ જવું અને તે આચાર્ય પોતાના ગામથી પાછા પધારે ત્યારે ગામની ભાગોળ સુધી વળાવવા જવું. ।।૭૨।।

અને ઘણુંક છે ફળ જેને વિષે એવું પણ જે કર્મ, તે જો ધર્મે રહિત હોય તો તેનું આચરણ ન જ કરવું, કેમ જે ધર્મ છે તે જ સર્વ પુરૂષાર્થનો આપનારો છે માટે કોઈક ફળના લોભે કરીને ધર્મનો ત્યાગ ન કરવો.।।૭૩।।





અને પૂર્વે થયા જે મોટા પુરુષ તેમણે પણ જો ક્યારેય અધર્માચરણ કર્યું હોય તો તેનું ગ્રહણ ન કરવું અને તેમણે જે ધર્માચરણ કર્યું હોય તો તેનું ગ્રહણ કરવું. ।।૭૪।।

અને કોઈની પણ જે ગુહ્ય વાર્તા તે તો કોઈ ઠેકાણે પણ પ્રકાશ કરવી જ નહિ અને જે જીવનું જેવી રીતે સન્માન કરવું ઘટતું હોય, તેનું તેવી રીતે જ સન્માન કરવું પણ સમદૃષ્ટિએ કરીને એ મર્યાદાનું ઉલ્લંઘન કરવું નહિ. ।।૭૫।।

અને અમારા જે સર્વે સત્સંગી તેમણે ચાતુર્માસને વિષે વિશેષ નિયમ ધારવો, અને જે મનુષ્ય અસમર્થ હોય તેમણે તો એક શ્રાવણ માસને વિષે વિશેષ નિયમ ધારવો. ।।૭૬।।

અને તે વિશેષ નિયમ તે કિયા તો ભગવાનની કથાનું શ્રવણ કરવું તથા કથા વાંચવી તથા ભગવાનના ગુણનું કીર્તન કરવું તથા પંચામૃત સ્નાને કરીને ભગવાનની મહાપૂજા કરવી તથા ભગવાનના મંત્રનો જપ કરવો તથા સ્તોત્રનો પાઠ કરવો તથા ભગવાનને પ્રદક્ષિણાઓ કરવી. ।।૭૭।।

તથા ભગવાનને સાષ્ટાંગ નમસ્કાર કરવા-એ જે આઠ પ્રકારના નિયમ તે અમે ઉત્તમ માન્યા છે. તે માટે એ નિયમમાંથી કોઈ એક નિયમ જે તે ચોમાસાને વિષે વિશેષપણે ભક્તિએ કરીને ધારવો. ।।૭૮।।





અને સર્વ જે એકાદશીઓ, તેમનું વ્રત જે તે આદરથકી કરવું તથા શ્રીકૃષ્ણ ભગવાનના જે જન્માષ્ટમી આદિક જન્મદિવસ તેમનું વ્રત જે તે આદરથકી કરવું તથા શિવરાત્રીનું વ્રત જે તે આદરથકી કરવું અને તે વ્રતના દિવસને વિષે મોટા ઉત્સવ કરવા. ।।૭૯।।

અને જે દિવસે વ્રતનો ઉપવાસ કર્યો હોય તે દિવસે અતિશય યત્ને કરીને દિવસની નિદ્રાનો ત્યાગ કરવો, કેમ જે જેમ મૈથુને કરીને મનુષ્યના ઉપવાસનો નાશ થાય છે તેમ જ દિવસની નિદ્રાએ કરીને મનુષ્યના ઉપવાસનો નાશ થઈ જાય છે. ।।૮૦।।

અને સર્વ વૈષ્ણવના રાજા એવા જે શ્રી વલ્લભાચાર્ય તેના પુત્ર જે શ્રી વિઠ્ઠલનાથજી તે જેતે જે વ્રત અને ઉત્સવના નિર્ણયને કરતા હવા. ।।૮૧।।

અને તે વિઠ્ઠલનાથજીએ કર્યો જે નિર્ણય તેને જ અનુસરીને સર્વે વ્રત ને ઉત્સવ કરવા, અને તે વિઠ્ઠલનાથજીએ કહી જે શ્રીકૃષ્ણની સેવા રીતિ તેનું જ ગ્રહણ કરવું. ।।૮૨।।

અને સર્વે જે અમારા આશ્રિત, તેમણે દ્વારિકા આદિક જે તીર્થ તેમની યાત્રા જે તે પોતાના સામર્થ્ય પ્રમાણે યથાવિધિએ કરીને કરવી અને વળી પોતાના સામર્થ્ય પ્રમાણે દીનજનને વિષે દયાવાન થવું. ।।૮૩।।

અને અમારા જે આશ્રિત તેમણે વિષ્ણુ, શિવ, ગણપતિ, પાર્વતી અને સૂર્ય એ પાંચ દેવ પૂજ્ય પણે કરીને માનવા. ॥૮૪॥

અને જો ક્યારેક ભૂતપ્રેતાદિકનો ઉપદ્રવ થાય ત્યારે તો નારાયણ કવચનો જપ કરવો અથવા હનુમાનજીના મંત્રનો જપ કરવો, પણ એ વિના બીજા કોઈ ક્ષુદ્ર દેવના સ્તોત્ર અને મંત્રનો જપ ન કરવો. ॥૮૫॥

અને સૂર્યનું ને ચંદ્રમાનું ગ્રહણ થયે સતે અમારા જે સર્વે સત્સંગી તેમણે બીજી સર્વે ક્રિયાનો તત્કાળ ત્યાગ કરીને પવિત્ર થઈને શ્રીકૃષ્ણ ભગવાનના મંત્રનો જપ કરવો. ॥૮૬॥

અને તે ગ્રહણ મુકાઈ રહ્યા પછી વસ્ત્ર સહિત સ્નાન કરીને જે અમારા ગૃહસ્થ સત્સંગી હોય, તેમણે પોતાના સામર્થ્ય પ્રમાણે દાન કરવું અને જે ત્યાગી હોય તેમણે ભગવાનની પૂજા કરવી. ॥૮૭॥

અને અમારા સત્સંગી એવા જે ચારે વર્ણના મનુષ્ય, તેમણે જન્મનું સૂતક તથા મરણનું સૂતક તે પોતપોતાના સંબંધને અનુસારે કરીને યથાશાસ્ત્ર પાળવું. ॥૮૮॥

અને જે બ્રાહ્મણ વર્ણ હોય, તેમણે શમ, દમ, ક્ષમા અને સંતોષ એ આદિક જે ગુણ તેમણે યુક્ત થવું અને જે ક્ષત્રિય વર્ણ





હોય તેમણે શૂરવીરપણું અને ધીરજ એ આદિક જે ગુણ તેમણે યુક્ત થવું. ॥૮૯॥

અને વૈશ્ય વર્ણ હોય તેમણે કૃષિકર્મ તથા વણજ વ્યાપાર તથા વ્યાજવટો એ આદિક જે વૃત્તિઓ તેમણે કરીને વર્તવું અને જે શૂદ્ર વર્ણ હોય, તેમણે બ્રાહ્મણાદિક ત્રણ વર્ણની સેવા કરવી એ આદિક જે વૃત્તિઓ તેમણે કરીને વર્તવું. ॥૯૦॥

અને જે દ્વિજ હોય, તેમણે ગર્ભાધાનાદિક સંસ્કાર તથા આહ્નિક તથા શ્રાધ્ધ એ ત્રણ જે તે પોતાના ગૃહ્યસૂત્રને અનુસારે કરીને, જેવો જેનો અવસર હોય અને જેવી ધનસંપત્તિ હોય તે પ્રમાણે કરવા. ॥૯૧॥

અને ક્યારેક જાણે અથવા અજાણે જો નાનું મોટું પાપ થઈ જાય તો પોતાની શક્તિ પ્રમાણે તે પાપનું પ્રાયશ્ચિત્ત કરવું ॥૯૨॥

અને ચાર વેદ તથા વ્યાસસૂત્ર તથા શ્રીમદ્ભાગવત નામે પુરાણ તથા મહાભારતને વિષે તો શ્રી વિષ્ણુસહસ્ર નામ ॥૯૩॥

તથા શ્રી ભગવદ્ગીતા તથા વિદુરજીએ કહેલી જે નીતિ તથા સ્કંદ પુરાણનો જે વિષ્ણુખંડ તેને વિષે રહ્યું એવું જે શ્રીવાસુદેવમાહાત્મ્ય ॥૯૪॥

અને ધર્મશાસ્ત્રના મધ્યમાં રહી એવી જે યાજ્ઞવલ્ક્ય ઋષિની સ્મૃતિ એ જે આઠ સત્શાસ્ત્ર તે અમને ઈષ્ટ છે. ॥૯૫॥





અને પોતાના હિતને ઈચ્છતા એવા જે અમારા સર્વે શિષ્ય તેમણે એ આઠ સત્શાસ્ત્ર જે તે સાંભળવા, અને અમારા આશ્રિત જે દ્વિજ તેમણે એ સત્શાસ્ત્ર જે તે ભણવા તથા ભણાવવા તથા એમની કથા કરવી. ॥૯૬॥

અને તે આઠ સત્શાસ્ત્રમાંથી આચાર, વ્યવહાર અને પ્રાયશ્ચિત્ત એ ત્રણનો જે નિર્ણય કરવો તેને વિષે તો મિતાક્ષરા ટીકાએ યુક્ત એવી જે યાજ્ઞવલ્ક્ય ઋષિની સ્મૃતિ, તેનું ગ્રહણ કરવું. ॥૯૭॥

અને વળી એ આઠ સત્શાસ્ત્રને વિષે જે શ્રીમદ્ભાગવત પુરાણ તેના દશમ ને પંચમ નામે જે બે સ્કંધ, તે જે તે શ્રીકૃષ્ણ ભગવાનનું માહાત્મ્ય જાણવાને અર્થે સર્વથી અધિકપણે જાણવા. ॥૯૮॥

અને દશમસ્કંધ તથા પંચમસ્કંધ તથા યાજ્ઞવલ્ક્યની સ્મૃતિ એ જે ત્રણ તે અનુક્રમે કરીને અમારું ભક્તિશાસ્ત્ર, યોગશાસ્ત્ર અને ધર્મશાસ્ત્ર છે. કહેતા દશમસ્કંધ તે ભક્તિશાસ્ત્ર છે અને પંચમસ્કંધ તે યોગશાસ્ત્ર છે ; અને યાજ્ઞવલ્ક્યની સ્મૃતિ તે ધર્મશાસ્ત્ર છે એમ જાણવું. ॥૯૯॥

અને શ્રીરામાનુજાચાર્યે કર્યુ એવું જે વ્યાસસૂત્રનું શ્રીભાષ્ય તથા શ્રીભગવદ્ગીતાનું ભાષ્ય એ જે બે તે અમારું અધ્યાત્મશાસ્ત્ર છે એમ જાણવું. ॥૧૦૦॥





અને એ સર્વે સત્શાસ્ત્રને વિષે જે વચન તે જે તે શ્રીકૃષ્ણ ભગવાનનું સ્વરૂપ તથા ધર્મ તથા ભક્તિ તથા વૈરાગ્ય એ ચારના અતિ ઉત્કર્ષપણાને કહેતા હોય. ॥૧૦૧॥

તે વચન જે તે બીજા વચન કરતાં પ્રધાનપણે માનવાં અને શ્રીકૃષ્ણ ભગવાનની ભક્તિ તે જે તે ધર્મે સહિત જ કરવી; એવી રીતે તે સર્વે સત્શાસ્ત્રનું રહસ્ય છે. ॥૧૦૨॥

અને શ્રુતિ સ્મૃતિ તેમણે પ્રતિપાદન કર્યો એવો જે સદાચાર, તે ધર્મ જાણવો; અને શ્રીકૃષ્ણ ભગવાનને વિષે માહાત્મ્યજ્ઞાને સહિત જે ઘણો સ્નેહ તે ભક્તિ જાણવી. ॥૧૦૩॥

અને શ્રીકૃષ્ણ ભગવાન વિના અન્ય પદાર્થમાં પ્રીતિ નહિ તે વૈરાગ્ય જાણવો. અને જીવ, માયા અને ઈશ્વર તેમના સ્વરૂપને જે રૂડી રીતે જાણવું તેને જ્ઞાન કહીએ. ॥૧૦૪॥

અને જે જીવ છે તે હૃદયને વિષે રહ્યો છે ને અણુ સરખો સૂક્ષ્મ છે ને ચૈતન્યરૂપ છે ને જાણનારો છે, અને પોતાની જ્ઞાનશક્તિએ કરીને નખથી શિખાપર્યંત સમગ્ર પોતાના દેહ પ્રત્યે વ્યાપીને રહ્યો છે, અને અછેદ્ય, અભેદ્ય, અજર, અમર, ઈત્યાદિક છે લક્ષણ જેનાં એવો જીવ છે એમ જાણવો. ॥૧૦૫॥

અને જે માયા છે, તે ત્રિગુણાત્મિકા છે ને અંધકાર રૂપ છે ને શ્રીકૃષ્ણ ભગવાનની શક્તિ છે, અને આ જીવને દેહ તથા દેહના જે

સંબંધી તેમને વિષે અહંમમત્વની કરાવનારી છે, એમ માયાને જાણવી. ॥૧૦૬॥

અને જે ઈશ્વર છે, તે જે તે જેમ હૃદયને વિષે જીવ રહ્યો છે, તેમ તે જીવને વિષે અંતર્યામીપણે કરીને રહ્યા છે. ને સ્વતંત્ર છે ને સર્વ જીવને કર્મફળના આપનારા છે, એમ ઈશ્વરને જાણવા. ॥૧૦૭॥

અને તે ઈશ્વર તે ક્યા તો પરબ્રહ્મ પુરુષોત્તમ એવા જે શ્રીકૃષ્ણ ભગવાન તે ઈશ્વર છે, અને તે શ્રીકૃષ્ણ જે તે આપણા ઈષ્ટદેવ છે ને ઉપાસના કરવા યોગ્ય છે અને સર્વ અવતારના કારણ છે. ॥૧૦૮॥

અને સમર્થ એવા જે શ્રીકૃષ્ણ તે જે તે રાધિકાજીએ યુક્ત હોય ત્યારે 'રાધાકૃષ્ણ' એવે નામે જાણવા, અને રૂક્મિણીરૂપ જે લક્ષ્મી, તેમણે યુક્ત હોય ત્યારે 'લક્ષ્મીનારાયણ' એવે નામે જાણવા. ॥૧૦૯॥

અને એ શ્રીકૃષ્ણ જે તે અર્જુને યુક્ત હોય ત્યારે નરનારાયણ એવે નામે જાણવા અને વળી તે શ્રીકૃષ્ણ જે તે બળભદ્રાદિકને યોગે કરીને તે તે નામે કહેવાય છે એમ જાણવું. ॥૧૧૦॥

અને એ જે રાધાદિક ભક્ત તે જે તે ક્યારેક તો તે શ્રીકૃષ્ણ ભગવાનને પડખે હોય છે અને ક્યારેક તો અતિ સ્નેહે કરીને શ્રીકૃષ્ણ ભગવાનના અંગને વિષે રહે છે. ત્યારે તો તે શ્રીકૃષ્ણ ભગવાન એકલા જ હોય એમ જાણવા. ॥૧૧૧॥





એ હેતુ માટે એ શ્રીકૃષ્ણ ભગવાનનાં જે સ્વરૂપ તેમને વિષે સર્વે પ્રકારે કરીને ભેદ ન જાણવો અને ચતુર્ભુજપણું, અષ્ટભુજપણું, સહસ્રભુજપણું, ઈત્યાદિક જે ભેદ જણાય છે તે તો દ્વિભુજ એવા જે તે શ્રીકૃષ્ણ તેમની ઈચ્છાએ કરીને છે એમ જાણવું. ॥૧૧૨॥

અને એવા જે તે શ્રીકૃષ્ણ ભગવાન તેની જે ભક્તિ, તે જે તે - પૃથ્વીને વિષે સર્વ મનુષ્ય, તેમણે કરવી અને તે ભક્તિ થકી બીજું કલ્યાણકારી સાધન કાંઈ નથી એમ જાણવું. ॥૧૧૩॥

અને વિદ્યાદિક ગુણવાળા જે પુરુષ, તેમના ગુણવાનપણાનું એ જ પરમ ફળ જાણવું, કયું તો જે શ્રીકૃષ્ણ ભગવાનને વિષે ભક્તિ કરવી ને સત્સંગ કરવો; અને એમ ભક્તિ ને સત્સંગ એ બે વિના તો વિદ્વાન હોય તે પણ અધોગતિને પામે છે. ॥૧૧૪॥

અને શ્રીકૃષ્ણ ભગવાન તથા શ્રીકૃષ્ણ ભગવાનના જે અવતાર તે જે તે ધ્યાન કરવા યોગ્ય છે; તથા શ્રીકૃષ્ણ ભગવાનની જે પ્રતિમા, તે પણ ધ્યાન કરવા યોગ્ય છે. માટે એમનું ધ્યાન કરવું. અને મનુષ્ય તથા દેવાદિક જે જીવ તે તો શ્રીકૃષ્ણ ભગવાનના ભક્ત હોય અને બ્રહ્મવેત્તા હોય તો પણ ધ્યાન કરવા યોગ્ય નથી, માટે એમનું ધ્યાન ન કરવું. ॥૧૧૫॥

અને સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ - એ જે ત્રણ દેહ તે થકી વિલક્ષણ એવો જે પોતાનો જીવાત્મા, તેને બ્રહ્મરૂપની ભાવના કરીને





પછી તે બ્રહ્મરૂપે કરીને શ્રીકૃષ્ણ ભગવાનની ભક્તિ જે તે સર્વ કાળને વિષે કરવી. ॥૧૧૬॥

અને શ્રીમદ્‌ભાગવત પુરાણનો જે દશમસ્કંધ તે જે તે નિત્ય પ્રત્યે આદર થકી સાંભળવો અથવા વર્ષો -વર્ષ એકવાર સાંભળવો અને જે પંડિત હોય તેમણે નિત્ય પ્રત્યે વાંચવો અથવા વર્ષો-વર્ષ એકવાર વાંચવો. ॥૧૧૭॥

અને એ જે દશમસ્કંધ તેનું પુરશ્ચરણ જે તે પુણ્ય સ્થાનકને વિષે પોતાના સામર્થ્ય પ્રમાણે કરવું-કરાવવું અને વળી વિષ્ણુસહસ્ર નામ આદિક જે સત્શાસ્ત્ર, તેનું પુરશ્ચરણ પણ પોતાના સામર્થ્ય પ્રમાણે કરવું-કરાવવું. તે પુરશ્ચરણ કેવું છે તો પોતાના મનવાંછિત ફળને આપે એવું છે. ॥૧૧૮॥

અને કષ્ટની દેનારી એવી કોઈ દેવ સંબંધી આપદા આવી પડે તથા મનુષ્ય સંબંધી આપદા આવી પડે તથા રોગાદિક આપદા આવી પડે તેને વિષે જેમ પોતાની ને બીજાની રક્ષા થાય તેમ વર્તવું પણ બીજી રીતે ન વર્તવું. ॥૧૧૯॥

અને આચાર, વ્યવહાર અને પ્રાયશ્ચિત્ત એ જે ત્રણ વાના તે જે તે દેશ, કાળ, અવસ્થા, દ્રવ્ય, જાતિ અને સામર્થ્ય એટલાને અનુસારે કરીને જાણવા. ॥૧૨૦॥





અને અમારો જે મત તે વિશિષ્ટાદ્વૈત છે એમ જાણવું ; અને અમને પ્રિય એવું જે ધામ તે ગોલોક છે એમ જાણવું અને તે ધામને વિષે બ્રહ્મરૂપે કરીને જે શ્રીકૃષ્ણભગવાનની સેવા કરવી તે અમે મુક્તિ માની છે એમ જાણવું. ॥૧૨૧॥

અને આ જે પૂર્વે સર્વે ધર્મ કહ્યા તે જે તે અમારા આશ્રિત જે ત્યાગી, ગૃહસ્થ, બાઈ-ભાઈ, સર્વે સત્સંગી તેમના સામાન્ય ધર્મ કહ્યા છે કહેતાં સર્વ સત્સંગી માત્રને સરખા પાળવાના છે અને હવે એ સર્વેના જે વિશેષ ધર્મ છે, તેમને પૃથક્ પૃથક્ પણે કરીને કહીએ છીએ. ॥૧૨૨॥

### ❋ આચાર્યના વિશેષ ધર્મ ❋

હવે પ્રથમ ધર્મવંશી જે આચાર્ય અને તેમની પત્નીઓ તેમના જે વિશેષ ધર્મ તે કહીએ છીએ :- અમારા મોટાભાઈ અને નાનાભાઈ - તેના પુત્ર જે અયોધ્યાપ્રસાદ અને રઘુવીર, તેમણે પોતાના સમીપ સંબંધ વિનાની જે બીજી સ્ત્રીઓ તેમને મંત્ર ઉપદેશ ક્યારેય ન કરવો. ॥૧૨૩॥

અને તે સ્ત્રીઓને ક્યારેય પણ અડવું નહિ અને તે સાથે બોલવું નહિ અને કોઈ જીવને વિષે ક્રૂરપણું ન કરવું અને કોઈની થાપણ ન રાખવી. ॥૧૨૪॥

અને વ્યવહાર કાર્યને વિષે કેનું પણ જમાનગરૂં ન કરવું અને કોઈ આપત્કાળ આવી પડે તો ભિક્ષા માગીને પોતાનો નિર્વાહ કરીને તે આપત્કાળને ઉલ્લંઘવો. પણ કોઈનું કરજ તો ક્યારેય ન કરવું. ॥૧૨૫॥

અને પોતાના જે શિષ્ય, તેમણે ધર્મ નિમિત્તે પોતાને આપ્યું જે અન્ન તે વેચવું નહિ; અને તે અન્ન જૂનું થાય તો તે જૂનું કોઈકને દઈને નવું લેવું અને એવી રીતે જે જૂનાનું નવું કરવું તે વેચ્યું ન કહેવાય. ॥૧૨૬॥

અને ભાદરવા સુદિ ચતુર્થીને દિવસે ગણપતિની પૂજા કરવી તથા આસો વદી ચતુર્દશીને દિવસે હનુમાનજીની પૂજા કરવી. ॥૧૨૭॥

અને અમારે આશ્રિત જે સર્વે સત્સંગી, તેમના ધર્મની રક્ષા કરવાને અર્થે એ સર્વેના ગુરુપણાને વિષે અમે સ્થાપન કર્યા એવા જે તે અયોધ્યાપ્રસાદ અને રઘુવીર, તેમણે મુમુક્ષુજનને દીક્ષા આપવી. ॥૧૨૮॥

અને પોતાના આશ્રિત જે સર્વે સત્સંગી તેમને અધિકાર પ્રમાણે પોતપોતાના ધર્મને વિષે રાખવા; અને સાધુને આદર થકી માનવા તથા સત્શાસ્ત્રનો અભ્યાસ આદર થકી કરવો. ॥૧૨૯॥





અને મોટા જે મંદિર તેમને વિષે અમે સ્થાપન કર્યા એવા જે શ્રી લક્ષ્મીનારાયણ આદિક શ્રીકૃષ્ણના સ્વરૂપ, તેમની જે સેવા તે યથાવિધિએ કરીને કરવી. ॥૧૩૦॥

અને ભગવાનનાં મંદિર પ્રત્યે આવ્યો જે હરકોઈ અન્નાર્થી મનુષ્ય, તેની પોતાના સામર્થ્ય પ્રમાણે અન્નના દાને કરીને આદરથકી સંભાવના કરવી. ॥૧૩૧॥

અને વિદ્યાર્થી ભણાવ્યાની શાળા કરાવીને પછી તેમાં એક વિદ્વાન બ્રાહ્મણને રાખીને પૃથ્વીને વિષે સદ્વિદ્યાની પ્રવૃત્તિ કરાવવી; કેમ જે વિદ્યાદાને કરીને મોટું પુણ્ય થાય છે. ॥૧૩૨॥

### ⌘ આચાર્ય પત્નીના વિશેષ ધર્મ ⌘

અને હવે એ અયોધ્યાપ્રસાદ અને રઘુવીર એ બેની જે પત્નીઓ, તેમણે પોતપોતાના પતિની આજ્ઞાએ કરીને સ્ત્રીઓને જ શ્રીકૃષ્ણના મંત્રનો ઉપદેશ કરવો; પણ પુરુષને ન કરવો. ॥૧૩૩॥

અને વળી તે બે જણની જે પત્નીઓ, તેમણે પોતાના સમીપ સબંધ વિનાના જે પુરુષ, તેમનો સ્પર્શ ક્યારેય ન કરવો, અને તેમની સાથે બોલવું નહિ ને તેમને પોતાનું મુખ પણ ન દેખાડવું. (એવી રીતે ધર્મવંશી આચાર્ય અને તેમની પત્નીઓ તેમના જે વિશેષ ધર્મ તે કહ્યા.) ॥૧૩૪॥





### ⌘ ગૃહસ્થના વિશેષ ધર્મ ⌘

હવે ગૃહસ્થાશ્રમીના જે વિશેષ ધર્મ છે, તે કહીએ છીએ; અમારે આશ્રિત જે ગૃહસ્થાશ્રમી પુરુષ તેમણે પોતાના સમીપ સંબંધ વિનાની જે વિધવા સ્ત્રીઓ તેમનો સ્પર્શ ન કરવો. ॥૧૩૫॥

અને તે ગૃહસ્થાશ્રમી પુરુષ તેમણે યુવા અવસ્થાએ યુક્ત એવી જે પોતાની મા, બેન અને દીકરી તે સંગાથે પણ આપત્કાળ વિના એકાંતસ્થળને વિષે ન રહેવું અને પોતાની સ્ત્રીનું દાન કોઈને ન કરવું. ॥૧૩૬॥

અને જે સ્ત્રીને કોઈ પ્રકારના વ્યવહારે કરીને રાજાનો પ્રસંગ હોય, તેવી સ્ત્રીનો જે પ્રસંગ તે કોઈ પ્રકારે પણ ન કરવો. ॥૧૩૭॥

અને તે ગૃહસ્થાશ્રમી, તેમણે પોતાને ઘેર આવ્યો એવો જે અતિથિ તેને પોતાના સામર્થ્ય પ્રમાણે અન્નાદિકે કરીને પૂજવો; અને વળી હોમાદિક જે દેવકર્મ અને શ્રાધ્ધાદિક જે પિતૃકર્મ તે જેતે પોતાના સામર્થ્ય પ્રમાણે યથાવિધિ જેમ ઘટે તેમ કરવું ॥૧૩૮॥

અને અમારા આશ્રિત જે ગૃહસ્થ, તેમણે માતા-પિતા અને ગુરૂ તથા રોગાતુર એવા જે કોઈ મનુષ્ય; તેમની જે સેવા તે જીવનપર્યંત પોતાના સામર્થ્ય પ્રમાણે કરવી. ॥૧૩૯॥

અને વળી પોતાના વર્ણાશ્રમને ઘટિત એવો જે ઉદ્યમ તે પોતાના સામર્થ્ય પ્રમાણે કરવો ; અને કૃષિવૃત્તિવાળા જે ગૃહસ્થ





સત્સંગી તેમણે બળદિયાના વૃષણનો ઉચ્છેદ ન કરવો. ॥૧૪૦॥

અને તે ગૃહસ્થ સત્સંગી તેમણે પોતાના સામર્થ્ય પ્રમાણે સમયને અનુસરીને જેટલો પોતાના ઘરમાં વરો હોય, તેટલા અન્ન દ્રવ્યનો સંગ્રહ જેતે કરવો ; અને જેના ઘરમાં પશુ હોય એવા જે ગૃહસ્થ તેમણે પોતાના સામર્થ્ય પ્રમાણે ચાર્ય પૂળાનો સંગ્રહ કરવો. ॥૧૪૧॥

અને ગાય, બળદ, ભેંસ, ઘોડા આદિક જે પશુ તેમની તૃણ જળાદિકે કરીને પોતાવતે જો સંભાવના થાય તો તે પશુને રાખવા અને જો સંભાવના ન થાય તો ન રાખવા. ॥૧૪૨॥

અને સાક્ષીએ સહિત લખત કર્યા વિના તો પોતાના પુત્ર અને મિત્રાદિક સાથે પણ પૃથ્વી ને ધનના લેણદેણે કરીને વ્યવહાર જે તે ક્યારેય ન કરવો. ॥૧૪૩॥

અને પોતાનું અથવા બીજાનું જે વિવાહ સંબંધી કાર્ય તેને વિષે, આપવા યોગ્ય જે ધન, તેનું સાક્ષીએ સહિત લખત કર્યા વિના કેવળ બોલી જ ન કરવી. ॥૧૪૪॥

અને પોતાની ઉપજનું જે દ્રવ્ય તેને અનુસારે નિરંતર ખર્ચ કરવો, પણ તે ઉપરાંત ન કરવો અને જે ઉપજ કરતાં વધારે ખર્ચ કરે છે તેને મોટું દુઃખ થાય છે એમ સર્વ ગૃહસ્થોએ મનમાં જાણવું ॥૧૪૫॥

અને પોતાના વ્યવહારકાર્યને વિષે જેટલા ધનની ઊપજ હોય તથા જેટલો ખર્ચ હોય, તે બેયને સંભારીને નિત્ય પ્રત્યે રૂડા અક્ષરે કરીને પોતે તેનું નામું લખવું. ॥૧૪૬॥

અને તે ગૃહસ્થાશ્રમી સત્સંગી તેમણે પોતાની જે વૃત્તિ અને ઉદ્યમ, તે થકી પામ્યું જે ધનધાન્યાદિક, તે થકી દશમો ભાગ કાઢીને શ્રીકૃષ્ણ ભગવાનને અર્પણ કરવો. અને જે વ્યવહારે દુર્બળ હોય તેમણે વિશમો ભાગ અર્પણ કરવો. ॥૧૪૭॥

અને એકાદશી આદિક જે વ્રત તેમનું જે ઉદ્યાપન તે જે તે પોતાના સામર્થ્ય પ્રમાણે યથાશાસ્ત્ર કરવું. તે ઉદ્યાપન કેવું છે, તો મનવાંછિત ફળનું આપનારૂં છે. ॥૧૪૮॥

અને શ્રાવણ માસને વિષે શ્રીમહાદેવનું પૂજન, જે તે બિલ્વપત્રાદિકે કરીને પ્રીતિપૂર્વક સર્વ પ્રકારે પોતે કરવું અથવા બીજા પાસે કરાવવું ॥૧૪૯॥

અને પોતાના જે આચાર્ય તે થકી તથા શ્રીકૃષ્ણ ભગવાનના જે મંદિર, તેથકી કરજ ન કાઢવું; અને વળી તે પોતાના આચાર્ય થકી અને શ્રીકૃષ્ણનાં મંદિર થકી પોતાના વ્યવહારને અર્થે પાત્ર, ઘરેણાં અને વસ્ત્રાદિક જે વસ્તુ તે માગી લાવવા નહિ. ॥૧૫૦॥

અને શ્રીકૃષ્ણ ભગવાન તથા પોતાના ગુરૂ તથા સાધુ એમના દર્શન કરવાને અર્થે ગયે સતે માર્ગને વિષે પારકું અન્ન ખાવું





નહિ; તથા શ્રીકૃષ્ણ ભગવાન તથા પોતાના ગુરૂ તથા સાધુ તેમનાં જે સ્થાનક, તેમને વિષે પણ પારકું અન્ન ખાવું નહિ, કેમ જે; તે પારકું અન્ન તો પોતાના પુણ્યને હરી લે એવું છે, માટે પોતાની ગાંઠનું ખરચ ખાવું ॥૧૫૧॥

અને પોતાનાં કામકાજ કરવા તેડ્યા જે મજૂર તેમને જેટલું ધન અથવા ધાન્ય દીધાનું કહ્યું હોય તે પ્રમાણે જ આપવું પણ તેમાંથી ઓછું ન આપવું , અને પોતા પાસે કોઈ કરજ માગતો હોય અને તે કરજ દઈ ચૂક્યા હોઈએ, તે વાતને છાની ન રાખવી; તથા પોતાનો વંશ તથા કન્યાદાન, તે પણ છાનું ન રાખવું; અને દુષ્ટ એવા જે જન, તેમની સાથે વ્યવહાર ન કરવો. ॥૧૫૨॥

અને જે ઠેકાણે પોતે રહેતા હોઈએ, તે ઠેકાણે કોઈક કઠણ-ભૂંડો કાળ અથવા શત્રુ અથવા રાજા, તેમના ઉપદ્રવે કરીને સર્વ પ્રકારે પોતાની લાજ જતી હોય કે ધનનો નાશ થતો હોય કે પોતાના પ્રાણનો નાશ થતો હોય. ॥૧૫૩॥

અને તે જો પોતાના મૂળ ગરાસનું તથા વતનનું ગામ હોય તો પણ તેનો વિવેકી એવા જે અમારા સત્સંગી ગૃહસ્થ તેમણે તત્કાળ ત્યાગ કરી દેવો, અને જ્યાં ઉપદ્રવ ન હોય તેવો જે બીજો દેશ તે પ્રત્યે જઈ ને સુખેથી રહેવું.॥૧૫૪॥

અને ધનાઢ્ય એવા જે ગૃહસ્થ સત્સંગી તેમણે હિંસાએ રહિત





એવા જે વિષ્ણુ સંબંધી યજ્ઞ તે કરવા ; તથા તીર્થને વિષે તથા દ્વાદશી આદિક પર્વને વિષે બ્રાહ્મણ તથા સાધુ તેમને જમાડવા. ॥૧૫૫॥

અને તે ધનાઢ્ય એવા જે ગૃહસ્થ સત્સંગી તેમણે ભગવાનના મંદિરને વિષે મોટા ઉત્સવ કરાવવા તથા સુપાત્ર એવા જે બ્રાહ્મણ તેમને નાના પ્રકારના દાન દેવા. ॥૧૫૬॥

**❋ રાજાના વિશેષ ધર્મ ❋**

અને અમારે આશ્રિત એવા જે સત્સંગી રાજા તેમણે ધર્મશાસ્ત્રને આશરીને પોતાના પુત્રની પેઠે પોતાની પ્રજાનું પાલન કરવું. અને પૃથ્વીને વિષે ધર્મનું સ્થાપન કરવું. ॥૧૫૭॥

અને તે રાજા તેમણે રાજ્યનાં જે સાત અંગ તથા ચાર ઉપાય તથા છ ગુણ તે જેતે લક્ષણે કરીને યથાર્થપણે જાણવા અને તીર્થ જે ચાર મોકલ્યાનાં સ્થાનક તથા વ્યવહારના જાણનારા જે સભાસદ, તથા દંડવા યોગ્ય જે માણસ તથા દંડવા યોગ્ય નહિ એવા જે માણસ એ સર્વને લક્ષણે કરીને યથાર્થપણે જાણવા. ॥૧૫૮॥

**❋ સધવા સ્ત્રીના વિશેષ ધર્મ ❋**

હવે સુવાસિની બાઈઓના વિશેષ ધર્મ કહીએ છીએ; અમારે આશ્રિત જે સુવાસિની બાઈઓ, તેમણે પોતાનો પતિ અંધ હોય, રોગી હોય, દરિદ્રી હોય, નપુંસક હોય તો પણ તેને ઈશ્વરની પેઠે સેવવો અને તે પતિ પ્રત્યે કટુ વચન ન બોલવું. ॥૧૫૯॥





અને તે સુવાસિની સ્ત્રીઓ તેમણે રૂપ ને યૌવન તેણે યુક્ત અને ગુણવાન એવો જે અન્ય પુરુષ તેનો પ્રસંગ સહજ સ્વભાવે પણ ન કરવો. ॥૧૬૦॥

અને પતિવ્રતા એવી જે સુવાસિની સ્ત્રીઓ તેમણે પોતાની નાભિ, સાથળ અને છાતી તેને બીજો પુરુષ દેખે એમ ન વર્તવું અને ઓઢ્યાના વસ્ત્ર વિના ઉઘાડે શરીરે ન રહેવું અને ભાંડભવાઈ જોવા ન જવું અને નિર્લજ્જ એવી જે સ્ત્રીઓ તથા સ્વૈરિણી, કામિની અને પુંશ્ચલી એવી જે સ્ત્રીઓ, તેમનો સંગ ન કરવો. ॥૧૬૧॥

અને તે સુવાસિની સ્ત્રીઓ, તેમણે પોતાનો પતિ પરદેશ ગયે સતે આભૂષણ ન ધારવાં, રૂડાં વસ્ત્ર ન પહેરવાં; પારકે ઘેર બેસવા ન જવું અને હાસ્ય વિનોદાદિકનો ત્યાગ કરવો. ॥૧૬૨॥

**❋ વિધવા સ્ત્રીઓના વિશેષ ધર્મ ❋**

હવે વિધવા સ્ત્રીઓના વિશેષ ધર્મ કહીએ છીએ; અમારે આશ્રિત જે વિધવા સ્ત્રીઓ તેમણે તો પતિ બુદ્ધિએ કરીને શ્રીકૃષ્ણ ભગવાનને સેવવા અને પોતાના પિતા પુત્રાદિક જે સંબંધી, તેમની આજ્ઞાને વિષે વર્તવું પણ સ્વતંત્રપણે ન વર્તવું. ॥૧૬૩॥

અને તે વિધવા સ્ત્રીઓ તેમણે પોતાના સમીપ સંબંધ વિનાના જે પુરુષ તેમનો સ્પર્શ ક્યારેય ન કરવો; અને પોતાની

યુવાવસ્થાને વિષે અવશ્ય કાર્ય વિના સમીપ સંબંધ વિનાના જે યુવાન પુરુષ, તેમની સાથે ક્યારેય પણ બોલવું નહિ ॥૧૬૪॥

અને ધાવણો જે બાળક, તેના સ્પર્શને વિષે તો જેમ પશુને અડી જવાય અને દોષ નથી તેમ દોષ નથી; અને કોઈ અવશ્યનું કામકાજ પડે તેને વિષે કોઈક વૃધ્ધ પુરુષને અડી જવાય તથા તે વૃધ્ધ સાથે બોલાય તેને વિષે દોષ નથી. ॥૧૬૫॥

અને તે વિધવા સ્ત્રીઓ તેમણે પોતાના સમીપ સંબંધ વિનાના જે પુરુષ, તે થકી કોઈપણ વિદ્યા ન ભણવી; અને વ્રત ઉપવાસે કરીને વારંવાર પોતાના દેહનું દમન કરવું ॥૧૬૬॥

અને તે વિધવા સ્ત્રીઓ, તેમણે પોતાના ઘરમાં પોતાના જીવનપર્યંત દેહ નિર્વાહ થાય એટલું જ જો ધન હોય તો તે ધન જે તે ધર્મ કાર્યને વિષે પણ ન આપવું અને જો તેથી અધિક હોય તો આપવું ॥૧૬૭॥

અને વિધવા સ્ત્રીઓ તેમણે એકવાર આહાર કરવો અને પૃથ્વીને વિષે સૂવું અને મૈથુનાસક્ત એવાં જે પશુપક્ષી આદિક જીવપ્રાણી માત્ર તેમને ક્યારેય જાણીને જોવા નહીં. ॥૧૬૮॥

અને તે વિધવા સ્ત્રીઓ, તેમણે સુવાસિની સ્ત્રીના જેવો વેષ ન ધારવો, તથા સંન્યાસણી તથા વૈરાગણી તેના જેવો વેષ ન ધારવો, અને પોતાના દેશ, કુળ અને આચાર તેને વિરુધ્ધ એવો જે વેષ તે પણ ક્યારેય ન ધારવો. ॥૧૬૯॥





અને ગર્ભની પાડનારી જે સ્ત્રી તેનો સંગ ન કરવો અને તેનો સ્પર્શ પણ ન કરવો ; અને પુરુષના શૃંગારરસ સંબંધી જે વાર્તા, તે ક્યારેય ન કરવી અને ન સાંભળવી. ॥૧૭૦॥

અને યુવા અવસ્થાને વિષે રહી એવી જે વિધવા સ્ત્રીઓ, તેમણે યુવા અવસ્થાવાળા જે પોતાના સંબંધી પુરુષ તેમની સંગાથે પણ એકાંતસ્થળને વિષે આપત્કાળ પડ્યા વિના ન રહેવું. ॥૧૭૧॥

અને હોળીની રમત ન કરવી ને આભૂષણાદિકનું ધારણ ન કરવું અને સુવર્ણાદિક ધાતુના તારે યુક્ત એવા જે ઝીણાં વસ્ત્ર તેનું ધારણ પણ ક્યારેય ન કરવું. ॥૧૭૨॥

અને સુવાસિની ને વિધવા એવી જે સ્ત્રીઓ તેમણે વસ્ત્રો પહેર્યા વિના નહાવું નહિ અને પોતાનું જે રજસ્વલાપણું તે કોઈ પ્રકારે ગુપ્ત ન રાખવું. ॥૧૭૩॥

અને વળી રજસ્વલા એવી જે સુવાસિની અને વિધવા સ્ત્રીઓ, તે ત્રણ દિવસ સુધી કોઈ મનુષ્યને તથા વસ્ત્રાદિકને અડે નહિ અને ચોથે દિવસે નાહીને અડવું. (એવી રીતે ગૃહસ્થાશ્રમી એવા જે પુરુષ અને સ્ત્રીઓ તેમના જે આ વિશેષ ધર્મ કહ્યા તે સર્વે ધર્મવંશી આચાર્ય અને તેમની પત્નીઓ તેમણે પણ પાળવા, કેમ કે એ ગૃહસ્થ છે.) ॥૧૭૪॥





## ❋ બ્રહ્મચારીના વિશેષ ધર્મ ❋

હવે નૈષ્ઠિક બ્રહ્મચારીના જે વિશેષ ધર્મ તે કહીએ છીએ. અમારે આશ્રિત એવા જે નૈષ્ઠિક બ્રહ્મચારી તેમણે સ્ત્રી માત્રનો સ્પર્શ ન કરવો; અને સ્ત્રીઓ સંગાથે બોલવું નહિ, અને જાણીને તે સ્ત્રીઓ સન્મુખ જોવું નહિ. ॥૧૭૫॥

અને તે સ્ત્રીઓની વાર્તા ક્યારેય ન કરવી અને ન સાંભળવી; અને જે સ્થાનકને વિષે સ્ત્રીઓનો પગફેર હોય, તે સ્થાનકને વિષે સ્નાનાદિક ક્રિયા કરવા ન જવું. ॥૧૭૬॥

અને દેવતાની પ્રતિમા વિના બીજી જે સ્ત્રીની પ્રતિમા, ચિત્રની અથવા કાષ્ઠાદિકની હોય તેનો સ્પર્શ ન કરવો; અને જાણીને તો તે પ્રતિમાને જોવી પણ નહિ. ॥૧૭૭॥

અને તે નૈષ્ઠિક બ્રહ્મચારી તેમણે સ્ત્રીની પ્રતિમા ન કરવી, અને સ્ત્રીએ પોતાના શરીર ઉપર ધારેલું જે વસ્ત્ર તેને અડવું નહિ; અને મૈથુનાસક્ત એવાં જે પશુ-પક્ષી આદિક પ્રાણી માત્ર, તેમને જાણીને જોવા નહિ. ॥૧૭૮॥

અને સ્ત્રીના વેષને ધરી રહ્યો એવો જે પુરુષ તેને અડવું નહિ અને તેની સામું જોવું નહિ; અને તે સાથે બોલવું નહિ અને સ્ત્રીનો ઉદ્દેશ કરીને ભગવાનની કથા, વાર્તા, કીર્તન પણ ન કરવા. ॥૧૭૯॥





અને તે નૈષ્ઠિક બ્રહ્મચારી, તેમણે પોતાના બ્રહ્મચર્ય વ્રતનો ત્યાગ, થાય એવું જે વચન તે તો પોતાના ગુરુનું પણ ન માનવું; ને સદાકાળ ધીરજવાન રહેવું અને સંતોષે યુક્ત રહેવું ને માને રહિત રહેવું ॥૧૮૦॥

અને બળાત્કારે કરીને પોતાને અતિશય સમીપે આવતી એવી જે સ્ત્રી તેને બોલીને અથવા તિરસ્કાર કરીને પણ તુરત વારવી, પણ સમીપે આવવા દેવી નહિ ॥૧૮૧॥

અને જો ક્યારેક સ્ત્રીઓનો અથવા પોતાનો પ્રાણ નાશ થાય, એવો આપત્કાળ આવી પડે, ત્યારે તો તે સ્ત્રીઓને અડીને અથવા તે સાથે બોલીને પણ તે સ્ત્રીઓની રક્ષા કરવી અને પોતાની પણ રક્ષા કરવી. ॥૧૮૨॥

અને તે નૈષ્ઠિક બ્રહ્મચારી તેમણે પોતાને શરીરે તૈલમર્દન ન કરવું ને આયુધ ન ધારવું, ને ભયંકર એવો જે વેષ તે ન ધારવો અને રસના ઈન્દ્રિયને જીતવી ॥૧૮૩॥

અને જે બ્રાહ્મણના ઘરને વિષે સ્ત્રી પીરસનારી હોય, તેને ઘેર ભિક્ષા કરવા જવું નહિ ને જ્યાં પુરુષ પીરસનારો હોય ત્યાં જવું ॥૧૮૪॥

અને તે નૈષ્ઠિક બ્રહ્મચારી, તેમણે વેદશાસ્ત્રનો અભ્યાસ કરવો ને ગુરુની સેવા કરવી; ને સ્ત્રીઓની પેઠે જ સ્ત્રૈણ પુરુષનો સંગ, જે તે સર્વકાળે વર્જવો ॥૧૮૫॥

અને જાતિએ કરીને જે બ્રાહ્મણ હોય, તે કોઈએ પણ ચર્મવારિ ન પીવું ને ડુંગળી ને લસણ આદિક જે અભક્ષ્ય વસ્તુ તે બ્રાહ્મણ જાતિ હોય તેણે કોઈ પ્રકારે ન ખાવી. ॥૧૮૬॥

અને જે બ્રાહ્મણ હોય તેણે સ્નાન, સંધ્યા ગાયત્રીનો જપ, શ્રીવિષ્ણુની પૂજા અને વૈશ્વદેવ એટલા વાના કર્યા વિના ભોજન કરવું જ નહિ. (એવી રીતે નૈષ્ઠિક બ્રહ્મચારીના વિશેષ ધર્મ કહ્યા.) ॥૧૮૭॥

**⌘ સાધુના વિશેષ ધર્મ ⌘**

હવે સાધુના જે વિશેષ ધર્મ તે કહીએ છીએ; અમારે આશ્રિત જે સર્વે સાધુ તેમણે નૈષ્ઠિક બ્રહ્મચારીની પેઠે સ્ત્રીઓનાં દર્શન-ભાષણાદિક પ્રસંગનો ત્યાગ કરવો તથા સ્ત્રૈણ પુરુષના પ્રસંગાદિકનો ત્યાગ કરવો; અને અંતઃ શત્રુ જે કામ, ક્રોધ, લોભ અને માન આદિક તેમને જીતવા ॥૧૮૮॥

અને સર્વે જે ઈન્દ્રયો તે જીતવી ને રસના ઈન્દ્રિયને તો વિશેષે કરીને જીતવી; અને દ્રવ્યનો સંગ્રહ પોતે કરવો નહિ ને કોઈ બીજા પાસે પણ કરાવવો નહિ. ॥૧૮૯॥

અને કોઈની થાપણ ન રાખવી અને ક્યારેય પણ ધીરજતાનો ત્યાગ ન કરવો અને પોતાના ઉતારાની જાયગા





બંધિની હોય તો તેને વિષે ક્યારેય પણ સ્ત્રીનો પ્રવેશ થવા દેવો નહિ.॥૧૯૦॥

અને તે સાધુ તેમણે, આપત્કાળ પડ્યા વિના રાત્રીને વિષે સંઘસોબત વિનાનું ચાલવું નહિ તથા આપત્કાળ પડ્યા વિના ક્યારેય પણ એકલા ચાલવું નહિ. ॥૧૯૧॥

અને જે વસ્ત્ર બહુ મૂલ્યવાળું હોય તથા ચિત્ર વિચિત્ર ભાતનું હોય, તથા કસુંબાદિક જે રંગ તેણે કરીને રંગેલું હોય તથા શાલ-દુશાલા હોય ને તે જો બીજાની ઈચ્છાએ કરીને પોતાને પ્રાપ્ત થયું હોય, તો પણ તે વસ્ત્ર પોતાને પહેરવું-ઓઢવું નહિ. ॥૧૯૨॥

અને ભિક્ષા તથા સભા પ્રસંગ એ બે કાર્ય વિના ગૃહસ્થના ઘર પ્રત્યે જવું નહિ; અને ભગવાનની જે નવ પ્રકારની ભક્તિ તે વિના વ્યર્થ કાળ નિર્ગમવો નહિ, નિરંતર ભક્તિ કરીને જ કાળ નિર્ગમવો. ॥૧૯૩॥

અને જે ગૃહસ્થના ઘરને વિષે રાંધેલ અન્નનો પીરસનારો પુરુષ જ હોય તથા સ્ત્રીઓનો દર્શનાદિક પ્રસંગ કોઈ રીતે થાય એમ ન હોય. ॥૧૯૪॥

તેવી રીતનું જે ગૃહસ્થનું ઘર તે પ્રત્યે અમારા સાધુ તેમણે જમવા જવું અને એ કહ્યું તેવું ન હોય તો કાચું અન્ન માગીને પોતાના હાથે રસોઈ કરવી ને ભગવાનને નૈવેદ્ય ધરીને જમવું ॥૧૯૫॥





અને પૂર્વે ઋષભદેવ ભગવાનના પુત્ર જે ભરતજી તે જે તે પૃથ્વીને વિષે જડ બ્રાહ્મણ થકા જેમ વર્તતા હવા તેમજ પરમહંસ એવા જે અમારા સાધુ તેમણે વર્તવું. ॥૧૯૬॥

અને નૈષ્ઠિક બ્રહ્મચારી ને એ સાધુ તેમણે તાંબુળ તથા અફીણ તથા તમાકુ ઈત્યાદિકનું જે ભક્ષણ તે જતને કરીને વર્જવું. ॥૧૯૭॥

અને તે નૈષ્ઠિક બ્રહ્મચારી ને સાધુ તેમણે ગર્ભાધાન આદિક જે સંસ્કાર તેમને વિષે જમવું નહિ તથા એકાદશાહ પર્યંત જે પ્રેતશ્રાદ્ધ તેમને વિષે જમવું નહિ તથા દ્વાદશાહ શ્રાદ્ધને વિષે જમવું નહિ. ॥૧૯૮॥

અને રોગાદિક આપત્કાળ પડ્યા વિના દિવસે સુવું નહિ અને ગ્રામ્યવાર્તા કરવી નહિ ને જાણીને સાંભળવી નહિ ॥૧૯૯॥

અને તે નૈષ્ઠિક બ્રહ્મચારી ને સાધુ તેમણે રોગાદિક આપત્કાળ પડ્યા વિના ખાટલા ઉપર સૂવું નહિ, અને સાધુની આગળ તો નિરંતર નિષ્કપટપણે વર્તવું ॥૨૦૦॥

અને તે સાધુ અને બ્રહ્મચારી તેમણે કોઈક કુમતિવાળા દુષ્ટ જન હોય, ને તે પોતાને ગાળ દે અથવા મારે તો તે સહન જ કરવું, પણ તેને સામી ગાળ ન દેવી ને મારવો નહિ, અને તેનું જેમ હિત થાય તેમજ મનમાં ચિંતવન કરવું, પણ તેનું ભુંડુ થાય એવો તો સંકલ્પ પણ ન કરવો. ॥૨૦૧॥





અને કોઈનું દૂતપણું ન કરવું તથા ચાડિયાપણું ન કરવું ને કોઈના ચારચક્ષુ ન થવું અને દેહને વિષે અહંબુદ્ધિ ન કરવી ને સ્વજનાદિકને વિષે મમતા ન કરવી. (એવી રીતે સાધુના વિશેષ ધર્મ કહ્યા.) ॥૨૦૨॥

અને અમારે આશ્રિત એવા જે સત્સંગી બાઈભાઈ સર્વે તેમના જે સામાન્ય ધર્મ અને વિશેષ ધર્મ તે જે તે સંક્ષેપે કરીને આવી રીતે અમે લખ્યા છે અને આ ધર્મનો જે વિસ્તાર તે તો અમારા સંપ્રદાયના જે ગ્રંથ તે થકી જાણવો. ॥૨૦૩॥

અને સર્વે જે સત્શાસ્ત્ર તેનો જે સાર તેને અમે અમારી બુદ્ધિએ કરીને ઉદ્ધારીને આ શિક્ષાપત્રી જે તે લખી છે તે કેવી છે - તો સર્વે મનુષ્યમાત્રને મનવાંછિત ફળની દેનારી છે ॥૨૦૪॥

એ હેતુ માટે અમારા આશ્રિત જે સર્વે સત્સંગી તેમણે સાવધાનપણે કરીને નિત્યપ્રત્યે આ શિક્ષાપત્રીને અનુસરીને જ વર્તવું. પણ પોતાના મનને જાણે તો ક્યારેય ન વર્તવું ॥૨૦૫॥

અને જે અમારા આશ્રિત પુરુષ ને સ્ત્રીઓ તે જે તે આ શિક્ષાપત્રી પ્રમાણે વર્તશે, તો તે ધર્મ, અર્થ, કામ ને મોક્ષ એ ચાર પુરુષાર્થની સિદ્ધિને નિશ્ચય પામશે. ॥૨૦૬॥

અને જે બાઈ-ભાઈ, આ શિક્ષાપત્રી પ્રમાણે નહિ વર્તે તે તો અમારા સંપ્રદાય થકી બાહેર છે એમ અમારા સંપ્રદાયવાળા સ્ત્રી-પુરુષ તેમણે જાણવું. ॥૨૦૭॥

અને અમારા જે આશ્રિત સત્સંગી તેમણે આ શિક્ષાપત્રીનો નિત્યપ્રત્યે પાઠ કરવો અને જેને ભણતા આવડતું ન હોય તેમણે તો આદર થકી આ શિક્ષાપત્રીનું શ્રવણ કરવું ॥૨૦૮॥

અને આ શિક્ષાપત્રીને વાંચી સંભળાવે એવો કોઈ ન હોય ત્યારે તો નિત્યપ્રત્યે આ શિક્ષાપત્રીની પૂજા કરવી; અને આ જે અમારી વાણી તે અમારું સ્વરૂપ છે. એ રીતે પરમ આદર થકી માનવી. ॥૨૦૯॥

અને આ જે અમારી શિક્ષાપત્રી તે જે તે દૈવીસંપદાએ કરીને યુક્ત એવો જે જન હોય, તેને આપવી અને જે જન આસુરી સંપદાએ કરીને યુક્ત હોય, તેને તો ક્યારેય ન આપવી. ॥૨૧૦॥

સંવત ૧૮૮૨ અઢારસો બ્યાસીનાં મહાસુદી પંચમીને દિવસે આ શિક્ષાપત્રી અમે લખી છે, તે પરમ કલ્યાણકારી છે. ॥૨૧૧॥

निजाश्रितानां सकलार्तिहन्ता सधर्मभक्तेरवनं विधाता ।
दाता सुखानां मनसेप्सितानां तनोतु कृष्णोऽखिलमङ्गलं नः ॥२१२॥

અને પોતાના આશ્રિત જે ભક્તજન તેમની જે સમગ્ર પીડા તેના નાશ કરનારા એવા ને ધર્મે સહિત જે ભક્તિ તેની






રક્ષાના કરનારા એવા ને પોતાના ભક્તજનને મનવાંછિત સુખના આપનારા એવા જે શ્રીકૃષ્ણ ભગવાન, તે જે તે અમારા સમગ્ર મંગલને વિસ્તારો. ॥૨૧૨॥

**इति श्रीसहजानन्दस्वामिलिखिता शिक्षापत्री समाप्ता ।**

ઈતિ શ્રી સહજાનંદ સ્વામી શિષ્ય નિત્યાનંદ મુનિ
લિખિતા શિક્ષાપત્રી ટીકા સમાપ્તા ॥





ॐ

॥ શ્રી સ્વામિનારાયણાય નમો નમઃ ॥

# ધર્મામૃત

**(ત્યાગી સંતોના પંચ વર્તમાન-ધર્મમર્યાદા)**

## નિર્લોભી વર્તમાન

**नमामि श्रीहरिं भक्त्या स्वामिनारायणाभिधम् ।
स्वाश्रितत्यागिनां धर्मान् यः प्राहैकांतिकाभिधान् ॥ १ ॥**

ભગવાન શ્રી સ્વામિનારાયણને હું ભકિત વડે પ્રણામ કરું છું. જે શ્રીહરિએ પોતાના આશ્રિત ત્યાગી સાધુઓના જે એકાંતિક ધર્મો વિસ્તારે સહિત શ્રીમુખે કહ્યા. ॥ ૧ ॥





તે ધર્મો હું ગુજરાતી ભાષામાં લખું છું, જેથી ત્યાગી સાધુઓને પોતાના ધર્મનું સહેલાઇથી જ્ઞાન થાય તથા તેઓને આનંદ થાય. ॥ ૨ ॥

સત્સંગિજીવન ગ્રંથના ચોથા પ્રકરણના અધ્યાય ૬૨થી આ પ્રસંગનો આરંભ થાય છે, તેમાં સુવ્રતમુનિ પ્રતાપસિંહ રાજા પ્રત્યે કહે છેઃ હે રાજન્ ! એક સમયે પોતાનો નિત્યવિધિ કરી સુંદર પવિત્ર આસન ઉપર બિરાજમાન થયેલા શ્રીહરિને નમસ્કાર કરી ઉદાર બુદ્ધિવાળા ગોપાળાનંદ મુનિએ પૂછ્યું. ॥ ૧ ॥

ગોપાળાનંદ મુનિ પુછે છેઃ હે સ્વામિન્ ! ઉદ્ધવ સંપ્રદાયમાં અમો જે તમારા આશ્રિત સર્વે ત્યાગી સાધુઓ તેમના જે ધર્મો તેને વિસ્તારે સહિત હું સાંભળવા ઇચ્છું છું, તે મને કૃપા કરીને કહો. ॥ ૨ ॥

સુવ્રત મુનિ કહે છેઃ હે રાજન્ ! ત્યાગી સાધુના ધર્મો જાણવાની ઇચ્છાવાળા ગોપાળાનંદ મુનિએ પુછ્યું ત્યારે સંતપતિ શ્રીહરિએ પ્રસન્ન થઇ તે મુનિને તે સર્વ ધર્મો આ પ્રમાણે કહ્યા. ॥ ૩ ॥

શ્રી નારાયણ મુનિ કહે છે : હે મુને ! મારા મતને આશરેલા એવા જે તમે સર્વે ત્યાગી સાધુઓ તેમના ધર્મો તમારા હિતને અર્થે ઉદ્ધવ સંપ્રદાયાનુસારે જેમ શાસ્ત્રમાં છે તેમ હું કહું છું તે તમે સાંભળો. ॥ ૪ ॥

હે મુને ! સર્વના કારણ શ્રી કૃષ્ણ ભગવાનને વિષે તે ભગવાનના માહાત્મ્યજ્ઞાને યુકત નિરંતર એકાંતિકી ભકિત કરવી, તેજ ત્યાગી સાધુઓનો પરમ ધર્મ છે. ॥ ૫ ॥

અધર્મમાંથી ઉત્પન્ન થયેલા લોભ, કામાદિક દોષો નિશ્ચય તે ભકિતને વિષે વિઘ્નરૂપ છે, માટે ધર્મમાંથી ઉત્પન્ન થયેલા નિર્લોભ, નિષ્કામાદિક ગુણે કરીને તે દોષોને જીતીને આ લોકને વિષે ત્યાગી સાધુઓએ તે ભકિત કરવી.॥૬॥

અધર્મ સર્ગના દોષોમાંથી પાંચ દોષો તો અવશ્યપણે જીતવાના છે, જે પાંચ દોષને જીતવાથી અધર્મ સર્ગના સર્વ દોષો જીતાય છે, તેમા કાંઇ સંશય નથી. ॥ ૭ ॥

હવે તે પાંચ દોષોને કહે છે-એક તો લોભ, બીજો કામ,ત્રીજો રસાસ્વાદ, ચોથો સ્નેહ અને પાંચમો માન. તે જીવના અંતરશત્રુ છે, અને વિદ્વાનને પણ દુર્જેય અર્થાત્ જીતવા અતિશય કઠણ છે. ॥ ૮ ॥

તેમાટેસર્વદોષમાત્રની ખાણરૂપ અર્થાત્ ઉત્પત્તિના કારણ અને આધાર એવા એ પાંચ દોષોને મોક્ષની ઇચ્છાવાળા ત્યાગી





સાધુઓએ સાવધાન થઇને અતિ પ્રયત્નપૂર્વક જીતવા. ॥ ૯ ॥

એ લોભાદિક પાંચ દોષોમાંના એક એક દોષમાં રહેલા બીજા દોષોને નોખા નોખા કરીને કહીએ છીએ અને તેમને જીતવાના ઉપાય પણ નોખા નોખા દેખાડીયે છીએ. તે ઉપાયો સુખે પળે એવા છે. ॥ ૧૦ ॥

એ પાંચમાંથી લોભને આશરે રહેલા દોષો પ્રથમ કહિએ છીએ, તે સર્વ દોષો અત્યંત ત્યાગ કરવા યોગ્ય છે.॥ ૧૧ ॥

લોભનેવિષે જેમોટા મોટા દોષો છેતેજીવને નરકપમાડનારા છે, લોભ એજ પાપનો પિતા તેમજ તેને પ્રવર્તાવનારો છે. ॥ ૧૨ ॥

અને લોભથી ક્રોધ ઉપજે છે, લોભથી કામ પ્રવર્તે છે, તથા લોભથીજ મોહ, કપટ,અભિમાન અને પરાધીનતા પણ થાય છે. ॥ ૧૩ ॥

મનુષ્યો ધનાદિક પદાર્થના લોભે કરીને પોતાની દીકરી, પોતાની બહેન અથવા બીજી કોઇ પોતાના સંબંધીની દીકરી હોય તો તેને પણ નીચને ઘેર વેચે છે. ધનાદિક પદાર્થના





લોભે કરીને માણસને પણ વેચે છે. ॥ ૧૪ ॥

લોભે કરીને ક્ષમા થાતી નથી અને લજ્જાનો પણ ત્યાગ કરાય છે, લોભથી શોભાનો નાશ થાય છે અને ધર્મનો અતિશય ક્ષય થઇ જાય છે, અનેક પ્રકારની ચિંતા અને અપકીર્તિ પણ લોભથી થાય છે, મિથ્યા આડંબર, જીવ પ્રાણીનો દ્રોહ, બીજાની નિંદા તથા મત્સર કહેતાં બીજાનો ઉત્કર્ષ સહન ન થવો, તે પણ લોભથી થાય છે. ॥ ૧૫ ॥

લોભે કરીને પદાર્થનો ત્યાગ થાતો નથી, તૃષ્ણા અતિશય વધે છે અને પોતાનાં ખોટાં વખાણ કરાય છે, તથા ન કરવા જેવું કાર્ય લોભથી મનુષ્ય કરેછે, અવિશ્વાસ, ધનાદિકની ચોરી તથા પરસ્ત્રીનો સંગ પણ લોભથી થાય છે. ॥ ૧૬ ॥

લોભે કરીને અતિશય દીનપણાનો તથા વિચાર્યા વિના તત્કાળ ક્રિયા કરી નાખવાનો વેગ થઇ જાય છે, ભયંકર મૃત્યુનો વેગ અર્થાત્ ઘણાક માણસ મરાઇ જાય એવી ક્રિયા લોભથી કરે છે, બળવાન્ ઇર્ષ્યાનો વેગ થાય છે અર્થાત્ કોઇ રીતે ટાળી ટળે નહિ એવી ઇર્ષ્યા ઉપજે છે, દુર્જય મિથ્યાનો વેગ પણ





લોભથી પ્રવર્તે છે અર્થાત્ કેવળ અસત્ય જ બોલે છે. ॥ ૧૭ ॥

કોઇ રીતે અટકાવી ન શકાય એવો રસનો વેગ તે લોભથી પ્રવર્તે છે ને બીજા સર્વે દોષો લોભથી ફેલાય છે, માટે નિશ્ચય સર્વે પાપનું મૂળ કારણ લોભ છે. ॥ ૧૮ ॥

લોભને વિષે રહેલા સર્વે દોષો પોતાના મોક્ષરૂપ સ્વાર્થનો નાશ કરનારા છે, એવી રીતે સંતનો સમાગમ કરીને પોતાના હૃદયમાં નિશ્ચય કરી, બુદ્ધિવાન મનુષ્ય લોભને જીતે. ॥ ૧૯ ॥

જનક રાજા, યુવનાશ્વ રાજા, વૃષાદર્ભિ રાજા એ આદિક કેટલાક રાજાઓ લોભનો નાશ કરી પરમ સુખને પામ્યા, તે માટે મોક્ષની ઇચ્છાવાળાને લોભ નિશ્ચય ત્યાગ કરવા યોગ્ય છે.॥ ૨૦ ॥

વળી સત્શાસ્ત્રોનું જ્ઞાન તથા બીજા અનેક સદ્ગુણો એક લોભે કરીને દોષ જેવા થઇ જાય છે, એવા લોભને રૂડી બુદ્ધિવાળો પુરૂષ કેમ આશરે ? ન જ આશરે. ॥ ૨૧ ॥

હવે એવા લોભને અમારા ત્યાગી સાધુઓ જે ઉપાયોનો આશ્રય કરીને જીતે, તે ઉપાયો કહિએ છીએ, તે

ઉપાયોને મોટા સાધુ પુરૂષોએ માનેલા છે. ॥ ૨૨ ॥

હે મુને ! જીવ જે પદાર્થનો લોભ કરે છે, તે પદાર્થ નિશ્ચય નાશવંત છે અને જે શરીરના સુખને અર્થે લોભ કરે છે, તે શરીર પણ ક્ષણમાં નાશ પામી જાય તેવું છે. ॥૨૩॥

દેહ અને દ્રવ્યાદિક પદાર્થોનું અસત્યપણું છે તો પણ જીવ લોભથી જે પાપ કરે છે તે પાપ કર્મ નિશ્ચય એ જીવને સાચા થઇને વળગે છે. ॥ ૨૪ ॥

અને તે પાપ કર્મે કરીને નાના પ્રકારના નરકને પામે છે, તથા શ્વાન અને શૂકર આદિક નાના પ્રકારના ભૂંડા અવતારોને નિશ્ચય વારંવાર પામે છે. ॥ ૨૫ ॥

તે માટે ત્યાગી સાધુઓ કાનને પ્રિય લાગે એવી ગ્રામ્ય વાર્તા સાંભળવા લોભાય નહિ અને સ્ત્રી તથા દાઢી મૂછ ન ઉગી હોય એવા નાના બાળક તથા સૂક્ષ્મ વસ્ત્ર એ આદિક પદાર્થનો ત્વચાએ કરીને સ્પર્શ કરવા લોભાય નહિ. ॥ ૨૬ ॥





અને સ્ત્રી, સુવર્ણનાં આભૂષણો, સારાં સારાં વસ્ત્રો, સુંદર ભારે હવેલી, સુંદર ફૂલવાડી, બાગ-બગીચા અને સુંદર રૂપાળી ગાય, ઘોડો, ઘોડી, બળદ આદિક નેત્ર ઈન્દ્રિયને પ્રિય લાગે એવા પદાર્થને વિષે ક્યારે પણ લોભાય નહિ. ॥ ૨૭ ॥

નાના પ્રકારના ખાટા, ખારા, તિખા, ગળ્યા, ચિકણા આદિક રસે યુક્ત એવા ભક્ષ્ય, ભોજ્ય, લેહ્ય, ચોષ્ય એ ચાર પ્રકારના જીહ્વા ઈન્દ્રિયને પ્રિય લાગે એવા પદાર્થોમાં દોષ દષ્ટિએ કરીને બુદ્ધિવાન ત્યાગી સાધુ ક્યારેય લોભાય નહિ. ॥ ૨૮ ॥

સુગંધિમાન ફુલેલ તેલ, નાના પ્રકારનું અત્તર, નાના પ્રકારનાં પુષ્પ, નાના પ્રકારનું ચંદન એ આદિક નાસિકા ઈન્દ્રિયને પ્રિય લાગે એવા પદાર્થોમાં બુદ્ધિવાન્ ત્યાગી સાધુ કયારેય લોભાય નહિ. ॥ ૨૯ ॥

એવી રીતે રમણીય અને ઈન્દ્રિયોને ક્ષોભ કરનાર એવા જે પાંચ ઈન્દ્રિયોના પાંચ વિષયો તેમાં ત્યાગી સાધુને લોભાવું નહિ. ॥ ૩૦ ॥





વિષયને વિષે આસક્તિએ રહિત એવો જે સાધુ, તે પાંચે ઈન્દ્રિયોની વૃત્તિઓ જે સ્વાભાવિક પણે પોતપોતાના વિષયોમાં જાય છે, તેને તે તે વિષયમાંથી ખેંચીને પાછી વાળી લે છે, તે સાધુને વિવેકીઓ જિતેન્દ્રિય કહે છે. ॥૩૧॥

પાંચ ઈન્દ્રિયો પોતપોતાના વિષયને વિષે પ્રવર્તતી હોય તેને મન નિશ્ચય અનુસરે છે અર્થાત્ મન પણ ઈન્દ્રિયો ભેળું પાંચ વિષયોમાં જાય છે (મધ્ય. પ્ર. વ. ૨) એવી રીતે પાંચ ઈન્દ્રિયો અને છઠ્ઠું મન તેનો આશ્રય કરી લોભાદિક એ પાંચ શત્રુઓ જીવને પીડે છે. ॥ ૩૨ ॥

અને ત્યાગી સાધુઓને પોતાની પાંચ ઈન્દ્રિયો અને છઠ્ઠું મન તેજ નિશ્ચય શત્રુ છે, માટે મોક્ષને ઇચ્છનાર ત્યાગી સાધુએ પ્રયત્ન કરીને પાંચ ઈન્દ્રિયો અને છઠ્ઠું મન તેમને વિશેષપણે કરીને જીતવા. ॥ ૩૩ ॥

હવે તેને જીતવાના ઉપાય કહીએઃ હે મુને ! પાંચ ઈન્દ્રિયો અને છઠ્ઠું મન જેમણે જિતેલાં





છે એવા સાધુઓનો મન, કર્મ વચને સંગ કરવો, માહાત્મ્ય જ્ઞાને યુકત ભગવાનની ઉપાસના ભકિત કરવી અને નિત્યે સદ્‌વિચાર કરવો; એ ત્રણ સાધને કરી મુમુક્ષુઓ મન અને ઈન્દ્રિયોરૂપ શત્રુને જીતે છે. ॥ ૩૪ ॥

તે સદ્‌વિચાર આવી રીતે કરવો જે , જે પદાર્થ પામવાનું પોતાના પ્રારબ્ધાનુસારે ઈશ્વરે નિર્માણ કર્યુ છે, તે પદાર્થને સર્વે જીવ પ્રાણિ અવશ્ય પામે છે, તે માટે દેહની પુષ્ટિને અર્થે પદાર્થની પ્રાપ્તિ સારૂ વૃથા કલેશ ન કરવો. ॥ ૩૫ ॥

જેટલાં અન્ન વસ્ત્રાદિક પદાર્થે કરીને પોતાના દેહનો નિર્વાહ થાય તેટલાં પદાર્થની પ્રાપ્તિને અર્થે ત્યાગી સાધુ યત્ન કરે, કારણ કે દેહ ધર્મ પાળવાનું સાધન છે અર્થાત્ (મનુષ્ય) દેહે કરીને ધર્મ પળાય છે. ॥ ૩૬ ॥

દેહ નિર્વાહને અર્થે યત્ન કરવો તે પણ અમે કહિશું એવો જે આ માર્ગ તેણે કરીને કરવો પણ

બીજી રીતે ન કરવો; કારણ કે પોતાના મનમાં આવે તેવી રીતે પોતાનો દેહ નિર્વાહ કરનાર ત્યાગી સાધુ તો નરકને પામે છે, એમાં સંશય નથી. ॥ ૩૭ ॥

હવે ત્યાગી સાધુને કેટલાં વસ્ત્ર રાખવાં અને કેવા રાખવાં તેનો વિવેક કહીએ. છ મહિના સુધી ગૃહસ્થે પહેર્યાં ઓઢ્યાં ને જુનાં થયેલાં, અને ગૃહસ્થ પાસે માગી લીધેલાં એવાં ધોળાં વસ્ત્રોના ટુકડા વડે કરેલી અને ટાઢને ટાળે એવી એક કંથા રાખવી. ॥ ૩૮ ॥

બે કૌપીન રાખવી, તે કૌપીન ઉપર પહેરવાના બે બહિર્વાસ તે ધોતિયાના રાખવા, એક પછેડી રાખવી અને જળ ગાળવાનો એક વસ્ત્રનો કટકો રાખવો. ॥ ૩૯ ॥

કાન ઢંકાય એવી માથે ઘાલવાની એક ટોપી રાખવી, તે ટોપી ઉપર માથે બાંધવાનો ચોખંડો એક રૂમાલ રાખવો, કૌપીનથી રૂમાલ સુધી જે વસ્ત્ર રાખવાનાં કહ્યાં તે વસ્ત્ર ગૃહસ્થ પાસેથી માગ્યા વિના





ગૃહસ્થે પોતાની મેળે આપેલાં નવાં વસ્ત્રનાં કરવાં. ॥ ૪૦ ॥

રસોઇ કરતી વખતે પહેરવાને અર્થે કામળીનું એક ફાળિયું રાખવું અથવા વસ્ત્રનું એક ફાળિયું રાખવું. નાહેલાની ટાઢ હરે એવી એક કામળી જુની અથવા નવી રાખવી. ॥ ૪૧ ॥

ત્યાગી સાધુઓ આ કહ્યું તેવાજ વસ્ત્રો રાખે તો તેમના જીવનું હિત થાય અને તેથી અધિક રાખે તો ભુંડું થાય, કામળી સિવાયનાં બીજા વસ્ત્રો સુતરાઉ રાખવા પણ હિરાગળ ન રાખવા.

એ વસ્ત્રો થોડાં મૂલ્યવાળાં, જાડાં અને ધોળાં હોય, સોના રૂપા આદિક ધાતુના તાર વિનાનાં હોય; તેવાં રાખવા. પ્રથમનું વસ્ત્ર જુનું થઇને ફાટી જાય, કોઇક ચોર લઇ જાય અથવા ખોવાઇ જાય ત્યારે તે વસ્ત્ર બીજું રાખવું. ॥ ૪૨ ॥

હવે થોડાં મૂલ્યવાળાં અને જાડાં વસ્ત્રો રાખવા તેનો વિવેક કહીએ છીએઃ બે ધોતિયાં રાખવાં તે પોણા પોણા રૂપિયાવાળા રાખવા, પછેડી સવા





રૂપિયાવાળી રાખવી, કામળી પણ સવા રૂપિયાવાળી રાખવી. માથે બાંધવાનો ચોખંડો રૂમાલ અડધા રૂપિયાનો રાખવો. આ મૂલ્ય કહ્યું તેથી ઓછા મૂલ્યનાં રાખવા પણ તેથી અધિક મૂલ્યવાળાં તો રાખવાં જ નહિ. ॥ ૪૩॥

અને જીણાં તથા સુવર્ણાદિક ધાતુના તારે યુક્ત તથા રાતાં, પીળાં તથા ચિત્ર વિચિત્ર રંગ વાળાં વસ્ત્રો ગૃહસ્થ આપે તો પણ તેને ત્યાગી સાધુ ક્યારેય ગ્રહણ ન કરે. ॥ ૪૪ ॥

અને શ્લોક ૪૦માં કહેલાં પોતાને રાખવાનાં ધોતિયા પછેડી આદિક નવાં વસ્ત્ર તે માગ્યા વિના ગૃહસ્થ પોતાની જાણ્યે ન આપે તો પોતાને અવશ્ય જોઇતું હોય તેટલું જુનું વસ્ત્ર, છ મહિનાનું ઓઢેલું હોય તે માગી લેવું, તેનો ત્યાગી સાધુને દોષ નથી, પણ નવું વસ્ત્ર તો માગવું જ નહિ; નવું વસ્ત્ર માગે તો તેનો દોષ છે. ॥ ૪૫॥

પોતાને પહેરવા ઓઢવાનાં વસ્ત્રોને રાતી મૃત્તિકાયે રંગીનેજ ત્યાગી સાધુઓએ ધારવા. રંગ્યા વિનાનાં ધોળા વસ્ત્રો કયારેય પણ ન ધારવા. ॥ ૪૬ ॥

શ્રી કૃષ્ણ ભગવાનની પૂજાના ઉપયોગમાં





અવશ્ય જોઇએ એવા ભગવાનને સ્નાન કરાવવાનાં પાત્ર, ચંદન ઉતારવાના પાત્ર, ઇત્યાદિ પૂજાની સામગ્રીનાં પાત્ર તે ત્રાંબુ, પિત્તળ આદિક ધાતુના ન હોય તેવા રાખવા અર્થાત્ કાષ્ટાદિકના રાખવા. ॥૪૭॥

પોતાના ઉપયોગનું સત્શાસ્ત્રનું પુસ્તક ત્યાગી સાધુ રાખે, પુસ્તક લખાવવાના ઉપકારક ખડિયો, પાટી, કલમ, ચપ્પુ, કાતર આદિક સામગ્રી પોતાના ઉપયોગમાં આવે તેટલીજ રાખે પણ તેથી અધિક ન રાખે. ॥ ૪૮ ॥

ત્યાગી સાધુએ પાણી પિવાનું પાત્ર કાષ્ટનું રાખવું અથવા તુંબડાનું રાખવું. પાણી પીવાનું અને ભોજન કરવાનું પાત્ર રંગ્યા વિનાનું રાખવું. ॥ ૪૯ ॥

ત્યાગી સાધુ કોઇરીતે ધનનો સંગ્રહ તો કરેજ નહિ તે ધનને બીજા પાસે પોતાનું કરી કોઇ રીતે રખાવે જ નહિ.॥ ૫૦ ॥

વસ્ત્ર, પાત્ર, ગાય, ભેંસ, ઘોડી બળદ એ આદિક
જે જે પદાર્થે કરીને ધન ઉપજે, તે તે પદાર્થ ત્યાગી

સાધુ ક્યારેય પોતાની પાસે રાખે નહિ અને બીજા પાસે રખાવે નહિ. ॥ ૫૧ ॥

ત્યાગી સાધુ ક્યારેય પણ કોઇ પદાર્થની ચોરી પોતે ન કરે, અને બીજા પાસે પણ ન કરાવે. ચોરની સંઘાથે નિવાસ ન કરે, ને ચોરને પોતાના આશ્રમમાં ન રાખે. ॥ ૫૨ ॥

પારકું પદાર્થ માગ્યા વિના લેવાના પાપથી ભય પામવાના સ્વભાવવાળા ત્યાગી સાધુએ, ફળ, પુષ્પ, અન્ન, તૃણ, કાષ્ટ, દાતણ, મૃત્તિકા અને પત્ર એ આદિક જે જે પદાર્થ ધણિયાતું હોય તે પદાર્થ માગ્યા વિના ગ્રહણ કરવું નહિ. ॥ ૫૩ ॥

ત્યાગી સાધુ પોતાને અર્થે ખેતર, વાડી આદિક કરે નહિ ને બીજા પાસે કરાવે પણ નહિ, પારકી થાપણનું ધન પણ કોઇ પ્રકારે પોતે રાખે રખાવે નહિ. ॥ ૫૪ ॥

અમે કહ્યા જે સર્વે નિયમ તેમાંથી જો કદાચિત્ કોઇક નિયમનો ભંગ થાય તો તે પાપનું નિવારણ ત્યાગી સાધુએ તત્કાળ કરવું. ॥ ૫૫ ॥

નાનું અથવા મોટું જે કોઇક પાપ પોતાથી જાણે અજાણે થઇ ગયું હોય તે પાપ ત્રણ અથવા ચાર મોટા ત્યાગી સાધુઓની આગળ કહેવું. ॥ ૫૬ ॥





પછી તે મોટા સાધુ દેશકાળ અનુસારે જેવી રીતે તે પાપનું પ્રાયશ્ચિત બતાવે તેવી રીતે ત્યાગી સાધુ સાવધાન થઇને તે પ્રાયશ્ચિત કરે. ॥ ૫૭ ॥

હવે પાપ નિવારણ કેવી રીતે કરવું તે કહીએ : ત્યાગી સાધુને જેટલાં વસ્ત્ર રાખવાનાં કહ્યાં તેથી અધિક વસ્ત્ર લઇને રાખે તો તે રાખનાર એક પાદકૃચ્છ્ર વ્રત કરે, ગૃહસ્થ પાસે નવું વસ્ત્ર માગે તો એક પાદકૃચ્છ્ર વ્રત કરે, સુવર્ણાદિક ધાતુના તારવાળું વસ્ત્ર રાખે, રાતા પીળા લીલા અને ચિત્ર વિચિત્ર વસ્ત્ર રાખે તથા બહુ મૂલ્યવાળું વસ્ત્ર રાખે તો તે પ્રત્યેક પાપનું એક એક પાદકૃચ્છ્ર વ્રત કરે. ॥ ૫૮ ॥

તે વસ્ત્રોને મૃત્તિકાયે રંગ્યા વિના ધોળા જ રાખે તો એક પાદકૃચ્છ્ર વ્રત કરે, જેટલા પદાર્થનો સંગ્રહ કરવાનું કહ્યું તેથી અધિક પદાર્થનો સંગ્રહ કરે તો એક પાદકૃચ્છ્ર વ્રત કરે. તે પાદકૃચ્છ્રવ્રતનું લક્ષણ કહિએ : એક દિવસે એકવાર ખાવું, બીજે દિવસે સૂર્ય અસ્ત થાય તે પહેલાં સાંજની વખતે ખાવું, ત્રીજે દિવસે માગ્યા વિનાનું એની મેળે મળે તો ખાવું. ચોથે દિવસે નકોરડો ઉપવાસ કરવો, એ પાદકૃચ્છ્ર



વ્રત કહેવાય ॥ ૫૯ ॥

ત્યાગી સાધુ પોતાનું અથવા પારકું સુવર્ણાદિક ધન જેટલા દિવસ પોતે રાખે તેટલા દિવસ ઉપવાસ કરે તથા જેટલા દિવસ બીજા પાસે રખાવે તેટલા દિવસ ઉપવાસ કરે ત્યારે તે તે પાપ થકી શુદ્ધ થાય. ॥ ૬૦ ॥

અને ત્યાગી સાધુ જે તે ઘોડો, ઘોડી, વેલ, માફો આદિક જે વાહન તે જેટલા દિવસ રાખે તેટલા દિવસ પોતે ઉપવાસ કરે તથા ગાય, ભેંસ આદિક પશુ જેટલા દિવસ રાખે તેટલા દિવસ ઉપવાસ કરે. ॥ ૬૧ ॥

ધણિયાતા ફળ પુષ્પાદિક પદાર્થ તેની ચોરી ત્યાગી સાધુએ કરી હોય તો તે ચોરી બીજા સાધુની આગળ જઇને કહીને તે સાધુને સાષ્ટાંગ નમસ્કાર કરી એક દિવસ ઉપવાસ કરવો. ॥ ૬૨ ॥

જે ત્યાગી સાધુ પોતાના નિયમ થકી ભ્રષ્ટ થયો હોય તેનું સર્વ પ્રકારે હિત કરવું, તેજ જેને પ્રયોજન છે એવા બીજા ત્યાગી સાધુઓએ પોતાની પંક્તિ થકી તે ત્યાગી સાધુને તત્કાળ બહાર કરવો. ॥ ૬૩ ॥

તે ત્યાગી સાધુ જ્યારે નિયમભંગનું પ્રાયશ્ચિત કરી





શુદ્ધ થાય ત્યારે ધર્મ-માર્ગમાં રહેલા ત્યાગી સાધુઓએ તેને સાધુના મંડળમાં લેવો, આ વાર્તા પાંચ પ્રકારના નિયમમાં જાણવી. ॥ ૬૪ ॥

નિર્લોભી સત્પુરૂષનો સમાગમ તથા ભગવાનની ભકિતથી યુકત થઇને આ સર્વે નિયમોનું પાલન કરીને ત્યાગી સાધુ, દુઃખે કરીને પણ ન જીતાય એવા આ લોભને યથાર્થ જીતી લે છે. ॥ ૬૫ ॥

હે મુનિશ્રેષ્ઠ ગોપાળાનંદ મુનિ ! લોભ જીતવાના આ ઉપાયો મેં તમને નિશ્ચયપણે કહ્યા અને તે પહેલાં લોભને વિષે રહેલા દોષો પણ કહ્યા, હવે કામને વિષે રહેલા દોષો તથા તે કામને જીતવાના ઉપાયો હું કહું છું તે સાંભળો. ॥ ૬૬ ॥

**એવી રીતે શ્રી અવતારી નારાયણના ચરિત્રરૂપ શ્રી સત્સંગીજીવન નામે ધર્મશાસ્ત્રને વિષે ચોથા પ્રકરણમાં ત્યાગી સાધુના ધર્મને વિષે લોભના દોષો તથા તે લોભને જીતવાના ઉપાયોનું નિરૂપણ કર્યું. એ નામે પ્રથમો અધ્યાય થયો. ॥ ૧ ॥**

# નિષ્કામી વર્તમાન

यथा जलानां सर्वेषां निधानं वारिधिर्मतः ।
तथैव सर्वदोषाणामाश्रयः काम उच्चते ॥ १ ॥

શ્રી નારાયણ મુનિ કહે છે-હે મુને ! જેમ સર્વે જળને રહ્યાનું સ્થાન સમુદ્ર માન્યો છે તેમ સર્વ દોષોનો આશ્રય કામ રહ્યો છે. ॥ ૧ ॥

જ્ઞાન શાસ્ત્રના જાણવાવાળા તથા બ્રહ્મસ્વરૂપને વિષે સ્થિતિવાળા પુરૂષો પણ જો કામવાસનાને આધીન થાય તો તેમને સ્ત્રી સંબંધિ સુખ બ્રહ્મના આનંદથી પણ અધિક મનાય છે. ॥ ૨ ॥

કેટલાક પંડિતો પણ કામે કરીને સ્ત્રી સંબંધી સુખ પામવાને અર્થે સ્ત્રીઓની સભામાં દંભે કરીને ભક્તિનો આડંબર કરે છે તથા જ્ઞાનની વાર્તા કરે છે. ॥ ૩ ॥

કેટલીક સ્ત્રીઓ પણ કામ થકી પુરૂષના સંગનું સુખ પામવાને અર્થે શ્રીકૃષ્ણ ભગવાન સંઘાથે અભેદે કરીને ભગવાનના ભક્તની સેવાને પ્રીતિએ કરીને કરે છે. ભગવાન અને ભગવાનના ભક્તમાં કાંઇ ભેદ નથી એમ જાણીને ભક્તની સેવા કરે છે, એવી દુષ્ટ સમજણ કરાવનારો કામ છે,





ભગવાન ક્યાં ? ભગવાનનો ભક્ત ક્યાં ? એ બેમાં તો અતિશય ભેદ છે. ભગવાન ચાહે તેમ કરે, ને ભક્ત તો ભગવાનના કહેલા ધર્મમાં રહે તો કલ્યાણ થાય. ॥ ૪ ॥

કામ થકી સ્ત્રી સંબંધિ સુખ પામવા અર્થે ગુરૂ પણ પોતાના શિષ્યને ઠગે છે, તે પ્રમાણે શિષ્ય પણ કામવાસનાથી સ્ત્રીનું સુખ પામવા માટે પોતાના ગુરૂને ઠગે છે. ॥ ૫ ॥

કામના પરવશપણાથી પોતાના ગોત્રની સ્ત્રીનો સંગ થાય છે, પોતાના ગુરૂની સ્ત્રીનો સંગ થાય છે, પોતાની મા, દીકરી, બહેન તથા ભાણેજ તેનો સંગ થાય છે. ॥ ૬ ॥

કામે કરીને પુરૂષને વિધવા સ્ત્રીનો પણ સંગ થાય છે. કુલવાન એવા બ્રાહ્મણાદિક ઉત્તમ જ્ઞાતિના પુરૂષને કામે કરીને યવની જે વેશ્યાદિક મુસલમાનની સ્ત્રી તેનો સંગ થાય છે. તથા શ્વપચી જે ચાંડાળની સ્ત્રી તેનો પણ સંગ થાય છે. ॥ ૭ ॥

કામે કરીને પુરૂષને પુરૂષ વિષે મૈથુન કરવાને અર્થે પ્રવૃત્તિ થાય છે. ક્યારેક ગર્દભી આદિક પશુની જાતિને વિષે મૈથુન કરવાને અર્થે પુરૂષ પ્રવર્તે છે. ॥ ૮ ॥





મોટો ત્યાગી કહેવાતો હોય તે પણ કામ થકી વાનરની પેઠે ધીરજ રહિત થઇને પોતાને હાથે કરીને શિશ્ન ઇન્દ્રિય થકી વીર્યનો પાત કરે છે. ॥ ૯ ॥

કામ થકી પૃથ્વીને વિષે અતિશય વર્ણસંકરપણું, વટલવું વટલાવવું તેની પ્રવૃત્તિ નિશ્ચય થાય છે. બ્રહ્મચારી, ગૃહસ્થ, વાનપ્રસ્થ અને સંન્યાસ એ ચાર આશ્રમ તથા બ્રાહ્મણ, ક્ષત્રિ, વૈશ્ય અને શૂદ્ર એ ચાર વર્ણના ધર્મનો નાશ પણ કામ થકી થાય છે.॥ ૧૦ ॥

કામ થકી સ્ત્રીઓ પોતાના પતિ, પિતા, ભાઇ આદિકને મારી નાખે છે અથવા મરાવી નાખે છે. તથા કોઇ પણ રીતે મારી નાખવાને યોગ્ય નહિ એવી સ્ત્રીઓને પણ કામસુખની અંતરાય કરતી હોય તો તેને પુરૂષ મારી નાખે છે. ॥ ૧૧ ॥

ઉત્તમ જાતિનાં મનુષ્યો પણ કોઈરીતે ખાવા યોગ્ય નહિ એવા માછલાં તથા બીજી રીતનું માંસ, એ આદિ અપવિત્ર વસ્તુ, તેનું કામવશ થઇ ભક્ષણ કરે છે. કામ થકી ઉત્તમ મનુષ્યોની સુરાપાનને વિષે તથા કેવળ અસત્ય બોલવાને વિષે પ્રવૃત્તિ થાય છે. ॥ ૧૨ ॥





ક્રોધ, મદ, મત્સર, માન, ઇર્ષ્યા, દર્પ, દંભ, નિર્લજપણું ને ચાડિયાપણું, એ જે દોષ કામને આશરીને વર્તે છે, અર્થાત્ કામમાં સર્વે દોષ રહ્યા છે. ॥ ૧૩ ॥

જગતમાં અપકીર્તિ, અવળી સમજણ, પૂર્વાપરની સ્મૃતિનો નાશ, રૂડી બુદ્ધિનો નાશ, અપમૃત્યુ અને મોટા રોગ, એ સર્વે કામને આશરીને જ રહ્યા છે. ॥ ૧૪ ॥

કામના થકી શ્વાન, ગર્દભ, શૂકર આદિક નીચ દેહની પ્રાપ્તિ તથા નાના પ્રકારનાં નરકનાં દુઃખોની પ્રાપ્તિ થાય છે. કામ થકી જીવની અતિશય ભુંડી બુદ્ધિ થાય છે તથા ચોર્યાસી લાખ જાતિને વિષે વારંવાર જન્મ મૃત્યુની પ્રાપ્તિ થાય છે. ॥ ૧૫ ॥

એ આદિક કામના અનેક પ્રકારના દોષો ઘણાજ છે. હવે કામ જિતવાના ઉપાયો કહીએ છીએ. તે ઉપાયો ધર્મ સર્ગને વિષે ઉત્પન્ન થાય છે માટે સદ્‌ગુણ રૂપ કહેવાય છે, તેણે કરીને અધર્મ સર્ગના દોષ યુક્ત જે કામ તે જીતાય છે. ॥ ૧૬ ॥

સ્ત્રીઓ તથા પુરૂષોને યૌવન અવસ્થાને વિષે અત્યંત પીડા કરનાર કામ નામે શત્રુ મહાબળવાન છે, તે માટે સારાં વ્રતો અને સારા વિચારોએ કરીને તેને જીતવો. ॥ ૧૭ ॥

દર વર્ષે ચોમાસામાં ધારણાપારણા નામે રૂડું વ્રત શાસ્ત્રમાં કહેલા વિધિ પ્રમાણે યુવાન ત્યાગી સાધુએ કરવું.॥ ૧૮॥

કામને મૂળમાંથી ઉખાડી નાંખે એવું ચાંદ્રાયણ વ્રત તથા પારાક નામે વ્રત દેશકાળ અનુસારે ચોમાસાના ચાર માસ સુધી યુવાન ત્યાગી સાધુ કરે. ॥ ૧૯ ॥

વળી કૃચ્છ્ર, અતિકૃચ્છ્રવ્રત, સાંતપનવ્રત, ઉદાલકવ્રત, યાવકવ્રત તથા સૌમ્યકૃચ્છ્ર નામે વ્રત યુવાન અવસ્થાવાળો ત્યાગી સાધુ કરે. ॥ ૨૦ ॥

હે મુને ! ફળકૃચ્છ્રવ્રત, પર્ણકૃચ્છ્રવ્રત, મૂળકૃચ્છ્રવ્રત, જળકૃચ્છ્રવ્રત તથા માસોપવાસવ્રત યુવાન અવસ્થા વાળો ત્યાગી સાધુ કરે. આ વ્રત કહ્યાં તે સર્વેનાં લક્ષણો તથા તે કરવાની રીત પોતાના ગુરૂ તથા મોટા સાધુ થકી જાણવી. ॥ ૨૧ ॥

કારણ કે મનને વિષે રહેલી કામની વાસનાઓ વ્રતે કરીને નાશ પામે છે. માટે કામનો અત્યંત વિનાશ થાય ત્યાં સુધી વર્ષો વર્ષ પોતાની શક્તિ પ્રમાણે તે વ્રત કરવા. ॥ ૨૨ ॥

તેમજ વસ્તુ-વિચારે કરીને અને મોટા પુરૂષના સમાગમે કરીને





ત્યાગી સાધુ નિશ્ચય દુઃખે કરીને જીતાય, એવા કામને જીતે છે. ॥ ૨૩ ॥

હવે તે વસ્તુ-વિચાર કહીએ છીએઃ પુરૂષ કામ ભોગની પ્રાપ્તિને અર્થે જે સ્ત્રીને ઇચ્છે છે તે સ્ત્રી માંસ, હાડકા,નાડિઓ, મજ્જા, લોહિ, લીંટ અને વિષ્ટા આદિક જે અતિ ભુંડી વસ્તુઓ તેની ભરેલી છે, એકેય વસ્તુ રૂડી નથી તેમાં જે પુરૂષ સુખ માને છે, તે મહામૂર્ખ છે. ॥ ૨૪ ॥

અતિશય અપવિત્ર વસ્તુની ભરેલી અને નાશવંત સ્ત્રી છે. તેને સારા જેવી અને સાચા જેવી માનીને કામે કરીને પરવશ થયેલો પુરૂષ જે જે પાપ કર્મ કરે છે, તે કર્મ નિશ્ચય સાચાં થાય છે. ॥ ૨૫ ॥

તે પુરૂષ-તે કર્મ કરીને નાના પ્રકારનાં નરકને પામે છે. તથા શ્વાન, ગર્દભ, વાનર, શૂકર એ આદિક જે યોનિયો તેને વારંવાર પામે છે. ॥ ૨૬ ॥

એવો વિચાર કરીને સ્ત્રીને વિષેની





આસકિતનો દૂરથી જ ત્યાગ કરીને મુમુક્ષુ એવા ત્યાગી સાધુઓએ અમે કહ્યા એવા જે આ નિયમો તેને વિષે નિરંતર વરતવું. ॥ ૨૭ ॥

સ્ત્રી સંબંધી રસશૃંગારના ગ્રંથોની કથા અને વ્યવહાર સંબંધી સ્ત્રીઓની વાર્તા જે અસત્પુરૂષ હોય તેને પ્રિય લાગે છે, માટે ત્યાગી સાધુઓએ તો સ્ત્રીઓની કથા વાર્તા ક્યારેય સાંભળવી નહિ અને પોતાને મુખે કરીને સ્ત્રીઓના ગુણ અને રૂપનું વર્ણન કરવું નહિ. ॥ ૨૮ ॥

ત્યાગી સાધુઓ સ્ત્રીઓ સાથે હાસ્ય વિનોદાદિક રમત કરે નહિ. સ્ત્રીઓને જાણી જોઇને જુએ નહિ. ક્યારેય પણ સ્ત્રી સાથે છાની રીતે બોલે નહિ અથવા સ્ત્રીના શરીર સંબંધી વાર્તા (કુશળતા-સમાચાર) પુરૂષ સંઘાથે સ્ત્રીને કહેવરાવે નહિ. ॥ ૨૯ ॥

સ્ત્રીની પ્રાપ્તિને માટે ત્યાગી સાધુ મનમાં સંકલ્પ તથા તેનો બુદ્ધિએ કરીને નિશ્ચય ન કરે તથા કાષ્ટાદિકની સ્ત્રીની પુતળીનો સ્પર્શ ન કરે. તો સાક્ષાત્ સ્ત્રીનો સ્પર્શ ન કરે તેમાં શું કહેવું ? ॥ ૩૦ ॥





બળતા અગ્નિમાં પડવું સારૂં, ઝેર ખાવું તે પણ સારૂં કુવામાં ભલે પડવું તે પણ સારૂં, સ્ત્રીનો સાક્ષાત્ સંગ કરવો તે લેશ પણ સારો નથી. અર્થાત્ એ ત્રણે થકી પણ સ્ત્રીનો સંગ કરવો, તે અતિશય ભૂંડો છે. ॥ ૩૧ ॥

સ્ત્રી જાતિ માત્રનું ગુહ્ય અંગ ત્યાગી સાધુએ કયારેય જોવું નહિ. સ્ત્રીને પહેરવાના વસ્ત્રોનો સ્પર્શ કરવો નહિ. સ્ત્રીએ ઉતારી મુકેલા વસ્ત્રનો પણ સ્પર્શ કરવો નહિ. ॥ ૩૨ ॥

સ્ત્રીનું ધોયેલું વસ્ત્ર લીલું હોય, ધોયેલું ને સુકાયેલું હોય, તથા નવું હોય તેને અડી જવાય તો દોષ નથી. એ વિના બીજું જે સ્ત્રીને પહેરવા ઓઢવાનું વસ્ત્ર તેને અડાય તો તેનો દોષ છે. ॥ ૩૩ ॥

ત્યાગી સાધુઓએ કયારેય પણ સ્ત્રીઓને સન્મુખ બેસવું નહિ, સ્ત્રીનું ચિત્ર દોરવું નહિ સ્ત્રીના ચિત્રને જોવું પણ નહિ. ॥ ૩૪॥

માર્ગમાં ચાલવું ત્યારે સ્ત્રી થકી પાંચ હાથને

છેટે ચાલવું. ભગવાનનાં જન્મ ઉત્સવને દિવસે (સમૈયાઓમાં) ઘણાક જનના સમૂહમાં ભેગા થયા હોય ત્યારે સ્ત્રી થકી એટલે છેટે ન ચલાય તેનો બાધ નહિ, ત્યારે તો સ્ત્રીના સ્પર્શ થકી પોતાના અંગની જ રક્ષા કરવી. ॥ ૩૫ ॥

તથા ભગવાનનું મંદિર હોય તથા માર્ગમાં કોઇ નાની બાળકી બેઠી હોય, સાંકડો માર્ગ હોય અને ભિક્ષા માગવા જાય; એ ચાર ઠેકાણે પણ સ્ત્રીના સ્પર્શ થકી પોતાના અંગની રક્ષા કરવી. પણ પાંચ હાથને છેટે ચાલવાનો નિયમ ન રહે, તેનો બાધ નહિ. ॥ ૩૬ ॥

જે ઠેકાણે સ્ત્રીઓની સ્નાનાદિક ક્રિયા થાતી હોય તે ઠેકાણે તે ક્રિયા ત્યાગી સાધુએ ન કરવી, સ્ત્રીના વેષને ધરી રહ્યો જે પુરૂષ તેને કયારે પણ જોવો નહિ, તેને અડવું પણ નહિ. ॥ ૩૭ ॥

ત્યાગી સાધુએ ક્યારેય પણ સ્ત્રીઓની સંઘાથે બોલવું નહિ. સ્ત્રીઓના ગુણનું વર્ણન કરવું નહિ. તેમજ સ્ત્રીઓના અવગુણનું પણ વર્ણન કરવું નહિ. ॥ ૩૮ ॥





સ્ત્રીને સંભળાવવા સારૂ ભગવાનના ગુણનું કીર્તન કરવું નહિ તથા સ્ત્રીના મુખ થકી ભગવાનની કથા વાર્તા પણ કયારેય સાંભળવી નહિ. ॥ ૩૯ ॥

જે શાલગ્રામની પૂજા કરનારી સ્ત્રીઓ જ હોય, તે શાલગ્રામનાં દર્શન કરવા સારૂ ત્યાગી સાધુએ કયારેય જાવું નહિ, કેમ જે સ્ત્રીએ પૂજેલા શાલગ્રામનાં દર્શન કરનારને મોટું પાપ થાય છે એમ નારદી પુરાણમાં કહ્યું છે. ॥ ૪૦ ॥

ભિક્ષા કરવા અથવા સભાનો પ્રસંગ હોય ને જાવું પડે એ બે પ્રસંગ વિના બીજા કોઇ કામ સારૂ ત્યાગી સાધુ ગૃહસ્થના ઘર પ્રત્યે જાય નહિ. કોઇ પણ કાર્ય સારૂ કોઇ ઠેકાણે એકલા તો કયારેય જવું નહિ. ॥ ૪૧ ॥

પોતાના પ્રાણ જાય એવું કષ્ટ આવી પડે તો પણ ત્યાગી સાધુએ પોતાના બ્રહ્મચર્યવ્રતનો ત્યાગ કરવો નહિ. પોતાના બ્રહ્મચર્યવ્રતનો ત્યાગ થાય એવું વચન તો પોતાના ગુરૂનું પણ ન માનવું. ॥





૪૨ ॥

પોતાને રહ્યાનું જે સ્થાન તેને વિષે સ્ત્રીને પેસવા દેવીજ નહિ. અન્નજળ આદિક પદાર્થ તે પુરૂષ પાસે મંગાવવું, પણ સ્ત્રી પાસે કયારેય મંગાવવું નહિ. સ્ત્રી પોતાની જાતે લઇને આવે તો પણ લેવું નહિ. ॥ ૪૩ ॥

અને પોતાને રહેવાની જગ્યાને વિષે વાળવું લીંપવું એ આદિક કાર્ય ત્યાગી સાધુ પોતાને હાથે કરે અથવા કોઇક પુરૂષ પાસે કરાવે, પણ સ્ત્રી પાસે તે કાર્યને ક્યારેય ન કરાવે. ॥ ૪૪ ॥

જે સ્થાનને વિષે પ્રથમ સ્ત્રીનો પગફેર થયો હોય, ત્યાં ત્યાગી સાધુને નિવાસ કરવો હોય તો તે સ્થાનને પુરૂષ પાસે લિંપાવીને ત્યાં નિવાસ કરવો અને લિંપાવાનું અનુકુળ ન હોય અથવા કોઇક આપત્કાળ આવી પડ્યો હોય તો તે સ્થાનને જળે કરીને છાંટીને ત્યાં નિવાસ કરવો. ॥ ૪૫ ॥

કેવળ સ્ત્રી સંબંધી સુખનેજ ઇચ્છતા તથા





સારૂં સારૂં ખાઇને કેવળ પેટ ભર્યાના સુખનેજ ઇચ્છતા, એવા જે અસત્પુરૂષ તેનો સંગ ત્યાગી સાધુએ કરવો નહિ. જેમ સ્ત્રીના સંગનો ત્યાગ કરવો તેમ કેવળ સ્ત્રીને પ્રત્યે કામી એવા પુરૂષના સંગનો પણ ત્યાગી સાધુઓએ છેટેથીજ ત્યાગ કરવો. ॥ ૪૬ ॥

આ લોકમાં સ્ત્રીઓના સંગથકી તથા સ્ત્રીને આધીન કામી પુરૂષનાં સંગથકી જેવી રીતે મુમુક્ષુ પુરૂ ષને અતિશય દઢપણે બંધન થાય છે, તેવી રીતે બીજા પદાર્થના પ્રસંગથકી નથી થાતું, માટે એ બેના પ્રસંગનો સર્વ પ્રકારે ત્યાગ કરવો. ॥ ૪૭ ॥

મુકત પુરૂષનાં તથા મુમુક્ષુ પુરૂષનાં જે સાધુપણાના રૂડા ગુણ રૂપ સમગ્ર ઐશ્વર્ય સામર્થ્ય, તે સ્ત્રીને આધીન કામી પુરૂષના સંગથકી તત્કાળ નાશ પામી જાય છે. ॥૪૮॥

તે રૂડા ગુણ કહિએ : બ્રહ્મચર્યવ્રત, અહિંસા, કોઇની ઈર્ષા ન કરવી, પવિત્રપણું, ક્ષમા, દયા,

સત્ય, મૌન, સારી કીર્તિ, બુદ્ધિ, લજ્જા, ચોરી ન કરવી, મન આદિક અંતઃકરણને નિયમમાં રાખવા, નેત્રાદિક ઇન્દ્રિયને નિયમમાં રાખવી, એ આદિક સદ્‌ગુણો કામી પુરૂ ષના સંગથકી નિશ્ચય નાશ પામે છે. તે માટે ત્યાગી સાધુઓએ કોઇ પ્રકારે સ્ત્રીઓનો તથા સ્ત્રીઓને આધીન કામી પુરૂ ષનો પ્રસંગ ન કરવો. ॥ ૪૯-૫૦ ॥

ભગવાનને વિષે ભકિત અને નિષ્કામી સાધુ પુરૂષનો સંગ એ બે સહિત અમે કહ્યા એવા જે આ સર્વે નિયમો, તેનું પાલન કરવાથી ત્યાગી સાધુ દુઃખે કરીને જીતાય એવા કામને જીતીને પરમ સુખ પામે છે. ॥ ૫૧ ॥

પૂર્વે યયાતિ, ઐલ, પુરૂરવા, એ આદિક મોટા પૃથ્વીપતિ રાજાઓ પણ કામનો ત્યાગ કરી પોતાને મનવાંછિત પરમ સુખને નિશ્ચય પામ્યા. ॥ ૫૨ ॥

અમે કહ્યા જે નિયમ તેમાંથી જે કોઇ નિયમનો કયારેક ભંગ થઇ જાય ત્યારે તેનું પ્રાયશ્ચિત





પોતાનું હિત ઇચ્છનાર ત્યાગી સાધુએ તત્કાળ કરવું. ॥ ૫૩ ॥

જેનું પ્રાયશ્ચિત કરવામાં એક ઉપવાસ કરવો પડે એવા જે નિયમના ભંગ તે દેખાડિએ છીએઃ અજાણ્યમાં સ્ત્રી સંબંધી વાર્તા સાંભળી જવાય તથા કહેવાય જાય, અને સ્ત્રીઓ પરસ્પર ક્રીડા કરતી હોય તે ઠેકાણે ક્ષણ માત્ર ઊભું રહી જવાય તો પૃથક્ પૃથક્ એક એક ઉપવાસ કરવો. ॥ ૫૪ ॥

અજાણ્યમાં સ્ત્રીની દૃષ્ટિ સાથે પોતાની દૃષ્ટિ બાંધીને અર્થાત્ ચાર આંખો ભેળી થાય તેમ સ્ત્રી જોવાય તથા અજાણ્યમાં પુરૂષના ઉદ્દેશથી સ્ત્રીને જ્ઞાનવાર્તાનો બોધ કરાય જવાય તો પૃથક્ પૃથક્ એક એક ઉપવાસ કરવો. ॥ ૫૫ ॥

અજાણમાં પુરૂષ દ્વારા છાની વાર્તા સ્ત્રી પ્રત્યે કહેવરાવે તથા કયારેક કામના પરવશ પણાથકી મને કરીને સ્ત્રીના સંકલ્પ કરાય જવાય,તો પૃથક્ પૃથક્ એક એક ઉપવાસ કરવો. ॥ ૫૬ ॥

કયારેક સ્ત્રીસંગના સંકલ્પનું પોતાને





વશપણું થઇ જાય અર્થાત્ તે સંકલ્પ તત્કાળ ટાળી ન શકાય તથા સ્ત્રીના અંગ ઉપરના વસ્ત્રનો સ્પર્શ જો અજાણમાં થઇ જાય તથા ધોવાયેલું ભીનું અથવા સુકું અને નવું, એ ત્રણ સિવાયનું જે સ્ત્રીને પહેર્યા ઓઢ્યાનું વસ્ત્ર તેનો જો અજાણમાં સ્પર્શ થઇ જાય, તો પૃથક્ પૃથક્ એક એક ઉપવાસ કરવો. ॥ ૫૭ ॥

કોઇ આપત્કાળ ન હોય અને પહોળો માર્ગ હોય તો પણ સ્ત્રી થકી પાંચ હાથને છેટે ન ચલાય અને તેથી થોડે છેટે અજાણમાં ચલાય જવાય તથા સ્ત્રી સાથે અજાણમાં બોલાઇ જવાય તથા અજાણમાં સ્ત્રીનું ગુહ્ય અંગ દેખાય જવાય તો પૃથક્ પૃથક્ એક એક ઉપવાસ કરવો. ॥ ૫૮ ॥

એવી રીતે ક્યારેક અસાવધપણાથકી નિયમમાં ફેર પડી જાય તો ભગવાનના નામ જપે યુકત એક એક ઉપવાસ ત્યાગી સાધુએ કરવો. ॥ ૫૯ ॥

પશુ-પક્ષી આદિકનું મૈથુન જો કયારેક જાણીને જોવાય જાય તો ત્યાગી સાધુએ એક ઉપવાસ





કરવો. ॥ ૬૦ ॥

હવે જે ઠેકાણે સ્ત્રી સંબંધી વચનને પુરૂષ થકી સાંભળવું પડે તે કહિએ છીએ : ત્યાગીની દીક્ષા લેવા સારૂઆવેલા પુરૂષનાં સંબંધિજનોને પૂછવું તથા કોઇક બાઇ માણસ સાધુને જમવા માટે રસોઇ દેવાનું કહેવરાવે તેની આજીવિકાની રીત પુછવી તથા કોઇક બાઇ માણસ પુસ્તક લખાવવા માટે મોકલે, તેની કાંઇક વાત પુછવી; ॥ ૬૧ ॥

ભગવાનના મંદિરો પ્રત્યે દર્શન કરવા માટે આવેલી સ્ત્રીઓને ઘટે તેવે ઠેકાણે ઉતારો અપાવવો, તે માટે સ્ત્રી સંબંધી વાત પુછવી, આવું ક્યારેક કોઇક અવશ્ય કાર્ય આવી પડે ત્યારે જો પુરૂષ આવીને કહે, તો તે સંબંધી વચન મંડળના મુખ્ય સાધુએ સાંભળવું, પણ તે મંડળના બીજા ત્યાગી સાધુએ ન સાંભળવું. ॥ ૬૨-૬૩ ॥

મુખ્ય સિવાય બીજો ત્યાગી સાધુ જો તે વચન સાંભળે અથવા તેનો ઉત્તર કરે, તો તે તત્કાળ સ્નાન કરીને ત્રણ વાર અષ્ટાક્ષર મંત્રનો જપ કરે. ॥ ૬૪ ॥

તે પછી તે ત્યાગી સાધુ શ્રી નારાયણદેવ જે

દિશામાં રહ્યા છે, તે ઉત્તર દિશામાં સાષ્ટાંગ નમસ્કાર કરે, એ રીતે ત્યાગી સાધુ નિશ્ચય વિશુદ્ધ થાય, અર્થાત્ એ દોષ થકી નિવૃત્ત થાય. ॥ ૬૫ ॥

તે મુખ્ય સાધુએ પણ સ્ત્રી સંબંધિ વચનનો ઉત્તર એક બે બીજા પુરૂષની સાથે રહીને કરવો; અર્થાત્ તે સ્ત્રી સંબંધી વચન કહેનાર પુરૂષની સાથે બીજા એક બે પુરૂષ હોય ત્યારે કરવો પણ તે વિના ન કરવો. તે વચન પણ બીજા એક બે પુરૂષની સાખ્યે સાંભળવું અને બીજા પુરૂષની સાખ્ય વિના જો તે વચન સાંભળે અથવા તેનો ઉત્તર કરે, તો તે મુખ્ય સાધુએ પણ બીજા ત્યાગી સાધુને કહ્યું તે પ્રાયશ્ચિત કરવું. ॥ ૬૬ ॥

તે મુખ્ય ત્યાગી સાધુ સ્ત્રી સંબંધી વચનનો ઉત્તર કરતાં અવશ્ય બોલવાનું હોય તેથી અધિક વચન, વાર્તાના પ્રસંગે કરીને બોલે તો સ્નાન કરીને હરિનું સ્મરણ કરે અને એક ઉપવાસ કરે ત્યારે શુદ્ધ થાય. ॥ ૬૭॥

ત્યાગી સાધુ કામને પરવશ થકો પોતાના હાથને ચાળે કરીને જો વીર્યપાત કરે તો તે ત્યાગી સાધુ ચાર દિવસ સુધી લાગટ ઉપવાસ કરે ત્યારે શુદ્ધ થાય. ॥ ૬૮ ॥

જો સ્વપ્નને વિષે સ્ત્રીના દર્શને કરીને





કામના પરવશ-પણાથકી વીર્યપાત થઇ જાય તો પ્રાતઃકાળે સ્નાન કરીને એક દિવસ ઉપવાસ કરવો. ॥ ૬૯ ॥

ભિક્ષા માંગવા જાવું, માર્ગે ચાલવું, સ્નાન કરવા જવું તથા જળ ભરવા જવું, એ આદિક ક્રિયા કરવાને અર્થે ભેગા થઇને ગયેલા બે ત્યાગી સાધુ, જો તે ક્રિયા કરતાં નોખા પડી ગયા તથા એક બીજાને દેખે નહિ; તો તે બેયને પણ એક એક ઉપવાસ કરવો, દિશા ફરવા જાવું તથા લઘુશંકા કરવા જાવું, તેમાં એક બીજાને ન દેખે તેનો ઉપવાસ નહિ, ને કોઇ રોગાદિક આપત્કાળ આવી પડે તેમાં જો એક બીજાને ન દેખે તો તેનો પણ ઉપવાસ નહિ. ॥ ૭૦-૭૧ ॥

એકાંત સ્થળને વિષે એકલા ત્યાગી સાધુથી એકલી સ્ત્રી ભેળે થોડીકવાર ઊભું રહી જવાય,તો તેણે ત્રણ દિવસ સુધી લાગટ ઉપવાસ કરવા. માર્ગને વિષે એકલી સ્ત્રી ભેળે એકલા ત્યાગી સાધુથી થોડીકવાર ચલાય જવાય તો પણ તેણે ત્રણ દિવસ સુધી લાગટ ઉપવાસ કરવા. ॥ ૭૨ ॥

જો કામને પરવશપણાથકી ત્યાગી સાધુને આઠમા બ્રહ્મચર્યવ્રતનો ભંગ થઇ જાય અર્થાત્



સાક્ષાત્ સ્ત્રીનો અંગસંગ થઇ જાય, તો તેનું પ્રાયશ્ચિત કહીએ છીએ. ॥ ૭૩ ॥

આઠમાં બ્રહ્મચર્ય વ્રતના ભંગનું શાસ્ત્રમાં તો મોટું પ્રાયશ્ચિત કહ્યું છે, તે આ કળિયુગમાં કરવાને સમર્થ થવાય એવું નથી, તે માટે એક વર્ષનું વ્રત કરવું. ॥ ૭૪ ॥

હવે વર્ષનું વ્રત કેવી રીતે કરવું તે કહીએ છીએ : એક દિવસ ઉપવાસ કરવો અને બીજે દિવસે મીઠા વિનાનો સાથવો એક વારજ પીવો તે દિવસે પીવો,પણ રાત્રિએ ન પીવો. પીતી વખતે મૌન વ્રત રાખવું પણ બોલવું નહિ,તેમ એક વર્ષ સુધી કરવું. ॥ ૭૫ ॥

સાથવો પીવાને અસમર્થ એવો ત્યાગી સાધુ મીઠાવાળું રાંધેલું એક અન્ન ખાય. એક અન્ન ખાવાને અસમર્થ એવો ત્યાગી સાધુ મીઠાવાળાં રાંધેલાં બે અન્ન ખાય.એક તથા બે અન્ન ખાવાનું કહ્યું તે પ્રથમને દિવસે ઉપવાસ કરીને બીજે દિવસે ખાવું. ॥ ૭૬ ॥

એ વ્રત કરતાં કોઇક રોગે કરીને ઉપદ્રવ થાય અથવા ક્યારેક તેને કોઇક બીજા પ્રકારની આપદા થાય તો તે ત્યાગી સાધુ ઉપવાસ રહિત એવું વ્રત કરે, અર્થાત્ જ્યાં સુધી એ ઉપદ્રવ હોય ત્યાં સુધી એકાંતરા ઉપવાસ ન કરવા. ॥૭૭॥





તે રોગ તથા આપદા નાશ પામે ત્યારે એક હજાર અષ્ટાક્ષર મંત્રનો જપ કરીને અર્થાત્ અષ્ટાક્ષર મંત્રની દશ માળા ફેરવીને પછી તે ત્યાગી સાધુ પ્રથમ પોતાનું વ્રત કરતો હતો તેમ કરે, અર્થાત્ તે એક વર્ષના વ્રતમાં બાકી રહેલા દિવસ પૂરા કરે. ॥ ૭૮ ॥

એક વર્ષનું વ્રત કરવાને અશક્ત એવો ત્યાગી સાધુ નવ મહિના સુધી એ વ્રત કરે, નવ મહિના સુધી કરવાને અસમર્થ હોય તે છ મહિના સુધી એ વ્રત કરે અને અતિશય અસમર્થ હોય તો ત્રણ મહિના સુધી એ વ્રત કરીને પવિત્ર થાય. ॥ ૭૯ ॥

એક દિવસ ન ખાવું અને બીજે દિવસ ખાવું એવું વ્રત તે વ્રતના અંગરૂપ અહિંસા બ્રહ્મચર્યાદિક નિયમે સહિત કરવું- અર્થાત્ વ્રત કરવું ત્યારે એ નિયમ પાળવા, એ વ્રત અતિ પવિત્ર છે અને મન તથા દેહને અતિ શુદ્ધ કરનારૂં છે. ॥ ૮૦ ॥

એવી રીતે તે વ્રત કરવાને અસમર્થ ત્યાગી સાધુ, બદરીનાથજીની જાત્રા કરી આવે તો તેથી પણ નિશ્ચય શુદ્ધ થાય છે. ॥ ૮૧ ॥

યાત્રા કરવાને અસમર્થ ત્યાગી સાધુ સાવધાન થકો એક મહિના સુધી ચાંદ્રાયણ વ્રત કરે. તે ચાંદ્રાયણ વ્રત સર્વ

પાપને નાશ કરનારૂં છે. ॥ ૮૨ ॥

સાક્ષાત્ સ્ત્રીના અંગસંગરૂપ પાપ તેને કોઈ મનુષ્યે ન જાણ્યું હોય તો એ ત્યાગી સાધુ એક વર્ષ સુધી દિવસ દિવસ પ્રત્યે 'નારાયણ' એવી રીતે જે ચાર અક્ષરનો મંત્ર, તે પચાસ હજાર જપે અર્થાત્ નિત્ય એ મંત્રની પાંચસો માળા ફેરવે. ॥ ૮૩ ॥

પોતાની શકિત પ્રમાણે નિત્યે પ્રાતઃકાળ મધ્યાહ્ન ને સાયંકાળ એ ત્રણ સમયે કરીને પચાસ હજાર મંત્ર જપવા અને જપ કરતાં મૌનવ્રત અને દઢ આસન રાખીને, એક સ્થળને વિષે બેસીને ભકિતએ કરીને જપ કરવો, એવી રીતે એક વર્ષ સુધી નિત્યે એ મંત્રનો જપ કરે તો તે ત્યાગી સાધુ શુદ્ધિને પામે.॥ ૮૪ ॥

એવી રીતે બહુ પ્રકારના ભેદે કરીને વ્રત કરવાનું કહ્યું, તે કરીને વિશુદ્ધ થયો એવો જે ત્યાગી સાધુ તેને બીજા ત્યાગી સાધુઓએ મંડળમાં લેવો; તે પછી તેનો એ દોષ ક્યારેય પણ તે ત્યાગી સાધુઓએ કહેવો નહિ. ॥ ૮૫ ॥

પુરૂષને વિષે મૈથુન કરવાને અર્થે પ્રવર્તે અથવા પશુ જાતિને વિષે મૈથુન કરવાને અર્થે પ્રવર્તે, તો તે ત્યાગી સાધુએ





પોતાની શુદ્ધિને અર્થે તપ્તકૃચ્છ્રવ્રત કરવું તે તપ્તકૃચ્છ્ર વ્રતનું લક્ષણ એ છે, જે ત્રણ દિવસ સુધી ત્રણ ત્રણ પળી ઊનું જળ પીવું તથા ત્રણ દિવસ સુધી બે બે પળી ઊનું દૂધ પીવું તથા ત્રણદિવસ સુધી એક એક પળી ઊનું ઘી પીવું તથા ત્રણ દિવસ સુધી ઊનો વાયુ પીવો; એવી રીતે બાર દિવસનું વ્રત કહ્યું છે. ॥ ૮૬ ॥

અને જે ત્યાગી સાધુ પાપકર્મ કરીને તેનું પ્રાયશ્ચિત ન કરે, તેને ચાંડાલની પેઠે તત્કાળ ત્યાગી સાધુના મંડળથકી નિશ્ચય કાઢી મૂકવો, પણ તેની મોહબત ન રાખવી અને તેનો લોભ પણ ન રાખવો. ॥ ૮૭ ॥

હે મુને ! એવી રીતે કામના દોષ અને તેને જીતવાના સાધનરૂપ ગુણ અર્થાત્ નિયમરૂપ ઉપાય કહ્યા; હવે રસના જે દોષ તથા તે રસને જીતવાના ઉપાયરૂપ ગુણ તે કહિએ છીએ, તેને તમે સાંભળો. ॥ ૮૮ ॥

**એવી રીતે શ્રી અવતારી નારાયણનાં ચરિત્રરૂપ શ્રીસત્સંગીજીવન નામે ધર્મશાસ્ત્રને વિષે ચોથા પ્રકરણમાં ત્યાગી**





**સાધુના ધર્મને વિષે કામના દોષ તથા તે કામને જીતવાના ઉપાયોનું નિરૂપણ કર્યું એ નામે બીજો અધ્યાય થયો. ॥ ૨ ॥**

# નિઃસ્વાદી વર્તમાન

સર્વેષામિન્દ્રિયાણાં હિ ક્ષોભહેતૂ રસો મતઃ ।
તન્મૂલાઃ સકલા દોષાઃ પ્રવર્તન્તેડઘહેતવઃ ॥ ૧ ॥

શ્રીનારાયણ મુનિ કહે છે :- હે મુને ! સર્વ ઈન્દ્રિઓને ક્ષોભ પમાડનારૂં કારણ રસ માન્યો છે તથા પાપને ઉપજવાના કારણરૂપ સર્વ દોષો રસમાંથી જ પ્રવર્તે છે. ॥ ૧ ॥

અંગે સહિત કામ રસથકીજ તત્કાલ ઉપજે છે, એમ લોકને વિષે પ્રસિદ્ધ દેખાય છે. ક્ષુધાએ કરીને દુબળો થયો હોય તેમાં કામ દેખાતો નથી પણ જે રસે કરીને પુષ્ટ થયો હોય તેને વિષે જ તે દેખાય છે. ॥ ૨ ॥

ધર્મિષ્ઠ એવા મોટા રાજાઓને પણ રસથકી માંસ ભક્ષણને વિષે આસકિત થયેલી છે. ધર્મિષ્ઠ એવા બ્રાહ્મણોને પણ ક્યારેક રસાસ્વાદથકી માંસ ભક્ષણને વિષે આસકિત થયેલી છે. ॥ ૩ ॥

''સર્વ વેદો હિંસામય યજ્ઞોનું પ્રતિપાદન કરે છે'' એવી





રીતનું યજ્ઞ કરનાર દેવતા તથા રાજા તથા બ્રાહ્મણાદિકોનું અતિ ભૂંડુ, દુષ્ટ વચન રસાસ્વાદથકી પ્રવર્તે છે. યજ્ઞનું શેષ (બાકી રહેલું) માંસ ખાવા સારૂં તેઓ વેદને હિંસામય યજ્ઞ પર કહે છે. પણ વેદ કાંઇ હિંસાયજ્ઞ પર નથી. ॥ ૪ ॥

જીવની હિંસાએ રહિત યજ્ઞ કરવો તથા તપ કરવું, એ બે રૂપ પોતાના સનાતનધર્મ થકી બ્રાહ્મણનું જે ભ્રષ્ટપણું થયું, તે રસાસકિતથી થયું છે; શિલોંચ્છાદિક વૃત્તિથકી પણ બ્રાહ્મણોનું પતન, તે પણ રસ થકી જ થયું છે. ॥ ૫ ॥

હાલના સમયે પૃથ્વીમાં બ્રાહ્મણાદિક ઉચ્ચવર્ણ તથા બ્રહ્મચર્યાદિક શુદ્ધ આશ્રમવાળાઓને દેવી અને ભૈરવાદિક દેવતાને નૈવેદ્ય ધરવાને મિષે કરીને રસથકી મદ્ય-માંસના ભક્ષણને વિષે પ્રવૃત્તિ થઇ છે. ॥ ૬ ॥

ચાર વર્ણ તથા ચાર આશ્રમમાં રહેલા મનુષ્યોને, વેદે કહ્યા જે ધર્મ તેને વિષે જે સંકરપણું અર્થાત્ વટાળપણું પ્રવર્ત્યું છે, તે રસાસકિતથી પ્રવર્ત્યું છે. ॥ ૭ ॥

ઉત્તમ જાતિનાં મનુષ્યો રાક્ષસોની જેમ પશુપક્ષી આદિક જીવની હિંસા રસાસક્તિથીજ કરે છે, તથા ઉત્તમ જાતિનાં મનુષ્યો એ પણ રસાસક્તિથી ચોરી કરવાને વિષે પ્રવર્તે છે. ॥ ૮ ॥

અને પંક્તિ ભેદના દોષને જાણનાર વિદ્વાનો પણ રસાસક્તિથી પંક્તિભેદ કરે છે. પોતાના મનુષ્યોને ન આપી ને સ્વાદુ પદાર્થનું એકલાએ ભક્ષણ કરવું તેને વિષે રસ થકી મનુષ્યને રૂચિ થાય છે અર્થાત્ સ્વાદુ ચીજ પોતે એકલોજ ખાય છે. ॥ ૯ ॥

ઉત્તમ જાતિના મનુષ્યને પણ ન પીવા યોગ્ય વસ્તુ પીવાને વિષે, ન ખાવાની વસ્તુ ખાવાને વિષે તથા જે ખાધે-પીધે કેફ ચઢે અને ધર્મ અધર્મની ખબર ન રહે, એવી વસ્તુ ખાવા પીવાને વિષે રસાસક્તિથી પ્રવૃત્તિ થાય છે. ॥ ૧૦ ॥

જન્મ મરણરૂપ સંસારને છેદી નાખનારાં ભગવાનનાં કીર્તન, સત્શાસ્ત્રની કથા તથા ભગવાનની પ્રતિમાની પૂજા આજીવિકાને માટે કરાય છે, તે રસથકી થાય છે; અર્થાત્





રસાસ્વાદને વશ થઇને વિદ્વાનો પોતાના દેહ કુટુંબની આજીવિકાને અર્થે કીર્તન, કથા તથા પૂજા કરે છે. ॥ ૧૧ ॥

રસથકી પોતાના શત્રુને આધીન થઇ જવાય છે. પછી તે થકી મૃત્યુ પણ થાય છે રસાસ્વાદથી અતિશય આહાર કરાય છે જેથી મૃત્યુ થાય છે, વળી રસથકી નાના પ્રકારના રોગ થાય છે. ॥ ૧૨ ॥

મનુષ્યને પાપ થવાનું કારણ એવા ક્રોધ, લોભ, મદ, ઈર્ષ્યા એ આદિ અનેક મહાન દોષો રસ થકીજ થાય છે.॥ ૧૩ ॥

એવી રીતે રસને આશરીને રહેલા સર્વ દોષો અમે તમને કહ્યા હવે ત્યાગી સાધુઓનું હિત કરનારા એવા રસને જીતવાના ઉપાયો કહીએ છીએ. ॥ ૧૪ ॥

ત્યાગી સાધુ તેમણે ક્યારેય પણ રૂડા સ્વાદુ ભોજનને વિષે આસક્તિ ન કરવી; કારણ કે યોગે કરીને સિદ્ધ થયેલા મોટા ત્યાગી સાધુઓ પણ જો રૂડા ભોજનને વિષે આસક્તિ કરે તો તે





પણ શ્વાન અને બિડાલ જેવાં કહેવાય છે. ॥ ૧૫ ॥

રૂડા રૂડા રસેયુક્ત ભોજનને વિષે આસક્તિયે રહિત અને પોતાના જીવાત્માને દેહ ઇન્દ્રિયો થકી જુદો જાણનાર ભગવાનનો ભક્ત ત્યાગી સાધુ પોતાના દેહનિર્વાહને અર્થે ભિક્ષાવૃત્તિને આશરે. ॥ ૧૬ ॥

ભિક્ષાવૃત્તિ કેવી રીતે કરે તે કહિયે : પવિત્ર ગૃહસ્થોને ઘેર નિત્ય જઇ, જેમ ભમરો દરેક કમળમાંથી થોડો થોડો રસ લે છે પણ તે કમળને ભાંગી તોડી નાખતો નથી, તેમ ત્યાગી સાધુ પણ ગૃહસ્થને પીડા ન થાય તેવી રીતે થોડું થોડું અન્ન માગી લે. ॥ ૧૭ ॥

ભિક્ષાવૃત્તિ આચરનારા ત્યાગી સાધુઓએ બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર એ ચાર વર્ણના ગૃહસ્થો પાસે પવિત્ર કાચું અન્ન માગી લેવું, કોઇ આપત્કાળ પડ્યો ન હોય ત્યાં સુધી એ ચાર વર્ણથી ઉતરતા વર્ણના ગૃહસ્થોને પાસે કાચું અન્ન ન માંગવું, આપત્કાળે મંગાય તેનો દોષ નહિ. ॥ ૧૮ ॥





જે ગૃહસ્થના ઘર થકી સારૂં સારૂં અન્ન ઝાઝું મળતું હોય, તેજ ગૃહસ્થને ઘેર રસને લોભે કરીને નિત્યે માગવા ન જવું. ॥ ૧૯ ॥

ભિક્ષા માગવા જવું ત્યારે ત્યાગી સાધુએ ગૃહસ્થના આંગણામાં ઊભા રહી ''નારાયણ હરે સચ્ચિદાનંદ પ્રભો'' એ રીતે ઉંચે સ્વરે કરીને બોલવું. ॥ ૨૦ ॥

ભિક્ષા કરીને મેળવેલા લોટ, ચોખા, દાળ આદિક અન્ન અથવા ફળાદિકની પવિત્ર થઇને રસોઇ કરવી અને તે રસોઇ ભગવાનને નિવેદન કરવી. ॥ ૨૧ ॥

તુલસીએ યુક્ત નૈવેદ્યનું અન્ન, જમવા સમયે ભગવાનનું ચરણામૃત અથવા ભગવાનની પ્રસાદિના જળે કરીને મેળાવીને, ત્યાગી સાધુએ જમવું. ॥ ૨૨ ॥

ભોજન કરવાને સમયે કોઇક ભિક્ષુક આવી અન્ન માગે તો તેને પોતાપણાની બુદ્ધિથી પ્રસન્ન મને અન્ન આપવું, પણ તેને પરાયો માની આકળા થઇને

કચવાઇ જવું નહિ. ॥ ૨૩ ॥

હવે ત્યાગી સાધુને ગૃહસ્થને ઘેર જમવા ગયાની રીતિ કહિએ :- પોતાના ધર્મને વિષે નિષ્ઠાવાળો લોકની નિંદા, પાપકર્મ તથા સૂતક આદિકથી રહિત; અને ભગવાનનો ભકત ગૃહસ્થ બ્રાહ્મણ પોતાને ઘેર ત્યાગી સાધુને જમવા નોતરૂં દે તો તેને ઘેર જમવા જવું અને તેને ત્યાં ભગવાનનું નૈવેદ્ય અન્ન ભગવાનનું ચરણામૃત અથવા પ્રસાદિનું જળ મેળાવીને જમવું. ॥ ૨૪-૨૫ ॥

કદાચિત તે ગૃહસ્થ બ્રાહ્મણને ઘેર ભગવાનની પ્રતિમા ન હોય તો પોતાને પૂજવાની મૂર્તિ ત્યાં લઇ જઇને નૈવેદ્ય કરવું. ॥ ૨૬ ॥

તે ગૃહસ્થ બ્રાહ્મણને ઘેર ભગવાનની મૂર્તિ હોય અને તેનું ઘર છેટે હોય તો તેની પાસે કાચુ અન્ન એક જણ જમે તેટલું-બશેરને આશરે, પોતાને ઉતારે મંગાવી પોતે તેની રસોઇ કરી ભગવાનને નૈવેદ્ય કરવું. ॥ ૨૭ ॥





ત્યાગી સાધુનું મંડળ તે પછી ગૃહસ્થ બ્રાહ્મણને ઘેર જમવા જાય; પોતાને પૂજવાની મૂર્તિને નૈવેદ્ય કર્યા વિના જમવા જાય તો ભગવાનની સેવારૂપ ધર્મ દોષ-યુકત થાય. ॥ ૨૮ ॥

ભગવાનનો ભકત ગૃહસ્થ બ્રાહ્મણ રસોઇ કરવાને અસમર્થ હોય, ને ત્યાગી સાધુને જમવાનું નોતરૂં દે અથવા જેનું રાંધેલ અન્ન ખપતું ન હોય એવા ક્ષત્રિય, વૈશ્ય ને સત્‌શૂદ્ર જો ત્યાગી સાધુને જમવાનું નોતરૂં દે તો તેની પાસે કાચા અન્નનું સીધું પોતાને જોઇએ તેટલું પોતાને ઉતારે મંગાવીને રસોઇ કરવી, અથવા તેને ઘેર એકાંત જગા હોય તો ત્યાં જઇને ત્યાગી સાધુ રસોઇ કરે, અથવા ભગવાનના ભકત બ્રાહ્મણ પાસે રસોઇ કરાવે. ॥ ૨૯-૩૦ ॥

ગૃહસ્થને ઘરે રસોઇ કરવા જવું હોય તો ત્યાગી સાધુએ પાંચથી ઓછા કયારેય ન જવું અને ગૃહસ્થને ઘેર જમવા જવું તો પણ પાંચથી ઓછાએ





કયારેય ન જવું ; અમે આ મર્યાદા બાંધી છે, તે પ્રમાણે વર્તવું. ॥ ૩૧ ॥

ગૃહસ્થના ઘરની સંપત્તિ જોઇને ત્યાગી સાધુએ તેનું નોતરૂં માનીને તેના ઘેર જમવા જાવું અથવા સીધું લેવું ; થોડા ધનવાળા ગૃહસ્થને કલેશ થાય તેમ કયારેય ન કરવું. ॥ ૩૨ ॥

ગૃહસ્થને દેશકાળાનુસારે પોતાને ઘેર ચોખા ઘઉં આદિક ભારે અન્ન જમતો હોય, કોઇક કોદરા, બાવટો, બંટિ આદિક જેવું તેવું અન્ન જમતો હોય. ॥ ૩૩ ॥

તે ગૃહસ્થને ઘરે જમવા જવું અથવા પોતાના ઉતારે તેનું સીધું લેવું ત્યારે જેવું અન્ન તે નિત્ય જમતો હોય તેવું અન્ન ત્યાગી સાધુએ લેવું. પણ તેથી ભારે અન્ન ન લેવું, રોગાદિક આપત્કાળમાં તથા વૃદ્ધ અવસ્થામાં પોતાને સદે તેવું અન્ન ગૃહસ્થ પાસેથી માગી લે તેનો દોષ નથી. ॥૩૪॥

અમાવાસ્યા, દ્વાદશી, ને પુનમ આદિક પર્વો તથા અન્નકુટાદિક ઉત્સવોને દિવસે ગૃહસ્થ નિત્ય કરતાં





કાંઇક વિશેષ સારૂં ખાતો હોય, અને તે દિવસે તેવું સારૂં અન્ન ત્યાગી સાધુને આપે તો તે લેવું. ॥ ૩૫ ॥

જે ગૃહસ્થના ઘેર પીરસનારો પુરૂષ હોય, તેને ઘેર સાધુએ જમવા જવું ; પણ જ્યાં પિરસનાર સ્ત્રી હોય ત્યાં કયારેય ન જવું. ॥ ૩૬ ॥

બ્રહ્મચર્ય વ્રતને આચરનાર ત્યાગી સાધુ ભગવાનની પ્રસાદિ વિનાનું ચંદન તથા પુષ્પની માળા ધારણ કરે નહિ, ભગવાનની પ્રસાદિનું હોય તે ધારણ કરે. ॥ ૩૭ ॥

સુગંધિમાન તેલ, ફુલેલ અત્તર તથા નાગરવેલના પાનની બીડી, સોપારી, એલચી, જાયફળ, જાવંત્રી, લવિંગ આદિક વસ્તુ તો ભગવાનની પ્રસાદિ હોય તો પણ ત્યાગી સાધુ અંગીકાર ન કરે, રોગાદિક આપત્કાળ પડ્યો હોય ને લેવાય તેનો બાધ નહિ. ॥ ૩૮ ॥

હે મુને ! યોગી એવા ત્યાગી સાધુએ એકાદશી આદિક વ્રતના દિવસોને વિષે અન્ન અથવા ફળાદિક જે પોતાને પ્રાપ્ત થાય તેનું ભગવાનને

નૈવેદ્ય ધરવું. ॥ ૩૯ ॥

અને પોતે તો વ્રતનો નકોરડો ઉપવાસ કરવો; પણ માહાત્મ્ય જાણીને તે નૈવેદ્યનું અન્ન ખાવું નહિ; પ્રાયશ્ચિતનો ઉપવાસ કરવો હોય ત્યારે પણ ભગવાનને રાંધેલા અન્નનું નૈવેદ્ય ધરવું ને પોતે નકોરડો ઉપવાસ કરવો અને જળ સિવાય બીજું કાંઇ ન ખાવું. ॥ ૪૦ ॥

ઉત્સવ ઉપર અથવા કોઇક ગૃહસ્થે સર્વ ત્યાગી સાધુઓને જમાડવા સારૂં તેડ્યા હોય ને ઘણાક ત્યાગી સાધુઓનાં મંડળ ભેળાં થયાં હોય ત્યારે ભગવાનને નૈવેદ્ય ધરવાની રીત દેશકાળ અનુસારે કરવી. ॥ ૪૧ ॥

તે કેવી રીતે તો, એક પાક અથવા બે પાક અથવા બહુ પાકે કરીને સર્વની એક ભેળી રસોઇ અથવા નોખા બે મંડળની નોખી રસોઇ કરીને ભગવાનને નૈવેદ્ય ધરવું, જેમ પોતાના એકાંતિક ધર્મની રક્ષા થાય તેવી રીતે ત્યાગી સાધુએ કરવું. ॥ ૪૨ ॥

જો અતિશય મોકળી પવિત્ર જગા હોય તો ભક્ષ્ય ભોજ્ય લેહ્ય ચોષ્ય એ ચાર પ્રકારનું જે સર્વ અન્ન





તે અન્નકુટની પેઠે ત્યાગી સાધુએ ભગવાનને નિવેદન કરવું. ॥ ૪૩ ॥

જો જગા મોકળી ન હોય તથા રસોઇનાં પાત્ર નાનાં નાનાં હોય તો તે પ્રમાણે થોડું થોડું અન્ન ભગવાનને ધરવું. પછી પ્રસાદિના સર્વ અન્નને તે તે અન્નના ઢગલામાં ભેળું કરવું એટલે સર્વ પ્રસાદિ થાય. તે સર્વ ત્યાગી સાધુએ જમવું. ॥ ૪૪ ॥

પોતાને જેનું રાંધેલુ અન્ન ન ખપતું હોય એવા કોઇક મનુષ્યે આપેલું ભગવાનની પ્રસાદિનું રાંધેલું અન્ન, ભગવાનની પ્રસાદિનું માહાત્મ્ય વર્ણન કરતો થકો ત્યાગી સાધુ રસના ઇન્દ્રિયની લોલુપતાએ કરીને ખાય નહિ. ॥ ૪૫ ॥

ત્યાગી સાધુ રાંધેલું ભગવાનની પ્રસાદિનું અન્ન તથા ભગવાનનું ચરણામૃત જેને ખપતું ન હોય તેને આપે નહિ તથા તેની પાસેથી લે પણ નહિ. ॥ ૪૬ ॥

આહારની શુદ્ધિ અંતઃકરણની શુદ્ધિનું કારણ છે, તે માટે પવિત્ર ગૃહસ્થના ઘરથકી પ્રાપ્ત થયેલું અન્ન ભગવાનને નિવેદન કરીને ખાવું. એવી રીતે શુદ્ધ આહાર ન કરે તો અંતઃકરણ મલિન થઇ જાય છે. ॥ ૪૭ ॥



ત્યાગી સાધુ નિત્ય એકવાર જમે; રોગાદિક આપત્કાળ પડે ને બીજી વાર જમાય તેનો વાંધો નહિ. ત્યાગી સાધુ દિવસે તથા રાત્રિએ નિરંતર ભગવાનની સેવામાં વરતે, પણ જમીને નવરો બેસી રહે નહિ. ॥ ૪૮ ॥

જેનું રાંધેલું અન્ન પોતાને ખપતું હોય તેણે પણ એકવાર જમ્યા પછી ભગવાનની પ્રસાદિનું અન્ન આપ્યું હોય તો તે ત્યાગી સાધુએ કોઇ પ્રકારે ન ખાવું. ॥ ૪૯ ॥

તે ખાય તો એક વખત ખાવાના નિયમનો ભંગ થઇ જાય, તેથી ત્યાગી સાધુઓમાં અનાચારની પ્રવૃત્તિ થાય. એમાં કાંઇ સંશય નથી. તે માટે રાંધેલું અન્ન પ્રસાદિનું હોય તે પણ બીજી વખત ખાવું નહિ. ॥ ૫૦ ॥

ઉપવાસને દિવસે પ્રાપ્ત થયેલી ભગવાનની પ્રસાદિ એવી ભક્ષણ કરવા યોગ્ય અન્ન ફળાદિક વસ્તુને નમસ્કાર કરીને કોઇકને આપી દે પણ ત્યાગી સાધુ પોતે કોઇ રીતે ખાય નહિ. ॥ ૫૧ ॥

ભોજનની વેળાએ પ્રાપ્ત થયેલી ભગવાનની પ્રસાદિની અન્ન આદિક વસ્તુઓ, ખાવા યોગ્ય ન હોય તો તેને પ્રસાદિનું માહાત્મ્ય જાણીને પણ કોઇ રીતે





ખાય નહિ. ॥ ૫૨ ॥

જે અન્નાદિક વસ્તુનો પોતે નિયમથકી ત્યાગ કર્યો હોય તથા જે પોતાના દેહને પીડા કરે તેવું હોય, તે ભગવાનની પ્રસાદિ હોય તો પણ ત્યાગી સાધુ તેને ખાય નહિ. ॥ ૫૩ ॥

રૂડી બુદ્ધિવાળો ત્યાગી સાધુ પોતાને ભોજન કરવાના પાત્રમાં ભગવાનને નૈવેદ્ય ન કરે તથા ભગવાનની પૂજા કરવાનાં જલપાત્રોને મળમૂત્રાદિક ક્રિયા કરવા માટે ન લઇ જાય તથા શૌચક્રિયા કરવાના પાત્રનું જળ ભગવાનની પૂજા કરવાના જળ પાત્રમાં ન રાખે; એવી રીતે વિવેક રાખવો. ॥ ૫૪ ॥

ત્યાગી સાધુ ગાળ્યા વિનાનું જળ તથા દૂધ ભગવાનને નૈવેદ્ય ન ધરે. કોઇ અજ્ઞાની પુરૂષ ગાળ્યા વિનાનું જળ અને દૂધ ભગવાનને નૈવેદ્ય કરીને પોતાને આપે તો તે ગાળ્યા વિના પીએ નહિ, ગાળીને જ પીએ ॥ ૫૫ ॥

ત્યાગી સાધુ જે રાજસી તામસી અન્ન ખાવાથી દેહની પુષ્ટિયે કરીને વીર્ય ઉત્તેજીત થાય, એવું અન્નાદિક ભગવાનની પ્રસાદિ હોય તો પણ અતિશય ન ખાય, થોડું જ ખાય મદ્ય માંસાદિક અપવિત્ર વસ્તુઓના સંસર્ગને તો અતિશય ત્યાગે. ॥

૫૬ ॥

ત્યાગી સાધુ ભાંગ, ગાંજો, અફિણ તથા જેણે કરીને કેફ ચઢે, એવી સર્વ વસ્તુઓનો દૂરથકી ત્યાગ કરે, ખાવાની, પીવાની અને સુંઘવાની એ ત્રણ પ્રકારની તમાકુનો પણ દૂર થકી ત્યાગ કરે. ॥ ૫૭ ॥

રોગે કરીને પીડા પામેલા ત્યાગી સાધુએ મદ્ય માંસાદિક અપવિત્ર વસ્તુઓના સ્પર્શે રહિત ઓસડ ખાવું, ખાટલા ઉપર સૂવું તથા ગોદડું ઓઢવું ને પાથરવું. ॥ ૫૮ ॥

રોગી તથા વૃદ્ધ ત્યાગી સાધુઓને એક વખત જમવાનો નિયમ નથી, માટે તેઓએ પોતાના હૃદયને વિષે ભગવાનનું સ્મરણ કરી પોતાને રૂચે તે રીતે જમવું. ॥૫૯॥

નિઃસ્વાદી સાધુપુરૂષના સમાગમ તથા ભગવાનની ભક્તિયે સહિત આ રૂડા નિયમોનું પાલન કરવાથી તથા ભગવાનને અર્પણ કર્યા વિનાની અન્નાદિક વસ્તુઓનો ત્યાગ કરવાથી ત્યાગી સાધુ દુર્જય રસાસ્વાદને જીતે છે. ॥ ૬૦ ॥

શિલોંચ્છ વૃત્તિવાળા મુદ્‌ગલ નામે ઋષિ તથા રન્તિદેવાદિક રાજા રસાસ્વાદના પરિત્યાગ થકી પરમ





સુખને પામ્યા હતા. ॥ ૬૧ ॥

આ નિયમ કહ્યા તેમાંથી જો કોઇક નિયમનો ભંગ થઇ જાય તો તેનું પ્રાયશ્ચિત ત્યાગી સાધુએ તત્કાળ કરવું. ॥ ૬૨ ॥

તે પ્રાયશ્ચિત કરવાની રીત કહિએઃ અગ્નિયે કરીને રાંધેલું અન્ન ભગવાનને નૈવેદ્ય કર્યા વિના જમાય તો એક દિવસ ઉપવાસ કરવો. ॥ ૬૩ ॥

ભગવાનની પ્રસાદિ વિનાનું ચન્દન તથા પુષ્પની માળા, તેનું ધારણ કરાય તો એકએક ઉપવાસ કરવો, ભગવાનની પ્રસાદિનું સુગન્ધિમાન તેલ, અત્તર શરીરે ચોપડાય તથા નાગરવેલના પાનની બીડી, સોપારી, એલચી, જાયફળ, જાવન્ત્રી, લવિંગ એ આદિક વસ્તુ ખવાય તો એકએક ઉપવાસ કરવો. ॥ ૬૪ ॥

ભગવાનની પ્રસાદિનું રાંધેલુ અન્ન અથવા ભગવાનનું ચરણામૃત જેને ખપતું ન હોય તેને દેવાય તો એક એક ચાન્દ્રાયણ વ્રત કરવું, તથા જેનું પોતાને ન ખપતું હોય તેનું લેવાય તો પણ એક એક ચાન્દ્રાયણ વ્રત કરવું. ॥ ૬૫ ॥

પાંચથકી ઓછા ત્યાગી સાધુઓ ગૃહસ્થને ઘેર





જમવા જાય તથા રસોઇ કરવા જાય તો તે સર્વેએ એક એક ઉપવાસ કરવો. ॥ ૬૬ ॥

અજાણ્યમાં મદ્ય પીવાઈ જાય તથા માંસનું ભક્ષણ થઇ જાય તો એક મહીના સુધી ઉના જળમાં ઘોળીને સાથવો પીવે ત્યારે શુદ્ધિ થાય. ॥ ૬૭ ॥

ભાંગ્યનો રસ તથા ગાંજો એ આદિક ન પીધાની વસ્તુ ક્યારેક અજાણ્યમાં પીવાઇ જાય તો ત્યાગી સાધુ એક દિવસ ઉપવાસ કરે. ॥ ૬૮ ॥

આ કહ્યા જે ઉપાય તથા એ વિના બીજા પણ ભગવાનના એકાંતિક ભક્ત એવા સાધુઓ કહે તે ઉપાયોથી ત્યાગી સાધુએ દુર્જય રસના ઇન્દ્રિય જીતવી. ॥ ૬૯ ॥

જ્યાં સુધી રસના ઇન્દ્રિય નથી જીતી ત્યાં સુધી જિતેન્દ્રિય નથી થતો, રસના ઇન્દ્રિયને જીતે ત્યારેજ એણે સર્વે ઇન્દ્રિયો જીતી એમ જાણવું. ॥ ૭૦ ॥

પૂર્વે થયેલા મોટા સાધુઓએ પણ આહારને નિયમમાં કરીને રસના ઇન્દ્રિય જીતી છે. માટે ત્યાગી સાધુઓએ આહાર નિયમમાં કરી રસના ઇન્દ્રિયને જીતવી. ॥ ૭૧ ॥





આહાર નિયમમાં કરવાની રીત કહિએ : રસવાળું અન્ન એકવાર અતિશય થોડું ખાવાથી પણ રસનાઇન્દ્રિય નથી જીતાતી તથા રસવિનાનું અન્ન થોડું થોડું વારંવાર ખાય તેથી પણ રસનાઇન્દ્રિય જીતાતી નથી તથા રસવિનાનું અન્ન એકવાર અતિશય ખાય તો પણ તે જીતાતી નથી.॥૭૨॥

તે માટે દેહના નિભાવરૂપ આહાર યુક્તજ કરવો. અર્થાત્ અતિશય થોડું પણ નહિ, તેમ જાજું પણ નહિ, એવી રીતે જમવું. ભગવદ્‌ગીતાને વિષે શ્રીકૃષ્ણ ભગવાને પોતે કહ્યું છે જે યુક્ત આહાર કરનાર યોગીને યોગ સિદ્ધ થાય છે. ॥ ૭૩ ॥

હે મુને ! એવી રીતે રસાસ્વાદને આશરે રહેલા દોષો તથા તેને જીતવાના ઉપાયો પણ અમે તમને કહ્યા. હવે સ્નેહરૂપ શત્રુના દોષો તથા તેને જીતવાના ત્યાગી સાધુઓને હિતકારી એવા ઉપાયો અમે કહિએ તે સાંભળો.॥ ૭૪ ॥

**એવી રીતે શ્રી અવતારી નારાયણના ચરિત્રરૂપ શ્રી સત્સંગીજીવન નામે ધર્મશાસ્ત્રને વિષે ચોથા પ્રકરણમાં ત્યાગી સાધુના ધર્મને વિષે રસાસ્વાદના દોષો તથા તેને**

**જીતવાના ઉપાયો કહ્યા, એ નામે ત્રીજો અધ્યાય થયો. ॥૩॥**

# નિઃસ્નેહી વર્તમાન

વાસુદેવં તદીયાંશ્ચ વિનાઽન્યત્ર તુ યો ભવેત્ ।
સ્નેહઃસ હિ મહાન્છત્રુ ર્ભૂરિદોષાકરોસ્તિ વૈ ॥ ૧ ॥

શ્રીનારાયણ મુનિ કહે છે : હે મુને ! શ્રીવાસુદેવ ભગવાન તથા તે ભગવાનના ભક્ત વિના બીજા પદાર્થમાં જે સ્નેહ થાય છે, તે નિશ્ચય મોટા શત્રુ અને તે ઘણા દોષોને રહ્યાનું ઠેકાણું છે. ॥ ૧ ॥

તે દોષો કહિએ : જેણે ગૃહસ્થાશ્રમ મૂક્યો છે તેવા ત્યાગી સાધુઓને પણ સ્નેહે કરીને વારંવાર જન્મ મરણ પમાડનારી, પોતાનાં પુત્ર સ્ત્રી આદિક સંબંધીની સ્મૃતિ થાય છે. ॥ ૨ ॥

મનુષ્યને મરણ સમયે સ્ત્રી,પુત્ર, ધન, ઘર તથા પશુ, પક્ષી, વૃક્ષ આદિક પદાર્થને વિષે સ્નેહથી ભૂતનો અવતાર આવે છે. ॥ ૩ ॥

પોતાની શિશ્ન ઇન્દ્રિ કાપી નાખનાર પુરૂષને પણ





સ્નેહથી સ્ત્રીના પ્રિયને અર્થે મૈથુને રહિત એવા સ્પર્શાદિકના સુખને વિષે પ્રવૃત્તિ થાય છે. ॥ ૪ ॥

મૃત્યુ પર્યન્ત દેહનું દુઃખ પણ પોતાના ચિત્તમાં ન ગણીને સ્નેહથકી પોતાના કુટુંબનું પોષણ કરવાને વિષે પુરૂષની પ્રવૃત્તિ થાય છે. ॥ ૫ ॥

પોતાની જ્ઞાતિ ન હોય એવા સ્ત્રી પુરૂષ પણ પરસ્પર સ્નેહ થઇ જવાથી પોતાનાં માતા પિતા આદિક સંબંધીનો ત્યાગ કરી, એક બીજા સાથે પરદેશમાં જતાં રહે છે. ॥ ૬ ॥

પોતાના સંબંધીજનોએ વારંવાર તિરસ્કાર કરેલા પુરૂષને પણ સંબંધીજનોમાં સ્નેહથકી નિશ્ચય વૈરાગ્ય ઉપજતો નથી તથા તેમનો ત્યાગ કરાતો નથી. ॥ ૭ ॥

મરણ પામેલા પોતાના પતિ અને પુત્રોની પાછળ સ્ત્રીઓ આપઘાત કરે છે, પોતાનાં સંબંધિઓમાં સ્નેહને લીધે પુરૂષો જીવની હિંસા કરીને પોતાના સંબંધિનું પોષણ કરે છે.॥ ૮ ॥

સ્નેહથકી મનુષ્ય તથા પશુ પક્ષીઓ ભૂખનું દુઃખ સહન કરીને જ્યાં ત્યાંથી ખાદ્યાની વસ્તુ લઇ આવીને પોતાના





બાળકનું પોષણ કરે છે. ॥ ૯ ॥

સ્નેહથકી પોતાના કુટુંબનું પોષણ કરવાને અર્થે નિશ્ચય મૃત્યુ થાય, એવાં ચોરી આદિ કર્મ તથા નાવમાં બેસીને સમુદ્ર પાર કમાવા જવું, એ આદિક ક્રિયાને વિષે મનુષ્યની પ્રવૃત્તિ થાય છે. ॥ ૧૦ ॥

અસત્ય બોલીને, અતિશય કષ્ટ સહન કરીને તથા નીચ માણસની સેવા ચાકરી કરીને પણ જ્યાં ત્યાંથી ધન લઇ આવીને સ્નેહથકી મનુષ્ય પોતાના સંબંધિનું પોષણ કરે છે. ॥ ૧૧ ॥

પોતાની જાતિથી ભિન્ન એવાં પશુ પક્ષી આદિકને વિષે સ્નેહથી પુરૂષને પોતાના પુત્રાદિક સંબંધિમાં થાય તેવી અતિ કષ્ટદાયક આસકિત થાય છે. ॥ ૧૨ ॥

રોગ તથા વૃદ્ધાવસ્થા થકી જીરણ થયેલા પોતાના શરીરમાં પણ સ્નેહથકી જીવવાની આશા રહે છે. ॥ ૧૩ ॥

મનુષ્યોને સ્નેહથી અન્યાયને વિષે ન્યાયની બુદ્ધિ થાય છે, પાપને વિષે પુણ્યની મતિ થાય છે તથા અનાત્મા જે દેહ તેને વિષે આત્માની બુદ્ધિ થાય છે, અર્થાત્ અસત્યને વિષે





સત્યપણાની બુદ્ધિ થાય છે. ॥ ૧૪ ॥

રૂડા ગુણવાન પુરૂષના રૂડા ગુણને વિષેપણ દોષપણાની બુદ્ધિ સ્નેહથકી થાય છે તથા દોષવાળા પુરૂષના દોષને વિષે ગુણની બુદ્ધિ તે પણ સ્નેહથી થાય છે. ॥ ૧૫ ॥

કામ ક્રોધ લોભ ઈર્ષા એ આદિક ઘણાક દોષ સ્નેહ થકી થાય છે. એવો સ્નેહ ત્યાગી સાધુનો શત્રુ



છ.॥૧૬॥

ત્યાગી સાધુનું હિત કરનારા એવા સ્નેહને જીતવાના ઉપાયો કહીએ, જે ઉપાયોથી મુમુક્ષુ ત્યાગી સાધુઓ દુર્જય એવા સ્નેહને નિશ્ચય જીતે છે. ॥ ૧૭ ॥

ત્યાગી સાધુ પોતાના દેહ તથા દેહનાં સંબંધિને વિષે સર્વકાળે સ્નેહથકી રહિત થાય સ્નેહ રહિતપણા થકી પરમ સુખ થાય છે તથા પરમાત્માને વિષે પ્રીતિ થાય છે. ॥ ૧૮ ॥

પ્રિયવ્રત આદિક રાજા તથા દધીચિ ઋષિ આદિક બ્રાહ્મણ, દેહ અને દેહ સંબંધિ પદાર્થને વિષે સ્નેહનો ત્યાગ કરીને પરમ સુખ પામ્યા હતા. ॥ ૧૯ ॥

પોતાના દેહનો જન્મ જે ગામમાં થયો હોય તે ગામમાં ફરીને ત્યાગી સાધુ જાય નહિ, કોઇ અવશ્યનું કાર્ય હોય અને તે ગામમાં જવું પડે તોતે પોતાના સંબંધીને ઘેર જાય નહિ. ॥ ૨૦ ॥

ત્યાગી સાધુ, વસ્ત્ર, પુસ્તક તથા ખાધાની વસ્તુ,





એ આદિપદાર્થ પોતાના સંબંધી પાસેથી લે નહિ. ભિક્ષા માંગવા જાય ને સંબંધિના ઘરનું અન્ન આવે તેનો દોષ નહિ; પણ પોતાના આસન ઉપર કોઇક ખાવાની વસ્તુ લાવી દે તો ન લેવી, પોતાના સંબંધીને કોઇક આપત્કાળ આવી પડે તો પણ બીજા પાસે અન્નાદિક કોઇ વસ્તુ સંબંધિને દેવાડવી નહિ. ॥ ૨૧ ॥

સંબંધી અને સંબંધી વિનાનાં મનુષ્યોને વિષે સમાન બુદ્ધિવાળો એવો ત્યાગી સાધુ પોતાના સંબંધીજનને ધન પુત્રાદિક પદાર્થનો લાભ થાય તો રાજી ન થાય તથા તે પદાર્થનો નાશ થાય તેનો શોક ન કરે. ॥ ૨૨ ॥

દેહની ઉત્પત્તિ નિમિત્ત પોતાના સંબંધીને વિષે જો સ્નેહ કરે તો આ દેહથી પ્રથમનાં દેહોનાં સંબંધીને વિષે જેમ સ્નેહ છે તેમ સ્નેહ કરે પણ વધુ ન કરે. ॥ ૨૩ ॥

જરાયુજ, અંડજ, ઉદ્‌ભિજ ને સ્વેદજ એ





ચાર પ્રકારના દેહ પોતાને પ્રથમ ઘણાક થયા હતા અને તે દેહોનાં સંબંધી પણ અનેક થયાં હતાં તેમ જાણવું. ॥ ૨૪ ॥

પૂર્વ દેહોનાં સંબંધીઓમાં હમણાં જેટલી પ્રીતિ છે, દયા છે તથા કુળાભિમાન છે, તેટલી પ્રીતિ દયા ને કુળનું અભિમાન આ દેહનાં સંબંધીને વિષે કરવું, પણ વધુ ન કરવું. ॥ ૨૫ ॥

જે ત્યાગી સાધુ પ્રથમ પોતે ત્યાગ કરેલાં સંબંધીને વિષે પાછો આસક્ત થાય છે તે સાધુ શાસ્ત્રે નિષિધ્ધ કરેલાં ચોરી સુરાપાનાદિક કર્મો પણ નિશ્ચય કરે. ॥ ૨૬ ॥

જો ભગવાનનો ભકત ત્યાગી સાધુ થઇને પોતાનાં સંબંધીને વિષે જયાં ત્યાં આસકત થાય,તો તેને નિત્ય પંચ મહાપાપે યુકત જાણવો. તે પંચ મહાપાપ કહિયે; બ્રહ્મહત્યા, મધપાન, સુવર્ણની ચોરી અને ગુરૂસ્ત્રીનો સંગ તથા એ ચાર માંહેના કોઇકનો સંગ કરવો તે. ॥ ૨૭ ॥

દેહાભિમાને કરીને પોતાનાં સંબંધીમાં આસકત થયાનું એવું પાપ છે, તે માટે સ્થૂલ,





સૂક્ષ્મ ને કારણ એ ત્રણ દેહથી પૃથક્‌પણે પોતાના જીવાત્માનો નિશ્ચય કરવો, તે જીવાત્માને બ્રહ્મ સાથે ઐકયપણે જાણવો. તે બ્રહ્મ તો પોતાને સુખે કરીને તથા ભગવાનને સુખે કરીને સુખમય છે, તે આનંદમય બ્રહ્મને પોતાનું સ્વરૂપ જાણી સર્વે માયિક પદાર્થ થકી સ્નેહ રહિત થવું. ॥ ૨૮ ॥

ત્યાગી સાધુ નિત્યે પૃથ્વી ઉપર સુવે, રોગાદિ આપત્કાળ પડ્યા વિના ખાટલા ઉપર ન સુવે તથા સ્ત્રીએ ઓઢેલું ને પાથરેલું ગોદડું ઓઢે કે પાથરે નહિ. ॥ ૨૯ ॥

ત્યાગી સાધુ એક મહીનો પુરો થયે વતુ કરાવે અને કક્ષ, ઉપસ્થ ને શિખાને વરજીને કરાવે પણ તેને ઠેકાણે અસ્ત્રાને ફેરાવે નહિ. ॥ ૩૦ ॥

ત્યાગીના ધર્મોનું પાલન કરનારો સાધુ એકાદશી આદિક વ્રતને દિવસે તથા પ્રાયશ્ચિતનો ઉપવાસ કર્યો હોય તે દિવસે વતુ ન કરાવે. અને તે વ્રત ઉપવાસ વિના અન્ય દિવસે ભોજન કર્યા પછી વતુ ન કરાવે. ॥ ૩૧ ॥

પાપી મનુષ્ય અથવા નાસ્તિકનો સ્પર્શ થાય,ભુંડું સ્વપ્ન આવે, વતું કરાવે, યવનનો તથા ચર્મકારનો અથવા નીચ જાતિનો સ્પર્શ થાય; ત્યારે ત્યાગી સાધુ સ્નાન કરે. ॥ ૩૨ ॥

પોતાનાં માતા પિતા અને ગુરૂ એ ત્રણનું મરણ થાય ત્યારે સાધુ વસ્ત્રે સહિત સ્નાન કરે, બીજા કોઇ સંબંધીનું મરણ સાંભળીને સ્નાન ન કરે. ॥ ૩૩ ॥

ત્યાગી સાધુ ભગવાનની નવ પ્રકારની ભક્તિ કર્યા વિના એક ક્ષણ માત્ર કાળ વ્યર્થ ન ગાળે, ગ્રામ્યવાર્તાનો દૂરથકી ત્યાગ કરે. ॥ ૩૪ ॥

ત્યાગી સાધુ જે તે કોઇકની આજીવિકા, ગામ, ખેતર કે વાડી સંબંધી મનસુબો સાંભળે તથા કરે પણ નહિ, કોઇના દ્રવ્યાદિક પદાર્થના પરસ્પર લેણદેણને વિષે પોતાનું મધ્યસ્થપણું કરે નહિ, તેમાં પોતાની સાખ્ય કરે કરાવે નહિ.॥ ૩૫ ॥

તે ગ્રામ્ય વાર્તા કહિયે છીએ : રાજાના રાજ્ય





કાર્યની વાર્તા, કોઇના જય પરાજયની વાર્તા, વસ્ત્ર-અલંકાર ને નગરની શોભાનું વર્ણન, ભક્ષ્ય, ભોજ્ય લેહ્ય ચોષ્ય એ ચાર પ્રકારના અન્ન અનેક પ્રકારના રસાસ્વાદની વાર્તા તથા ખેડ, વણજ વેપાર, નાના પ્રકારની કારીગરી, ઘોડા પાલખી રથ આદિક વાહનનું વર્ણન, એ સર્વે ગ્રામ્યવાર્તા છે. ॥ ૩૬-૩૭ ॥

અને ગાય, ભેંસ, બકરા તથા વૃક્ષાદિક નાના પ્રકારનાં પદાર્થ તથા આયુધોનું જે વર્ણન કરવું એ આદિક સર્વે ગ્રામ્ય વાર્તા છે. તેને ત્યાગી સાધુ કરે નહિ તથા સાંભળે પણ નહિ. ॥ ૩૮ ॥

આ કહેલા નિયમોમાંથી ક્યારેક જો કોઇ નિયમનો ભંગ થાય, તો ત્યાગી સાધુ તેનું પ્રાયશ્ચિત યથાયોગ્ય કરે. ॥ ૩૯ ॥

તે પ્રાયશ્ચિત કરવાની રીત કહીએ : ત્યાગી સાધુ અજાણમાં પોતાના કુટુંબીના ઘરમાં જેટલા દિવસ નિવાસ કરે તેટલા દિવસ ઉપવાસ કરે. ॥ ૪૦ ॥

પોતાના પિતા, સગાભાઇ, સગી બેન તથા સસરા આદિક સમીપ સંબંધીને ઘેર જમવા જાય, તે સંબંધીને અન્નાદિક પદાર્થ અપાવે, તે સંબંધીએ





આપેલું વસ્ત્રાદિક પદાર્થ ગ્રહણ કરે, રોગાદિક આપત્કાળ પડ્યા વિના ખાટલા ઉપર સુવે તથા સ્ત્રીએ આઢેલું પાથરેલું ગોદડું ઓઢે પાથરે, તો એ સર્વેને વિષે નોખો નોખો એક એક ઉપવાસ કરે. ॥ ૪૧-૪૨ ॥

ત્યાગી સાધુ ગ્રામ્યવાર્તા આદરથી કહે અથવા સાંભળે તો ''સ્વામિનારાયણ'' એ મંત્ર પાંચ હજાર જપે અર્થાત્ એ મંત્રની પચાસ માળા ફેરવે. ॥ ૪૩ ॥

સ્નેહને જીતવાના આ સર્વે ઉપાયો મુમુક્ષુઓએ પોતાના મનમાં સદા ધારવા. સ્નેહે રહિત સાધુનો સમાગમ તથા ભગવાનની ભકિતએ સહિત આ ઉપાયો ફળને આપનારા માન્યા છે.અર્થાત્ જે, સાધુનો સમાગમ ને ભગવાનની ભકિત તેણે યુકત આ નિયમને પાળે છે તે નિશ્ચય સ્નેહને જીતે છે. ॥ ૪૪ ॥

રૂડી બુદ્ધિવાળા હે મુને ! એ પ્રમાણે સ્નેહના દોષ તથા તે સ્નેહને જીતવાના ગુણરૂપ ઉપાયો અમે કહ્યા, હવે માનના દોષ તથા તે માનના દોષને જીતવાના ગુણરૂપ ઉપાયો





કહીએ તે સાંભળો. ॥ ૪૫ ॥

**એવી રીતે શ્રીઅવતારી નારાયણના ચરિત્રરૂપ શ્રી સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રને વિષે ચોથા પ્રકરણમાં ત્યાગી સાધુના ધર્મને વિષે સ્નેહના દોષ તથા તે સ્નેહને જીતવાના ઉપાયો કહ્યા, એ નામે ચોથો અધ્યાય થયો. ॥ ૪ ॥**

# નિર્માની વર્તમાન

मानमूलो महान् दोषः क्रोधाख्योऽत्र प्रवर्तते ।
यो भस्मसात्करोत्याशु दानव्रत तपो यमान् ॥ १ ॥

શ્રીનારાયણ મુનિ કહે છે : હે મુને ! આ લોકમાં ક્રોધ નામે મોટા દોષનું મૂળ કારણ 'માન' છે; તે ક્રોધ ક્ષણ માત્રમાં સમગ્ર દાન વ્રત તપ, યમ અને નિયમોને બાળી નાખે છે. ॥ ૧ ॥

આ વચન બોલવા યોગ્ય છે અને આ વચન બોલવા યોગ્ય નથી એ બેનો વિવેક ક્રોધથકી રહેતો નથી, સત્શાસ્ત્રની બાંધેલી મર્યાદાનો ક્રોધ થકી ભંગ

કરાય છે; ક્રોધ થકી નિરપરાધી અને ન મારવા યોગ્ય પ્રાણિને મારી નખાય છે અને પોતાના આત્માની હત્યા પણ ક્રોધ થકી નિશ્ચય કરાય છે. ॥ ૨ ॥

ક્રોધે કરીને પોતાના સંબંધી, ગુરૂતથા સાધુનો પણ નાશ કરાય છે, ન કરવા યોગ્ય ક્રિયા પણ ક્રોધ થકી કરાય છેઅને મર્મભેદક દુષ્ટ વચનો પરસ્પર ક્રોધથકી જ બોલાય છે. ॥ ૩ ॥

વળી ક્રોધના ભેળી રહેનારી ઈર્ષા માનથકી થાય છે; જે ઈર્ષાથી અલ્પજ્ઞ મનુષ્યને મોટા ગુણવાળા મહત્પુરૂષ સાથે બરોબરિયાપણાની બુદ્ધિ થાય છે. ॥ ૪ ॥

આત્માને જાણનાર પુરૂષને પણ માનથકી દેહને વિષે અહંબુદ્ધિ થાય છે, તથા માનથકી અતિશય ક્રૂરપણે વરતાય છે; નિર્દયપણું, દમ્ભ, કપટ અને મત્સર થાય છે. ॥ ૫ ॥

માનથકી અન્યાયને વિષે ન્યાયની બુદ્ધિ તથા ન્યાય ને વિષે અન્યાયની બુદ્ધિ, સાધુને વિષે અસાધુની બુદ્ધિ તથા અસાધુને વિષે સાધુની બુદ્ધિ થાય છે. ॥ ૬ ॥





પોતાના દોષ જાણ્યા છતાં પણ માન વડે વય, તપ અને વિદ્યાએ કરીને વૃદ્ધ, એવા બ્રહ્મવેત્તાઓની અવગણના કરાય છે. ॥ ૭ ॥

કોઇને પૂજવા યોગ્ય નહિ તથા સમર્થ પણ નહિ, એવાને પોતાને વિષે માનથકી પૂજ્યપણાની અને સમર્થપણાની બુદ્ધિ થાય છે; માનથકી સંત સાથે વાદવિવાદ, બરોબરિયાપણું તથા અક્કડ રહેવાપણું થાય છે. ॥ ૮ ॥

માને કરીને, સભાને વિષે મોટા સાધુને ન ગણીને તેમની આગળ બેસાય છે, દેવતાને પણ નમસ્કાર થતો નથી તથા મોટા સાધુ પુરૂષનો પક્ષ રખાતો નથી. ॥ ૯ ॥

માનથકી જે મોટા સંતોનો પોતાની ઉપર રાજીપો થતો નથી, ઇત્યાદિક મહાન દોષો માનને વિષે રહ્યા છે.॥ ૧૦ ॥

તે માટે ભગવાનની પ્રસન્નતા ઇચ્છનાર ત્યાગી સાધુ માનનો ત્યાગ કરે; મુકત તથા મુમુક્ષુ પુરૂષને તેથી પરમ સુખ થાય. ॥ ૧૧ ॥

હરિશ્ચન્દ્ર, કુશિક, યુધિષ્ઠિર આદિક રાજાઓ





માને કરીને વિકાર ન પામ્યા તેથી રાજાઓને અતિ દુર્લભ એવી ગતિ પામ્યા. ॥ ૧૨ ॥

હવે એ માનને જીતવાના ગુણભૂત ઉત્તમ ઉપાયો કહીએ, જે વડે ત્યાગી સાધુઓ થોડા કાળમાં માનરૂપ શત્રુને જીતે છે. ॥ ૧૩ ॥

હે મુને ! દેહ અને આત્માની ચોખી વિક્તિ બતાવનાર સાંખ્ય વિચારથી પંચભૂત, પંચવિષય, દશ ઇન્દ્રિયો,ચાર અંતઃકરણ ને ત્રણ દેહ, આદિક ક્ષેત્ર અને એ સર્વેનો જાણનારો તથા એ માયિક ભાવથી રહિત જીવાત્મા, એ બેયનાં સ્વરૂપનો યથાર્થ નિશ્ચય કરી ક્ષેત્રજ્ઞને પોતાનું રૂપ માની વિવેકી ત્યાગી સાધુએ માનનો ત્યાગ કરવો. ॥ ૧૪ ॥

ત્યાગી સાધુ તથા ગૃહસ્થ પોતાને વસમાં લાગે એવાં કઠણ વચન કહે તથા તિરસ્કાર કરે, તે ત્યાગી સાધુ સહન કરે; પણ તેથી ક્ષોભ પામે નહિ. ॥ ૧૫ ॥

વય, જ્ઞાન તપ અને યોગે કરીને પોતાને તુલ્ય અર્થાત્ બરોબરિયા સાધુનું મનુષ્યો





મોટું સન્માન કરે, તેથી ત્યાગી સાધુ ઈર્ષ્યાએ કરીને ક્ષોભ ન પામે પણ રાજી થાય. ॥ ૧૬ ॥

ભોજન કરવા સમયે પંક્તિમાં રૂડી જમ્યાની વસ્તુ કોઇક પોતાનાથી ન્હાનો હોય તેને આપે અને પોતાને ઉતરતી જમ્યાની વસ્તુ આપે તો તેથી ત્યાગી સાધુ માને કરીને ક્રોધ ન પામે. ॥ ૧૭॥

ત્યાગી અને ગૃહસ્થ સર્વને પૂજવા યોગ્ય અધિકારિપણું જો ગુરૂ બરોબરિયા સાધુને આપે અને પોતાને તેથી ઉતરતી પદવી આપે તેથી ત્યાગી સાધુ તપી ન જાય પણ રાજી થાય. ॥ ૧૮ ॥

માન તથા ઈર્ષાનો સર્વ પ્રકારે ત્યાગ કરી જે સાધુને સેવે તેને જ ભગવાનનો ભકત ત્યાગી સાધુ કહેવાય, પણ માન ઈર્ષાવાળો હોય તેને ત્યાગી સાધુ કહેવાય નહિ. ॥ ૧૯ ॥

પૂર્વે સાધુજનો મોટી પદવી પામી ગયા તે માનનો ત્યાગ કરીને મોટા પુરૂષ સાથે નમ્ર ને સરળપણે વર્તવાથી પામ્યા છે, પણ માન રાખીને કોઇ મોટી પદવી પામ્યા નથી. ॥ ૨૦ ॥

પાપરૂપ એવું માન ગૃહસ્થને પણ રાખવા

યોગ્ય નથી કારણ કે તેથી દુર્યોધન, રાવણ અને શિશુપાલ આદિક મોટા મોટા ગૃહસ્થ રાજાઓ પણ પોતાના બંધુઓ સહિત નાશ પામેલા છે. ॥ ૨૧ ॥

આ વિચારથી ત્યાગી સાધુએ સર્વ પ્રકારે માનનો ત્યાગ કરવો; બ્રહ્મચર્યાદિક ધર્મ પાળવાને વિષે તો માનનો ક્યારેય ત્યાગ ન કરવો, ધર્મ પાળવામાં તો માન રાખવું. ॥ ૨૨ ॥

એ વિના બીજે ઠેકાણે માન મૂકીને ત્યાગી સાધુ, અજ્ઞાની લોકો ધૂળ નાખે, તિરસ્કાર કરે, ઈત્યાદિક ઉપદ્રવ કરે; તો પણ વિકાર પામે નહિ અર્થાત્ તેથી ક્ષોભ ન પામતાં સર્વ સહન કરે. ॥ ૨૩ ॥

ત્યાગી સાધુને બીજા મનુષ્યો મારે, તિરસ્કાર કરે તો પણ તે તેમનો તિરસ્કાર ન કરે તથા મારે નહિ; ત્યાગી સાધુએ ગાળ અથવા ભૂંડીવાણી બોલવી નહિ તથા કોઇ સાથે વ્યર્થ વાદવિવાદ કરવો નહિ. ॥ ૨૪ ॥

ત્યાગી સાધુ કયારે પણ અસત્ય વચન બોલે નહિ, બીજાને દુઃખ થાય એવું સત્ય વચન પણ બોલે નહિ, અને દેહ મન ને વાણીથી કોઇનો દ્રોહ કરે નહિ.





॥ ૨૫ ॥

ત્યાગી સાધુ પોતાને અર્થે ક્યારેય લીલા તૃણને પણ છેદે નહિ તથા બીજા ત્યાગી કે ગૃહસ્થને તૃણની શળીએ કરીને પણ બીવરાવે નહિ. ॥ ૨૬ ॥

ત્યાગી સાધુ કોઇ પુરૂષ અથવા સ્ત્રી ઉપર મિથ્યા અપવાદ આરોપે નહિ તથા કોઇક આંધળો લુલો, કાંણો અથવા બહેરો હોય તેને તેવે વચને કરીને બોલાવે નહિ. ॥ ૨૭ ॥

હે મુને ! પૂર્વે ઋષભદેવજીના પુત્ર ભરતજી બ્રાહ્મણના દેહને વિષે જેવી રીતે નિર્માની આદિક લક્ષણે યુક્ત પરમહંસ થઇ વર્તતા હતા તેવી રીતે ત્યાગને શોભાડનાર સાધુએ વરતવું. ॥ ૨૮ ॥

ત્યાગી સાધુએ પૃથ્વીની પેઠે નિત્યે ક્ષમા કરવાના સ્વભાવવાળા થાવું, દેવતા, ગુરૂ અને સત્શાસ્ત્રના નિંદક ન થવું. ॥ ૨૯ ॥

કેટલાક ત્યાગી સાધુઓ આત્મનિષ્ઠાને અભિમાને કરીને સ્નાન, ધ્યાન, પૂજાદિક ધર્મક્રિયાનો પણ ત્યાગ



કરે છે, તેવી રીતે અમારા આશ્રિત ત્યાગી સાધુઓ કોઇ પણ ધર્મક્રિયાનો ત્યાગ ન કરે. ॥ ૩૦ ॥

અમારા ત્યાગી સાધુઓએ નિત્ય બ્રાહ્મમુહૂર્તને વિષે (પાછલી ચાર ઘડિ અથવા ત્રણ ઘડિ રાત્રી રહે ત્યારે) જાગીને નિત્યવિધિ, જે ભગવાનનું નામકીર્તન, ધ્યાન તથા સ્નાન પૂજાદિક ક્રિયા તે કરવી, હે મુને ! તે નિત્યવિધિ તમારા પૂછવાથી અમે પૂર્વે સંક્ષેપમાં તમને કહ્યો છે. ॥ ૩૧ ॥

ત્યાગી સાધુએ રોગાદિક આપત્કાળ વિના દિવસે સૂવું નહિ, સૂર્ય આથમ્યા સમયે તથા સૂર્ય ઉગ્યા સમયે સુવું નહિ. ॥ ૩૨ ॥

ત્યાગી સાધુએ ભગવાનની લીલા ને ગુણની કથાનું શ્રવણ, ધ્યાન, નમસ્કાર, પૂજન, એ આદિક નવ પ્રકારની ભકિત કર્યા વિના વ્યર્થ કાળ ક્યારેય જવા દેવો નહિ, નિરંતર ભકિત કરીને જ કાળ નિર્ગમવો. ॥ ૩૩ ॥

ત્યાગી સાધુએ ભગવાનનાં વ્રત અને ઉત્સવ પોતાની શકિત પ્રમાણે કરવા; સત્શાસ્ત્રનો અભ્યાસ આદર





થકી નિત્ય કરવો. ॥ ૩૪ ॥

આ કહેલા નિયમોમાંથી જે કોઇ નિયમનો ભંગ થાય, તેનું પ્રાયશ્ચિત ત્યાગી સાધુએ સાવધપણે કરવું. ॥ ૩૫ ॥

હવે તે પ્રાયશ્ચિત કરવાની રીત કહીએ : ત્યાગી સાધુથી પોતાના હાથપગાદિક અંગે કરીને અથવા લાકડી, સોટી, પ્હાણો ઈત્યાદિકે કરીને કોઇ મનુષ્યને એકવાર મરાઇ જવાય તો સામાન્ય પણે એક ઉપવાસ કરવો. ॥ ૩૬ ॥

જેને માર્યો તેને સોજો ચઢે અથવા તેના અંગમાંથી લોહી નિસરે તો તેને મારનારો ત્યાગી સાધુ લાગટ ચાર દિવસ ઉપવાસ કરે. ॥ ૩૭ ॥

જેને માર્યો તેના હાથ પગ આદિક કોઇ અંગનો ભંગ થાય તો તેને મારનારો ત્યાગી સાધુ લાગટ બાર દિવસના ઉપવાસવાળું ઉત્તમ એવું પારાક નામે વ્રત કરે અને જેટલી ગાળો દે તેટલા દિવસ ઉપવાસ કરે ત્યારે ત્યાગી સાધુ શુદ્ધ થાય. ॥ ૩૮ ॥

ક્રોધથી શરીર વ્યાપ્ત કરીને કોઇકને અતિ વસમું લાગે એવું કઠણ વચન બોલે તો એક દિવસ ઉપવાસ કરે. ॥ ૩૯ ॥

જીવ હિંસાના પ્રાયશ્ચિતનો ભેદ તો વિસ્તારે કરીને

ધર્મશાસ્ત્રથકી જાણવો, આ પ્રસંગે તો હિંસાના પ્રાયશ્ચિતની દિશ માત્ર સૂચવીએ છીએ. ॥ ૪૦ ॥

હે મુને ! માંકડ, માખી, જૂ, પતંગિયું તથા એ જેવા બીજા જીવને ક્યારેક ત્યાગી સાધુ જાણીને મારે તો એક એક પ્રત્યે અષ્ટાક્ષર મંત્ર એકસો ને આઠવાર જપે; અને બીજા તેથી ઝીણા જીવ મરાઇ જાય તો ભગવાનનું નામ ઉચ્ચારણ કરીને પાપનું નિવારણ કરે. ॥ ૪૧-૪૨ ॥

ચકલું, ઉંદર, ભમરો, એ આદિક મોટા જીવને જો અજાણ્યમાં મરાઇ જવાય તો એક એક ઉપવાસ કરે. ॥ ૪૩ ॥

એવી રીતે જીવોના નાના મોટા પણાનો નિશ્ચય કરીને ત્યાગી સાધુ નાના જીવને માટે થોડા અને મોટા જીવને માટે ઘણા પ્રાયશ્ચિતના ઉપવાસ યથાયોગ્ય કરે. ॥ ૪૪ ॥

રોગાદિક આપત્કાળ પડ્યા વિના, ગાફલાઇથી જો સૂર્ય ઉગ્યા સમે સૂવે, દિવસે સૂવે, તથા સૂર્ય આથમ્યા સમે સૂવે; તો ત્યાગી સાધુ એક એક ઉપવાસ કરે. ॥ ૪૫ ॥

હે મુને ! આ સર્વે ત્યાગી સાધુઓમાં જે આત્મનિવેદી હોય તેના ધર્મમાં જે વિશેષપણું છે તે અમે





તમને કહિએ છીએ. ॥ ૪૬ ॥

હે મુને ! કાળા ગોરા રૂપની ને યુવાનાદિક અવસ્થા ની વિકિતએ સહિત અજાણમાં સ્ત્રીનું મુખ દેખાઇ જાય તો આત્મનિવેદી સાધુ એક ઉપવાસ કરે. ॥ ૪૭ ॥

મુસાફરીમાં માર્ગે ચાલતાં, દિશા ફરવા જતાં સ્નાન કરવા જતાં તથા અન્ન માગવાને સમયે જો અજાણમાં સ્ત્રીનું મુખ દેખાય જાય તો આત્મનિવેદી સાધુએ ઉપવાસ ન કરવો. ॥ ૪૮ ॥

ભગવાનને નૈવેદ્ય કર્યા વિનાનું ફળ, પત્ર અને જળ આત્મનિવેદી સાધુએ ન ખાવું તથા ન પીવું; ભગવાનને નૈવેદ્ય કરીને જ વાપરવું; આત્મનિવેદી સાધુનો આ અધિક ધર્મ અમે માન્યો છે. ॥ ૪૯ ॥

બાળક, વૃદ્ધ, રોગથી દુઃખી, પ્રવાસી તથા ભગવાનના મંદિરનું કામકાજ કરનારા ત્યાગી સાધુને એક વખત જમવાનો તથા દિવસે ન સૂવાનો નિયમ નથી. ॥ ૫૦ ॥

આવી રીતે માન જીતવાના ઉપાયો યથાર્થપણે અમે તમને કહ્યા, નિર્માની સાધુના સમાગમ તથા ભગવાનની





ભકિતયે સહિત આ ઉપાયો ફળ આપનાર છે અર્થાત્ માનને જીતાડનાર છે. ॥ ૫૧ ॥

હે મુને ! એવી રીતે લોભ, કામ, સ્વાદ, સ્નેહ અને માન, એ પાંચ શત્રુના દોષો તથા તેમનો નાશ કરવાના સર્વે ઉપાયો મેં તમને કહ્યા, તે ઉપાયો મોટા મોટા સાધુ પુરૂષોને સંમત છે. ॥ ૫૨ ॥

હે મુને ! જે નિયમ ભંગનું પ્રાયશ્ચિત અત્રે ન કહ્યું હોય, તે ભગવાનના ભક્ત મોટા સાધુને પૂછીને યથાયોગ્ય કરવું. ॥ ૫૩ ॥

પ્રાયશ્ચિતના ઉપવાસને વિષે એક જળ વિના બીજું કાંઇ ખાવું પીવું નહિ અને શકિતમાન તો વારંવાર જળ પણ ન પિયે; તો બીજું ક્યાંથી ખાય ? ॥ ૫૪ ॥

એકાદશી આદિક વ્રતના ઉપવાસને વિષે જો પ્રાયશ્ચિતનો ઉપવાસ આવી પડે, તો વ્રતના ઉપવાસથી ત્રીજે દિવસે ઉપવાસ નોખો કરવો; અર્થાત્ વ્રતના પારણાને બીજે દિવસે કરવો. ॥ ૫૫ ॥

એવી જ રીતે પ્રાયશ્ચિતના બે ત્રણ લાગટ ઉપવાસ માં





એકાદશી આદિક વ્રતનો ઉપવાસ આવે તો તે પ્રાયશ્ચિતના ઉપવાસ ભેળો ન જ ગણવો અર્થાત્ પ્રાયશ્ચિતના ત્રણ ઉપવાસથી વચ્ચે વ્રતનો ઉપવાસ આવે તો ચાર ઉપવાસ કરવા. ॥ ૫૬ ॥

પ્રાયશ્ચિતના ઉપવાસમાં વળી બીજો પ્રાયશ્ચિતનો ઉપવાસ આવી પડે, તો તેને તે ભેળો જ કરે નોખો ન કરે.॥ ૫૭ ॥

જમ્યા પછી જો સ્ત્રી સામું જોવાઇ જવાય અથવા સ્ત્રી સાથે બોલાઇ જવાય, ઇત્યાદિક ઉપવાસ આવી પડે એવી ક્રિયા થાય તો ભગવાનના નામ મંત્રનો જપ કરે પણ બીજે દિવસ ઉપવાસ ન કરે, જો સ્ત્રીને અડી જવાય તો સ્નાન કરે પણ બીજે દિવસ ઉપવાસ ન કરે. ॥ ૫૮ ॥

પ્રાયશ્ચિત કરીને શુદ્ધ થયેલા ત્યાગી સાધુને કોઇ તે પાપે યુક્ત કહે તો તે કહેનારા ત્યાગી સાધુ એક દિવસ ઉપવાસ કરે. ॥ ૫૯ ॥

ભગવાનના ભકત ત્યાગી સાધુ પોતાના દેહની સ્મૃતિ

હોય ત્યાં સુધી આ કહ્યા જે સર્વે નિયમ તે સાવધાન થઇને પાળે, પણ એ નિયમનો ત્યાગ કરે નહિ. ॥ ૬૦ ॥

જે ત્યાગી સાધુ આ કહેલા નિયમો વડે એ લોભાદિક પાંચ શત્રુઓને જીતીને વશ નથી કરતા તે તો મરીને નિશ્ચય નરકને વિષે જ પડે છે. ॥ ૬૧ ॥

તે નરકને વિષે પીડાયે કરીને બૂમો પાડતા થકા અતિશય યમયાતનાના દુઃખ ભોગવીને આ પૃથ્વીને વિષે શ્વાનના, ગધેડાના અથવા વાંદરા આદિકના ભુંડા અવતાર પામે છે. ॥ ૬૨ ॥

જ્ઞાન અને વૈરાગ્યે યુકત આ ધર્મને આશરીને જે શ્રીવાસુદેવ ભગવાનને ભજે છે; અર્થાત્ આત્મજ્ઞાન વૈરાગ્ય અને આ ધર્મ તેણે યુકત શ્રીકૃષ્ણ ભગવાનની ભકિત જે ત્યાગી સાધુ કરે, તે નિશ્ચય ભગવાનના એકાન્તિક ભકત કહેવાય છે. ॥૬૩॥

વળી તેઓ પરમહંસ, જીવન્મુકત સાત્વત, મહાભાગવત, સન્ત, સાધુ તથા બ્રહ્મવેત્તા કહેવાય છે. ॥ ૬૪॥

એવા ત્યાગી સાધુનું મરણ થાય ત્યારે તેમના દેહને





ચંદન પુષ્પાદિકે કરીને પૂજીને પર્વતની ગુફામાં અથવા મોટા અરણ્યને વિષે મુકવો. ॥ ૬૫ ॥

અથવા મોટી નદીના પ્રવાહમાં કે સમુદ્રમાં તે દેહને વહેતો મુકવો, અથવા અગ્નિમાં બાળવો એવી રીતે દેશકાળાનુસારે દેહ સંસ્કાર કરવો; એવા સાધુનો દેહ પડે ત્યારે પ્રાકૃત સંસારી જીવની પેઠે રૂદન કરવું નહિ. ॥ ૬૬ ॥

હે મુને ! ત્યાગી સાધુઓએ ધર્મ, જ્ઞાન ને વૈરાગ્યે યુકત એવી અનન્ય ભકિત શ્રીમન્નારાયણને વિષે નિત્યે આદરથકી કરવી; એવો અમારો સિદ્ધાંત છે. ॥ ૬૭ ॥

મુનિ શ્રેષ્ઠ હે ગોપાળાનંદ મુનિ ! ભગવાનની ભકિતવાળા ત્યાગી સાધુઓનું હિત કરનારા એવા ધર્મો મેં તમને કહ્યા. હવે ઉદ્ધવાવતાર એવા અમારા ગુરૂ શ્રી રામાનંદસ્વામી થકી સાંભળેલા જ્ઞાન, વૈરાગ્ય ને ભકિતના નોખાં નોખાં લક્ષણો, અમે તમને કહીએ તે તમે સાંભળો. ॥ ૬૮ ॥

**એવી રીતે શ્રી અવતારિનારાયણના ચરિત્રરૂપ શ્રી સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રને વિષે ચોથા પ્રકરણમાં ત્યાગી**





**સાધુના ધર્મને વિષે માનના દોષ તથા માનને જીતવાના ઉપાય કહ્યા, એ નામે પાંચમો અધ્યાય થયો. ॥ ૫ ॥**

# એકાન્તિક ધર્મ

नानादुःखविकाराढ्यो योऽयंदेहोऽस्ति देहिनाम् ।
आत्मा ततोऽस्ति भिन्नो वै निर्विकारः सुखात्मकः ॥

શ્રીનારાયણ મુનિ કહે છે : હે મુને ! પ્રથમ જ્ઞાનનું લક્ષણ કહીએ : જીવ પ્રાણિ માત્રનો દેહ નાના પ્રકારના દુઃખ તથા નાના પ્રકારના વિકારથી પૂર્ણ છે અને આત્મા જે જીવ તે દેહથકી ભિન્ન છે, વિકારે રહિત અને સુખરૂપ છે. ॥ ૧ ॥

એ જીવાત્મા શસ્ત્રે કરીને છેદાય તથા ભેદાય એવો નથી; તે આત્મા નિત્ય, અજન્મા, પરિણામ રહિત તથા ખરી ન જાય એવો છે; વળી તે દેહ ઇન્દ્રિયો, અંતઃકરણ, દેવતા ને પ્રાણ એ સર્વને પ્રકાશનારો છે. ॥ ૨ ॥

એ જીવાત્મા જળે કરીને સડી જાય એવો નથી, અગ્નિએ





કરીને બળી જાય તેવો નથી તથા વાયુએ કરીને સુકાઇ જાય એવો નથી, એ જીવાત્મા નિર્લેપ અને અચળ મનાય છે. ॥ ૩ ॥

એ જીવાત્માને વિષે જે ગુણ છે તે ગુણ દેહાદિકને વિષે કયારે પણ નથી આવતા; દેહાદિકને વિષે જે દોષ છે તે દોષ જીવાત્માને વિષે કયારે પણ નથી આવતા. ॥ ૪ ॥

પોતાના જીવાત્માને એવે લક્ષણેયુકત જાણીને પછી સત્ ચિત્ ને આનંદરૂપ, એવું જે અક્ષરબ્રહ્મ તે સાથે એ જીવાત્માની એક પણાની ભાવના કરવી; અર્થાત્ અક્ષરબ્રહ્મના ગુણ પોતાને વિષે ધારવા, એમ ધારતાં ધારતાં અક્ષરબ્રહ્મના ગુણ પોતાના આત્માને વિષે આવે છે. દેહના સ્વભાવ જીવાત્માને વિષે કલ્પવાથી દેહરૂપ થઇ જવાયછે, તેમ અધ્યાસથી અક્ષરબ્રહ્મના ગુણ જીવાત્માને વિષે આવે છે. ॥ ૫ ॥

પોતાના જીવાત્માને વિષે એવી અતિશય દૃઢ નિષ્ઠા તે જ્ઞાન કહેવાય, હવે મોટા સંતોએ માનેલું વૈરાગ્યનું લક્ષણ

કહીએ છીએ. ॥ ૬ ॥

હે મુને, પ્રથમ પોતાના તથા બીજાના દેહનું સ્વરૂપ યથાર્થ જાણવું તે દેહ માંસના લોચા અને મળ આદિક અપવિત્ર ભૂંડી વસ્તુથી ભરેલી કોથળી જેવો છે. ॥ ૭ ॥

ત્વચા, માંસ, રૂધિર, નાડીઓ, મેદ, મજ્જા, હાડકા ના કટકા, વિષ્ટા, મૂત્ર, જરા અવસ્થા તથા નાના પ્રકારના રોગ આદિક ભૂંડી અપવિત્ર વસ્તુઓથી ભરેલા આ દેહને વિષે શી વસ્તુ રૂડી છે ? કોઇ વસ્તુ રૂડી નથી; સર્વે ભૂંડીજ વસ્તુ છે.॥ ૮ ॥

રાજાના દેહની પણ અન્તે કૃમિ, વિષ્ટા અને ભસ્મ એવી સંજ્ઞા થાય છે: અર્થાત્ મૃત્યુ પામેલા રાજાનો દેહ પડ્યો રહે તો તેમાં કીડા પડી જાય, તે દેહને શિયાળીયા, શમળા આદિક જનાવર ખાય તો તેની વિષ્ટા થઇ જાય અને લાકડામાં અગ્નિએ કરીને બાળે તો રાખ થઇ જાય છે, તે દેહને વિષે પ્રીતિવાળા જીવ વારંવાર અંડજ, ઉદ્‌ભિજ, સ્વેદજ અને જરાયુજ, એ ચાર





પ્રકારના દેહને પામે છે. ॥ ૯ ॥

મનુષ્યો તે દેહથી શુભ અશુભ કર્મ કરીને દેવલોક પાતાળલોક તથા મૃત્યુલોકને વિષે વારંવાર જન્મ મૃત્યુને પામે છે. ॥ ૧૦ ॥

અશુભ કર્મોથી અતિશય ભયંકર યમયાતના તથા નરકનાં દુઃખ પામે છે અને પશુ, પક્ષી, ઝીણા કીડા આદિક અતિશય ભુંડા જન્મ એ જીવ પરવશ થકો વારંવાર પામે છે. ॥ ૧૧ ॥

શુભ કર્મોથી એ જીવ ક્યારેક તો રાજાનો દેહ પામે છે, ક્યારેક પાતાળ લોકના સુખને પામે છે તથા ક્યારેક સ્વર્ગ લોકના સુખને પામે છે. ॥ ૧૨ ॥

એ સર્વે સુખ નાશવંત છે. તથા કામ, લોભ, ભય, ઈર્ષા, ક્રોધ અને સ્પર્ધા જે બરોબરિયામાં અદેખાઇ, એ આદિક દોષથી ભરેલાં છે; માટે એ સર્વે સુખ તો કેવળ દુઃખરૂપ જ છે. ॥ ૧૩ ॥

બ્રહ્માના એક દિવસને વિષે ચૌદ ઈન્દ્રનો નાશ થાય છે, ને પ્રાકૃત પ્રલય થાય ત્યારે વિરાટ દેહે સહિત એવા બ્રહ્માનો





પણ નાશ થાય છે. ॥ ૧૪ ॥

પ્રકૃતિ પુરૂષથકી ઉત્પન્ન થયેલું જે કાંઇ સ્થાવર જંગમ પદાર્થ છે, તે સર્વે કાળનું ભક્ષણ છે અર્થાત્ કાળ એ સર્વનો નાશ કરી નાખે છે. ॥ ૧૫ ॥







એવી રીતે સર્વે માયિક પદાર્થોનું નાશવંતપણું તથા દુઃખે સહિતપણું જાણી, પોતાનો દેહ, દેહ સંબંધી પદાર્થ તથા વિષયભોગ, એ આદિક સર્વેને વિષે અનાસકિત જે પ્રીતિ નહિ તેને વૈરાગ્ય કહિયે ॥૧૬॥

હવે ભકિતનું લક્ષણ કહીયે : શ્રી વાસુદેવ ભગવાનના અવતારને વિષે માહાત્મ્યજ્ઞાને સહિત જે સ્નેહે કરીને સેવાવૃત્તિ તે ભકિત કહેવાય. ॥૧૭ ॥

અને શ્વેતદ્વીપ, બ્રહ્મપુર જે બ્રહ્મમોહોલ તથા ગોલોક, વૈકુંઠ આદિક જે ભગવાનનાં ધામ તેને વિષે જે દિવ્ય ઐશ્વર્યો રહ્યાં છે તથા દિવ્યસ્વરૂપ પાર્ષદો રહ્યા છે. ॥ ૧૮ ॥

પોતાની ઇચ્છાએ કરીને જીવના કલ્યાણને અર્થે મનુષ્યરૂપ થઇને પૃથ્વીને વિષે વિચરતા એવા

ભગવાન તેને વિષે તે ધામોનાંદિવ્ય ઐશ્વર્ય તથા દિવ્ય પાર્ષદો સર્વે રહ્યાં છે; એવી રીતે દિવ્યભાવે કરીને પ્રત્યક્ષ ભગવાનને જાણવા, તેને માહાત્મ્યજ્ઞાન કહીએ. ॥ ૧૯ ॥

એવી રીતે માહાત્મ્યજ્ઞાને યુક્ત ભગવાનને જાણીને શ્રવણ, કીર્તન, સ્મરણ, ચરણસેવન, અર્ચન, વંદન, દાસ્ય, સખ્ય અને આત્મનિવેદન એ નવ પ્રકારથી પ્રેમેયુક્ત ભગવાનનું સેવન કરવું, તે ભક્તિનું લક્ષણ છે. ॥ ૨૦ ॥

જે પોતાના ધર્મને વિષે રહી, જ્ઞાન વૈરાગ્યે સહિત ભક્તિ ભગવાનને વિષે કરે છે; તેઓને ઉત્તમ ભક્તો માનેલ છે. ॥ ૨૧ ॥

એવી રીતે ધર્મ જ્ઞાન વૈરાગ્ય ને ભકિતએ સંપન્ન સંત પુરુષો આ લોકને વિષે સદ્‌ગુરૂ કહેવાય છે અને એવા સાધુનાં દર્શન માત્રે કરીને સર્વ પાપ નાશ પામી જાય છે. ॥ ૨૨ ॥

પોતાને કર્મે કરીને સંસારને વિષે ભમતા





પુરૂષનું કલ્યાણ સ્વધર્મના પાળનાર ને ભગવાનના ભક્ત સાધુ, તેના આશ્રયથકી જ થાય છે. ॥ ૨૩ ॥

તે મોક્ષની ઇચ્છાવાળાએ એવા સાધુને સેવવા અને એવા મહાત્મા સદ્‌ગુરૂ સાધુની પૂજા કરવી. ॥ ૨૪ ॥

હે મુને ! ધર્મ બે પ્રકારનો માનેલો છે, એક પ્રવૃત્તિધર્મ અને બીજો નિવૃત્તિ ધર્મ, એ બેય પ્રકારનો ધર્મ ભગવાનના સંબંધથકી એકાંતિક ધર્મ કહેવાય છે. ॥૨૫॥

સનકાદિક ત્યાગીઓ નિવૃત્તિ ધર્મે એકાંતિક પણાને પામ્યા અને મરીચ્યાદિક પ્રજાપતિ આદિ ગૃહસ્થ, પ્રવૃત્તિ ધર્મે કરીને એકાંતિક પણાને પામ્યા. ॥ ૨૬ ॥

સાક્ષાત્ ભગવાનના ધામને પામવારૂપ આત્યંતિકી મુકિત તો એકાંતિક ધર્મે કરીને જ થાય છે, એકલા નિવૃત્તિ ધર્મથી અથવા એકલા પ્રવૃત્તિ ધર્મથી આત્યંતિકી મુકિત થતી નથી પણ બીજા લોકની પ્રાપ્તિ થાય છે. ॥ ૨૭ ॥





હવે એકાંતિક ધર્મનું સ્વરૂપ સારી પેઠે સમજાય તેવી રીતે અમે તમને કહીએ છીએ : તે ભગવાનના આશ્રય વિના શાસ્ત્રના ભણેલા એવા વિચક્ષણ પુરૂષને જાણવું, અતિશય કઠણ છે. ॥ ૨૮ ॥

હે મુને ! નેત્ર, શ્રોત્ર આદિક બહારની ઈન્દ્રિઓની તથા મન, બુદ્ધિ આદિક અંતઃકરણની સર્વે વૃત્તિઓ સહજ સ્વભાવે નિરંતર એક ભગવાનને વિષે જ પ્રીતિયે યુક્ત વરતતી હોય. ॥ ૨૯ ॥

તે પછી હિંસાએ રહિત તથા કોઇ ફળની ઇચ્છાએ રહિત થઇ, જ્ઞાન વૈરાગ્યે યુક્ત અને વેદે કહેલી પ્રવૃત્તિ અથવા નિવૃત્તિ ધર્મરૂપ કર્મ પુરૂષ કરે. ॥ ૩૦ ॥

તે એકાંતિક ધર્મ આત્યંતિક કલ્યાણ જે સાક્ષાત્ ભગવાનનું ધામ તેને પમાડનારો છે. એકાંતિક ધર્મેયુકત પુરૂષને મોટા સાધુ પુરૂષોએ એકાંતિક ભકત કહ્યા છે. ॥ ૩૧ ॥





સ્વધર્મ, જ્ઞાન અને વૈરાગ્યે યુકત ભગવાનને વિષે અનન્ય ભકિત છે લક્ષણ જેનું એવો એકાંતિક ધર્મ, થોડાક આત્મબળવાળા પુરૂષે ધારવો અતિશય કઠણ છે. ॥ ૩૨ ॥

એ એકાંતિક ધર્મને ધારવાવાળા પુરૂષ જે સમયે હોય તે સમયે એકાંતિક ધર્મ પ્રગટ થાય છે અને એવા પુરૂષ જ્યારે ન હોય ત્યારે તે અદશ્ય થઇ જાય છે. ॥ ૩૩ ॥

પ્રત્યક્ષ પ્રમાણ ભગવાનના સંગ થકી અથવા તે ભગવાનના એકાંતિક ભકતના સંગ થકી પુરૂષ એકાંતિક ધર્મ પામે છે, એ વિના બીજે કોઇ પ્રકારે ક્યારે પણ એ એકાંતિક ધર્મ પમાતો નથી. ॥ ૩૪ ॥

જે સમે જે દેશને વિષે અથવા જે પુરૂષને વિષે એ એકાંતિક ધર્મ રહ્યો હોય તે સમે તે ઠેકાણે સત્યુગની પ્રવૃત્તિ જાણવી. પણ ત્યાં ત્રેતા, દ્વાપર તથા કળિયુગની પ્રવૃત્તિ ન જાણવી. ॥ ૩૫ ॥

ગૃહસ્થોએ એકાંતિક ધર્મને આચરીને જીવની હિંસાએ રહિત એવા વિષ્ણુયાગ, દાન, વ્રત આદિક અનેક પ્રકારના દ્રવ્ય યજ્ઞોએ કરીને યથાવિધિ ભગવાનનું પૂજન કરવું. ॥ ૩૬ ॥

આ પૃથ્વીને વિષે ત્યાગીઓએ એકાંતિક ધર્મને આચરીને બ્રહ્મયજ્ઞ જે ભગવાન સંબંધી શાસ્ત્ર ભણવા, ભણાવવા, વિચારવા, પાઠ કરવો તથા ભગવાનના સ્વરૂપનું નિરૂપણ કરી દેખાડવું તેણે કરીને તથા તપયજ્ઞ જે દેહ ઇન્દ્રિઓ અંતઃકરણને દંડ દેવો તેણે કરીને તથા યોગયજ્ઞ જે અષ્ટાંગયોગ સાધવો એ આદિક જે યજ્ઞ તેણે કરીને ભગવાનને પૂજવા. ॥ ૩૭॥

તે યજ્ઞોને વિષે પૂજવા યોગ્ય બીજા દેવોને વિષે ભગવાનના ભક્તપણાની ભાવના કરીને અર્થાત્ ભગવાનના ભક્તપણાને પૂજવા પણ પૃથક્ મતિ ન કરવી. ॥ ૩૮ ॥

ભગવાનના એકાંતિક ભક્તો આ લોકમાં પંચભૂતના દેહનો ત્યાગ કરીને બ્રહ્મરૂપ ભાગવતી તનું પામીને ભગવાનના બ્રહ્મ ધામને પામે છે. ॥ ૩૯ ॥





હે મુને ! એકાંતિક ધર્મનું લક્ષણ સારી પેઠે સમજાય એવી રીતે મેં તમને કહ્યું, તે એકાંતિક ધર્મની પ્રાપ્તિને અર્થે પૂર્વે મોટા ઋષિઓએ ઉગ્ર તપ કર્યું હતું. ॥ ૪૦ ॥

તે માટે જે મુમુક્ષુ પોતાના આત્યંતિક કલ્યાણને ઇચ્છતો હોય તે એકાંતિક ધર્મ પાળે; તે પાળવે કરીને જન્મ મૃત્યુરૂપ સંસારથકી મુકાઇને ભગવાનના ધામને પામે છે. ॥ ૪૧ ॥

પૂર્વે જે જનો આત્યંતિકી મુક્તિ પામ્યા, તે પણ આ એકાંતિક ધર્મે કરીને પામ્યા છે; પણ બીજે સાધને નથી પામ્યા. ॥ ૪૨ ॥

હે મુને ! તમે આ એકાંતિક ધર્મનું પાલન કરીને અમારા આશ્રિત બીજા સર્વે ત્યાગી સાધુઓને તે પ્રમાણે જ વરતાવો; કારણ કે તમો તેવી રીતે વરતવા વરતાવવાને વિષે સમર્થ છો. ॥ ૪૩ ॥

આ પુણ્યમય અર્થાત્ આત્યંતિક મોક્ષ પમાડનારૂ અને ત્યાગી સાધુઓના એકાંતિક ધર્મરૂપ અમૃતને આ લોકને વિષે જે સાધુજનો સેવે, અર્થાત્ ભણી, સાંભળીને એ પ્રમાણે





વરતે; તેમને કાળરૂપ સર્પથી ભય ન થાય તથા વારંવાર જન્મમરણરૂપ સંસૃતિ ક્યારેય પણ ન થાય. ॥ ૪૪ ॥

હે મુને ! આ ત્યાગી સાધુના એકાંતિક ધર્મરૂપ અમૃત અતિશય પવિત્ર છે, સત્ અસત્ના વિવેકે યુક્ત અને અતિ ડહાપણે યુક્ત બુદ્ધિવાળા મોટા સાધુઓએ સર્વે કાળે સેવવા યોગ્ય છે ને સર્વ સંતાપને હરે એવું છે, એવી રીતના આ ધર્મામૃતનું આ લોકને વિષે જે ત્યાગી સાધુ પાન કરે છે અર્થાત્ અતિશય હેત ને આદરથી ભણીને, સાંભળીને તથા વિચારીને એ પ્રમાણે વરતે છે, તે ત્યાગી સાધુ જન્મ મરણના ભયથકી મુકાઇ ભગવાનના ધામને પામે છે,ને બ્રહ્મરૂપ થઇને અખંડ ભગવાનની સેવામાં રહે છે. ॥ ૪૫ ॥

इत्युक्तमाश्रुत्य स साधुधर्मवृन्दं सदीशेन मुनिः प्रसन्नः ।
स्वयं तथैवाऽनघ ! वर्तमानो ह्यवीवृतत्त्यागीजनांश्च सर्वान् ॥४६॥

સુવ્રત ઋષિ કહે છે : હે નિષ્પાપ પ્રતાપસિંહ ! એવી રીતે સત્પુરુષના સ્વામી શ્રી ભક્તિધર્મના પુત્ર શ્રી નારાયણ





મુનિએ કહેલા ત્યાગી સાધુના એકાંતિક ધર્મો સાંભળીને પ્રસન્ન થયેલા ગોપાળાનંદ મુનિ પોતે તેવી જ રીતે વરતતા થકા સર્વે બીજા સાધુઓને પણ તેવી રીતે વરતાવવા લાગ્યા. ॥ ૪૬ ॥

**એવી રીતે શ્રી અવતારિનારાયણના ચરિત્રરૂપ શ્રી સત્સંગીજીવન નામે ધર્મશાસ્ત્રને વિષે ચોથા પ્રકરણમાં ત્યાગી સાધુના ધર્મને વિષે જ્ઞાન વૈરાગ્ય ને ભક્તિના લક્ષણ (એકાંતિક ધર્મ)નું નિરૂપણ કર્યું, એ નામે છઠ્ઠો અધ્યાય થયો. ॥૬॥**

निजाश्रितानां साधूनां हिताय त्यागिनां भुवि ।
धर्मामृतमिदं पुण्यं कृपया हरिणोदितम् ॥१॥

આ પૃથ્વીને વિશે પોતાના આશ્રિત ત્યાગી સાધુઓના હિતને અર્થે આ પવિત્ર ધર્મામૃત શ્રીહરિએ કૃપા કરીને કહ્યું છે. ॥ ૧ ॥

ત્યાગી સાધુને સંતોષ પમાડનારી ધર્મામૃતની આ ટીકા, શ્રીહરિ તથા શ્રીહરિના સંતનો સેવક શુકાનંદ જે હું તેણે

સંતની આજ્ઞાએ કરીને લખી છે. સંવત્ ૧૮૯૦ અઢારસોને નેવુંના પોષ સુદિ છઠ્ઠ્ય ને ગુરૂવારને દિવસ ધર્મામૃતની ટીકા સંપૂર્ણ થઇ છે. ।।૨-૩।।

શ્રીભક્તિ ધર્મના પુત્ર શ્રીહરિ આ ટીકા લખવે કરીને મારી ઉપર સર્વે પ્રકારે પ્રસન્ન થાઓ તથા તે શ્રીહરિના એકાંતિક ભક્ત ત્યાગી સાધુ પણ મારી ઉપર સર્વ પ્રકારે પ્રસન્ન થાઓ ।।૪।।

## સંતના ત્રીશ લક્ષણો

૧. કૃપા ૨. અદ્રોહ ૩. ક્ષમા ૪. સત્ય ૫. અદ્વેષ ૬. સમાનતા ૭. ઉપકાર ૮. અકામ ૯. જીતેંદ્રિયપણું ૧૦. કોમળતા ૧૧. નિર્મળતા ૧૨. અસંગ્રહ ૧૩. સદાચાર ૧૪. લઘુઆહાર ૧૫. શાંતિ ૧૬. સદ્વિચાર ૧૭. ભગવદાશ્રય





૧૮. સાવધાનતા ૧૯. નિર્વિકારતા ૨૦. ધૈર્ય ૨૧. ગાંભીર્ય ૨૨. દયા ૨૩. છ ઊર્મિ રહિતપણું ૨૪. નિર્માનતા ૨૫. વિવેક ૨૬. ઉપદેશ શક્તિ ૨૭. જ્ઞાતાપણું ૨૮. સુહૃદપણું ૨૯. શ્રદ્ધા ૩૦. ભગવત્‌પરાયણતા.

# નિષ્કામ શુધ્ધિ





षष्ठया निशागम राजन्सदस्युच्चासनास्थतम् ।
ब्रह्मानन्दो मुनीन्द्रस्तं प्रणम्याऽपृच्छदीश्वरम् ॥ १ ॥

સુવ્રત નામે ઋષિ પ્રતાપસિંહ રાજા પ્રત્યે કહે છે : હે રાજન્ ! છઠ્ઠ્યને દિવસે સંધ્યા આરતિ થયા પછી સભાને વિષે ઊંચા સિંહાસન ઉપર વિરાજમાન સાક્ષાત્ નારાયણ શ્રી સહજાનંદ સ્વામીને નમસ્કાર કરીને મુનિ શ્રેષ્ઠ બ્રહ્માનંદ મુનિએ પુછ્યું. ॥ ૧ ॥

હે ભગવન્ ! આ ઉદ્ધવ સંપ્રદાયમાં તમારા ભક્ત અમે ઘણાક પુરૂષો નિષ્કામ બ્રહ્મચર્ય વ્રતને આચર્યા છીએ. ॥ ૨ ॥

હે સ્વામિન્ ! અમને ક્યારેક સ્ત્રીના સંબંધે કરીને બ્રહ્મચર્ય વ્રતનો ભંગ થઇ જાય તેની શુદ્ધિનું જે પ્રાયશ્ચિત તે જેમ હોય તેમ કહેવાને તમે યોગ્ય છો. ॥ ૩ ॥

શ્રી નારાયણ મુનિ કહે છે : હે મુને ! જાણીને બ્રહ્મચર્ય વ્રતનો ભંગ ક્યારેય ન કરવો, અજાણે તે વ્રતનો ભંગ થઇ જાય તો તેની શુદ્ધિ તત્કાળ કરવી. ॥ ૪ ॥

તે શુદ્ધિએ કરીને અષ્ટ અંગેયુક્ત બ્રહ્મચર્ય વ્રતનું





રક્ષણ થાય છે, તેથી ભગવાનના ત્યાગી ભક્તોને એકાંતિકપણું પ્રાપ્ત થાય છે, તે માટે શુદ્ધિ કહિએ છીએ. ॥ ૫ ॥

નિષ્કામવ્રત પાળનારો પુરૂષ સ્ત્રીઓની વાર્તા પ્રીતિએ કરીને કાન દઇને ક્યારે પણ સાંભળે તો એક ઉપવાસ કરે. ॥ ૬ ॥

નિષ્કામ વ્રતવાળો પુરૂષ શ્રીમદ્ ભાગવતાદિક સત્શાસ્ત્રના પ્રસંગ વિના બીજી સ્ત્રીઓના ગુણ અવગુણ ની વાર્તા કરે તો એક ઉપવાસ કરે. ॥ ૭ ॥

રસમંજરી ને રસિક પ્રિયા આદિક અસત્કાવ્યને વિષે વર્ણન કરેલા મુગ્ધા મધ્યા આદિક સ્ત્રીઓના ભેદ જો નિષ્કામ વ્રતવાળો પુરૂષ સાંભળે અથવા તે ભેદનું પ્રીતે વર્ણન કરે તો એક ઉપવાસ કરે. ॥ ૮ ॥

સ્વધર્મે ઇત્યાદિ રમત કરતી સ્ત્રીઓને જોતો થકો મૂરખની પેઠ ઘડીક્વાર ઉભો રહે, તો નિષ્કામ વ્રતવાળો પુરૂષ એક ઉપવાસ કરે. ॥ ૯ ॥

સ્ત્રીની દૃષ્ટિ સંઘાથે પોતાની દૃષ્ટિને બાંધતો થકો ક્ષણમાત્ર પણ જો તે સ્ત્રીને જુએ તો એ નિષ્કામ વ્રતવાળો પુરૂષ એક ઉપવાસ કરે. ॥ ૧૦ ॥



સ્ત્રીના અંગ ઉપર રહેલા વસ્ત્રનો જો સ્પર્શ થાય તો નિષ્કામ વ્રતવાળો પુરૂષ એક ઉપવાસ કરે અને સ્ત્રીના હાથ પગ આદિક અંગનો જો સ્પર્શ થાય તો એક ઉપવાસ કરે, સ્ત્રીને પહેરવાના વસ્ત્રનો જો સ્પર્શ થાય તો એક ઉપવાસ કરે તે વસ્ત્ર જો ધોયું થકું ભીનું હોય, અથવા સુકાયેલું હોય અથવા નવું હોય ને અડી જવાય તેનો ઉપવાસ નહિ, સ્ત્રીએ પોતાના અંગ ઉપરથી ઉતારી મુકેલા વસ્ત્રને અડી જવાય તો એક ઉપવાસ કરે. ॥ ૧૧ ॥

નિષ્કામ વ્રતવાળો પુરૂષ ભગવાનની વાર્તા સ્ત્રીને સંભળાવવા સારૂ પુરૂષની આગળ કરે તો

*।। શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ।।*

# હરિભક્તોને વર્ત્યાની રીતિ

**ભગવાન શ્રી સ્વામિનારાયણે શિક્ષાપત્રીમાં દર્શાવેલા, સત્સંગીઓએ પાળવાના અગિયાર નિયમો**

૧. જીવની હિંસા શરીર, મન કે વચનથી ન કરવી.
૨. પરસ્ત્રીનો સંગ ન કરવો.
૩. ક્યારેય, કોઈ પ્રકારે માંસ ન ખાવું.
૪. દવાના રૂપમાં પણ દારૂ ન પીવો.
૫. વિધવા સ્ત્રીનો સ્પર્શ ન કરવો.
૬. તીર્થમાં પણ આત્મઘાત ન કરવો.
૭. ધર્મ કાર્ય માટે પણ ચોરી ન કરવી.
૮. કોઈને માથે મિથ્યા કલંક ન દેવું.
૯. કોઈપણ દેવની નિંદા ન કરવી.
૧૦. જેનું ન ખપતું હોય તેનું અન્નજળ ન ખાવું.
૧૧. વિમુખ જીવના મુખથી ભગવાનની કથાવાર્તા ન સાંભળવી.(જો સાંભળે તો ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય,ભક્તિએ સહિત મોક્ષના માર્ગથી પડી જાય.)





**ભગવાનના ભક્તોએ ધ્યાનમાં રાખ્યા જેવી અતિ-આવશ્યક બાબતો**

**૧. નિયમ :** ઉપરોક્ત નિયમોનું પાલન કરવું અને સ્નેહીજનો પાસે પાલન કરાવવું.

**૨. નિશ્ચય :** નિર્વિકલ્પ નિશ્ચય એવો હોય કે, મને મળ્યા જે ભગવાન તે જ સર્વના કારણ સર્વોપરી છે. બીજા ગમે તેવા મુકતાનંદસ્વામી જેવા ઉચ્ચકોટિનાં સંત હોય, તો પણ તેઓ ભગવાનનાં દાસ જ છે. માટે તેનું ધ્યાન તથા આરતી ન કરી શકાય અને થાય તો નિશ્ચયમાં ભંગ કહેવાય અને મોક્ષમાં પણ વિઘ્ન છે.(પ.પૂ.આચાર્ય મહારાજશ્રી તો ભગવાનનું અપર સ્વરૂપ છે માટે તેની આરતી થઈ શકે.)

**૩. પક્ષ :** સાંપ્રદાયિક સત્સંગી અને સંત-સર્વને સાચા સગા સમજીને તેમનો પોતાનાં કુટુંબીના જેવો શિરસાટે પક્ષ રાખવો. સાચા સંત અને સત્સંગીની એ જ ઓળખાણ છે કે, શ્રીહરિએ કહેલા પંચવર્તમાન યથાવત પાળતા હોય તથા 'શ્રીહરિચરિત્રામૃત સાગર' માં કહેલાં સત્સંગના સ્થંભરૂપ એવા-દેવ (૧) આચાર્ય (૨) શાસ્ત્ર (૩) અને મંદિર (૪) આ





ચારને પ્રતિપાદન કરતાં હોય અને તેમાં વળગી રહેલાં હોય એવા સંતો તથા તેને અનુસરતા એવા સત્સંગીઓ તેનો પક્ષ રાખવો. તથા **ગોપાળાનંદ સ્વામીએ કહ્યું છે** જે-પુરૂષોત્તમ ભગવાને આચાર્યજી મહારાજને આજ પોતાના દત્તપુત્ર કરીને સર્વે સાધુ તથા સત્સંગીના ગુરૂ કરીને પોતાની ગાદી ઉપર બેસાડ્યા છે, તેમાં તથા લક્ષ્મીનારાયણ આદિક જે મૂર્તિઓ પોતે પધરાવી છે તેમાં પણ પોતાના અવતાર જેટલું દૈવત પોતે મુક્યું છે. માટે તે આચાર્ય તથા પોતાની પધરાવેલી જે મૂર્તિઓ તેને અવતારી જે પુરૂષોત્તમ ભગવાન તેના અવતાર જેવા તો જાણવા અને જેમ અવતારને અર્થે કરે તેને પોતે અંગીકાર કરે છે તેમજ આચાર્યજીને અર્થે તથા પોતાની પધરાવેલી જે મૂર્તિઓ તેમને અર્થે જે સેવા કરે તે પોતે અંગીકાર કરે છે. તેમજ દેવ-આચાર્યશ્રીને અર્થે કોઈક સેવા કરતા હોય તેને અવળી વાત કહીને ભાંગી નાખે તથા એમ કહે જે, આચાર્યને અને લક્ષ્મીનારાયણ આદિક દેવને ક્યાં ખોટ છે ? માટે કાંઈ ધર્માદાનું હોય તથા નામનું હોય તે સંતને અર્થે ખર્ચો. કેમ કે જે સંતને અર્થે જે જે કરે છે, તે તત્કાળ ઊગી નિસરે છે. એમ અવળો ઉપદેશ





કરીને પોતાની શુશ્રુષાને અર્થે બીજાને મોળા પાડે છે તથા કોઈ સારો મનુષ્ય હોય, ને તે દેવની તથા આચાર્યની સેવા કરતો હોય તેને પોતાની સેવા કરાવ્યાને અર્થે અવગુણ ઘાલીને તેમની સેવામાંથી પાછા પાડીને પોતાની સેવા કરાવે તો તેને પંચ મહાપાપ જેવું પાપ થાય છે. માટે આ કહ્યું એમ સમજે તો જ શુદ્ધ સંપ્રદાયનું જ્ઞાન પામ્યા કહેવાય, નહીં તો અશુદ્ધ સંપ્રદાયનું જ્ઞાન કહેવાય ને આ વાત તો કેવી છે, તો જેમ હીરો હોય ને તેને જતન કરીને રાખે તેમ આ વાતને હીરાની પેઠે નિત્યે નવી ને નવી રાખજો. પણ ગાફલપણે કરીને ભૂલશો મા જરૂર ભૂલશોમા, કેમ કે આ વાતને જે ન સમજે તેને મોક્ષના માર્ગમાં બહુ ફેર પડે છે.(પ્ર-૩. વાત-૮) તથા ગોપાળાનંદ સ્વામીની બે પ્રકરણની વાતોમાં **પ્ર-૨ વાત-૨૫૦** (ત્રણ પ્રકરણની વાતોમાં પ્ર-૧ વાત/૨૬૫)મુજબ એકાંતિક ભક્તની વૃત્તિમાં ભગવાન રહ્યા હોય એવાનું વર્તન કેવી જાતનું હોય ? **ઉત્તરઃ**-એની જે ક્રિયા તે આચાર્યજી મહારાજને અર્થે હોય કે મંદિરને અર્થે હોય પણ પોતાને અર્થે ન હોય તથા **શુકાનંદસ્વામી**એ **વાત-૯** માં કહ્યું છે કે **મુક્તાનંદસ્વામી**ને દેહ મૂકવા આડા ત્રણ દિવસ

રહ્યા ત્યારે કહે : 'હવે મંદવાડ કશો નથી. હવે તો સાજા થયા તે ગાડી ઉપર બેસીને દેશમાં ફરશું ને મોટામોટા શહેરમાં વાતો કરીને આચાર્ય મહારાજશ્રીની પધરામણી કરાવશું ને શુધ્ધ સંપ્રદાયની પ્રતિષ્ઠા કરીશું' તેમજ **શુકમુનિ**ની **વાત-૪૦** માં કહ્યું છે જે-ભગવાન રાજી કેમ થાય? **ઉત્તર :-** રાજી થાય એવો ખપ જોઈએ. તેમાં ગૃહસ્થને દેવની તથા આચાર્યની દશોંદ-વિશોંદ ધર્માદો અને નામની સેવા કરવી અને ત્યાગીને દેહે કરીને સેવા કરવી તો ભગવાન રાજી થાય. એવી રીતે વર્તતા એવા સંત તથા સત્સંગીઓ તેમનો પક્ષ રાખવો. તેમનો પક્ષ રાખતા જીવો યા મરો પણ તેનું અવશ્ય કલ્યાણ જ છે. એવા સંત-સત્સંગી ભગવાનનાં ધામમાં શ્રીહરિની સમીપની સેવાને પામે છે અને એ જ મરજી પ્રમાણે વર્તનારાં છે.

**૪. ભક્તિ :** માહાત્મ્યજ્ઞાને યુક્ત એકાંતિકી ભક્તિ કરવી. ભગવાન સિવાય કોઈ દેવ-દેવી કે સંતનું ધ્યાન કદાપિ ન કરવું. પતિવ્રતાની ભક્તિ કરવી. વેશ્યાની જેવી ભક્તિ ન કરવી. (ગ.મ.પ્ર.નું ૧૯મું વચનામૃત)

**૫. દ્રોહ :** ભગવાનનાં ભક્તનો મન, વાણી અને કર્મથી કોઈ





પ્રકારે દ્રોહ ન કરવો.

**૬. દોષ :** ભગવાનનાં ભક્તમાં કોઈપણ પ્રકારનો દોષ ન રહેવો જોઈએ. તેમજ પંચવર્તમાને યુક્ત એવા સંતો-ભક્તોનો પણ દોષ જોવો ન જોઈએ.

**૭. સમાગમ :** ભગવાનના માર્ગે આગળ વધવા માટે તથા પોતાના આત્માનું કલ્યાણ કરવા ઈચ્છનારે એકાંતિક સંત તથા હરિભક્તનો સમાગમ નિત્ય પ્રત્યે કરવો.

**૮. વિવેક :** ધર્મકુળનાં વંશજ આચાર્યો, તેમનાથી દિક્ષા તથા મંત્ર પામેલા સંતો, શ્રીહરિએ તથા આચાર્યજીએ પધરાવેલી મૂર્તિઓ તેમજ શ્રીજી મહારાજે રચાવેલાં શાસ્ત્રોને અને વર્તમાનકાળે આચાર્ય મહારાજે આશિષરૂપ આજ્ઞાપત્ર આપેલા શાસ્ત્રોને જ શ્રીસ્વામિનારાયણ સંપ્રદાયનાં માનવા, તો જ શ્રીજી મહારાજ રાજી થશે અને તો જ આત્યંતિક કલ્યાણ થશે તેમજ પરમપદની પ્રાપ્તિ થશે. આ વાત વિવેકી સત્સંગીઓએ ખાસ ધ્યાનમાં રાખવી.

**૯. દૈનિક ક્રિયા :** (૧) સૂર્ય ઉગ્યા પહેલાં સવારે ૪ થી ૫ ના





સમયને બ્રાહ્મમુહૂર્ત કહેવાય છે તે બ્રાહ્મમુહૂર્તમાં ઉઠવું.

(૨)પથારીમાં બેસીને જ ભગવાનમાં વૃત્તિ રાખીને **ધ્યાન** કરવું.

(૩) મળત્યાગ બાદ **શૌચવિધિ** કરવા માટે શુધ્ધ મૃત્તિકા(ધૂળ) અથવા પાવડરથી ડાબો હાથ દસ વખત ધોવો,તેમજ બન્ને હાથ ભેગાં કરીને સાતવાર ધોવા અને બન્ને પગનાં તળિયા ત્રણવાર ધોવા.(સાબુથી નહિ)

(૪) એક સ્થળે બેસી મૌન રાખીને ધોયેલું **દાતણ** કરવું, ઉલ ઉતારી ચીરી ધોઈને કચરા પેટીમાં નાંખવી.(જો બ્રશ કરતા હોઈએ તો આયુર્વેદિક જ ટુથપેસ્ટ પાવડર તથા ટયુબ વાપરવી. અન્ય ટુથપેસ્ટોમાં હાડકાનો ભુકો, ચરબી વગેરે અયોગ્ય પદાર્થ નાખવામાં આવે છે માટે તે ન વાપરવા) વ્રત-ઉપવાસને દિવસે દાતણ ન કરવું. પણ બાર કોગળા કરીને મુખશુદ્ધિ કરવી.

(૫) 'સ્વામિનારાયણ' 'સ્વામિનારાયણ' નામમંત્ર સાથે નારાયણસરોવર, ઉન્મત્ત ગંગા (ઘેલા નદી),ગોમતી વગેરે તીર્થક્ષેત્રોને યાદ કરીને પવિત્ર ઠંડા પાણીથી **સ્નાન** કરવું. આપત્કાળે ગરમ પાણીથી સ્નાન કરવાનો દોષ નથી.





(૬) સ્નાન કરીને,નાહ્યા પહેલાં શુધ્ધપણે મૂકેલ હોય તેવાં પવિત્ર વસ્ત્રથી શરીર લૂછવું.પૂજામાં પહેરવા માટે વસ્ત્ર, રેશમી-ગરમ કે અન્ય પવિત્ર હોય તેવું; ચાર મીટર લાંબુ એક પહેરવા માટે,તથા બીજુ ઓઢવા માટે ત્રણ મીટરનું, એમ બે વસ્ત્રો રાખવા. તે વસ્ત્ર સ્ત્રીઓએ તથા ધોબીએ ધોયેલા ન હોય, પવિત્ર જળથી ધોયેલા હોય, નાહ્યા વગર અશુધ્ધ શરીરે સ્પર્શ કર્યો ન હોય તેવા રાખવા.

(૭) ઊન-રેશમી આદિક **પવિત્ર આસન** કે જે પર સારી રીતે બેસી શકાય તે પર બેસીને પૂર્વમુખે અથવા ઉત્તરમુખે બેસીને પૂજા કરવી, સુતરાઉ આસન ઉપર બેસીને પૂજા કરનાર વ્યક્તિને પૂજાનું યથાર્થ ફળ મળતું નથી એમ શિક્ષાપત્રી ભાષ્યમાં કહ્યું છે, ત્રણ વખત **આચમન** કરવું. આચમન કરી, શિખા બાંધતી વખતે ''श्रीधर ! श्रीपते ! स्वामिन् ! भक्तानामभयंकर ! तिष्ठ देव शिखाबन्धे स्वामिनारायण प्रभो ! ॥'' એ મંત્ર બોલી શિખા બાંધવી. પછી **તિલકચાંદલો** કરવો. ફરી ત્રણવાર આચમન કરવું. પછી શાસ્ત્રોક્ત વિધિ મુજબ **માનસીપૂજા** કરવી. **આવાહન** મંત્ર બોલી ભગવાનને રેશમી અથવા

મખમલના પવિત્ર કટકા વડે માર્જન કરવું. (ભગવાનની મૂર્તિને લુછવી) નિયમ મુજબ ધ્યાન, માળા, સ્તુતિ, દંડવત કરવા. ત્યાર બાદ **વિસર્જન** મંત્ર બોલી ભગવાનની મૂર્તિ સંકેલી લેવી. જે પુરુષભક્તોએ પ.પૂ.ધ.ધુ.૧૦૦૮ આચાર્ય મહારાજશ્રી પાસેથી **ગુરૂમંત્ર** લીધો હોય અને જે સ્ત્રીભક્તોએ પ.પૂ.ધ.ધુ.૧૦૦૮ આચાર્ય મહારાજશ્રીના ધર્મપત્ની પ.પૂ.અ.સૌ.ગાદીવાળા માતુશ્રી પાસેથી ગુરૂમંત્ર લીધો હોય તેમણે તે મંત્રની દરરોજ ઓછામાં ઓછી બે માળા ફેરવવી. જેણે ગુરૂમંત્ર લીધો ન હોય તેમણે અવશ્ય તે મંત્ર લેવો. **શિક્ષાપત્રી**નો **પાઠ** શક્તિ અનુસાર કરવો. ત્યાર બાદ વ્યવહારિક કામકાજ કરવું. પૂજા કરતી વખતે સંપૂર્ણ મૌન રાખવું.પૂજામાં ભગવાન સિવાય કોઈપણ મનુષ્ય, દેવ કે સાધુની મૂર્તિ ન રાખવી.

(૮) દિવસ દરમ્યાન પાંચ વખત **માનસીપૂજા** કરવી. **પહેલી**-સવારે પૂજા કરતી વખતે પાંચ વાગ્યે, **બીજી**-બપોરે અગિયારથી બાર વાગ્યે થાળ ધરાવવાના સમયે,**ત્રીજી**-ઉત્થાપન સમયે ચાર વાગ્યે, **ચોથી**-રાત્રે જમવાના સમયે આઠ થી દસ વાગ્યા સુધીમાં





અને **પાંચમી**-રાત્રે નવથી દસ વાગ્યે પોઢાડતી વખતે.

(૯) ભગવાનના ભક્તોએ દરેક વસ્તુ ભગવાનને ધરાવીને જ વાપરવી. ભગવાનને અર્પણ કર્યા વગરની વસ્તુઓ ભક્તને મોક્ષ માર્ગમાં વિઘ્ન કરનારી છે.

(૧૦) ભગવાનની પ્રસાદી અથવા જળ નીચે બેસી જમણા હાથથી લેવી.

(૧૧) શાસ્ત્રમાં કહ્યા મુજબ ગૃહસ્થ સત્સંગીભાઈઓએ ઋતુ પ્રમાણે **ઉત્તમ બ્રહ્મચર્ય** વ્રત પાળવું. તેની વિગત :- સ્ત્રી **માસિક**માં આવ્યા બાદ સોળ દિવસ **ઋતુકાળ** કહેવાય છે તેમાં સંગ નહીં કરવાના દિવસો-પ્રથમ ચાર દિવસ, નવમી, દશમી, અગિયારસ, બારસ,પૂનમ, અમાસાદિક ઉપવાસ અને શ્રાદ્ધનો દિવસ તથા તેનો પૂર્વ દિન તથા માસિક આવે ત્યાં સુધીનાં દિવસોમાં સ્ત્રી સંગ ન કરવો. નિષેધ કરેલા દિવસોમાં સ્ત્રી સંગ કરનારને કૂતરા-બિલાડાના જન્મ આવે છે. **(સત્સંગીજીવન પ્રકરણ-૫, અધ્યાય-૮)** રજસ્વલા સ્ત્રીને ધાવણો બાળક અડે તો છાંટ નાંખી, ખાવા શિખેલ બાળકને આચમન કરાવીને અને આઠ વર્ષ પછીના બાળકને વસ્ત્ર સહિત





સ્નાન કરાવવાથી શુદ્ધ થાય છે.

(૧૨) સૂર્ય કે ચંદ્રનું **ગ્રહણ** થતાં પહેલા પવિત્ર થઈ સર્વે ક્રિયાનો ત્યાગ કરી પ્રભુ-સ્મરણ કરવું. ગ્રહણ મૂકાય ગયા બાદ વસ્ત્ર સહિત સ્નાન કરી યથાશક્તિ દાન કરવું.

(૧૩) નિત્ય પ્રત્યે સંધ્યા સમયે ભગવાનનાં મંદિરે જઈ ઉચ્ચ સ્વરે કીર્તન કરવા તથા કથાવાર્તા સાંભળવી. મંદિરમાં ગ્રામ્યવાર્તા કરવાથી ભગવાન કુરાજી થાય છે.

(૧૪) પોતાની આવકમાંથી યથાશક્તિ દશમો યા વીશમો ભાગ ધર્માદો કરવાથી **દ્રવ્યની શુદ્ધિ** થાય છે. તે શુદ્ધ દ્રવ્યથી જ સુખ-શાંતિ મળે છે. અન્યથા સંસારમાં આવતી અનેક ઉપાધિઓના મૂળમાં આ આજ્ઞાનો લોપ હોય છે.

(૧૫) દરેક મહિનાની સુદિ અને વદિ એકાદશી તથા દરેક મહિનાની સુદિ નવમી (હરિજયંતિ) શાસ્ત્ર પ્રમાણે કરવી.

(૧૬) ભગવાન જમતા હોય અગર પોઢ્યા હોય ત્યારે દંડવત્-પ્રદક્ષિણા કે વાતો ન કરવી.

(૧૭) તેલ,ઘી, દૂધ અને પાણી કપડા વડે ગાળીને જ વાપરવું.





જેના હાથનું ખપે નહીં તેનું અન્ન તથા તેના પાત્રનું જળ ન લેવું. અને જેને પોતાના હાથનું ન ખપતું હોય તેને અન્ન તથા જળ ન દેવું.

(૧૮) સંડાસ જઈ આવ્યા પછી તથા પરસ્ત્રીનો સ્પર્શ થઈ જાય, તથા અસત્ શુદ્રને અડી જવાય, તથા દાઢી-હજામત કરાવ્યા બાદ સ્નાન કરવું.

(૧૯) એકાદશી આદિ વ્રતના દિવસોએ તેમજ અન્ય દિને દિવસે સુવાથી બ્રહ્મચર્યનો નાશ થાય છે. તેથી દિવસની નિદ્રાનો ત્યાગ કરવો.

(૨૦) બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય ભક્તોએ જનોઈ તથા માથે શિખા(ચોટલી) રાખવી. ન રાખે તો કર્મફળની સિદ્ધિ થતી નથી ને શાસ્ત્રમાં તેને શુદ્ર સમાન ગણેલાં છે. દ્વિજ હોય તેને જ મહામંત્ર - ભાગવતી દીક્ષાનો અધિકાર છે. **(સ.પ્ર.૫.અ.૩)**

જે કોઈ સત્સંગીઓ ઉપર પ્રમાણેનાં નિયમો તથા પ્રથા પ્રમાણે વર્તશે, વર્તાવશે તેની ઉપર ભગવાન શ્રી સ્વામિનારાયણનો પૂર્ણ રાજીશો થશે અને અંતકાળે

અક્ષરધામમાં પોતાનાં સાનિધ્યનું સુખ આપશે, એ નિર્વિવાદ વાત છે.

## દેવની મર્યાદા

**દેવ :-** ભગવાન શ્રીહરિએ સ્વહસ્તે સ્થાપિત દેવની ધાતુ, પાષાણ, કાષ્ઠ કે ચિત્રની મૂર્તિઓ તથા પંચદેવની પ્રતિમાઓમાં તથા ભગવાન શ્રી સ્વામિનારાયણે પોતાના સ્થાને અપર સ્વરૂપે ગાદી પર વિરાજમાન કરેલા આચાર્યશ્રીએ પ્રતિષ્ઠા કરેલ મૂર્તિઓ અથવા પૂજવા માટે આપેલ ચિત્ર પ્રતિમાઓમાં પ્રત્યક્ષ દેવ બિરાજે છે, એવો ભાવ રહે તો જ દેવની મર્યાદા રહી શકે. મૂર્તિની પૂજા કરનાર પૂજારીએ મૂર્તિમાં પ્રત્યક્ષ દેવ બિરાજમાન છે તેવો ભાવ રાખી પૂજા કરવી જોઈએ.

'' પરમેશ્વરે પોતાની આજ્ઞાએ કરીને જે મૂર્તિ પૂજવા આપી હોય તે મૂર્તિ અષ્ટ પ્રકારની કહી છે. તેમાં પોતે સાક્ષાત્ પ્રવેશ કરીને વિરાજમાન રહે છે. તે મૂર્તિને ભગવાનનો ભક્ત પૂજતો હોય ત્યારે જેમ પ્રત્યક્ષ ભગવાન વિરાજતા હોય અને તેની મર્યાદા રાખે તેમ તે મૂર્તિની પણ રાખવી જોઈએ. તેમજ સંતના હૃદયમાં ભગવાનની મૂર્તિ રહી છે તે સંતની પણ મર્યાદા રાખવી





જોઈએ. જ્યારે એ ભગવાનને અંતર્યામી જાણીને મર્યાદા નથી રાખતો તો એને ભગવાનનો નિશ્ચય જ નથી.'' **(વ.ગ.પ્ર.-૬૮)**

ભગવાનની મૂર્તિને વાંસો દઈને બેસવું નહિ. ભગવાનની મૂર્તિ સામે બુટ-ચંપલ પહેરીને ન જવું. દર્શન કરતી વખતે હાથમાં લાકડી કે છત્રી જેવા સાધન ન રાખવા. (વૃદ્ધ, રોગી કે અપંગ વ્યક્તિ લાકડીનો ટેકો રાખી શકે છે.)

મૂર્તિ સામે ફૂલનો હાર પહેરીને જવું નહિ.

મળ ત્યાગ કરી સ્નાન કરવું અને ધોયેલા સ્વચ્છ કપડાં પહેરીને જ મંદિરમાં જવું, બેસણામાં જઈ આવ્યા પછી સ્નાન કરીને ભગવાનનાં દર્શને જવું.

ભગવાનની મૂર્તિ સામે પગ ઉપર પગ ચઢાવીને કે ઢીંચણ બાંધીને બેસવું નહિ. **(શિ.શ્લો.-૭૦)**

ભગવાનના દર્શન કરતી વખતે પાન ન ખાવું, જોરથી હસવું નહિ, ક્રોધ કે કુચેષ્ટા ન કરવી. સ્ત્રીઓ સાથે વાતચીત કે સ્પર્શ ન કરવો.





ભગવાન પોઢ્યા હોય કે થાળ જમતા હોય ત્યારે પ્રદક્ષિણા કે દંડવત્ કરવા નહિ.

ઉત્સવના દિવસે કે નિત્ય પ્રત્યે મંદિરમાં સ્ત્રી, પુરૂષોએ પરસ્પર સ્પર્શ ન કરવો. **(શિ.શ્લો.-૪૦)**

ગુરૂ, દેવ અને રાજાના દર્શને ઠાલે હાથે ન જાવું. **(શિ.શ્લો.-૩૭)**

દેવ-દર્શને જવું ત્યારે ફળ, ફૂલ, મીઠાઈ કે ધન-ધાન્યાદિક અર્પણ કરવું, ધન દાનપેટીમાં મૂકવું પણ છૂટો ઘા કરી ફેંકવું નહિ.

દેવ-મંદિરમાં માથા પરની ટોપી, પાઘડી, હેટ કે સાફો હાથમાં લઈ દર્શન કરવા. ખુલ્લા મસ્તકને નમાવી ''હું તમારે શરણે આવ્યો છું.'' એવા ભાવથી દર્શન કરવા.

## -: સાષ્ટાંગ તથા પંચાંગ નમસ્કાર :-

આપણા સંપ્રદાયની વિશેષતા દંડવતે કરીને છે.

**પુરૂષો માટે આઠ અંગ :-** ૧.હાથ ૨.પગ ૩. ઢીંચણ ૪.છાતી





૫.મસ્તક ૬.મન ૭.વાણી ૮.દ્રષ્ટિ તેણે સહિત સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરવા.

**સ્ત્રીઓ માટે પાંચ અંગ :-** ૧.હાથ ૨. મસ્તક ૩. મન ૪. વાણી અને ૫. દ્રષ્ટિએ સહિત પંચાંગ નમસ્કાર કરવા.

દેવના દર્શન કરતી વખતે ભગવાને પહેરેલાં શણગારના ઘરેણાં અને વસ્ત્રે સહિત અંગો અંગ નીરખવા.

દર્શન કરતી વખતે અન્ય હરિભક્તોને અડચણ ન થાય તે જોવું. સભા મંડપમાં કથા સાંભળવા અવશ્ય બેસવું.

દેવ-દર્શન સમયે નિજ મંદિરમાં એક બીજાને પગે લાગવા પૂર્વક વંદન તથા ઉંચા સ્વરથી જય સ્વામિનારાયણ ન કહેવા, અને તે વખતે વડીલો કે સંતોને પણ પગે ન લગાય. હાથમાં ગૌમુખી-માળા હોય તે હાથ વડે ચરણ સ્પર્શ ન કરવો.

સંત કે મોટા હરિભક્ત દંડવત્ કરતા હોય ત્યારે પ્રસાદ, ફુલ કે તુલસી લેવા માટે આગળ ઊભા ન રહેવું.

દર્શન વખતે આગળ હોઈએ કે પાછળ તેમાં કોઈ ફરક પડતો નથી. શાંતિથી એક ચિત્તે દર્શન કરીએ તો ફળ વધારે

મળે છે. મૂર્તિના દર્શન વખતે મનને મૂર્તિમાં પરોવવું. મૂર્તિની સામે ઊભા રહી મન બીજે રહે તેને દર્શનનું કાંઈ ફળ મળતું નથી.

ઘર વિશાળ હોય તો પૂજાનો રૂમ અલગ રાખવો. શક્ય હોય તો ભગવાનનાં સિંહાસન પાસે (T.V.) રેડિયો કે ઘરની અન્ય વસ્તુઓ ન રાખવી.

સવાર-સાંજ ભગવાનની આરતી, થાળ, જગાડવા, પોઢાડવા વિગેરે સેવા પ્રત્યક્ષ માનીને કરવી.

આરતી-નિત્યનિયમના સમયે ઘરના દરેક સભ્યોએ તેમાં જોડાઈ જવું.

બહાર ગામ જવાનું થાય ત્યારે પાણી ધરાવી પડદો રાખી પ્રાર્થના કરવી, ‘‘હે મહારાજ! અમારે બહાર ગામ જવાનું છે તો આપ મંદિરમાં મૂર્તિ ભેગા થાળ વિગેરે જમવા પધારજો.’’

સવારમાં નિત્યપૂજા-વિધિ થઈ ગયા પછી **પૂજાપેટી** સારી જગ્યાએ સિંહાસન, કબાટ કે થેલીમાં મર્યાદા જળવાય ત્યાં રાખવી.





બહારગામ જવાનું હોય ત્યારે પૂજા અવશ્ય સાથે લઈ જવી. દરરોજ ધોતિયું પહેરીને જ પૂજા કરવી.

ભગવાનનાં દર્શન કરતી વખતે ઓછામાં ઓછા પાંચ દંડવત્ પ્રણામ કરવા. ભગવાનને એક દંડવત્, એક પ્રદક્ષિણા તથા એક હાથે પગે લાગવું નહિ.

મંદિરે દર્શન કર્યા પછી ઓટલા પર બેસી શિખર, કળશ ને ધજાના દર્શન કરી મૂર્તિનું ચિંતવન કરવું.

મંદિરે દર્શન કરવા જઈએ ત્યારે જતાં-આવતાં સ્વામિનારાયણ-મહામંત્રનો જપ કરવો અથવા સ્તોત્રનો પાઠ કરવો અથવા કીર્તન ગાવવા, કેમ કે દર્શનનો પિરીયડ ઘેરથી નીકળીએ ત્યારથી જ શરૂ થઈ જાય છે.

માર્ગને વિષે ચાલતાં શિવાલયાદિક જે દેવ મંદિર આવે તેને નમસ્કાર કરવા ને આદરથી તે દેવનું દર્શન કરવું. **(શિ. શ્લો. ૨૩)**

દેવદર્શને જઈએ ત્યારે પોતાના વાહનને યોગ્ય જગ્યાએ પાર્ક કરવું જેથી અન્યને અડચણરૂપ થાય નહિ. મંદિરમાં હોર્ન





વગાડવો નહિ.

આ સિવાય દેવની મર્યાદા અંગે બીજા પણ નિયમો તારવી શકાય છે. પરંતુ ટુંકમાં આપણે ઈષ્ટદેવ ભગવાન શ્રીહરિને પ્રસન્ન કરવા માટે નિષ્કપટ થઈ શરણે જઈએ અને નિશ્ચયનું બળ રાખી એમના વચનને માનીએ તેમાં જ સર્વે મર્યાદા સમાયેલી છે.

## શાસ્ત્રની મર્યાદા

શાસ્ત્ર વાંચન ચાલુ કરતા પહેલાં પુસ્તકને પગે લાગવું તથા મંગળાચરણનો શ્લોક બોલીને જ વાંચવું.

વાંચતા અધવચ્ચે કયાંઈ જવું પડે તો પુસ્તક બંધ કરી યથાયોગ્ય સ્થાને મૂકીને જવું.

શાસ્ત્રના પાના વાળવા નહિ, તેનો તકિયો કે ઓઠીંગણ બનાવવું નહિ. પગ નીચે રાખવું નહિ.

પુસ્તક બહાર લઈ જવું હોય તો કપડામાં બરાબર બાંધીને કે થેલી અથવા કોથળીમાં લઈ જવું. જેથી હાથનો પરસેવો ન લાગે.





પુસ્તકના પાનાને ખોલવા થૂંક ન લગાડવું. અધ્યાય પૂરો થાય પછી ઊઠવું કે વાત કરવી.

શાસ્ત્ર એ શ્રીહરિનું સ્વરૂપ છે માટે પુસ્તકને ઊંચા તેમજ શ્રેષ્ઠ આસન ઉપર રાખવું અને પવિત્ર થઈને અડવું.

## તીર્થ સ્થાનોની મર્યાદા

કૂવાથી દૂર સ્નાન કરવું જેથી નાહ્યાનું પાણી કૂવામાં ન જાય. નદી કે તળાવમાં કોગળા કરવા નહિ. મળમૂત્ર, કચરો, પથ્થર, કાંટા આદિ નાખવું તે બહુ જ ખરાબ છે.
અજાણ્યા પાણીમાં ઊતરતાં પહેલાં લાકડીથી પાણીનું ઊંડાણ જાણી લેવું. તરતા આવડતું ન હોય તો ઊંડા પાણીમાં ન જવું. નદી, કૂવા કે સરોવરના ઘાટ પર ગંદકી કરવી નહિ.

લોક અને શાસ્ત્ર તેમણે મળમૂત્ર કરવાને અર્થે વર્જ્યા એવા સ્થાનક જે જીર્ણ દેવાલય, નદી-તળાવના આરા, માર્ગ, વાવેલું ખેતર, વૃક્ષની છાંયા તથા બાગબગીચાને વિષે કયારેય પણ મળમૂત્ર ન કરવું તથા થૂંકવું પણ નહિ. **(શિક્ષા. શ્લો.-૩૨)**

તીર્થ સ્થાનમાં પાપ ધોવા માટે આવીએ છીએ તો બને તો

સફાઈ કરીએ, પણ ગંદકી તો કરવી જ નહિ.

તીર્થ સ્થાનમાં મનને પવિત્ર રાખવું. ભગવાનમાં વૃત્તિ જોડવી. સંત સમાગમ કરવો.

તીર્થ સ્થાનોમાં મળતી સગવડ-અગવડને યાદ ન કરવી, મુખ્ય હેતુ તો દર્શનનો છે તેનું અનુસંધાન રાખવું. તીર્થ સ્થાનમાં ભગવાનની મૂર્તિના દર્શન કરી શણગાર અને પ્રસાદીના સ્થાનને યાદ રાખવા.

તીર્થયાત્રાનો વિધિ તથા વિશેષ મહિમા શ્રીહરિલીલામૃત ગ્રંથમાંથી જાણી લેવો.

## ધ.ધુ.આચાર્ય મહારાજશ્રીની મર્યાદા

પોતાના આચાર્ય સાથે ક્યારેય પણ વિવાદ ન કરવો અને પોતાના સામર્થ્ય પ્રમાણે અન્ન, ધન વસ્ત્રાદિકે કરી પોતાના આચાર્યને પૂજવા. **(શિ. શ્લો.-૭૧)**

પોતાના આચાર્યને આવતા સાંભળીને આદર થકી તત્કાળ સન્મુખ જવું. ગામથી પાછા પધારે ત્યારે ગામની ભાગોળ સુધી વળાવવા જવું. **(શિ. શ્લો.-૭૨)**





વાજિંત્ર સાથે ધામધૂમીથી સામૈયું કરવું, શોભાયાત્રા સાથે ગામમાં પધરાવવા.

પોતાના આચાર્ય પાસેથી તથા શ્રીકૃષ્ણ ભગવાનનાં મંદિરમાંથી કરજ ન કરવું. વળી પોતાના વ્યવહારને અર્થે ઘરેણાં, વસ્ત્ર-પાત્રાદિક વસ્તુ તે માગી લાવવા નહિ. **(શિ. શ્લો.-૧૫૦)**

આચાર્ય મહારાજશ્રીના દર્શને જઈએ ત્યારે દંડવત્ પ્રણામ કરવા. મસ્તકેથી ટોપી, પાઘડી કે સાફો ઉતારી મસ્તક નમાવવું.

મહારાજશ્રી સભામાં આવે ત્યારે આદર થકી ઊભા થવું, આચાર્યશ્રી પોતાના સ્થાને બિરાજે પછી જ બેસવું. જાય ત્યારે ઊભા થઈ નમસ્કાર કરવા.

દર્શને જઈએ તો હાર ધરાવવો કે શ્રીફળ અથવા ધન-વસ્ત્ર-ફળાદિક ભેટ તેમના ચરણમાં મૂકવી. અથવા હાથમાં અર્પણ કરવી.

સમૈયામાં ભીડ હોય ત્યારે આચાર્યશ્રી ચાલતા પસાર થતા હોય ત્યારે ચરણ સ્પર્શ કરવા પડાપડી ન કરવી. માત્ર હાથ જોડી ઊભા રહી પ્રણામ કરવા. ભીડમાં બે બાજુ હાથ





જોડી ઊભા રહી વચ્ચે રસ્તો કરી આપવો, જે ચરણ સ્પર્શ કરતા અધિક છે.

પુરૂષોએ પ.પૂ.આચાર્ય મહારાજશ્રી પાસેથી અને બહેનોએ પ.પૂ.અ.સૌ.ગાદીવાળા-માતુશ્રી પાસેથી અવશ્ય ગુરૂમંત્ર લેવો અને તે મંત્રની દરરોજ ઓછામાં ઓછી બે માળા કરવી.

દર વર્ષે પ.પૂ.આચાર્ય મહારાજશ્રીને નામ વેરો આપવો.

આવી રીતે અનેક પ્રકારની મર્યાદાઓ છે. અત્રે અન્ય સાધારણ નિયમો મોટેરાની મર્યાદામાંથી પણ જાણી લેવા.

લગ્ન આદિ વ્યક્તિગત વ્યવહારિક કાર્યક્રમોમાં આપણે આશીર્વાદ લેવા સામેથી જવું, પણ આશીર્વાદ આપવા માટે તેડાવવાનો આગ્રહ રાખવો નહિ.

## મોટેરાની મર્યાદા

**મોટેરા** : જેમાં પ.પૂ.આચાર્ય મહારાજશ્રી, ત્યાગી સંત-બ્રહ્મચારી, ગૃહસ્થમાં લોકવ્યવહારે મોટેરા એવા રાજ્ય-અધિકારીઓ, ધનવાન તથા પ્રતિષ્ઠિત શ્રેષ્ઠ મનુષ્ય એ સર્વેનો





સમાવેશ થાય છે.

શ્રીહરિના એક પત્રમાં લખ્યું છે કે સભા બેઠી હોય અને કોઈ મોટેરા આવે ત્યારે નાના વ્યક્તિએ સભામાં ઊભા થવું અને આસન પાથરી આપવું. નમસ્કાર કરવા, તેમજ પ્રસન્નવદને આવકાર આપવો.

મોટેરા આગળ મર્યાદા અનુસારે નમ્ર થઈ વિવેકથી બોલવું, પણ વાદવિવાદ ન કરવો.

ભોજનની પંક્તિમાં મોટેરા બેસે પછી બેસવું. તે જમવાનું શરૂ કરે પછી જમવું. તે જમીને ઊઠે પછી ઊઠવું.

સૂતી વખતે પણ મોટેરા સૂવે પછી સૂવું અને જાગે તે પહેલાં જાગવું. તેઓને શ્રીહરિનાં નામ સ્મરણ સાથે જગાડવા.

મોટેરાને વિષે ગુરૂબુદ્ધિ રાખીને સેવા કરવી. મોટેરાની નિંદા ન કરવી તથા ન સાંભળવી. મોટેરાની મર્યાદા લોપે છે તેના તપનું દૈવત સ્રવી જાય છે.

શ્રી સ્વામિનારાયણ ભગવાને વડિલોની મર્યાદાઓ રાખવા વિષે શિક્ષાપત્રી, વચનામૃત, શ્રીહરિચરિત્રામૃત સાગર

આદિક ગ્રંથોમાં જે મુદ્દાઓનું ઉલ્લેખન કરેલ છે તેને જોઈએ.

ગુરૂ, રાજા, અતિવૃદ્ધ, ત્યાગી, વિદ્વાન અને તપસ્વી એ છ જણાં આવે ત્યારે સન્મુખ ઊઠવું, આસન આપવું તથા મધુરે વચને બોલાવવું, ઈત્યાદિક ક્રિયાએ કરીને એમનું સન્માન કરવું. **(શિ.શ્લો.-૬૯)**

રાજા પરીક્ષિતનું ઋષિના આશ્રમમાં સન્માન ન થયું તથા બ્રહ્માની સભામાં ધ્યાનસ્થ શિવજીથી દક્ષ પ્રજાપતિનું સન્માન ન થયું, તો શું પરિણામ આવ્યું ? માટે સંસાર વ્યવહારે જે મોટો માણસ કહેવાતો હોય તેનું સભામાં કોઈ રીતે અપમાન કરવું નહિ, જો અપમાન કરે તો એમાંથી જરૂર દુઃખ થાય અને ભજન સ્મરણમાં પણ વિક્ષેપ થાય**(વચનામૃત ગ.મ.પ્ર.-૬૧)**

ભગવાનના ભક્તની મન-વચન અને દેહે કરીને જે સેવા બની આવે તેણે કરીને જેવું આ જીવનું રૂડું થાય છે ને એ જીવને સુખ થાય છે તેવું બીજે કોઈ સાધને કરીને નથી થતું. માટે ભગવાનના ભક્તનો દ્રોહ ન થાય એવી રીતે વર્ત્યાનો આદર કરવો.**(વચ.ગ.મ.પ્ર.-૪૦)**





મને પોતાનો ઈષ્ટદેવ જાણે છતાં વારે વારે મારા વેણ ઉપર વેણ લાવે તે ન ગમે. હું કોઈની આગળ વાત કરતો હોઉં ને બોલાવ્યા વિના વચમાં બોલે તે ન ગમે.**(વચ.ગ.અં.પ્ર.-૨૫)**

ત્યાગ, ભક્તિ, સેવા, સમજણ, વૈરાગ્ય કે વર્તમાન પાળ્યાનો ઈત્યાદિક અહંકાર બોલીમાં લાવે તે ન ગમે...

સભા બેઠી હોય ત્યારે સૌથી છેલ્લો આવીને બેસે પણ પોતાને જ્યાં ઘટતું હોય ત્યાં ન બેસે તે ન ગમે.**(ગ.અં.પ્ર.૨૫)**

પરમેશ્વર અને મોટા સંત સાથે પ્રશ્ન-ઉત્તર કરતાં હોઈએ અને તેમાં પરસ્પર વાદવિવાદ થતો હોય અને તેમાં પોતે જીતીએ એમ જણાય તો પણ જે મોટાથી નાના હોય તેણે મોટાને સમીપે નમી દેવું. આપણા કરતાં મોટા સંત હોય તે સભામાં પ્રશ્ન-ઉત્તરે કરીને ભોંઠા પડે એમ કરવું નહિ. મોટા સંત આગળ ને પરમેશ્વર આગળ તો જરૂર હારી જવું.**(વચનામૃત સારંગપુર-૨)**

પરમેશ્વર તથા મોટા સંત તે પોતાને કોઈ યોગ્ય કે અયોગ્ય વચન કહે ત્યારે તે વચનને તત્કાળ સ્નેહે સહિત માનવું.

કોઈ વચન પોતાને મનાય નહિ એવું હોય તો, પરમેશ્વર





તથા મોટા સંત તેમની મરજી હોય તો તેમને હાથ જોડીને ભક્તિએ સહિત એમ કહેવું જે, હે મહારાજ ! '' તમે જે વચન કહ્યું તે તો ઠીક છે, પણ આટલી મને તેમાં આશંકા થાય છે.'' એ પ્રકારનું દીન થઈને વચન કહેવું.

જો પરમેશ્વરની મરજી ન હોય તો તેમની સમીપે રહેતા હોય જે મોટા સંત તથા હરિભક્ત તેમની આગળ કહેવું. પછી તેનું મોટા સંત સમાધાન કરે તથા પરમેશ્વર આગળ કહીને એ વચનનું સમાધાન કરાવે, પણ પરમેશ્વરે અયોગ્ય કે યોગ્ય વચન કહ્યું હોય તે સમયે ના પાડવી નહિ. એવી રીતની યુક્તિએ કરીને મોટાના વચનને પાછું ઠેલવું, પણ તત્કાળ ના પાડવી નહિ. **(વચ. સા.પ્ર-૨)**

ભગવાનનો દ્રઢ આશ્રિત હોય ને તે જેવો તેવો ગરીબ હરિભક્ત હોય તો પણ તેની આગળ માન ન રાખવું.**(વચનામૃત લોયા-૬)**

આચાર્ય મહારાજશ્રી, મોટા સંતો તથા વડિલોને સંબોધતા 'આપશ્રી' કહેવું, પણ 'તમે' એમ ન કહેવું.





સવારમાં પૂજા કરીને અથવા જ્યારે પહેલા મળે ત્યારે અને છૂટા પડીએ ત્યારે **'જય સ્વામિનારાયણ'** કહી નમસ્કાર કરવા.

મોટેરા બોલાવે ત્યારે 'હા' એટલું જ ન કહેતા 'જીહાં' એમ વિવેકથી બોલવું.

પત્ર લખીએ ત્યારે આચાર્ય મહારાજશ્રીને માટે ધર્મકુલ મુગટમણિ, ધર્મમાર્તંડ પ.પૂ.ધ.ધુ.૧૦૦૮ શ્રી આચાર્ય મહારાજશ્રી ! અને સંતોને માટે પરમ પૂજ્ય, સદ્ગુરૂશ્રી તથા હરિભક્તોને માટે પરમ ભગવદીય, સત્સંગ શિરોમણિ, હરિભક્ત શિરોમણિ એ પ્રમાણે જે ઉપમાને યોગ્ય હોય તે પ્રમાણે લખવું. પણ પોતાના નામ આગળ શ્રી વિગેરે ઉપમા ન લખાય.

આપણાથી મોટા હોય તેના તરફ વાંસો રાખીને ન બેસવું.

આપણા ગુરૂ આદિ સાથે ચાલતા હોઈએ ત્યારે તેમનાથી બે ડગલા પાછળ ચાલવું. તે પાછળ હોય તો રસ્તો આપી આગળ થવા દેવા. તેમના હાથમાં કાંઈ સામાન હોય તો આપણે ઉપાડી

લેવો. દરવાજો ખોલવાનો હોય તો આપણે ખોલી આપવો.

કથા-વાર્તા, વ્યાખ્યાન કે ભજન-કિર્તનમાંથી વચ્ચે ન ઊઠવું. કથામાં વાતચીત ન કરવી, મોડા આવ્યા હોઈએ તો પાછળ બેસવું પણ આગળ બેસવા પ્રયત્ન ન કરવો. ખાંસી થઈ હોય તો કથામાં બેસી વિઘ્ન ન કરવું. કથામાં ઉંઘવું એ પણ ઠીક નથી.

આપણે કોઈ ઓટલા કે ખુરશી વગેરે ઉપર હોઈએ ને મોટા સાથે વાત કરવી હોય તો નીચે ઉતરીને વાત કરવી.

મોટા સાથે વાત કરતાં ઊભા થઈને વાત કરવી. જો તે ઊભા હોય તો જરૂર ઊભા થવું. ગાડીમાંથી પણ નીચે ઉતરીને વાત કરવી.

મોટેરા આવે ત્યારે ઊભા થઈ સ્વાગત કરવું. જાય ત્યારે દરવાજા કે ગાડી સુધી વળાવવા જવું.

જમવા સમયે મોટાઓને આપણા હાથે પીરસવું. તેમના જમ્યા પછી કે સાથે જમવું.

સભામાં કે જમવામાં યોગ્ય સ્થાને બેસવું કે જ્યાંથી કોઈ





ઊઠવાનું કહે નહિ. અર્થાત્ પહેલેથી વડિલોની માટે જગ્યા રાખીને બેસવું.

સભામાં વિવેક રાખવો, હસવા જેવી વાત હોય તો ધીમે ધીમે હસવું પણ અટહાસ્ય ન કરવું.

વિદ્યા, વય અથવા અધિકારમાં મોટા હોય તેમની આગળ નમ્રતાથી ભાષણ કરવું.

ગુરૂ, વડિલ અને શેઠના આસન જે ખુરશી, ગાદી કે પાટ તે ઉપર તેમની ગેરહાજરીમાં પણ ન બેસવું.

રાજા, શ્રીમંત, બાળક, વૃદ્ધ, વિદ્વાન, સ્ત્રી, અને મૂર્ખ અને ગુરૂ એમની આગળ વિવાદ થાય તેવા પ્રકારનો ઉત્તર આપવો નહિ.

જેના ઉપર ક્રોધ ઉપજે તેને આપણા ઈષ્ટદેવ જે ભગવાન શ્રી સ્વામિનારાયણ તેનો ભક્ત જાણીને તત્કાળ માન મૂકીને નમસ્કાર કરવા. વડીલ સાધુ હોય તો તેમને સાષ્ટાંગ દંડવત્ કરવા. સાંખ્યયોગી બાઈઓને પણ ક્રોધ ઉપજે તો કર્મયોગી સ્ત્રીઓને બેઠે થકે નમસ્કાર કરવા. એમ શ્રી સ્વામિનારાયણ





ભગવાનના આશ્રિત એવા આપણે સર્વેએ ક્રોધ તથા માનનો સર્વપ્રકારે ત્યાગ કરવો.

આવી રીતે અનેક પ્રકારની નાની મોટી મર્યાદાઓ રાખવાની હોય છે.

## સમૈયાની મર્યાદા

સમૈયામાં આવીએ છીએ તેમાં 'ભગવાનને ભજવા અને સંતસમાગમ કરવા આવીએ છીએ.' એમ માની આળસ તજી કથાવાર્તા તથા સભામાં હાજરી આપવી અને સત્સંગ કરી કલ્યાણકારી ગુણો મેળવવા, પણ જેમ મેળામાં ગયા હોઈએ તેમ બજારમાં ભટકી પૈસા ખર્ચી ખાલે ખાલી પાછા ઘેર ન આવવું.

સમૈયામાં બીન જરૂરી વીજળીની બત્તી, પંખા કે પાણીની ચકલી ચાલુ ન રાખવી.

દર્શન કરવા, જમવા કે સભામાં જઈએ ત્યારે એક પછી એક શાંતિથી જવું, પણ ધકકામૂક્કી ન કરવી. સ્વયંસેવકની આજ્ઞાનું પાલન કરવું.





રસ્તા વચ્ચે ઊભા રહી વાતચીત કરતાં ગીર્દી ન કરવી. વાતચીત કરવા અલાયદા એક બાજુ હઠી જવું, સભા કે કથામાં વાતચીત ન કરવી.

સમૈયામાં હરિભક્તોનો સમૂહ વધારે હોય તેથી સહેજ પણ ગંદકી ન થાય તે જોવું. ગંદકી કરવાથી રોગચાળો વધે તેવી કોઈ ક્રિયાના ભાગીદાર આપણે ન થવું.

ઉત્સવમાં જાહેર રસ્તામાં કચરો કે કેળાંની છાલ વિગેરે નાખવું નહિ. જો પડેલું હોય તો કચરાપેટીમાં અથવા યોગ્ય જગ્યાએ નાંખવું.

કોઈની ખોવાયેલી વસ્તુ જડે તો પ્રયત્ન કરી તેના માલિકને પહોંચાડવી અગર સેવા સમિતિ કે કોઠારમાં અથવા કાર્યાલય - ઓફિસમાં જમા કરાવવી.

રસ્તામાં કાચના ટુકડા, ઈંટ, કાંટા કે અન્ય વિઘ્નરૂપ વસ્તુ દેખાય તો એક બાજુ દૂર ખસેડી દેવી.

ઉત્સવ માટે મંદિરમાંથી અથવા કોઈ હરિભક્ત પાસેથી લાવેલી વસ્તુ, જેવી સ્થિતિમાં મળી હોય તેવી સ્થિતિમાં પરત

પહોંચાડવી. ઉતારામાં રહિએ ત્યારે દિવસે ગાદલાં સંકેલીને યોગ્ય સ્થાને મૂકવા.

ઉતારામાં સ્વચ્છતા રાખવી અને ત્યાંથી જતી વખતે સાફ કરીને નીકળવું, કેમ કે ફરી આપણે કે અન્ય હરિભક્તોએ જ ત્યાં રહેવાનું હોય છે.

યાત્રાએ આવીએ ત્યારે ગાંઠનું જમવું. મંદિરમાં સગવડ મળે ત્યારે તેની કિંમત ઠાકોરજીને ભેટરૂપે આપવામાં આવે તો વાંધો નથી.

સમૈયા વખતે આપણા સુખ સગવડ માટે સંતોને તથા કાર્યકર્તાઓને ત્રાસ થાય તેમ ન કરવું.

નાના બાળકોનું જન-સમૂહમાં ધ્યાન રાખવું, બાળકોને ઘરેણાં પહેરાવવા નહિ.

ઉતારાની ભીંતો પર લીટા કે નામ લખવા નહિ. એંઠવાડ નાખી મકાનની ભીંત બગાડવી નહિ.

અન્ય હરિભક્તો સાથે પ્રેમથી વર્તન કરવું. નાની નાની વાતમાં કે પોતાના સ્વાર્થ ખાતર સ્વયંસેવક, સંતો કે અન્ય





હરિભક્ત સાથે વાદવિવાદ કરી ઝઘડો ન કરવો.

ઉત્સવ સમૈયાની સભાના પ્રસંગે સભાસંચાલકે પ્રવચનકારના વક્તવ્યને બિરદાવવું, પણ તેનું વિશ્લેષણ ન કરવું કેમ કે તેથી તો વક્તા અને શ્રોતાઓનું અપમાન થાય છે.

આ રીતે સમૈયાની અન્ય મર્યાદાઓ પણ સમય અને પ્રસંગાનુસાર ઉચિત હોય તે સ્વીકાર કરી શકાય છે.

## સામાન્ય મર્યાદા

જેમ ગૃહસ્થ ત્યાગીની સેવા કરે છે તેમ ત્યાગીએ પણ હરિભક્તનું માહાત્મ્ય જાણવું જોઈએ. ગૃહસ્થ અન્ન-વસ્ત્રે કરીને આપણી ચાકરી કરે છે તેમ આપણે એમનું માહાત્મ્ય સમજીને એમની કથા વાર્તાએ કરીને ચાકરી કરવી. એમ અરસપરસ મહિમા સમજીને હરિભક્તની સોબત રાખવી. **(વચ. ગ.મ.૪૭)**

જે સત્સંગનો દ્રોહી હોય ને પરમેશ્વરનું ને મોટા સંતનું ઘસાતું બોલતો હોય, એની આગળ તો માન રાખવું તે જ સારૂં છે અને તે ઘસાતું બોલે ત્યારે તેને તીખા બાણ જેવું વચન મારવું





પણ વિમુખની આગળ નિર્માની થવું નહિ તે જ રૂડું છે. **(વચ. પંચાળા-૫)**

જે દેશમાં રહ્યે થકે પોતાના દેહનાં સંબંધીનો વારંવાર બેઠા ઊઠ્યાનો યોગ થતો હોય તો તે દેશમાં ન રહેવું. અમારાં દર્શન થતા હોય ને તે ભેળે સ્ત્રીઓનાં દર્શન થતાં હોય એવો સંગ તથા ક્રિયા તજી દેવી, કોઈક મિષ લઈને ઊઠી જવું. તથા જે કાળમાં વિષમપણું વર્તતું હોય ને મારકૂટ થતી હોય ત્યાંથી ચાલી નીકળવું પણ તે ઠેકાણે રહીને માર ન ખાવો. (આ આજ્ઞા વિશેષ ત્યાગી માટે છે) **(વચ. લોયા-૬)**

જે પુરૂષ જેવા ગુણવાળો હોય, તે પુરૂષને તેવા વચને કરીને દેશકાળાનુસારે યથાયોગ્ય બોલાવવો, **(શિક્ષા. શ્લો.-૬૮)**

કોઈની પણ ગુહ્ય (છાની) વાત કોઈ ઠેકાણે પ્રગટ ન કરવી. જે જીવનું જેવી રીતે સન્માન કરવું ઘટતું હોય તેનું તેવી રીતે જ સન્માન કરવું પણ સમદ્રષ્ટિએ કરીને એ મર્યાદાનું ઉલ્લંઘન કરવું નહિ. **(શિ. શ્લો.-૭૫)**

હરિભક્તને માંહોમાંહિ બરોબરિયાપણું રહે પણ એક





એકનો ભાર ન આવે એ પણ અતિશય ભુંડું છે. **(વચ.ગ.અં.-૨૫)**

સળગતી દિવાસળી કે કોલસા સડક પર કે ક્યાંય ફેંકવા નહિ.

જ્યાં જવાની મનાઈ હોય કે તાર બાંધેલા હોય તેવા રસ્તે ન જવું.

ચોર માર્ગે કરી પેસવું નહીં અને નિસરવું નહીં. જે સ્થાનક ધણિયાતું હોય તે સ્થાનકને વિષે તેના ધણીને પૂછ્યા વિના ઉતારો ન કરવો. **(શિક્ષાપત્રી શ્લો.-૩૩)**

ઓફિસ-કચેરી આદિકમાં કોઈને મળવા જવું ત્યારે ઘણા વ્યક્તિને સાથે ન લઈ જવા.

કોઈના ઘરે ભોજન કે ઉંઘવાના સમયે ન જવું.

કોઈએ ચોરનું કર્મ ન કરવું. ધણિયાતું કાષ્ટ, પુષ્પ આદિક વસ્તુ પણ તેના ધણીની આજ્ઞા વિના ન લેવું. **(શિક્ષાપત્રી શ્લો.-૧૭)**

સભામાં માણસ બેઠા હોય ત્યાંથી વચ્ચેથી ન જતાં

પાછળથી જવું. વચ્ચેથી જવાનું થાય તો નીચા નમી ક્ષમા માંગીને જવું.

પંક્તિમાં બધાએ ભોજન સાથે શરૂ કરવું. સાથે ઊઠવું. જલ્દી ઊઠીએ તો રજા લઈને ઊઠવું. એંઠી થાળી અગર પાત્ર હઠાવી લેવું, જેથી જમનારને સુગ ન ચઢે. જમતી વેળાએ એઠું મુકી રાખવું નહિ. પડ્યું રહે તેટલા પ્રમાણમાં લેવું નહિ અન્નનો બગાડ કરવો નહિ. પીરસનારાએ જમનારની શક્તિ જોઈને પીરસવું. એઠું મુકવાથી અન્નદેવનો અપરાધ થાય છે. જમતાં પહેલાં ભગવાનની માનસી પૂજા કરવી.

સભામાં છીંક કે ઉધરસ આવે તો મોઢા પર હાથ કે રૂમાલ રાખવો અને સ્વામિનારાયણ સ્વામિનારાયણ બોલવું. કારણ કે એક છીંક ખાવાથી ત્રણ લાખથી વધારે બેકટેરિયા બહાર નીકળે છે. માટે તે સમયે હરિસ્મરણ પરાયણ થવું.

હોટલના ચા-પાણી-નાસ્તો જમવા નહિ.

આપત્કાળના પ્રસંગ સિવાય સવારે ૩-૦૦ વાગ્યા પહેલાં સ્નાન પૂજા ન કરવી, કેમ કે તે રાત્રિ સ્નાન નિષિધ્ધ ગણાય છે.





તિલકચાંદલો અવશ્ય કરવો. કેમ કે તિલકચાંદલો કર્યા વિના દર્શન, પૂજા કે સત્કર્મને ભગવાન સ્વીકારતા નથી.

ગુપ્તદાન મહાદાન છે. પુણ્ય કે પાપ જાહેર કરવાથી તેનો નાશ થાય છે.

આવકનો દશમો અથવા વિશમો ભાગ દેવને બિનશરતી અર્પણ કરવો. પોતાના વિભાગમાં જ્યાં રહેઠાણ તથા ધંધો હોય તેવા શિખરબધ્ધ મંદિરમાં ધર્માદો આપવો. ધર્માદો પોતાની ઈચ્છા અનુસાર ગમે તે મંદિરે કે અન્ય સંસ્થાઓમાં આપી શકાય નહિ. કેમ કે તે દેવના ભાગનું દ્રવ્ય છે. તેનો ઉપયોગ કરવાનો આપણને કોઈ હકક નથી.

રસોઈ કે થાળ જેવા ખર્ચાઓ ધર્માદાની રકમમાંથી કરવા નહિ. અન્યથા કેટલાક ગામમાં દેવનો ધર્માદો ભેગો કરીને રસોઈ બનાવી પ્રેમથી જમે અને તેમ કરતાં બચેલી રકમ ધર્માદા નિમિત્તે મંદિરે આપે છે. તે યોગ્ય નથી.

વર્ષના અંત સુધીમાં ધર્માદાની રકમ જમા કરાવવી.

વડતાલ દેશના હરિભક્ત અમદાવાદ દેશમાં સહપરિવાર





રહીને ધંધો ઉદ્યમ કરતા હોય તો અમદાવાદના મંદિરમાં ધર્માદો આપવો અને અમદાવાદ દેશના હરિભક્ત સહપરિવાર વડતાલ દેશમાં રહેતા હોય તો વડતાલ દેશમાં ધર્માદો આપવો.

વળતર લીધા સિવાય બિનશરતી દેવના કોઠારે ધર્માદાની રકમ જમા કરાવવી.

દેવનો ધર્માદો ચોખ્ખો નહિ આપનાર માણસ વ્યવહારે કરીને હંમેશા દુઃખી રહે છે.

ધર્માદાની રકમ સત્સંગીઓ પાસેથી એકત્ર કરીને ટ્રસ્ટ કે મંડળ બનાવીને વહીવટ કરવાનો અધિકાર શ્રીજીમહારાજે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી સિવાય કોઈનેય આપ્યો નથી.

ધર્માદાની દશમા વિશમા ભાગની ગણત્રી માટે જણાવવાનું કે - પોતાનો ધંધો, ખેતી, વેપારની ઉપજની બચત રકમમાંથી દશમો વિશમો ભાગ ગણવો. ધંધાની ઉપજમાં કાયદેસરનું ધંધાકીય ખર્ચ બાદ કરીને બાકી રહેલ રકમને બચત અથવા આવક કહેવાય છે. તેમાં વ્યાવહારિક તથા ઘરના ખર્ચનો સમાવેશ થતો નથી.






દશમો ભાગ એટલે દશ ટકા અને વિશમો ભાગ એટલે પાંચ ટકા ગણાય છે. જે શ્રીહરિને અર્પણ કરવાથી દેવઋણમાંથી મુક્તિ મળે છે. તે અખિલેશ્વરની મર્યાદાઓના નિયમો શ્રીહરિના ભક્તોને હાલમાં આવશ્યક ઉપયોગી જાણી આ સંગ્રહરૂપે પ્રસ્તુત શિક્ષામૃત (શિક્ષાપત્રી વગેરે) સાથે સંકલિત કરેલ છે. તેને અનુસરી ભગવાન શ્રી સ્વામિનારાયણની પ્રસન્નતાના સુપાત્ર બની રહિએ એ જ આકાંક્ષા સહ અભ્યર્થના...

**॥ અસ્તુ મંગલમ્ ॥**

**જય શ્રી સ્વામિનારાયણ**





# દેશ વિભાગનો લેખ

લિખાવિતં સ્વામીશ્રી સહજાનંદજી મહારાજ વ૦ પાંડે અયોધ્યાપ્રસાદ રામપ્રતાપ તથા પાંડે રઘુવીર ઈછારામ જત તમો બે ભાઈને અમો દત્તપુત્ર કરિને અમારા સત્સંગિ સર્વેના આચાર્ય સ્થાપ્યા છે ને અમારાં મંદિર શ્રીનરનારાયણનાં તથા શ્રીલક્ષ્મીનારાયણનાં તથા શ્રીરાધાકૃષ્ણ આદિકનાં તથા સત્સંગિમાં જે ધર્માદાનિ પેદાશ તે તમો બે ભાઈને આપિ છે ને તેનિ તમો બે ભાઈને વેંચણ કરિ આપિ છે તેનિ વિગત્ય શિમાડાનાં ગામ લિખ્યાં છે પૂર્વ દિશાને વિષે શ્રીકલકત્તા શ્રીકાશી શ્રી ઉજેણ શ્રી ખાચરોદ શ્રી રતલાંમ શ્રીપેટલાવાદ શ્રી દેવદ શ્રી ગોધરા શ્રી ડાકોરજિ મોજે સઈયત મોજે બોરડિ મોજે અલેણા મોજે કડિ મોજે ખડોલ મોજે સાસતાપર મોજે મહુધા મોજે ઘુમજ મોજે શુંઝ મોજે કેસરું મોજે વાંઠવાલી મોજે અરેરિ મોજે ખાતરજ શ્રીમેમદાવાદ મોટું મોજે છાપરા શ્રીખેડા મોજે કોશિયા મોજે પીપલિ મોજે મેલજ મોજે બરોડા મોજે વઉઠા મોજે વીરપર





મોજે પિસાવડું મોજે કોઉકુ મોજે ધોલિ મોજે ભુંભલિ મોજે વેજલકું મોજે સરઘવાલું મોજે ધનાલું મોજે ફેદરા મોજે ખડોલ શ્રીધંધુકુ મોજે કોટડું મોજે ગુંજાર મોજે મોરસિયું મોજે વાગડ મોજે દેવલિયું મોજે નાગનેસ મોજે વાંણિયાવદર મોજે કરમડ મોજે મિણાપર મોજે ચાસકા મોજે કુંડલા મોજે ભાણેજડું મોજે કોરડા મોજે સુદામડા મોજે સેજકપર મોજે ચોટિલા મોજે બાંમણબોર મોજે કવાડવું શ્રીરાજકોટ મોજે રૈયા મોજે વાજડિ મોજે ઢોકલિયું મોજે સરપદડ મોજે ઝિલરિયું મોજે વિસામણ મોજે ડાંગરા મોજે જાલિયું દેવાણિનું મોજે તમાસિરોણ મોજે વણથલી વાંણિયાનિ મોજે ચાવડા મોજે અલૈયા મોજે ખિમરાંણું શ્રીનવાનગર આદિક પશ્ચિમ દિશાને વિશે ને પૂર્વ દિશાને વિશે શ્રીકલકત્તા પર્યંત શિમાડાનાં ગામ લિખ્યાં છે તે સર્વે શુભ સ્થાન શ્રીવરતાલવાસિ શ્રીલક્ષ્મીનારાયણ તેનિ હદ્યમાં છે તથા એ શિમાડાના ગામનિ પધોરના રસતાનાં ગામ લખ્યા વિનાનાં છે તે તથા એ શિમાડાના ગામથિ દક્ષિણ દિશાનિ કોરનો દેશ સર્વે છે તે તથા શ્રીનવાનગરનિ ખાડિથિ દક્ષિણ દિશાનિ કોરે મોજે ખંભાલિયું તથા શ્રીબેટ આદિક દેશ છે તે સર્વે લક્ષ્મીનારાયણનિ હદ્યમાં છે તે સર્વે દેશના સત્સંગિ સમસ્તનિ તથા કુસંગિ સમસ્તનિ ધર્માદાનિ પેદાશ અન્ન તથા દ્રવ્ય તથા વસ્ત્ર તથા પશુ તથા વાહન તથા માંણક મોતિ ઝવેર





તથા કંકર પથર આદિક જે આવે તે તથા ધરતિ વાડિ તૃણ તરુ આદિકનિ જે પેદાશ આવે તે સર્વે શ્રીલક્ષ્મીનારાયણનિ છે ને શ્રીલક્ષ્મીનારાયણના દેશમાં હમણાં જે મંદિર તથા મેડિ ઘર છે તે તથા હવેથિ જે નવિ અંબારત થાય તે સર્વે શ્રીલક્ષ્મીનારાયણનિ છે તથા હરેક પ્રકારે નવિ પેદાશ થાય તે સર્વે શ્રીલક્ષ્મીનારાયણનિ છે ને સિમાડાના ગામ શ્રીકલકત્તા તથા નવાનગર પર્યંત લિખ્યાં છે તેથિ ઉત્તર દિશાનિ કોરનો દેશ સર્વે છે તે શુભ સ્થાન સેહેર અમદાવાદવાસિ શ્રીનરનારાયણ તેનિ હદ્યમાં છે તથા શ્રીનવાનગરનિ ખાડિ ઉતાર ઉત્તર દિશાનિ કોરે શ્રીમાંડવિ બંદર તથા શ્રીલખપત બંદર આદિક દેશ સર્વે છે તે શ્રીનરનારાયણનિ હદ્યમાં છે તે સર્વે દેશના સત્સંગિ સમસ્તનિ તથા કુસંગિ સમસ્તનિ ધર્માદાનિ પેદાશ અન્ન તથા દ્રવ્ય તથા વસ્ત્ર તથા પશુ તથા વાહન તથા માંણક મોતિ ઝવેર તથા કંકર પથર આદિક જે આવે તે તથા ધરતિ વાડિ તૃણ તરુ આદિકનિ જે પેદાશ આવે તે સર્વે શ્રીનરનારાયણનિ છે ને શ્રીનરનારાયણના દેશમાં હમણાં જે મંદિર તથા મેડિ ઘર છે તે તથા હવેથિ જે નવિ અંબારત થાય તે સર્વે શ્રીનરનારાયણનિ છે તથા હરેક પ્રકારે નવિ પેદાશ થાય તે સર્વે શ્રીનરનારાયણનિ છે એવિ રિત્યે દેશ વિભાગે સહિત મંદિરોનિ વેંચણ કરિને ચિઠિયું બે પાનાનિ નાંખિયુ તેમાં





શ્રીનરનારાયણના મંદિરનિ ચિઠિ પાંડે અયોધ્યાપ્રસાદને ભાગે આવિ છે તે શ્રીનરનારાયણના મંદિરોનિ દેશ સહિત પેદાશ સર્વે ઉપર લિખ્યા પ્રમાણે આવે તે પાંડે અયોધ્યાપ્રસાદનિ છે ને શ્રીલક્ષ્મીનારાયણના મંદિરનિ ચિઠિ પાંડે રઘુવીરને ભાગે આવિ છે તે શ્રી લક્ષ્મીનારાયણના મંદિરોનિ દેશ સહિત પેદાશ સર્વે ઉપર લિખ્યા પ્રમાણે આવે તે પાંડે રઘુવીરનિ છે ને સત્સંગિમાં તથા કુસંગિમાં ધર્માદાનિ ઉઘરાત કરવા જાય તે પોતપોતાની હદ્યમાં જાય પણ કોઈ કોઈનિ હદ્યમાં જાય નહી ને કોઈ મનુષ્યને મંત્ર ઉપદેશ લેવો હોય તો બેય આચાર્યને પોતપોતાના દેશના મનુષ્યને મંત્ર ઉપદેશ દેવો ને કંઠિ બાંધવિ પણ કોઈ કોઈના દેશના મનુષ્યને મંત્ર ઉપદેશ દેવો નહિ ને કંઠિ બાંધવિ નહિ ને કોઈ મનુષ્યને મંત્ર ઉપદેશ લેઈને સાધુ તથા બ્રહ્મચારિ તથા ધોલા લુગડાવાલા પાલા થાવું હોય તો પોત પોતાના દેશના મનુષ્યને સાધુ તથા બ્રહ્મચારિ તથા ધોલા લુગડાવાલા પાલા કરવા ને તેનિ જે મિલકત ઘર હોય તે તથા જમિન વાડિ તથા આંબા આદિક વૃક્ષ હોય તે લેવું પણ કોઈ કોઈના દેશના મનુષ્યને મંત્ર ઉપદેશ દેઈ સાધુ તથા બ્રહ્મચારિ તથા પાલા કરવા નહિ ને તેનિ મિલકત ઘર તથા જમિન વાડિ વૃક્ષ આદિક કાંઈ લેવું નહિ એમ અમારિ આજ્ઞા છે ને અમે તમોને મંદિરો આદિક જે આપ્યું છે તેમાં કોઈ સાધુ તથા બ્રહ્મચારિ તથા

પાલા તે કોઈ કાલે દર દાવો કરશે નહિ ને અમારિ શિક્ષાપત્રી પ્રમાણે તમો રહેજ્યો ને એ સર્વે પણ શિક્ષાપત્રી પ્રમાણે પોત પોતાના ધર્મમાં રહી તમારિ સેવા કરશે ને સરકાર દરબાર આદિક કોઈના વાંકતલે આવે એવું અજોગ્ય કામ કોઈ કાલે કરશે નહિ તેમ ગમે તેવો આપત્કાલ પડશે તો સત્સંગિમાં ભિખ માગિ ખાશે પણ આચાર્યને માથે આવે એવું કોઈનું કરજ કરશે નહિ ને કોઈ જાણે અજાણે કરશે તો કરનાર ભોગવશે એમ અમારિ આજ્ઞા છે ને સાધુ તથા બ્રહ્મચારિ તથા પાલા એ સમસ્તના તથા સત્સંગિ સમસ્તના તમો બેય ગાદિવાલાને આચાર્ય સ્થાપ્યા છે તે સર્વે નિરંતર તમારિ આજ્ઞામાં રહેશે ને તમારિ સેવા કરશે ને ધર્મવંશના બેય ગાદિવાલા આચાર્ય વિના અન્ય મતવાલા હર કોઈ મનુષ્ય શાસ્ત્રે તથા જોગે તથા તપે તથા વૈરાગ્યાદિક ગુણે વિશેષ હોય ને તેથિ શ્રીધર્મવંશના બે ગાદિવાલા આચાર્ય ન્યૂનપણે જાણ્યામાં આવે તો પણ સાધુ તથા બ્રહ્મચારિ તથા પાલા સમસ્ત તથા સત્સંગિ સમસ્તને અમારિ એમ આજ્ઞા છે જે તમારા જીવના કલ્યાણને અર્થે શ્રીધર્મવંશના બે ગાદિવાલા આચાર્યને સદાકાળ નિરંતર માનજ્યો ને મન ક્રમ વચને આજ્ઞામાં રહેજ્યો ને તેમાં જે ફેર પાડિ અન્ય આશ્રય કરશે ને અન્યને માનશે તેના જીવને આ લોકમાં તથા પરલોકમાં કોઈ કાલે સુખ થાશે નહિ ને અતિ કષ્ટને પાંમશે





ને કોઈ હરિભક્ત શ્રી લક્ષ્મીનારાયણનાં દેશમાં રહેતો હોય ને તેણે મંત્ર ઉપદેશ શ્રીલક્ષ્મીનારાયણનિ ગાદિના આચાર્ય પાસે લિધો હોય ને પોતાનું નામ પણ શ્રીલક્ષ્મીનારાયણનિ ગાદિના આચાર્યના ચોપડામાં લિખાવેલ હોય તેને અથવા તેના પુત્ર પૌત્રાદિકને ઉચાલાનિ ફેરવણિ થાય ને શ્રીનરનારાયણના દેશમાં ઉચાલો લેઈ જઈ રેંણાક કરે ને તેને દશોંદ વિશોંદ આદિક-ધર્માદાનું દેવું પડે તે શ્રીનરનારાયણનિ ગાદિના આચાર્યને દેવું ને ગુરૂ માનવા પણ તેનો કશો દોષ ધારવો નહિ જે પ્રથમ શ્રીલક્ષ્મીનારાયણનિ ગાદીના આચાર્યને ગુરુ કરિ મંત્ર ઉપદેશ લિધો છે ને હવે કેમ શ્રીનરનારાયણનિ ગાદિના આચાર્યને ગુરુ માનિ દશોંદ વિશોંદ આદિક ધર્માદાનું આપું એવો સંશય રાખવો નહિ શા માટે જે એવિ અમારિ આજ્ઞા છે ને પ્રથમ જે કાંઈ શ્રીલક્ષ્મીનારાયણનિ ગાદિના આચાર્યને અન્ન તથા દ્રવ્ય તથા પશુ વાહન તથા જમિન વાડિ મેડિ મંદિર ઘર તથા વૃક્ષ આદિક શ્રીકૃષ્ણાર્પણ આપ્યું હોય તે પાછું માગવું નહિ કેમ જે તે શ્રીલક્ષ્મીનારાયણનિ ગાદિના આચાર્યને શ્રીકૃષ્ણાર્પણ આપેલ છે માટે તે આચાર્યને જ રહે પણ તેનિ ફેરવણિ થાય નહિ તે જ પ્રમાણે કોઈ હરિભક્ત શ્રીનરનારાયણના દેશમાં રહેતો હોય ને તેણે મંત્ર ઉપદેશ શ્રીનરનારાયણનિ ગાદિના આચાર્ય પાસે લિધો હોય ને પોતાનું





નામ પણ તે આચાર્યના ચોપડામાં લિખાવ્યું હોય તેને અથવા તેના પુત્ર પૌત્રાદિકને ઉચાલાનિ ફેરવણિ થાય ને શ્રીલક્ષ્મીનારાયણના દેશમાં ઉચાલો લઈ જઈ રેણાંક કરે ને તેને દશોંદ વિશોંદ આદિક ધર્માદાનું દેવું પડે તે શ્રીલક્ષ્મીનારાયણનિ ગાદિના આચાર્યને દેવું ને ગુરુ માંનવા પણ તેમાં કશો સંશય રાખવો નહિ શા માટે જે અમારિ એવિ આજ્ઞા છે ને પ્રથમ જે કાંઈ શ્રીનરનારાયણનિ ગાદિના આચાર્યને અન્ન તથા દ્રવ્ય તથા પશુ તથા વાહન તથા જમિન વાડિ મેડિ મંદિર ઘર તથા વૃક્ષ આદિક શ્રીકૃષ્ણાર્પણ આપ્યું હોય તે પાછું માગવું નહિ કેમ જે તે શ્રીનરનારાયણનિ ગાદિના આચાર્યને શ્રી કૃષ્ણાર્પણ આપેલ છે માટે તે આચાર્યને જ રહે પણ તેનિ ફેરવણિ થાય નહિ એવિ રિત્યે અમારિ આજ્ઞા છે ને કોઈ ગરાસીયાને બેય દેશમાં ગામ જમિન વાડિ હોય ને કોઈ વેપારિને બેય દેશમાં દુકાંનું હોય ને કોઈ ખેડુંને બેય દેશમાં ખેડ્ય હોય ને તેને દશોંદ વિશોંદ દેવિ પડે તે જે આચાર્યના દેશમાં જે ગામ જમીન વાડિનિ કમાંણિ આવે તથા જે વેપારનિ કમાંણિ આવે તથા જે ખેડ્યનિ કમાંણિ આવે તે આચાર્યને તેના દેશનિ કમાંણિનિ દશોંદ વિશોંદ દેવિ તેમાં ફેર પાડવો નહિ એમ અમારિ આજ્ઞા છે ને શ્રીલક્ષ્મીનારાયણનિ હદ્યમાં કોઈ રાજા તથા વેપારિ તથા ખેડુ આદિકનિ રેણાક હોય ને તે સત્સંગિ હોય અથવા કુસંગિ હોય ને





તેને શ્રીનરનારાયણ આદિક દેવનિ આગલ્ય ભેટ મુકવાનિ અથવા માંનતા અર્થે મુકવાનિ અભિલાષા હોય તો અન્ન તથા દ્રવ્ય તથા પશુ વાહન તથા વસ્ત્ર તથા માંણક મોતી ઝવેર તથા કંકર પથર આદિક જંગમ વસ્તુ ફેરવિ ફરે તે સુખેથિ મુકે તેનો બાધ નથિ પણ શ્રીલક્ષ્મીનારાયણનિ હદ્યમાં જે ગામ તથા જમિન વાડિ તથા મેડિ મંદિર તથા આંબા આદિક વૃક્ષ જે કાંઈ સ્થાવર વસ્તુ ફેરવિ ફરે નહિ તેવું કાંઈ આપવું નહિ ને કદાચિત્ આપે તો શ્રીનરનારાયણનિ ગાદિના આચાર્યને રાખવું નહિ ને આપનારને કેવું જે તમારે આપવાનું જરૂર હોય તો એ સ્થાવર વસ્તુ અમારા દેશમાં તમારું હોય તો આપો અથવા અમારિ હદ્યમાં વેચાથું લેઈ આપો તો અમોથિ લેવાશે એમ કરતાં કાંઈ સ્થાવર વસ્તુ શ્રીલક્ષ્મીનારાયણનિ હદ્યનું જોરાવરિ આપે તો શ્રીનરનારાયણને અર્થે રાખવું નહિ ને પોતાને જાંણે તત્કાલ શ્રીલક્ષ્મીનારાયણનિ ગાદિના આચાર્યને હવાલે કરવું તેજ પ્રમાણે શ્રીનરનારાયણનિ હદ્યમાં કોઈ રાજા તથા વેપારિ તથા ખેડુ આદિકનિ રેણાક હોય ને તે સત્સંગિ હોય અથવા કુસંગિ હોય ને તેને શ્રીલક્ષ્મીનારાયણ આદિક દેવનિ આગલ્ય ભેટ મુકવાનિ અથવા માંનતા અર્થે મુકવાનિ અભિલાષા હોય તો અન્ન તથા દ્રવ્ય તથા પશુ વાહન તથા વસ્ત્ર તથા માંણક મોતિઝવેર તથા કંકર પથર આદિક જંગમ

વસ્તુ ફેરવિ ફરે તે સુખેથિ મુકે તેનો બાધ નથિ પણ શ્રીનરનારાયણનિ હદ્યમાં જે ગામ તથા જમિન વાડિ તથા મેડિ મંદિર તથા ઘર તથા આંબા આદિક વૃક્ષ જે કાંઈ સ્થાવર વસ્તુ ફેરવિ ફરે નહિ તેવું કાંઈ આપવું નહિ ને જો કદાચિત્ આપે તો શ્રીલક્ષ્મીનારાયણનિ ગાદિના આચાર્યને રાખવું નહિ ને આપનારને કેવું જે તમારે આપવાનું જરુર હોય તો એ સ્થાવર વસ્તુ અમારિ હદ્યમાં તમારું હોય તો આપો અથવા અમારિ હદ્યમાં વેચાથું લઈ આપો તો અમોથિ લેવાશે એમ કરતા કાંઈ સ્થાવર વસ્તુ શ્રીનરનારાયણનિ હદ્યનું જોરાવરિ આપે તો શ્રીલક્ષ્મીનારાયણને અર્થે રાખવું નહિ ને પોતાને જાંણે શ્રીનરનારાયણનિ ગાદિના આચાર્યને તત્કાલ હવાલે કરવું એમ અમારિ આજ્ઞા છે તેમાં કોઈ કાલે ફેર પાડવો નહિ ને શ્રીલક્ષ્મીનારાયણનિ ગાદિના આચાર્યને શ્રીનરનારાયણનિ હદ્યના સત્સંગિ તથા કુસંગિ જમાડે તો જમવું તેનો બાધ નથિ પણ  કાંઈ દક્ષણા તથા ગામ જમિન વાડી તથા અન્ન દ્રવ્ય વસ્ત્ર તથા પશુ વાહન તથા માંણક મોતિ તથા કંકર પથર ઝવેર તથા મેડિ ઘર આદિક તથા આંબા આદિક વૃક્ષ જે કાંઈ ભેટ મુકે અથવા માંનતાને અર્થે મુકે અથવા મિત્રાચાર અર્થે આપે અથવા વેચાથું આપે અથવા ઘરેણે આપે હરેક બાંનાને મશે આપે તો કાંઈ લેવું નહિ ને કોઈ જોરાવરિ મહોબતથિ આપે ને





અવશ્ય લેવું પડે તો પોતાને કાંઈ રાખવું નહિ પોતાને જાણે તત્કાલ શ્રીનરનારાયણનિ ગાદિના આચાર્યને હવાલે કરવું તે જ પ્રમાણે શ્રીનરનારાયણનિ ગાદિના આચાર્યને શ્રીલક્ષ્મીનારાયણનિ હદ્યના સત્સંગિ તથા કુસંગિ જમાડે તો જમવું તેનો બાધ નથિ પણ કાંઈ દક્ષણા તથા ગામ જમિન વાડિ તથા અન્ન દ્રવ્ય વસ્ત્ર તથા પશુ વાહન તથા માણેક મોતિ તથા કંકર પથર ઝવેર તથા મેડિ ઘર આદિક તથા આંબા આદિક વૃક્ષ જે કાંઈ ભેટ મુકે અથવા માંનતા અર્થે મુકે અથવા મિત્રાચાર અર્થે આપે અથવા વેચાથું આપે અથવા ઘરેણે આપે હરેક બાંનાને મશે આપે તો કાંઈ લેવું નહિ ને કોઈ જોરાવરિ મોહબતથિ આપે અને અવશ્ય લેવું પડે તો પોતાને કાંઈ રાખવું નહિ પોતાને જાણે તત્કાલ શ્રીલક્ષ્મીનારાયણનિ ગાદિના આચાર્યને હવાલે કરવું એમ અમારિ આજ્ઞા છે ને કોઈ હરિભક્ત ઉચાલા વિના બીજા દેશમાં કમાંણિ અર્થે રોજગાર કરવા જાય ને તેને દશોંદ વિશોંદ આદિક ધર્માદાનું દેવું પડે તે જેના દેશમાં બાઈડી છોકરાં સહિત ઉચાલો હોય તે દેશના આચાર્યને દેવું એમ અમારિ આજ્ઞા છે ને તમારિ વતનમાં સરવાર દેશને વિષે તમો બેય ગાદિના આચાર્યનાં સગા સંબંધિ છે તથા તેના આશ્રિત જે મનુષ્ય હોય તે બેય ગાદિના આચાર્યમાં જેને જે સાનુકુલ આવે તેનિ પાસે મંત્ર ઉપદેશ લેઈ સેવક થાય ને ગુરુ માને ને પોતાનિ મુરજિમાં આવે તે





તેને આપે તેનો બાધ નથિ ને બેય ગાદિના આચાર્યનિ એ જુનિ વતન છે તે સારુ તમારે પોતપોતાનિ જમિન વાડિ તથા મેડિ ઘર ગામ આદિક જે હમણાં છે તથા વેચાથું અથવા ઘરેણે રાખવું પડે તે પોતપોતાને જાંણે પોતપોતાનું રાખજ્યો તેનો બાધ નથિ ને તમારા સગા સંબંધિ ને તેના આશ્રિત મનુષ્ય તે વિના હર કોઈ મનુષ્યને મંત્ર ઉપદેશ લેઈ સેવક થાવું તે શ્રીનરનારાયણનિ ગાદિના આચાર્ય પાસે થાવું ને તેને ગુરુને નાતે ગામ જમિન વાડિ તથા મેડિ ઘર તથા અન્ન દ્રવ્ય વસ્ત્ર તથા પશુ વાહન તથા માંણક મોતિ ઝવેર તથા કંકર પથર તથા આંબા આદિક જે કાંઈ આપવું હોય તે શ્રીનરનારાયણનિ ગાદિના આચાર્યને આપવું ને આચાર્યને તે જ પ્રમાણે લેવું એમ અમારિ આજ્ઞા છે ને આ લિખ્યું તમો બેય ગાદિના આચાર્યને રાજિ રજા વંદ કરિ અમે અમારી અકલ ખુસિથિ જથાજોગ્ય વેંચિ આપિ લિખ્યું કર્યું છે તેમાં તમારા સગા ભાઈ છે તે કોઈનો દરદાવો કશો નથિ ને તમારા સગા ભાઈ કોઈ તમ પાસે આવે તેને ખરચ નિમિત્ત આપવું તે ધર્મવાલા સાધુ તથા ધર્મવાલા સત્સંગિને પુછવું ને તમારે પણ દલમાં ધારવું ને ઘટે તે પ્રમાણે દેવું ને તમારિ ગાદિ ઉપરચ્ય બેસારવો તે તમારો પુત્ર હોય અથવા શ્રીધર્મકુલનો બિજા તમારા ભાઈનો પુત્ર હોય તે સર્વ પ્રકારે ધર્મમાં કુશલ રહે એવો હોય ને સર્વ સાધુ તથા સર્વ બ્રહ્મચારિ





તથા સર્વ સત્સંગિને પોતપોતાના ધર્મમાં રખાવે એવો સમર્થ હોય તેને ગાદિ ઉપરચ્ય બેસારવો તે પણ ધર્મવાલા સાધુ તથા ધર્મવાલા સત્સંગી સત્સંગની વૃદ્ધિને ઈચ્છે એવા ને સર્વ પ્રકારે પ્રમાણિક હોય તેની મુરજિ લેવિ ને તમારિ નજરમાં  પણ આવે ને અમારા સંપ્રદાયના ગ્રંથમાં મલતું આવે એવો હોય તેને એક એક જણને ગાદિ ઉપરચ્ય બેસારવો ને તેથિ વધારે પુત્ર હોય ને તે ગાદિવાલા પાસે આવે તારે તેને ખરચ નિમિત્ત ઉપરચ્ય લિખ્યા પ્રમાણે સાધુ તથા સત્સંગિનિ મુરજિ લેઈને દેવું પણ તે ઉપરાંત કોઈનો કશો દર દાવો નથિ એમ અમારિ આજ્ઞા છે ને તમો બેય ગાદિના આચાર્યને પરસ્પર કોઈ લેણદેણ આદિક વ્યવહારનો વાંધો પડે ને તે સારુ સાંમસાંમા જબાપ સવાલ કરવા પડે અથવા તે વાંધો પાર પાડવા પંચાત્ય કરવિ પડે તો જે સાધુ તથા બ્રહ્મચારિ તથા પાલા છે તેમને કજિયામાં નાંખવા નહિ ને એમને પોતાને જાંણે પણ એ કજિયામાં પડવું નહિ કેમ જે વ્યવહાર માર્ગને વિષે એ ત્યાગિ છે તે અમંગલરુપ છે તથા એ ત્યાગિને એવો વ્યવહાર માર્ગ તે અમંગલરુપ છે તે સારુ એવો વાંધો પાર પાડવામાં જબાપ સવાલ કરવા તથા પંચાત કરવા શ્રીનરનારાયણનિ હદ્યના બે ગૃહસ્થ તથા શ્રીલક્ષ્મીનારાયણનિ હદ્યના બે ગૃહસ્થ બાઈડી છોકરાંવાલા પ્રમાણિક ધર્મનિષ્ઠ હોય તેને નાંખવા તે કજિયો પાર પાડશે ને

કદાચિત બેય આચાર્યના ઘરનિ બાઈયુંને પરસ્પર કોઈ જાત્યનો કજિયો હોય તો તેમાં બોલવા તથા કજિયો ઉકેલવા સાંખ્ય જોગિ વિધવા બાઈયું ને નાંખવિ નહિ કેમ જે વિધવા અમંગલરૂપ છે ને બેય તરફનિ સુવાસનિ બાઈયું પ્રમાણિક ધર્મવાલિયું હોય તેને તે કજિયાનિ વાતમાં નાંખવિ તે સાંમસાંમા જબાપસવાલ કરશે ને કજિયો ઉકેલશે એમ અમારિ આજ્ઞા છે આવિ રિત્યે બેય આચાર્યને સદૈવ નિરંતર ચાલવું ને ચલવવું પણ તેમાં કોઈ કાલે કોઈ રિત્યનો ફેર પાડવો નહિ ફેર પાડે તે અમારા વચનનો દ્રોહિ છે તથા ગુરુદ્રોહિ છે ને તે ધર્મવંશનો નથિ ને સર્વે સાધુ તથા સર્વે બ્રહ્મચારિ તથા સર્વે પાલા તથા સર્વ સત્સંગિને અમારિ આજ્ઞા છે જે અમો આ લિખ્યાં કરિ આપ્યાં છે તેમાં કોઈ કાલે ફેર પાડશે પડાવશે નહિ ને પોતાના આચાર્યનિ આજ્ઞામાં નિરંતર રહેશે ને બેય ગાદિના આચાર્યને પરસ્પર ક્લેશ થાવા દેશે નહિ ને કોઈ અવલાસવલું બતાવિ પરસ્પર ક્લેશ કજિયો કરાવશે ને અમારિ આજ્ઞાનું ઉલ્લંઘન કરશે તે અમારા વચનનો દ્રોહિ છે તથા ગુરુદ્રોહિ છે ને તે અમારો નથિ ને તેને ચંડાલ તુલ્ય જાંણવો ॥ સંવત્ ૧૮૮૩ના વર્ષે માર્ગશીર્ષ શુદિ ૧૫ને દિવસે શુભસ્થાન શ્રી ગઢડામધ્યે ખાચર દાદા એભલના દરબારમાં લિખ્યું છે લેખક સાધુ શુકમુનિઃ ॥ ॥શ્રીઃ॥





લિખિતં પાંડે અયોધ્યાપ્રસાદ ઉપર લિખ્યું તે સહિ છે ॥

અત્ર સાખ્ય

૧ સાધુ મુક્તાનંદજીનિ સાખ્ય
૧ સાધુ નિત્યાનંદજીનિ સાખ્ય
૧ સાધુ આનંદાનંદજીનિ સાખ્ય
૧ સાધુ ગોપાલાનંદજીનિ સાખ્ય
૧ સાધુ બ્રહ્માનંદજીનિ સાખ્ય
૧ સાધુ મહાનુભાવાનંદજીનિ સાખ્ય
૧ બ્રહ્મચારિ મૂલજીનિ સાખ્ય
૧ એ આદિક સાધુ સમસ્ત તથા બ્રહ્મચારિ સમસ્તનિ સાખ્ય છે
૧ લેખક શુકમુનિ : ॥
૧ ખાચર દાદા એભલનિ સાખ્ય
૧ ઠકર લાધારામજીનિ સાખ્ય
૧ ભટ્ટ ગોપિવિશ્વંભરની સાખ્ય
૧ ભટ્ટ રઘુનાથ ગોપીના દસક્ત છે



# નિત્ય નિયમ

**પ્રભાતિયા : પદ-૧**

સૂતાં ઊઠી રે સમરૂં સહજાનંદ કે વેણલાં ભલે વાયા રે;
અંતર ઉપજ્યો રે, અતિશે આનંદ કે....વેણલાં૦ ૧
નયણે નીરખી રે, રંગભીનાનું રૂપ કે....વેણલાં૦
પ્રીતે પોંખ્યા રે, બ્રહ્મ મહોલના ભૂપ કે....વેણલાં૦ ૨
ઉર્ધ્વરેખા રે, બે ચરણમાં જોઈ કે....વેણલાં૦
તેને નીરખી રે, મનડું રહ્યું મોઈ કે....વેણલાં૦ ૩
નખમણિયું રે, જુગલ ચરણની જોડ કે....વેણલાં૦
ગોળ ઘુંટિયું રે, પૂરે મનડાના કોડ કે....વેણલાં૦ ૪
જંઘા જાનુ રે, જોયા સાથળ સાર કે....વેણલાં૦
નાભી ઊંડી રે, અજ ઉપજ્યા જે ઠાર કે....વેણલાં૦ ૫
પેટ પોયણ રે, જોયા ત્રણે વળ કે....વેણલાં૦
એવા ચિહ્નની રે, કૃષ્ણાનંદને કળ કે....વેણલાં૦ ૬





**પદ-૨**

હૃદયે જોયું રે કમળા કેરૂં ધામ કે....વેણલાં૦
કંઠ કંબુ રે નીરખું આઠો જામ કે....વેણલાં૦ ૧
દંત દેખી રે દાડમ કેરા બીજ કે....વેણલાં૦
જીહ્વા જોઈ રે જાણે ઝબુકે વીજ કે....વેણલાં૦ ૨
નાસા નીકટ રે ટીબકડી છે શ્યામ કે....વેણલાં૦
તેને જોતાં રે નયણે નીંદ હરામ કે....વેણલાં૦ ૩
વામ કરણે રે તીલ શ્યામ સોહાય કે....વેણલાં૦
તેને જોતાં રે શોભે સંતોના રાય કે....વેણલાં૦ ૪
ભાલ વચ્ચે રે રેખા તિલક આકાર કે....વેણલાં૦
મસ્તક ઉપર રે ફુલડાં કેરા હાર કે....વેણલાં૦ ૫
કર જૂગલ રે કોણીયું બે શ્યામ કે....વેણલાં૦
કૃષ્ણાનંદની રે પૂરી હૈડાની હામ કે....વેણલાં૦ ૬

### ગોડી પદ - ૧

સંતસમાગમ કીજે, હો નિશદિન .... સંત -ટેક૦
માન તજી સંતનકે મુખસે, પ્રેમ સુધારસ પીજે હો .. નિશ-૧
અંતર કપટ મેટકે અપના, લે ઉનકુ મન દીજે હો .. નિશ-૨
ભવદુઃખ ટળે બળે સબ દુષ્કીત, સબવિધિ કારજ સીજે હો.. નિશ-૩
બ્રહ્માનંદ કહે સંત કી સોબત,જન્મ સુફલ કરી લીજે હો.. નિશ-૪

### પદ - ૨

સંત પરમ હિતકારી, જગતમાંહિ ... સંત -ટેક૦
પ્રભુપદ પ્રગટ કરાવત પ્રીતિ, ભરમ મિટાવત ભારી ...જગત-૧
પરમકૃપાળુ સકળ જીવન પર, હરિસમ સબ દુઃખહારી ...જગત-૨
ત્રિગુણાતીત ફીરત તનુ ત્યાગી, રીત જગતસે ન્યારી ...જગત-૩
બ્રહ્માનંદ કહે સંતકી સોબત, મિલત હે પ્રગટ મુરારી ...જગત-૪





### આરતી

જય સદ્ગુરુ સ્વામી, (પ્રભુ) જય સદ્ગુરુ સ્વામી
સહજાનંદ દયાળુ (૨) બળવંત બહુનામી...પ્રભુ...જય૦ ૧

ચરણસરોજ તમારા, વંદુ કરજોડી (પ્રભુ) (૨)
ચરણે ચિત્ત ધર્યાથી (૨) દુઃખ નાખ્યા તોડી...પ્રભુ...જય૦ ૨
શીશ

નારાયણ નરભ્રાતા, દ્વિજકુળ તનુ ધારી (પ્રભુ) (૨)
પામર પતિત ઉદ્ધાર્યા (૨) અગણિત નરનારી...પ્રભુ...જય૦ ૩

નિત્ય નિત્ય નૌતમ લીલા, કરતા અવિનાશી (પ્રભુ) (૨)
અડસઠ તીરથ ચરણે (૨) કોટિ ગયા કાશી...પ્રભુ...જય૦ ૪

પુરુષોત્તમ પ્રગટનું, જે દર્શન કરશે (પ્રભુ) (૨)
કાળ કરમથી છૂટી (૨) કુટુંબ સહિત તરશે...પ્રભુ...જય૦ ૫

આ અવસર કરુણાનિધિ, કરુણા બહુ કીધી (વહાલે) (૨)
મુક્તાનંદ કહે મુક્તિ (૨) સુગમ કરી સિધી...પ્રભુ...જય૦ ૬





### ધુન

રામ કૃષ્ણ ગોવિંદ, જય જય ગોવિંદ ! (૨)
હરે રામ ગોવિંદ, જય જય ગોવિંદ ! (૨)
નારાયણ હરે, શ્રીમન્નારાયણ હરે ! (૨)
શ્રીમન્નારાયણ હરે, શ્રીમન્નારાયણ હરે ! (૧)
કૃષ્ણદેવ હરે, જય જય કૃષ્ણદેવ હરે ! (૨)
જય જય કૃષ્ણદેવ હરે, જય જય કૃષ્ણદેવ હરે ! (૧)
વાસુદેવ હરે, જય જય વાસુદેવ હરે ! (૨)
જય જય વાસુદેવ હરે, જય જય વાસુદેવ હરે ! (૧)
વાસુદેવ ગોવિંદ, જય જય વાસુદેવ ગોવિંદ ! (૨)
જય જય વાસુદેવ ગોવિંદ, જય જય વાસુદેવ ગોવિંદ ! (૧)
રાધે ગોવિંદ, જય રાધે ગોવિંદ ! (૨)
વૃન્દાવનચંદ જય રાધે ગોવિંદ ! (૨)
માધવ મુકુંદ જય માધવ મુકુંદ ! (૨)
આનંદકંદ જય માધવ મુકુંદ ! (૨)
સ્વામિનારાયણ ! સ્વામિનારાયણ ! સ્વામિનારાયણ !
સ્વામિનારાયણ ! સ્વામિનારાયણ ! સ્વામિનારાયણ !





### શ્રી રાધિકાકૃષ્ણાષ્ટકમ્

નવીનજીમૂત સમાનવર્ણં, રત્નોલ્લસત્કુંડલ શોભિકર્ણમ્;
મહાકિરીટાગ્રમયૂરપર્ણમ્, શ્રી રાધિકાકૃષ્ણમહં નમામિ....૧
નિધાય પાણિદ્વિતયેન વેણું, નિજાધરે શેખરયાતરેણુમ્;
નિનાદયન્તં ચ ગતૌ કરેણું, શ્રી રાધિકાકૃષ્ણમહં નમામિ....૨
વિશુદ્ધહેમોજ્જ્વલ પીતવસ્ત્રં, હતારિયૂથં ચ વિનાપિ શસ્ત્રમ્;
વ્યર્થીકૃતાનેકસુરદ્વિડસ્ત્રં, શ્રી રાધિકાકૃષ્ણમહં નમામિ....૩
અધર્મતિષ્યાર્દિતસાધુપાલં, સદ્ધર્મવૈરાસુરસંઘકાલમ્;
પુષ્પાદિમાલં વ્રજરાજબાલં,શ્રી રાધિકાકૃષ્ણમહં નમામિ....૪
ગોપીપ્રિયારંભિતરાસખેલં, રાસેશ્વરીરંજનકૃત્પ્રહેલમ્;
સ્કન્ધોલ્લસત્કુંકુમચિહ્નચેલં, શ્રી રાધિકાકૃષ્ણમહં નમામિ....૫
વૃંદાવને પ્રીતતયા વસન્તં, નિજાશ્રિતાનાપદ ઉદ્ધરન્તમ્;
ગોગોપગોપીરભિનંદયન્તં, શ્રી રાધિકાકૃષ્ણમહં નમામિ....૬
વિશ્વદ્વિષન્મન્મથદર્પહારં, સંસારિજીવાશ્રયણીયસારમ્;
સદૈવ સત્પુરુષસૌખ્યકારં, શ્રી રાધિકાકૃષ્ણમહં નમામિ....૭
આનન્દિતાત્મવ્રજવાસિતોકં, નન્દાદિસંદર્શિતદિવ્યલોકમ્;
વિનાશિતસ્વાશ્રિતજીવશોકં,શ્રી રાધિકાકૃષ્ણમહં નમામિ...૮

**પ્રાર્થના**

નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચય તવ ઘનશ્યામ;
માહાત્મ્યજ્ઞાનયુત ભક્તિ તવ,એકાંતિક સુખધામ ॥૧॥
મોહિમે તવ ભક્તપનો, તામેં કોઈ પ્રકાર;
દોષ ન રહે કોઈ જાત કો, સુનિયો ધર્મકુમાર ॥૨॥
તુમારો તવ હરિભક્તકો, દ્રોહ કબુ નહિ હોય;
એકાંતિક તવ દાસકો, દીજે સમાગમ મોય ॥૩॥
નાથ નિરંતર દર્શ તવ, તવ દાસનકો દાસ;
એહિ માગું કરી વિનય હરી, સદા રાખિયો પાસ ॥૪॥
હે કૃપાલો ! હે ભક્તપતે ! ભક્તવત્સલ સુનો બાત;
દયાસિન્ધો ! સ્તવન કરી, માગું વસ્તુ સાત ॥૫॥
સહજાનંદ મહારાજકે, સબ સત્સંગી સુજાણ;
તાકુ હોય દ્રઢ વર્તનો, શિક્ષાપત્રી પ્રમાણ ॥૬॥
સો પત્રીમેં અતિ બડે, નિયમ એકાદશ જોય;
તાકી વિક્તિ કહત હું, સુનીયો સબ ચિત્ત પ્રોય ॥૭॥
હિંસા ન કરની જંતકી, પરત્રિયા સંગકો ત્યાગ;
માંસ ન ખાવત મદ્યકું, પીવત નહિ બડ ભાગ ॥૮॥
વિધવાકું સ્પર્શત નહિ, કરત ન આત્મઘાત;
ચોરી ન કરની કાહુકી, કલંક ન કોઈકું લગાત ॥૯॥





નિંદત નહિ કોઈ દેવકું, બિન ખપતો નહિ ખાત;
વિમુખ જીવકે વદનસેં, કથા સુની નહિ જાત ॥૧૦॥
એહી ધર્મ કે નિયમમેં, બરતો સબ હરિદાસ;
ભજો શ્રી સહજાનંદપદ, છોડી ઓર સબ આશ ॥૧૧॥
રહી એકાદશ નિયમમેં, કરો શ્રી હરિપદ પ્રીત;
પ્રેમાનંદ કહે ધામમેં, જાઓ નિઃશંક જગજીત ॥૧૨॥

**પ્રાર્થના પછી બોલાતી જયનાદ**

(૧) સહજાનંદ સ્વામી મહારાજની જય
(૨) સ્વામિનારાયણ ભગવાનની જય
(૩) ધર્મભક્તિ હરિકૃષ્ણ મહારાજની જય
(૪) ઘનશ્યામ મહારાજની જય
(૫) રાધારમણદેવની જય
(૬) લક્ષ્મીનારાયણ દેવની જય
(૭) નરનારાયણ દેવની જય
(૮) ગોપીનાથજી મહારાજની જય
(૯) મદનમોહનજી મહારાજની જય
(૧૦) વિઘ્નવિનાયક દેવની જય
(૧૧) કષ્ટભંજન દેવની જય





**દંડવત સમયે બોલાતા શ્લોકો**

વિશ્વેશ છો સકળ વિશ્વતણા વિધાતા,
ત્રાતા તમે સકળ મંગળ શાંતિદાતા;
માટે તમારૂં કરુણાનિધિ સત્ય નામ,
**સાષ્ટાંગ નાથ તમને કરૂં હું પ્રણામ.**
અજ્ઞાનપાશ કરૂણા કરી કાપી નાખો,
નિત્યે પ્રભુ તવ પદે મમ વૃત્તિ રાખો;
ભક્તોનું પાલન કરો પ્રભુ સર્વ યામ,
**સાષ્ટાંગ નાથ તમને કરૂં હું પ્રણામ.**

જે ઉત્પત્તિ તથા સ્થિતિ લય કરે વેદો સ્તુતિ ઉચ્ચરે,
જેના રોમ સુછિદ્રમાં અણુસમા બ્રહ્માંડ કોટી ફરે;
માયા કાળ રવિ શશી સુરગણો આજ્ઞા ન લોપે ક્ષણ,
એવા અક્ષરધામના અધિપતિ શ્રી સ્વામિનારાયણ - ૧
આવી અક્ષરધામથી અવનીમાં, જે દેહધારી થયા,
આપ્યા સુખ અપાર ભક્ત જનને, દિલે ધરીને દયા;
કીધા ચારુ ચરિત્ર ગાન કરવા, જેણે કરૂણા કરી,
વંદુ મંગળ મૂર્તિ ઉર ધરી, સર્વોપરિ શ્રીહરિ.- ૨





જન્મ્યા કૌશલ દેશ વેશ બટુનો, લૈ તીર્થમાંહી ફર્યા,
રામાનંદ મળ્યા સ્વધર્મ ચલવ્યો, યજ્ઞાદિ મોટા કર્યા;
મોટાં ધામ રચ્યાં રહ્યા ગઢપુરે, બે દેશ ગાદી કરી;
અન્તર્ધાન થયા લીલા હરિતણી, સંક્ષેપમાં ઉચ્ચરી - ૩
ત્વમેવ માતા ચ પિતા ત્વમેવ,ત્વમેવ બંધુ ચ સખા ત્વમેવ ।
ત્વમેવ વિદ્યા દ્રવિણં ત્વમેવ, ત્વમેવ સર્વં મમ દેવદેવ ! ॥
નિજાશ્રિતાનાં સકલાર્તિહન્તા, સધર્મભક્તેરવનં વિધાતા ।
દાતા સુખાનાં મનસેપ્સિતાનાં,તનોતુ કૃષ્ણોઽખિલમંગલં નઃ ॥
કાયેન વાચા મનસેન્દ્રિયૈર્વા,બુદ્ધ્યાત્મના વા પ્રકૃતિસ્વભાવાત્ ।
કરોમિ યદ્યત્સકલં પરસ્મૈ, નારાયણાયેતિ સમર્પયામિ ॥

**પ્રાર્થના**

મહા બળવંત માયા તમારી, જેણે આવરિયા નરનારી ।
એવું વરદાન દિજીયે આપે, એહ માયા અમને ન વ્યાપે ॥
વળી તમારે વિષે જીવન, નાવે મનુષ્યબુદ્ધિ કોઈ દન ।
જે જે લીલા કરો તમે લાલ, તેને સમજું અલૌકિક ખ્યાલ ॥
સતસંગી જે તમારા કહાવે, તેનો કેદિ અભાવ ન આવે ।
દેશ કાળ ને ક્રિયાયે કરી, કેદિ તમને ન ભુલીયે હરિ ॥

કામ ક્રોધ ને લોભ કુમતિ, મોહ વ્યાપીને ન ફરે મતિ ।
તમને ભજતા આડું જે પડે, માગિયે એ અમને ન નડે ॥
એટલું માગિયે છૈયે અમે, દેજ્યો દયા કરી હરિ તમે ।
વળી ન માગિયે અમે જેહ, તમે સુણી લેજ્યો હરિ તેહ ॥
કેદિ દેશો માં દેહાભિમાન, જેણે કરી વિસરો ભગવાન ।
કેદિ કુસંગનો સંગ મ દેજ્યો, અધર્મ થકી ઉગારી લેજ્યો ॥
કેદિ દેશોમાં સંસારી સુખ, દેશોમાં પ્રભુ વાસ વિમુખ ।
કેદિ દેશોમાં જક્ત મોટાઈ, મદ મત્સર ઈર્ષા કાંઈ ॥
દેશોમાં દેહસુખ સંયોગ, દેશોમાં હરિજનનો વિયોગ ।
દેશોમાં હરિજનનો અભાવ, દેશોમાં અહંકારી સ્વભાવ ॥
દેશોમાં સંગ નાસ્તિકનો રાય,મેલી તમને જે કર્મને ગાય ।
એ આદિ નથી માગતા અમે, દેશોમાં દયા કરિને તમે ॥
પછી બોલિયા શ્યામ સુંદર, જાઓ આપ્યો તમને એ વર।
મારી માયામાં નહિ મુંઝાઓ, દેહાદિકમાં નહિ બંધાઓ ॥
મારી ક્રિયામાં નહિ આવે દોષ, મને સમઝશો સદા અદોષ।
એમ કહ્યું થઈ રળિયાત, સહુએ સત્ય કરી માની વાત ॥
દીધા દાસને ફગવા એવા, બીજુ કોણ સમર્થ એવું દેવા ।
એમ રમ્યા રંગભર હોળી, હરિ સાથે હરિજન ટોળી. ॥





**સ્તુતિ**

નમન હું કરૂં વિશ્વપાળને, કરગરી કહું ભક્તિબાળને-૧
અરજ માહરી ઉરમાં ધરો, વિપત માહરી શ્રીહરિ હરો-૨
અવર આશરો માહરે નથી, સર્વ જાણને શું કહું કથી-૩
કઠણકાળમાં આપ છો ધણી, સુખદ શ્યામળા મુક્તના મણી-૪
અમરનાં પતિ આશ તાહરી, રસિક રાખજો લાજ માહરી-૫
પ્રણતપાળ છો સર્વના પ્રભુ, દિનદયાળ છો વિશ્વના વિભુ-૬
વિમલ મૂરતિ ઉરમાં વસો, નજરથી પ્રભુ દૂર ના થશો-૭
અધિક ત્રાસને તોડી નાખજો, બ્રહ્માનંદને પાસ રાખજો-૮

**થાળ**

જમો થાળ જીવન જાઉં વારી,ધુઓ કર ચરણ કરો ત્યારી...જમો૦
બેસો મેલ્યા બાજોઠીયા ઢાળી, કટોરા કંચનની થાળી;
જળે ભર્યા ચંબુ ચોખાળી...જમો૦ ૧
કરી કાઠા ઘઉંની પોળી, મેલી ઘૃત સાકરમાં બોળી;
કાઢ્યો રસ કેરીનો ઘોળી...જમો૦ ૨
ગળ્યા સાટા ઘેબર ફૂલવડી, દૂધપાક માલપુવા કઢી;
પુરી પોચી થઈ છે ઘીમાં ચડી...જમો૦ ૩





અથાણાં શાક સુંદર ભાજી, લાવી છું તરત કરી તાજી;
દહીં ભાત સાકર છે ઝાઝી...જમો૦ ૪
ચળુ કરો લાવી હું જળઝારી, એલચી લવીંગ સોપારી;
પાનબીડી બનાવી સારી...જમો૦ ૫
મુખવાસ મનગમતા લઈને, પ્રસાદી થાળ તણી દઈને;
ભૂમાનંદ કહે રાજી થઈને...જમો૦ ૬

**મુખવાસ**

લેતા જાઓ રે સાવરિયા ! બીડી પાનનકી;
બીડી પાનનકી બીડી પાનનકી લેતા જાઓ રે,
સાવરિયા ! બીડી પાનનકી ... ટેક૦
કાથો ચુનો વારી, લવીંગ સોપારી,
એલચી મંગાવું મુલતાનનકી.. લેતા૦
એક એક બીડી મોરી સાસું નણંદકી,
દુસરી બીડી મોરે લાલનકી ... લેતા૦
આવો શ્રીહરિકૃષ્ણ પાટે બેસારૂં,
બાજી ખેલાવું સારી રેનનકી ... લેતા૦
પ્રેમાનંદ કહે આપો પ્રસાદી,
એટલી અરજ તોરે દાસનકી ... લેતા૦





**લીલા ચિંતામણી (સ્વાભાવિક ચેષ્ટા)**

**પદ-૧**

પ્રથમ શ્રી હરિને રે, ચરણે શીશ નમાવું;
નૌતમ લીલા રે, નારાયણની ગાઉં.....૧
મોટા મુનિવર રે, એકાગ્ર કરી મનને;
જેને કાજે રે, સેવે જાય વનને.....૨
આસન સાધી રે, ધ્યાન ધરીને ધારે;
જેની ચેષ્ટા રે, સ્નેહ કરી સંભારે.....૩
સહજ સ્વભાવિક રે,પ્રકૃતિ પુરુષોત્તમની;
સુણતા સજની રે, બીક મટાડે જમની.....૪
ગાઉં હેતે રે, હરિના ચરિત્ર સંભારી;
પાવન કરજો રે, પ્રભુજી બુદ્ધિ મારી.....૫
સહજ સ્વભાવે રે, બેઠા હોય હરિ જ્યારે;
તુલસીની માળા રે, કર લઈ ફેરવે ત્યારે.....૬
રમુજ કરતાં રે, રાજીવનેણ રૂપાળા;
કોઈ હરિજનની રે, માગી લઈને માળા.....૭

બેવડી રાખી રે, બબે મણિકા જોડે;
ફેરવે તાણી રે, કોઈક માળા તોડે.....૮
વાતો કરે રે, રમુજ કરીને હસતા;
ભેળી કરી રે, માળા કરમાં ઘસતા.....૯
ક્યારેક મીંચી રે, નેત્રકમળને સ્વામી;
પ્રેમાનંદ કહે રે, ધ્યાન ધરે બહુનામી.....૧૦

**પદ-૨**

સાંભળ સૈયર રે, લીલા નટનાગરની;
સુણતાં સુખડું રે, આપે સુખસાગરની.....૧
નેત્રકમળને રે, રાખી ઉઘાડા ક્યારે;
ધ્યાન ધરીને રે, બેસે જીવન બા'રે.....૨
ક્યારેક ચમકી રે, ધ્યાન કરતાં જાગે;
જોતા જીવન રે, જન્મમરણ દુઃખ ભાગે.....૩
પોતા આગળ રે, સભા ભરાઈ બેસે;
સંત હરિજન રે, સામું જોઈ રહે છે.....૪
ધ્યાન ધરીને રે, બેઠા હોય હરિ પોતે;
સંત હરિજન રે, તૃપ્ત ન થાય જોતે.....૫





સાધુ કીર્તન રે, ગાય વજાડી વાજા;
તેમને જોઈને રે, મગન થાય મહારાજા.....૬
તેમની ભેળા રે, ચપટી વજાડી ગાય;
સંત હરિજન રે, નીરખી રાજી થાય.....૭
ક્યારેક સાધુ રે, ગાય વજાડી તાળી;
ભેળા ગાય રે, તાળી દઈ વનમાળી.....૮
આગળ સાધુ રે, કીર્તન ગાય જ્યારે;
પોતા આગળ રે, કથા વંચાય ત્યારે.....૯
પોતે વાર્તા રે, કરતા હોય બહુનામી;
ખસતા આવે રે, પ્રેમાનંદના સ્વામી.....૧૦

**પદ-૩**

મનુષ્યલીલા રે, કરતા મંગલકારી;
ભક્ત સભામાં રે, બેઠા ભવભયહારી.....૧
જેને જોતા રે, જાયે જગ આસક્તિ;
જ્ઞાન વૈરાગ્ય રે, ધર્મ સહિત જે ભક્તિ.....૨
તે સંબંધી રે, વાર્તા કરતાં ભારી;
હરિ સમજાવે રે, નિજજનને સુખકારી.....૩





યોગ ને સાંખ્ય રે, પંચરાત્ર વેદાંત;
એ શાસ્ત્રનો રે, રહસ્ય કહે કરી ખાંત.....૪
જ્યારે હરિજન રે, દેશદેશના આવે;
ઉત્સવ ઉપર રે, પૂજા બહુવિધ લાવે.....૫
જાણી પોતાના રે, સેવકજન અવિનાશી;
તેમની પૂજા રે, ગ્રહણ કરે સુખરાશી.....૬
ભક્ત પોતાના રે, તેને શ્યામસુજાણ;
ધ્યાન કરાવી રે, ખેંચે નાડી પ્રાણ.....૭
ધ્યાનમાંથી રે, ઉઠાડે નિજજનને;
દેહમાં લાવે રે, પ્રાણ ઈન્દ્રિય મનને.....૮
સંત સભામાં રે, બેઠા હોય અવિનાશ;
કોઈ હરિજનને રે, તેડવો હોય પાસ.....૯
પહેલી આંગળી રે, નેત્રતણી કરી સાન;
પ્રેમાનંદ કહે રે, સાદ કરે ભગવાન.....૧૦

**પદ-૪**

મોહનજીની રે, લીલા અતિ સુખકારી;
આનંદ આપે રે, સુણતાં ન્યારી ન્યારી.....૧





ક્યારેક વાતો રે, કરે મુનિવર સાથે;
ગુચ્છ ગુલાબના રે, ચોળે છે બે હાથે.....૨
શીતળ જાણી રે, લીંબુ હાર ગુલાબી;
તેને રાખે રે, આંખો ઉપર દાબી.....૩
કયારેક પોતે રે, રાજીપામાં હોયે;
વાતો કરે રે, કથા વંચાય તોયે.....૪
સાંભળે કિર્તન રે, પોતે કાંઈક વિચારે;
પૂછવા આવે રે, જમવાનું કોઈ ત્યારે.....૫
હાર ચઢાવે રે, પૂજા કરવા આવે;
તેના ઉપર રે, બહુ ખીજી રીસાવે.....૬
કથા સાંભળતાં રે, હરે હરે કહી બોલે;
મર્મ ક્થાનો રે, સુણી મગન થઈ ડોલે.....૭
ભાન કથાને રે, બીજી ક્રિયામાંય;
ક્યારેક અચાનક રે, જમતાં હરે બોલાય.....૮
થાય સ્મૃતિ રે, પોતાને જ્યારે તેની;
થોડુંક હસે રે, ભક્ત સામું જોઈ બે'ની.....૯
એમ હરિ નિત્ય નિત્ય રે,આનંદરસ વરસાવે;
એ લીલારસ રે, જોઈ પ્રેમાનંદ ગાવે.....૧૦

પદ-૫

સાંભળ સજની રે, દિવ્ય સ્વરૂપ મોરારી;
કરે ચરિત્ર રે, મનુષ્ય વિગ્રહ ધારી.....૧
થયા મનોહર રે, મોહન મનુષ્ય જેવા;
રૂપ અનુપમ રે, નિજજનને સુખ દેવા.....૨
ક્યારેક ઢોલિયે રે, બેસે શ્રી ઘનશ્યામ;
ક્યારેક બેસે રે, ચાકળે પૂરણકામ.....૩
ક્યારેક ગોદડું રે, ઓછાડે સહિતે;
પાથર્યું હોય રે, તે પર બેસે પ્રીતે.....૪
ક્યારેક ઢોલિયા રે, ઉપર તકિયો ભાળી;
તે પર બેસે રે, શ્યામ પલાંઠી વાળી.....૫
ઘણુંક બેસે રે, તકિયે ઓઠીંગણ દઈને;
ક્યારેક ગોઠણ રે, બાંધે ખેસ લઈને.....૬
ક્યારેક રાજી રે, થાય અતિશે આલી;
સંત હરિજનને રે, ભેટે બાથમાં ઘાલી.....૭
ક્યારેક માથે રે, લઈ મેલે બે હાથ;
છાતી માંહી રે, ચરણ કમળ દે નાથ.....૮





ક્યારેક આપે રે, હાર તોરા ગિરધારી;
ક્યારેક આપે રે, અંગના વસ્ત્ર ઉતારી.....૯
ક્યારેક આપે રે, પ્રસાદીના થાળ;
પ્રેમાનંદ કહે રે, ભક્તતણા પ્રતિપાળ.....૧૦

પદ-૬

એવા કરે રે, ચરિત્ર પાવનકારી;
શુકજી સરખા રે, ગાવે નિત્ય સંભારી.....૧
ક્યારેક જીભને રે, દાંત તળે દબાવે;
ડાબે જમણે રે, પડખે સહજ સ્વભાવે.....૨
છીંક જ્યારે આવે રે, ત્યારે રૂમાલ લઈને;
છીંક ખાય રે, મુખ પર આડો દઈને.....૩
રમૂજ આણી રે, હસે અતિ ઘનશ્યામ;
મુખ પર આડો રે, રૂમાલ દઈ સુખધામ.....૪
ક્યારેક વાતો રે, કરતા થકા દેવ;
છેડે રૂમાલને રે, વળ દેવાની ટેવ.....૫
અતિ દયાળુ રે, સ્વભાવ છે સ્વામીનો;
પરદુઃખહારી રે, વારી બહુનામીનો.....૬





કોઈને દુઃખીયો રે, દેખી ન ખમાય;
દયા આણી રે, અતિ આકળા થાય.....૭
અન્ન ધન વસ્ત્ર રે, આપીને દુઃખ ટાળે;
કરૂણા દ્રષ્ટિ રે, દેખી વાનજ વાળે.....૮
ડાબે ખભે રે, ખેસ આડસોડે નાખી;
ચાલે જમણા રે, કરમાં રૂમાલ રાખી.....૯
ક્યારેક ડાબો રે, કર કેડ ઉપર મેલી;
ચાલે વહાલો રે, પ્રેમાનંદનો હેલી.....૧૦

પદ-૭

નિત્યનિત્ય નૌતમરે, લીલા કરે હરિરાય;
ગાતાં સુણતાં રે, હરિજન રાજી થાય.....૧
સહજ સ્વભાવે રે, ઉતાવળા બહુ ચાલે;
હેત કરીને રે, બોલાવે બહુ વહાલે.....૨
ક્યારેક ઘોડે રે, ચડવું હોય ત્યારે;
ક્યારેક સંતને રે, પીરસવા પધારે.....૩
ત્યારે ડાબે રે, ખભે ખેસને આણી;
ખેસને બાંધે રે, કેડ સંગાથે તાણી.....૪





પીરસે લાડુ રે, જલેબી ઘનશ્યામ;
જણસ જમ્યાની રે, લઈ લઈ તેના નામ.....૫
ફરે પંગતમાં રે, વારંવાર મહારાજ;
સંત હરિજનને રે, પીરસવાને કાજ.....૬
શ્રદ્ધા ભક્તિ રે, અતિ ઘણી પીરસતાં;
કોઈના મુખમાં રે, આપે લાડુ હસતાં.....૭
પાછલી રાત્રિ રે, ચાર ઘડી રહે જ્યારે;
દાતણ કરવા રે, ઉઠે હરિ તે વારે.....૮
ન્હાવા બેસે રે, નાથ પલાંઠી વાળી;
કર લઈ કળશો રે, જળ ઢોળે વનમાળી.....૯
કોરે વસ્ત્રે રે, કરી શરીરને લુવે;
પ્રેમાનંદ કહે રે, હરિજન સર્વે જુવે.....૧૦

પદ-૮

રૂડા શોભે રે, નાહીને ઉભા હોવે;
વસ્ત્ર પહેરેલું રે, સાથળ વચ્ચે નીચોવે.....૧
પગ સાથળને રે, લુહીને સારંગપાણી;
કોરા ખેસને રે, પહેરે સારી પેઠે તાણી.....૨

ઓઢી ઉપરણી રે, રેશમી કોરની વ્હાલે;
આવે જમવા રે, ચાખડીએ ચડી ચાલે.....૩
માથે ઉપરણી રે, ઓઢી બેસે જમવા;
કાન ઉઘાડા રે, રાખે મુજને ગમવા.....૪
જમતા ડાબા રે, પગની પલાંઠી વાળી;
તે પર ડાબો રે, કર મેલે વનમાળી.....૫
જમણા પગને રે, રાખી ઉભો શ્યામ;
તે પર જમણો રે, કર મેલે સુખધામ.....૬
રૂડી રીતે રે, જમે દેવના દેવ;
વારે વારે રે, પાણી પીધાની ટેવ.....૭
જણસ સ્વાદુ રે, જણાય જમતાં જમતાં;
પાસે હરિજન રે, બેઠા હોય મનગમતા.....૮
તેમને આપી રે, પછી પોતે જમે;
જમતા જીવન રે, હરિજનને મન ગમે.....૯
ફેરવે જમતાં રે, પેટ ઉપર હરિ હાથ;
ઓડકાર ખાય રે, પ્રેમાનંદનો નાથ.....૧૦





પદ-૯

ચળુ કરે રે, મોહન તૃપ્ત થઈને;
દાંતને ખોતરે રે, સળી રૂપાની લઈને.....૧
મુખવાસ લઈને રે, ઢોલિયે બિરાજે;
પૂજા કરે રે, હરિજન હેતે ઝાઝે.....૨
પાંપણ ઉપર રે, આંટો લઈ અલબેલો;
ફેંટો બાંધે રે, છોગું મેલી છેલો.....૩
વર્ષાઋતુને રે, શરદ ઋતુને જાણી;
ઘેલા નદીનાં રે, નિર્મળ નીર વખાણી.....૪
સંત હરિજનને રે, સાથે લઈને શ્યામ;
ન્હાવા પધારે રે, ઘેલે પૂરણકામ.....૫
બહુ જળક્રીડા રે, કરતાં જળમાં ન્હાય;
જળમાં તાળી રે, દઈને કીર્તન ગાય.....૬
નાહીને બારા રે, નીસરી વસ્ત્ર પહેરી;
ઘોડે બેસી રે, ઘેર આવે રંગલહેરી.....૭
પાવન યશને રે, હરિજન ગાતા આવે;
જીવન જોઈને રે, આનંદ ઉર ન સમાવે.....૮





ગઢપુરવાસી રે, જોઈને જગઆધાર;
સુફળ કરે છે રે, નેણાં વારંવાર.....૯
આવી બિરાજે રે, ઓસરીયે બહુનામી;
ઢોલિયા ઉપર રે, પ્રેમાનંદના સ્વામી.....૧૦

પદ-૧૦

નિજ સેવકને રે, સુખ દેવાને કાજ;
પોતે પ્રગટ્યા રે, પુરુષોત્તમ મહારાજ.....૧
ફળીયામાંહી રે, સભા કરી બિરાજે;
પૂરણ શશી રે, ઉડુગણમાં જેમ છાજે.....૨
બ્રહ્મરસ વરસી રે, તૃપ્ત કરે હરિજનને;
પોઢે રાત્રે રે, જમી શ્યામ શુદ્ધ અન્નને.....૩
બે આંગળીઓ રે, તિલક કર્યાની પેરે;
ભાલ વચ્ચે રે, ઉભી રાખી ફેરે.....૪
સુતાં સુતાં રે, માળા માગી લઈને;
જમણે હાથે રે, નિત્ય ફેરવે ચિત્ત દઈને.....૫
ભૂલ ન પડે રે, કેદી એવું નિયમ;
ધર્મકુંવરની રે, સહજ પ્રકૃતિ એમ.....૬





ભર નિદ્રામાં રે, પોઢ્યા હોય મુનિરાય;
કોઈ અજાણે રે, લગાર અડી જાય.....૭
ત્યારે ફડકી રે, જાગે સુંદર શ્યામ;
કોણ છે ? પૂછે રે, સેવકને સુખધામ.....૮
એવી લીલા કરે, હરિની અનંત અપાર;
મેં તો ગાઈ રે, કાંઈક મતિ અનુસાર.....૯
જે કોઈ પ્રીતે રે, શીખે સુણે ગાશે;
પ્રેમાનંદનો રે, સ્વામી રાજી થાશે.....૧૦

રાગ : ધોળ

ઓરા આવો શ્યામ સ્નેહી, સુંદરવર જોઉં વ્હાલા;
જતન કરીને જીવન મારા, જીવમાંહી પ્રોઉં વ્હાલા...૧
ચિહ્ન અનુપમ અંગોઅંગનાં, સુરતે સંભારું વ્હાલા;
નખશિખ નીરખી નૌતમ મારાં, ઉરમાં ઉતારું વ્હાલા...૨
અરુણકમળસમ જુગલ ચરણની,શોભા અતિ સારી વ્હાલા;
ચિંતવન કરવા આતુર અતિ, મનવૃત્તિ મારી વ્હાલા...૩
પ્રથમ તે ચિંતવન કરું, સુંદર સોળે ચિહ્ન વ્હાલા;

ઉર્ધ્વરેખા ઓપી રહી, અતિશે નવીન વ્હાલા...૪
અંગૂઠા આંગળી વચ્ચેથી, નીસરીને આવી વ્હાલા;
પાનીની બે કોરે જોતાં, ભક્તને મન ભાવી વ્હાલા...૫
જુગલચરણમાં કહું મનોહર, ચિહ્ન તેનાં નામ વ્હાલા;
શુદ્ધ મને કરી સંભારતાં, નાશ પામે કામ વ્હાલા...૬
અષ્ટકોણ ને ઊર્ધ્વરેખા, સ્વસ્તિક જાંબુ જવ વ્હાલા;
વજ્ર અંકુશ કેતુ ને પદ્મ, જમણે પગે નવ વ્હાલા...૭
ત્રિકોણ કળશ ને ગોપદ સુંદર, ધનુષ ને મીન વ્હાલા;
અર્ધચંદ્ર ને વ્યોમ સાત છે, ડાબે પગે ચિહ્ન વ્હાલા...૮
જમણા પગના અંગૂઠાના, નખમાંહી ચિહ્ન વ્હાલા;
તે તો નીરખે જે કોઈ ભક્ત; પ્રીતિએ પ્રવીણ વ્હાલા...૯
એ જ અંગૂઠાની પાસે, તિલ એક નૌતમ ધારું વ્હાલા;
પ્રેમાનંદ કહે નીરખું પ્રીતે, પ્રાણ લઈ વારૂં વ્હાલા.૧૦

**(રાગ-ગરબી) પદ-૧**

હવે મારા વા'લાને નહિ રે વિસારું રે,
શ્વાસ ઉચ્છવાસે તે નિત્ય સંભારું રે.....૧





પડયું મારે સહજાનંદજી શું પાનું રે,
હવે હું તો કેમ કરી રાખીશ છાનું રે.....૨
આવ્યું મારે હરિવર વરવાનું ટાણું રે,
એ વર નહિ મળે ખરચે નાણું રે.....૩
એ વર ભાગ્ય વિના નવ ભાવે રે,
એ સ્નેહ લગ્ન વિના નવ આવે રે.....૪
દુરિજન મન રે માને તેમ કહેજો રે,
સ્વામી મારાં હદયની ભીતર રહેજો રે.....૫
હવે હું તો પૂરણ પદવીને પામી રે,
મળ્યા મને નિષ્કુળાનંદના સ્વામી રે.....૬

**પદ-૨**

હવે મારા વહાલાનાં દર્શન સારું,
હરિજન આવે હજારે હજારૂં.....૧
ઢોલિયે બિરાજે સહજાનંદ સ્વામી,
પૂરણ પુરુષોત્તમ અંતરજામી.....૨
સભા મધ્યે બેઠા મુનિનાં વૃંદ;
તેમાં શોભે તારે વીંટ્યો જેમ ચંદ.....૩





દુરગપુર ખેલ રચ્યો અતિ ભારી,
ભેળા રમે સાધુ અને બ્રહ્મચારી.....૪
તાળી પાડે ઉપડતી અતિ સારી,
ધૂન થાય ચૌદ લોક થકી ન્યારી.....૫
પાઘલડીમાં છોગલિયું અતિ શોભે,
જોઈ જોઈ હરિજનનાં મન લોભે.....૬
પધાર્યા વહાલો સર્વે તે સુખના રાશિ,
સહજાનંદ અક્ષરધામના વાસી.....૭
ભાંગી મારી જન્મોજન્મની ખામી,
મળ્યા મને નિષ્કુળાનંદના સ્વામી.....૮

**ધ્યાન ચિંતામણિ**

**(રાગ : ગરબી) પદ-૧**

વંદુ સહજાનંદ રસરુપ, અનુપમ સારને રે લોલ;
જેને ભજતાં છૂટે ફંદ, કરે ભવ પારને રે લોલ.
સમરું પ્રગટ રૂપ સુખધામ, અનુપમ નામને રે લોલ;
જેને ભવબ્રહ્માદિક દેવ, ભજે તજી કામને રે લોલ.
જે હરિ અક્ષરબ્રહ્મ આધાર, કે પાર કોઈ નવ લહે રે લોલ;





જેને શેષ સહસ્ર મુખ ગાય, નિગમ નેતિ કહે રે લોલ.
વર્ણવું સુંદર રૂપ અનુપમ, જુગલ ચરણે નમી રે લોલ;
નખશિખ પ્રેમસખીના નાથ, રહો ઉરમાં રમી રે લોલ.

**પદ-૨**

આવો મારા મોહન મીઠડા લાલ, કે જોઉં તારી મૂર્તિ રે લોલ;
જતન કરી રાખું રસિયારાજ, વિસારું નહિ ઉરથી રે લોલ;
મન મારૂં મોહ્યુ મોહનલાલ, પાઘલડીની ભાતમાં રે લોલ;
આવો ઓરા છોગલા ખોસું છેલ,ખાંતીલા જોઉ ખાંતમાં રે લોલ.
વહાલા તારું ઝળકે સુંદર ભાલ, તિલક રૂડાં કર્યા રે લોલ;
વહાલા તારા વામ કરણમાં તિલ, તેણે મનડાં હર્યા રે લોલ.
વહાલા તારી ભ્રકુટિને બાણે શ્યામ, કાળજ મારાં કોરિયાં રે લોલ;
નેણે તારે પ્રેમસખીના નાથ, કે ચિત્ત મારાં ચોરિયાં રે લોલ.

**પદ-૩**

વહાલા મને વશ કીધી વ્રજરાજ, વાલમ તારા વ્હાલમાં રેલોલ;
મન મારું તલપે જોવા કાજ, ટીબકડી છે ગાલમાં રે લોલ.
વહાલા તારી નાસિકા નમણી નાથ,અધરબિંબ લાલ છે રે લોલ;

છેલા મારા પ્રાણ કરું કુરબાન, જોયા જેવી ચાલ છે રે લોલ.
વહાલા તારા  દંત દાડમનાં બીજ, ચતુરાઈ ચાવતાં રે લોલ;
વહાલા મારા પ્રાણ હરો છો નાથ, મીઠું મીઠું ગાવતા રે લોલ.
વહાલા તારે હસવે હરાણું ચિત્ત, બીજું હવે નવ ગમે રે લોલ;
મન મારૂં પ્રેમસખીના નાથ, કે તમ કેડે ભમે રે લોલ.

**પદ-૪**

રસિયા જોઈ રૂપાળી કોટ, રૂડી રેખાવળી રે લોલ;
વહાલા મારું મનડું મળવા ચહાય, કે જાય ચિત્તડું ચળી રે લોલ.
વહાલા તારી જમણી ભુજાને પાસ, રૂડા તિલ ચાર છે રે લોલ;
વહાલા તારા કંઠ વચ્ચે તિલ એક, અનુપમ સાર છે રે લોલ.
વહાલા તારા ઉરમાં વિનગુણ હાર, જોઈ નેણાં ઠરે રે લોલ;
વહાલા તે તો જાણે પ્રેમીજન, જોઈ નિત્ય ધ્યાન ધરે રે લોલ.
રસિયા જોઈ તમારૂં રૂપ, રસિક જન ઘેલડા રે લોલ;
આવો વહાલા પ્રેમસખીના નાથ, સુંદરવર છેલડા રે લોલ.

**પદ-૫**

વહાલા તારી ભુજા જુગલ જગદીશ, જોઈને જાઉં વારણે રે લોલ;
કરનાં લટકાં કરતાં લાલ, આવોને મારે બારણે રે લોલ.





વહાલા તારી આંગળીઓની રેખા, નખમણિ જોઈને રે લોલ;
વહાલા મારા ચિત્તમાં રાખું ચોરી, કહું નહિ કોઈને રે લોલ.
વહાલા તારા ઉરમાં અનુપમ છાપ,જોવાને જીવ આકળો રે લોલ;
વહાલા મારા હૈડે હરખ ન માય, જાણું જે હમણાં મળો રે લોલ.
વહાલા તારું ઉદર અતિ રસરૂપ, શીતળ સદા નાથજી રે લોલ;
આવો ઓરા પ્રેમસખીના પ્રાણ, મળું ભરી બાથજી રે લોલ.

**પદ-૬**

વહાલા તારી મૂર્તિ અતિ રસરૂપ, રસિક જોઈને જીવે રે લોલ;
વહાલા એ રસના ચાખણહાર, કે છાશ તે નવ પીવે રે લોલ.
વહાલા મારે સુખસંપત તમે શ્યામ, મોહન મનભાવતા રેલોલ;
આવો મારે મંદિર જીવનપ્રાણ, હસીને બોલાવતા રે લોલ.
વહાલા તારૂં રૂપ અનુપમ ગૌર, મૂર્તિ મનમાં ગમે રે લોલ;
વહાલા તારૂં જોબન જોવા કાજ, કે ચિત્ત ચરણે નમે રે લોલ.
આવો મારા રસિયા રાજીવનેણ, મર્મ કરી બોલતા રે લોલ;
આવો વહાલા પ્રેમસખીના સેણ, મંદિર મારે ડોલતા રે લોલ.

**પદ-૭**

વહાલા તારૂં રૂપ અનુપમ નાથ, ઉદર શોભા ઘણી રે લોલ;





ત્રિવળી જોઉં સુંદર છેલ, આવોને ઓરા અમ ભણી રે લોલ.
વહાલા તારી નાભી નૌતમરૂપ, ઉંડી અતિ ગોળ છે રે લોલ;
કટિલંક જોઈને જાદવરાય, કે મન રંગચોળ છે રે લોલ,
વહાલા તારી જંઘા જુગલની શોભા, મનમાં જોઈ રહું રે લોલ;
વહાલા નિત્ય નીરખું પીંડી ને પાની, કોઈને નવ કહું રે લોલ,
વહાલા તારા ચરણકમળનું ધ્યાન, ધરું અતિ હેતમાં રે લોલ;
આવો વહાલા પ્રેમસખીના નાથ, રાખું મારા ચિત્તમાં રે લોલ.

**પદ-૮**

વહાલા તારા જુગલ ચરણ રસરૂપ, વખાણું વહાલમાં રે લોલ;
વહાલા અતિ કોમળ અરૂણ રસાળ, ચોરે ચિત્ત ચાલમાં રે લોલ.
વહાલા તારે જમણે અંગુઠે તિલ, કે નખમાં ચિહ્‌ન છે રે લોલ;
વહાલા છેલી આંગળીએ તિલ એક,જોવાને મન દીન છે રે લોલ,
વહાલા તારા નખની અરૂણતા જોઈ,શશીકળા ક્ષીણ છે રે લોલ;
વહાલા રસચોર ચકોર જે ભક્ત, જોવાને પ્રવીણ છે રે લોલ.
વહાલા તારી ઊર્ધ્વરેખામાં ચિત્ત, રહો કરી વાસને રે લોલ;
માગે પ્રેમસખી કર જોડી, દેજો દાન દાસને રે લોલ.





**રાગ : ગરબી**

રે શ્યામ તમે સાચું નાણું, બીજું સર્વે દુઃખદાયક જાણું; રે શ્યામ૦ટેક
રે તમ વિના સુખ સંપત્ત કા'વે, તે તો સર્વે મહાદુઃખ ઉપજાવે;
અંતે એમાં કામ કોઈ નાવે....રે શ્યામ૦ ૧
રે મૂરખ લોક મરે ભટકી, જૂઠા સંગે હારે શિર પટકી;
એથી મારી મનવૃત્તિ અટકી....રે શ્યામ૦ ૨
છે અખંડ અલૌકિક સુખ સારૂં, તે જોઈ જોઈ મન મોહ્યું મારું;
ધરા ધન તમ ઉપર વારું....રે શ્યામ૦ ૩
રે બ્રહ્માથી કીટ લગી જોયું, જૂઠું સુખ જાણીને વગોવ્યું;
મુક્તાનંદ મન તમ સંગ મોહ્યું....રે શ્યામ૦ ૪

**રાગ : ધોળ**

**પદ-૧**

અક્ષરના વાસી વહાલો આવ્યા અવની પર,
નવખંડ ધરતીમાં સ્વામી છતરાયા ચાલે રાજ...અક્ષર-ટેક
અવની પર આવી વહાલે સત્સંગ સ્થાપ્યો,
હરિજનને કોલ કલ્યાણનો આપ્યો રાજ...અક્ષર-૧

પાંચે વર્તમાન પાળે બાઈઓ ને ભાઈઓ,
હરિજન સંગાથે કીધી સાચી સગાઈઓ રાજ...અક્ષર-૨
બાઈઓ દેખીને ભાઈઓ છેટેરા ચાલે,
પડી વસ્તુ કોઈની હાથે નવ ઝાલે રાજ...અક્ષર-૩
દેવના દેવ વહાલો ધામના ધામી,
પ્રગટ પ્રભુનું નામ સહજાનંદ સ્વામી રાજ...અક્ષર-૪
પ્રેમાનંદનો વહાલો આનંદકારી,
પોતાના જનની વાલે લાજ વધારી રાજ...અક્ષર-૫

**પદ-૨**

ધર્મને લાલે મુને હેતે બોલાવી,
એકાંતની વાત મરમે સમજાવી રાજ..ધર્મને-૧
મૂળ માયાનાં બંધ કાપવા આવ્યા,
ધામ ધામના વાસી આહીં બોલાવ્યા રાજ..ધર્મને-૨
મૂળ અક્ષર પણ શ્રીહરિ સંગે,
મુક્ત મંડળને લાવ્યા ઉમંગે રાજ..ધર્મને-૩
નવે ગ્રહમાં જેમ ભાનું વિના તમ,
દૂર ન થાય કરે કોટિક કર્મ રાજ..ધર્મને-૪





પ્રેમાનંદનો સ્વામી પ્રાણ સનેહી,
બદ્ધ જીવને વા'લે કર્યા વિદેહી રાજ..ધર્મને-૫

**પદ-૩**

અધમ ઉદ્ધારણ એવું પોતાનું નામ,
સત્ય કર્યું આજ શ્રી ઘનશ્યામ રાજ..અધમ-૧
જીવને શિવ કર્યા અવિદ્યા ટાળી,
પ્રૌઢ પ્રતાપ જણાવી હદ વાળી રાજ..અધમ-૨
વિના સાધને સિદ્ધ દશા પમાડી,
સૌથી પોતાની રીત ન્યારી દેખાડી રાજ..અધમ-૩
રવિ આગે શશી તારા ન ભાસે,
મતપંથ તેમ શ્રીહરિ પાસે રાજ..અધમ-૪
પ્રેમાનંદનો સ્વામી પૂરણ પ્રતાપી,
પોતાના જનને સ્થિતિ અલૌકિક આપી રાજ..અધમ-૫

**પદ-૪**

શીદને ભટકો છો તમે ચતુર સુજાણ,
પ્રગટ પ્રભુની આજ કરો ઓળખાણ રાજ..શીદને-૧





આ ધામ ધામી ક્યારે નો'તા પધાર્યા,
ઈશ્વર કોટિ સ્તુતિ કરીને હાર્યા રાજ..શીદને-૨
અવસર પર કોઈ અવનીએ આવે,
તો તે માયાની આગે કાંઈ ન ફાવે રાજ..શીદને-૩
ગુણીને સંગે ક્યાંથી નિર્ગુણ થાય,
જ્યાંથી આવ્યા તેમાં પાછા સમાય રાજ..શીદને-૪
આવો અવસર હવે ફરી નહી આવે,
પ્રેમાનંદ તાળી દઈને કા'વે રાજ..શીદને-૫

**રાગ : બિહાગ**

પોઢે પ્રભુ સકળ મુનિ કે શ્યામ;
સ્વામિનારાયણ દિવ્ય મૂર્તિ (૨)
સંતન કે વિશ્રામ - પોઢે.....૧
અક્ષરપર આનંદઘન પ્રભુ, કીયો હે ભૂપર ઠામ;
જેહી મિલત જન તરત માયા (૨)
લહત અક્ષરધામ - પોઢે.....૨





શારદ શેષ મહેશ મહામુનિ, જપત જેહી ગુણનામ;
જાસ પદરજ શીશ ધરી ધરી (૨)
હોવત જન નિષ્કામ - પોઢે.....૩
પ્રેમ કે પર્યંક પર પ્રભુ, કરત સુખ આરામ;
મુક્તાનંદ નિજ ચરન ઢિગ ગુન (૨)
ગાવત આઠું જામ - પોઢે.....૪

**રાગ : ગરબી**

પોઢો પોઢો સહજાનંદ સ્વામી, અખિયામાં નિંદરા ભરાણી રે. પોઢો-૧
હાંરે તમે માથેથી પાઘ ઉતારો રે, પછી બનાતની ટોપી ધારો રે. પોઢો-૨
હાંરે તમે જરકસી જામો ઉતારો રે, પછી હીરકોરી ધોતી ધારો રે... પોઢો-૩
હાંરે તમે કેડનો પટકો છોડો રે, પછી શાલ દુશાલા ઓઢો રે... પોઢો-૪
હાંરે પોઢ્યા પ્રેમાનંદના સ્વામી રે,સખી જોઈ જોઈ આનંદ પામી રે...પોઢો-૫
[ નોંધ : ઉનાળામાં બનાતની ટોપીની જગ્યાએ ફૂલડાની ટોપી અને શાલ દુશાલાની જગ્યાએ ફૂલની પછેડી એમ બોલવું.]

## પૂજા કરવાની રીત (પૂજા વિધિ)

**(૧) આચમન વિધિ :**
ત્રણ વખત આચમન કરતી વખતે આ પ્રમાણે બોલવું :-
ૐ નારાયણાય નમઃ, ૐ વાસુદેવાય નમઃ
ૐ વિષ્ણવે નમઃ

**(૨) શિખામંત્ર :** 'હે શિખા તું બ્રહ્મતેજને પમાડનારી થા.' આ પ્રમાણે ભાવનાપૂર્વક નીચે મુજબ બોલવું:

**'શ્રીધર ! શ્રીપતે ! સ્વામિન્ ! ભક્તાનામભયંકર ! ।**
**તિષ્ઠ દેવ શિખાબન્ધે, સ્વામિનારાયણ પ્રભો ! ॥'**

**(૩) તિલક કરવાની વિધિ :**
ૐ શ્રી વાસુદેવાય નમઃ - લલાટે
ૐ શ્રી સંકર્ષણાય નમઃ - હૃદયે
ૐ શ્રી પ્રદ્યુમ્નાય નમઃ - જમણા હાથે
ૐ શ્રી અનિરૂદ્ધાય નમઃ - ડાબા હાથે

**(૪) ફરીથી આચમન વિધિ કરવી :**
ૐ નારાયણાય નમઃ, ૐ વાસુદેવાય નમઃ
ૐ વિષ્ણવે નમઃ





**(૫) માનસી પૂજા કરવી**

**(૬) આહવાન મંત્ર :**
**ઉત્તિષ્ઠોત્તિષ્ઠ હે નાથ, સ્વામિનારાયણ પ્રભો ! ।**
**ધર્મસૂનો દયાસિંધો, સ્વેષાં શ્રેયઃ પરં કુરૂ ॥**
**ઉત્તિષ્ઠોત્તિષ્ઠ ગોવિંદ ! ઉત્તિષ્ઠ ગરૂડ ધ્વજ !**
**ઉત્તિષ્ઠ કમલાકાન્ત ! ત્રૈલોક્યં મંગલં કુરૂ ॥**
**આગચ્છ ભગવન્ ! દેવ ! સ્વસ્થાનાત્પરમેશ્વર ! ॥**
**અહં પૂજાં કરિષ્યામિ, સદા ત્વં સન્મુખો ભવ ॥**

**(૭) થાળ ધરવો,** માળા ફેરવવી, એક પગે ઉભા રહી એક માળા ફેરવવી, એક માળા પુરી થાય ત્યાં સુધી પ્રદક્ષિણા કરવી, છ દંડવત કરવા, સ્તુતિ કરવી પછી **પ્રાર્થના** નીચે મુજબ કરવી.
**અપરાધ સહસ્ત્રાણિ ક્રિયંતેડહર્નિશં મયા ।**
**દાસોડયમિતિ માં મત્વા ક્ષમસ્વ પુરૂષોત્તમ ! ॥**

**(૮) વિસર્જન મંત્ર :**
**સ્વસ્થાનં ગચ્છ દેવેશ ! પૂજામાદાય મામકીમ્ ।**
**ઈષ્ટકામ પ્રસિદ્ધ્યર્થં, પુનરાગમનાય ચ ॥**





**(૯) ગુરૂ મંત્રની માળા :** પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પાસેથી જે ગુરૂમંત્ર લીધો હોય તે મંત્રની ઓછામાં ઓછી બે માળા દરરોજ ફેરવવી.બંને પ્રકારના અષ્ટાક્ષર ગુરૂમંત્ર આ પ્રમાણે છે :-
(૧) **શ્રીકૃષ્ણ ત્વં ગતિર્મમ ।** (હરિભક્તો માટે)
(૨) **બ્રહ્માહં કૃષ્ણદાસોડસ્મિ ।**

**(૧૦) શિક્ષાપત્રીનો પાઠ :** ઓછામાં ઓછા પાંચ શ્લોકનું વાંચન કરવું.

### શ્રી હરિજીના તિલ - ચિહ્ન

(૦ શ્રીજી મહારાજની મૂર્તિમાં જે (૫૨) ચિહ્નો તથા (૬૩) તિલ છે તે ચિહ્ન કેવી રીતે સમજવા તો આવી ✹ જે નિશાની હોય તે ચિહ્ન જાણવું અને તેમાં મુકેલો આંકડો તે પણ ચિહ્નની સંખ્યાનો જાણવો. અને આ પ્રકારની ★ નિશાની હોય તે તિલ સમજવો અને આંકડો પણ તિલની સંખ્યાનો જ જાણવો.
સર્વ અવતારી એવા જે સહજાનંદ સ્વામિ મહારાજ તેમની મૂર્તિનાં જે ચિહ્ન તે પ્રથમ લખીએ છીએ. ૦ શ્રીજી મહારાજનાં બે





ચરણાવિંદનાં તળામાં ઊર્ધ્વરેખા છે. (૧✹) તે કેવી છે ? તો અંગૂઠાની પાસેની જે આંગળી તેની બેય કોરે નીકળી છે ને પાનીની બેય કોરે નીકળી છે. ને જમણાં પગનાં અંગૂઠાનાં થડમાં ઊર્ધ્વરેખાને મળતું જવનું ચિહ્ન છે. (૨✹)
અને તે જમણા પગનાં તળામાં ઊર્ધ્વરેખાની બેય કોરે કમળ (૩✹) અંકુશ (૪✹) ધ્વજ (૫✹) અષ્ટકોણ (૬✹) વજ્ર (૭✹) સ્વસ્તિક (૮✹) જાંબુફળ (૯✹) એમનાં ચિહ્ન છે અને જમણા પગનાં અંગૂઠાનાં નખમાં એક ઉભી રાતી રેખાનું ચિહ્ન છે. (૧૦✹) ને એજ અંગૂઠાની બહારને પડખે એક તિલ છે. (૧★) અને એ અંગૂઠાની પાસેની જે આંગળી તેનું જે અંગૂઠાની કોરનું પડખું તેમાં એક તિલ છે. (૨★) અને જમણાં પગની છેલ્લી આંગળીના બહારનાં પડખામાં નખની પાસે એક તિલ છે. (૩★) અને ડાબા પગની ઊર્ધ્વરેખાની ડાબીકોરે શ્યામ એવા બે ચિહ્ન પાસે પાસે છે. (૧૨✹) અને વળી એ ઊર્ધ્વરેખાને મળતું જ ફણાનાં થડમાં એક વ્યોમનું ચિહ્ન છે. (૧૩✹) અને ડાબા પગનાં તળામાં ઊર્ધ્વરેખાને બે કોરે ધનુષ (૧૪✹) કળશ (૧૫✹) મત્સ્ય (૧૬✹) ત્રિકોણ (૧૭✹) ગોપદ (૧૮✹) અર્ધચંદ્ર

(૧૯✺) એમના ચિહ્ન છે અને બે પગના તળા રક્ત છે. બે પગનાં અંગૂઠા ને આંગળીઓનાં જે નખ તે રક્ત છે. ને ઉપડતાં છે. ને તેજસ્વી છે અને બે પગનાં અંગૂઠા ને આંગળીઓની ઉપર ઝીણા ઝીણા અને કોમળ એવાં રોમનાં ચિહ્ન છે. (૨૯✺) અને બે પગનાં અંગૂઠા ને તેની પાસેની બે આંગળીઓ તે ઉપર ચાખડીનાં ઘસારાના ચિહ્ન છે. (૩૧✺) અને બે પગની જે બહારની ઘુંટીઓ ને તેથી હેઠે આસનના ઘસારાનાં ચિહ્ન છે. (૩૩✺) અને જમણાં પગની ઘુંટીથી પાંચ તસુ ઉંચો નળીની ઉપર એક નાનો તિલ છે. (૪★) અને એ પગનાં સાથળને બહારલી કોરે એક મોટું ચિહ્ન છે. (૩૪✺) અને ડાબા પગની ઘુંટીથી પાંચ તસુ ઉંચો નળીની ઉપર એક મોટો તિલ છે. (૫★) ને તેથી ઉપર પાસે જ એક નાનો તિલ છે. (૬★) અને એ પગનાં ઢિંચણને બહારલે પડખે એક ચિહ્ન છે. (૩૫✺) અને કટિભાગને વિષે બે કોરે ધોતિયું પહેર્યાનાં ઘસારાનાં શ્યામ ચિહ્ન છે. (૩૭✺) અને સદા શીતળ એવું જે ઉદર તે ઉપર ત્રિવળી પડે છે. (૩૮✺) અને ઉંડી ને ગોળ એવી જે નાભી તેની બે કોરે તિલ છે. (૮★) તેમાં જમણી કોરે તો નાભિનાં કાંઠા ઉપર છે ને ડાબી કોરે તો નાભિથી જરાક છેટે





છે. અને જમણી કુખમાં એક મોટો તિલ છે. (૯★) અને તેની પાસે બીજો નાનો તિલ છે. (૧૦★) અને નાભિથી ઉપર બે તસુને છેટે ત્રણ તિલ છે. (૧૩★) તેમાં બે નળીની ઉપર એક એક છે ને એક વચ્ચે છે અને તે વચલાં તિલથી બે તસું ઉપર એક તિલ છે. (૧૪★) અને ડાબે પડખે કુખથી ઉંચે ને બગલથી હેઠે મોટા ચાર તિલની એક ઉભી હાર છે. (૧૮★) ને તેની પાસે બહારની કોરે એક બીજી નાના ચાર તિલની ઉભી હાર છે. (૨૨★) અને તેજ બગલની નીચે ત્રણ તિલની એક ઉભી હાર છે. (૨૫★) ને હૃદયને વિશે રોમનું શ્રી વત્સનું ચિહ્ન છે. (૩૯✺) ને છાતીની વચ્ચે અર્ધચંદ્રને આકારે પાંચ તસુ પહોળું ને જરાક રાતું એવું એક મોટું ચિહ્ન છે. (૪૦✺) તે જમણી કોરે કાંઈક વિશેષ ચઢતું છે અને એ ચિહ્નને વચ્ચે જરાક ડાબી કોરે એક મોટો તિલ છે. (૨૬★) અને એ તિલથી ડાબી કોરે બે આંગળને છેટે એક તિલ છે. (૨૭★) ને તેની ડાબી કોરે બે તસુંને છેટે ડાબા સ્તનથી ઉપર એક તિલ છે. (૨૮★) અને બે સ્તનથી ઉપર બે છાપનાં ચિહ્ન છે. (૪૨✺) અને જમણી ભુજાની પાસે માંહ્યલી કોરે ઉભી ઓળે ચાર તિલ છે. (૩૨★) અને





જમણી ભુજાનાં મૂળથી ત્રણ તસું હેઠું એક છાપનું ચિહ્ન છે. (૪૩✺) ને તે છાપનાં ચિહ્નને બહારની કોરે નાનાં ચાર તિલ છે. (૩૬★) ને જમણી કોણીથી હેઠા ને કાંડાથી ઉંચા બે તિલ છે. (૩૮★) અને જમણાં હાથની ટચલી આંગળીનાં મૂળથી ઉપર અર્ધા આંગળને છેટે એક નાનો તિલ છે. (૩૯★) અને ડાબી ભુજાનાં મૂળથી ત્રણ તસુ હેઠું એક છાપનું ચિહ્ન છે. (૪૪✺) ડાબી કોણીથી બે તસું હેઠો હાથને ઉપરને ભાગે એક તિલ છે. (૪૦★) અને ડાબા હાથનાં અંગુઠા પાસેની જે આંગળી તથા વચલી આંગળી એ બેની વચ્ચે એક તિલ છે. (૪૧★) ને એ અંગુઠા પાસેની આંગળીનાં નખની પાસે માંહ્યલી કોરે એક નાનો તિલ છે. (૪૨★) ને ડાબા હાથનાં પોંચા ઉપર એક તિલ છે. (૪૩★) અને બે હાથનાં અંગુઠા ને આંગળીઓનાં જે નખ તે રક્ત છે ને ઉપડતાં છે ને તેજસ્વી છે ને તે નખનાં જે અગ્ર ભાગ તે અતિ તીક્ષ્ણ છે અને બે હાથનાં જે તળાં તે રક્ત છે ને તે તળામાં જે રેખાઓ તે થોડી થોડી શ્યામ જણાય છે. ને તે હથેળીનાં મૂળથી ઉપર આઠ તસુ ઉંચા બે છાપનાં ચિહ્ન છે. (૪૬✺) અને બંને કોણી શ્યામ છે અને કંઠના ખાડાની વચ્ચે એક તિલ છે. (૪૪★)





ને એ તિલથી જરાક છેટે એક નાનો તિલ છે. (૪૫★) અને દાઢીથી હેઠો એક તિલ છે. (૪૬★) ડાબા ખભાથી બે આંગળ હેઠો વાંસામાં એક રોમે સહિત એક મોટો તિલ છે (૪૭★) ને એ તિલથી હેઠો એક તિલ છે. (૪૮★) ને વળી તેથી હેઠો બીજો એક તિલ છે. (૪૯★) અને કરોડની જમણી કોરે ડોકથી બે તસુ હેઠો એક તિલ છે. (૫૦★) ને જમણી ખરપડી ઉપર એક નાનો તિલ છે. (૫૧★) અને કરોડની જમણી કોરે વાંસાની મધ્યે ચાર તિલ છે. (૫૫★) અને નાસિકાની પાસે જમણી કોરે એક મોટો તિલ છે. (૫૬★) અને એ તિલથી ઉંચો ને આંખનાં ખુણાથી હેઠો પાસે જ એક નાનો તિલ છે. (૫૭★) અને બે નેત્રની જે હેઠલી ને ઉપલી પાંપણો તેની ઉપર ને હેઠે ઝીણી ઝીણી કરચલીઓ પડે છે અને નાસિકાની ઉપર શીળીનાં ચાંઠાના ઝીણા ઝીણા ચિહ્ન છે. (૪૭✺) અને મુખમાં જમણી કોરે હેઠલી જે પ્રથમની દાઢ તેમાં શ્યામ ચિહ્ન છે. (૪૮✺) અને જીહ્વા તે કમળના પત્ર સરખી રક્ત છે અને તે જીભની ઉપર શ્યામ ચિહ્ન છે. (૪૯✺) અને ડાબા કાનની માંહ્યલી કોરે શ્યામ બિંદુનું ચિહ્ન છે. (૫૦✺) અને વિશાળ ને ઉપડતું એવું જે લલાટ તેને વિષે

તિલકને આકારે ઉભી બે રેખા છે. (૫૧✺) અને વળી લલાટને વિષે જમણી કોરે કેશથી હેઠું એક ચિહ્ન છે. (૫૨✺) અને જમણા કાનની બુટ્ટી ઉપર એક નાનો તિલ છે. (૫૮★) અને તાળવાની ઉપર એક મોટો તિલ છે. (૫૯★) અને શિખાની આગળ સમીપે એક તિલ છે. (૬૦★) અને શિખાની પછવાડે જમણી કોરે ત્રણ તિલ છે. (૬૩★) અને એ વિના બીજા પણ ઝીણા ઝીણા તિલ તે શરીરમાં કેટલાક છે, અને શ્રીજીમહારાજની જે મૂર્તિ તે અતિશે રૂપ ને સુંદરતા અને મધુરતા તેણે યુક્ત છે; અને તે મૂર્તિ પુષ્ટ છે ને અતિશે શોભાયમાન છે. અને તે મૂર્તિનાં દર્શન કરનારા જે ભક્તજન તેમનાં મનને અને નેત્રને હરી લે એવી તે મૂર્તિ છે અને તે મૂર્તિ ઘનશ્યામ છે ને શાંત સ્વભાવે યુક્ત છે અને દુર્ગપત્તનને વિષે શ્રી ગોપીનાથજીની મૂર્તિ જેટલી ઊંચી છે, તેટલી જ શ્રીજી મહારાજની મૂર્તિ ઊંચી છે અને શ્રીજી મહારાજની મૂર્તિનાં જે કર, ચરણ, આદિક, સર્વે અંગ તે સામુદ્રિક શાસ્ત્રમાં જેવા કહ્યા છે તેવાં છે. આવી રીતે શ્રીજી મહારાજની મૂર્તિનાં જે ચિહ્ન તે પોતાની સ્મૃતિને અનુસારે લખ્યા છે.





**ઓરડાનાં પદો**

**(રાગ-ગરબી) પદ-૧**

આજ મારે ઓરડે રે, આવ્યા અવિનાશી અલબેલ;
બાઈ મેં બોલાવિયા રે, સુંદર છોગાવાળો છેલ. ૧
નિરખ્યા નેણાં ભરી રે, નટવર સુંદર શ્રી ઘનશ્યામ;
શોભા શી કહું રે, નિરખી લાજે કોટિક કામ. ૨
ગુંથી ગુલાબના રે, કંઠે આરોપ્યા મેં હાર;
લઈને વારણાં રે, ચરણે લાગી વારમવાર. ૩
આપ્યો મેં તો આદરે રે, બેસવા ચાકળીયો કરી પ્યાર;
પૂછ્યા પ્રીતશું રે, બાઈ મેં સર્વે સમાચાર. ૪
કહોને હરિ ક્યાં હતા રે, ક્યાં થકી આવ્યા ધર્મકુમાર;
સુંદર શોભતા રે, અંગે સજીયા છે શણગાર. ૫
પહેરી પ્રીતશું રે, સુરંગી સુંથણલી સુખદેણ;
નાડી હીરની રે, જોતાં તૃપ્ત ન થાયે નેણ. ૬
ઉપર ઓઢીયો રે, ગુઢો રેંટો જોયા લાગ;
સજની તે સમે રે, ધન્ય ધન્ય નીરખ્યા તેનાં ભાગ્ય. ૭
મસ્તક ઉપરે રે, બાંધ્યું મોળીડું અમૂલ્ય;





કોટિક રવિ શશી રે, તે તો નાવે તેને તુલ્ય. ૮
રેશમી કોરનો રે, કરમાં સાહ્યો છે રૂમાલ;
પ્રેમાનંદ તો રે, એ છબી નિરખી થયો નિહાલ. ૯

**પદ-૨**

સજની સાંભળો રે, શોભા વર્ણવું તેની તેહ;
મૂર્તિ સંભારતા રે, મુજને ઉપજ્યો અતિ સ્નેહ. ૧
પહેર્યા તે સમે રે, હરિએ અંગે અલંકાર;
જેવા મેં નિરખિયા રે, તેવા વર્ણવું કરીને પ્યાર. ૨
બરાસ કપુરના રે, પહેર્યા હેડે સુંદર હાર;
તોરા પાઘમાં રે, તે પર મધુકર કરે ગુંજાર. ૩
બાજુ બેરખા રે, બાંયે કપુરના શોભિત;
કડાં કપુરનાં રે, જોતાં ચોરે સહુનાં ચિત્ત. ૪
સર્વે અંગમાં રે, ઉઠે અત્તરની બહુ ફોર;
ચોરે ચિત્તને રે, હસતાં કમળ નયનની કોર. ૫
હસતા હેતમાં રે, સૌને દેતા સુખ આનંદ;
રસરૂપ મૂર્તિ રે, શ્રીહરિ કેવળ કરૂણાકંદ. ૬
અદ્‌ભુત ઉપમા રે, કહેતાં શેષ ન પામે પાર;





ધરીને મૂર્તિ રે, જાણે આવ્યો રસ શૃંગાર. ૭
વાલપ વેણમાં રે, નેણાં કરૂણામાં ભરપૂર;
અંગોઅંગમાં રે, જાણે ઉગિયા અગણિત સૂર. ૮
કરતા વાતડી રે, બોલી અમૃત સરખાં વેણ;
પ્રેમાનંદના રે, જોતાં તૃપ્ત ન થાયે નેણ. ૯

**પદ-૩**

બોલ્યા શ્રી હરિ રે, સાંભળો નરનારી હરિજન;
મારે એક વાર્તા રે, સૌને સંભળાવ્યાનું છે મન. ૧
મારી મૂર્તિ રે, મારા લોક ભોગને મુક્ત;
સર્વે દિવ્ય છે રે, ત્યાં તો જોયાની છે જુક્ત. ૨
મારું ધામ છે રે, અક્ષર અમૃત જેનું નામ;
સર્વે સામ્રથી રે, શક્તિ ગુણે કરી અભિરામ. ૩
અતિ તેજોમય રે, રવિ શશી કોટિક વારણે જાય;
શીતળ શાંત છે રે, તેજની ઉપમા નવ દેવાય. ૪
તેમાં હું રહું રે, દ્વિભુજ દિવ્ય સદા સાકાર;
દુર્લભ દેવને રે, મારો કોઈ ન પામે પાર. ૫
જીવ ઈશ્વર તણો રે, માયા કાળ પુરુષ પ્રધાન;

સહુને વશ કરૂં રે, સહુનો પ્રેરક હું ભગવાન. ૬
અગણિત વિશ્વની રે, ઉત્પત્તિ પાલન પ્રલય થાય;
મારી મરજી વિના રે, કોઈથી તરણું નવ તોડાય. ૭
એમ મને જાણજો રે, મારા આશ્રિત સૌ નરનારી;
મેં તો તમ આગળે રે, વાર્તા સત્ય કહી છે મારી. ૮
હું તો તમ કારણે રે, આવ્યો ધામ થકી ધરી દેહ;
પ્રેમાનંદનો રે, વ્હાલો વરસ્યા અમૃત મેહ. ૯

**પદ-૪**

વળી સૌ સાંભળો રે, મારી વાર્તા પરમ અનુપ;
પરમ સિદ્ધાંત છે રે, સૌને હિતકારી સુખરૂપ. ૧
સહુ હરિભક્તને રે, જાવું હોયે મારે ધામ;
તો મને સેવજો રે, તમે શુદ્ધ ભાવે થઈ નિષ્કામ. ૨
સહુ હરિભક્તને રે, રહેવું હોયે મારી પાસ,
તો તમે મેલજો રે, મિથ્યા પંચવિષયની આશ. ૩
મુજ વિના જાણજો રે, બીજા માયિક સહુ આકાર;
પ્રીતિ તોડજો રે, જુઠાં જાણી કુટુંબ પરિવાર. ૪
સૌ તમે પાળજો રે, સર્વે દૃઢ કરી મારાં નિયમ;





તમ પર રીઝશે રે, ધર્મને ભક્તિ કરશે ક્ષેમ. ૫
સંત હરિભક્તને રે, દીધો શિક્ષાનો ઉપદેશ;
લટકાં હાથનાં રે, કરતા શોભે નટવર વેષ. ૬
નિજ જન ઉપરે રે, અમૃત વરસ્યા આનંદ કંદ;
જેમ સહુ ઔષધી રે, પ્રીતે પોષે પૂરણચંદ. ૭
શોભે સંતમાં રે, જેમ કાંઈ ઉડુગણમાં ઉડુરાજ;
ઈશ્વર ઉદય થયા રે, કળીમાં કરવા જનના કાજ. ૮
એ પદ શીખશે રે, ગાશે સાંભળશે કરી પ્યાર;
પ્રેમાનંદનો રે, સ્વામી લેશે તેની સાર. ૯

## વિવિધ કિર્તનો

**(રાગ : ધોળ) પદ-૧**

સર્વે સખી જીવન જોવાને ચાલો રે,
શેરડિયુંમાં આવે લટકંતો લાલો રે-૧
એની શોભા મુખે વર્ણવી ન જાય રે,
જેને નિગમ નેતિ નેતિ કરી ગાય રે-૨
રોઝે ઘોડે રાજેશ્વર બિરાજે રે,
છબી જોઈ કોટિક કંદર્પ લાજે રે-૩





મળ્યાં આવે મહા મુનિનાં વૃન્દ રે,
તેમાં શોભે તારે વીંટ્યો જેમ ચંદ રે-૪
શુક સનકાદિક ઉત્તમ જશ ગાવે રે,
નૃત્ય કરી નારદ વીણા બજાવે રે-૫
નિજ સખા ચમર કરે લઈ હાથ રે,
આ જો આવ્યા ભૂમાનંદના નાથ રે-૬

**પદ-૨**

જુવો છબી શ્યામ સુંદરવર કેરી રે,
હીરની નાડી સુંથણલી સોનેરી રે-૧
જરકસી જામો બુટ્ટાદાર રે,
કસીયો કમર સોનેરી કટાર રે-૨
શિર પર પાઘ પેચાળી નવરંગી રે,
કાને ગુચ્છ ગુલાબી માથે કલંગી રે-૩
ગજરા તોરા ગળે ગુલાબના હાર રે,
આવી ઉપર ભ્રમર કરે છે ગુંજાર રે-૪
પોંચી કડાં બાંયે બાજુબંધ રે,
નંગ જડ્યાં કુંડળ મોતીનાં વૃન્દ રે-૫





વેગે જુઓ વરણાગિયો વનમાળી રે,
શીતળ થાયે ભૂમાનંદ કે' ભાળી રે-૬

**પદ-૩**

મૂર્તિ ચંચળ જુઓ ચટકંતી ચાલ રે,
નેત્ર છડી કરમાં ફુમકિયાળી લાલ રે-૧
મંદ હાસ ચપળ નેણા ચિત્ત ચોરે રે,
કરનાં લટકાં કરી કાળજડાને કોરે રે-૨
મીઠા બોલો ઘેરે રાગે ગાય રે,
અધર ધરી મોરલી મનોહર વાય રે-૩
ઝળકે ભાલ વિશાળ શોભાનું ધામ રે,
નાસા અણિયાળી ભ્રમર અતિ શ્યામ રે-૪
અધર લાલ માંહી મધુરૂં હાસ રે,
દંત પંક્તિ કરે અતિશે પ્રકાશ રે-૫
જમણે ગાલે ટીબકડી રૂપાળી રે,
તાપ ટળ્યા ભૂમાનંદ કહે ભાળી રે-૬

**પદ-૪**

ઘેરે ચાલી આવ્યા બ્રહ્મમો'લવાસી રે,

જેને કહે છે અક્ષરાતીત અવિનાશી રે-૧
જુઓ જીવ મોહ નિદ્રામાંથી જાગી રે,
વરી એને થાઓ અખંડ સોહાગી રે-૨
જોતાં વાટ આવી મારે જાન રે,
પોતે વર પુરૂષોત્તમ ભગવાન રે-૩
શુક સનકાદિક ધરે જેનું ધ્યાન રે,
મારાં લોચન કરે તે મુખડાનું પાન રે-૪
એની સર્વે દેખી અલૌકિક રીત રે,
ચોટ્યું મારૂં સુંદરવરમાં ચિત્ત રે-૫
હથેવાળો હરિ સંગાથે મેં કીધો રે,
ભૂમાનંદ કહે જન્મ સુફળ કરી લીધો રે-૬

**રાગ-મલાર પદ-૧**

મારા વાલાજી શું વાલપ દીસે રે, તેનો સંગ શીદ તજીએ;
તેવિના કેને ભજીએ.... ટેક
સન્મુખ જાતાં શંકા ન કીજે, મર ભાલા તણો મે'હ વરસે રે;
હંસ જઈ હરિજનને રે મળશે, કાચી તે કાયા પડશે રે..તેનો.૧
શૂળી ઉપર શયન કરાવે, તોયે સાધુને સંગે રહીએ રે;





દુરિજન લોક દુર્ભાષણ બોલે,તેનું સુખદુઃખ સર્વે સહીએ રે ...તેનો.૨
અમૃતપે અતિ મીઠા મુખથી, હરિનાં ચરિત્ર સુણાવે રે;
બ્રહ્મા ભવ સનકાદિક જેવા, જેનાં દર્શન કરવાને આવે રે..તેનો.૩
નરક કુંડથી નરસું લાગે, દુરિજનનું મુખ મનમાં રે;
મુક્તાનંદ મગન થઈ માગે,વ્હાલા વાસ દેજો હરિજનમાં રે..તેનો.૪

**પદ-૨**

મારા હરજી શું હેત ન દીસે રે, તેને ઘેર શીદ જઈએ;
તેને સંગે શીદ રહીએ રે - ટેક.
હેત વિના હુંકારો ન લેવો, જેનું હરખે શું હૈડું ન હીસે રે;
આગળ જઈને વાત વિસ્તારે, જેની આંખ્યુંમાં પ્રેમ ન દીસે રે..તેને.૧
ભક્તિ ભાવનો ભેદ ન જાણે, ભૂરાયો થઈને ભાળે રે;
લલિત લીલાને રંગે ન રાચે, પછી ઉલેચી અંધારૂં ટાળે રે..તેને.૨
નામ તણો વિશ્વાસ ન આવે, ઊંડું તે ઊંડું શોધે રે;
જાહ્નવી તીરે તરંગ તજીને, પછી તટમાં જઈને કૂપ ખોદે રે..તેને.૩
પોતાના સરખી કરીને જાણે, પુરૂષોત્તમની કાયા રે;
નરસૈયાના સ્વામીની લીલા,ઓલ્યા મતિયા કહે છે માયા રે..તેને.૪





**શોભાના પદો**

**(રાગ : ગરબી) પદ-૧**

શોભા શી કહું રે રૂડી, વરણન કરતાં જાય ચિત્ત બૂડી;
હરિવર જોયા રે રંગમાં, મોહી હું તો રસિયાજીના અંગમાં-૧
ઉદર અનુપમ રે નીરખી, ઉપમા પીપળ પાનના સરખી;
ત્રિવળી સુંદર રે શોભે, જોઈ જોઈ ચિત્તડાં મારાં લોભે-૨
નાભિ ઊંડી રે રૂપાળી, બ્રહ્મા બેસે ત્યાં આસન વાળી;
કટિલંક જોઈને રે મનમાં, મૃગપતિ લાજી રહ્યો મહા વનમાં-૩
હરિએ ઉપવીત રે ધારી, મુનિનાં મનને આનંદકારી;
નીરખી આનંદ રે પામી, આવા રૂડા પ્રેમસખીના સ્વામી-૪

**પદ-૨**

હરિને નિરખ્યા રે નેણે, વહાલાને વરણવું સુંદર વેણે;
શ્યામ શરીરે રે શોભે, આજાન બાહુ ચિત્તડાં લોભે-૧
મૂર્તિ ઉંચી રે વખાણું, સવા ચોસઠ તસુ પરમાણું;
સુંદર શોભે રે શરીરે, પીત પટ પહેર્યા છે બળવીરે-૨
ઘેરે સાદે રે ગાજે, સાંભળી મેઘ નગારાં લાજે;
હસતા આવે રે પાસે, કેસર સરખો સુગંધ શ્વાસે-૩





કૌતુહલના રે ભરિયા, જોગ કળાના પૂરણ દરિયા;
બ્રહ્મ વિદ્યાના રે સ્વામી, આવા રૂડા પ્રેમસખી વર પામી-૪

**પદ-૩**

રંગનો ભીનો રે જોઈ, હરિના જુગલ ચરણ પર મોહી;
સાથળ રૂડા રે કેવા, નીરખી મનમાં રાખ્યા જેવા-૧
ગોળ છે જાડા રે સ્વરૂપે, ઉપમા કદળી થંભની ઓપે;
શોભિત શોભા રે ધામ, વ્રજવનિતાના પૂરણ કામ-૨
સુંદર શોભે રે જાનું, નીરખી ધન્ય ભાગ્ય કરી માનું;
જંઘા જુગલને રે નીરખી, ચંદન ચરચી મનમાં હરખી-૩
ઘુંટી અનુપમ રે પાની, નીરખી મનમાં રાખું છાની;
એ પદ ઉરમાં રે ધારી, પૂજી પ્રેમસખી બલિહારી-૪

**પદ-૪**

ચરણ હરિના રે શોભે, જોઈ જોઈ મુનિ મન મધુકર લોભે;
છબી અલૌકિક રે ન્યારી, સોળે ચિહ્ન તણી બલિહારી-૧
મચ્છ તે મહા સુખ રે આપે, ત્રિકોણ ગોપદ દુઃખડાં કાપે;
કળશ ધનુષને રે ધારે, વ્યોમ તે તાપ હૈયાના ઠારે-૨
અર્ધ ચંદ્ર ઊગ્યો રે ભારી, સ્વસ્તિક અષ્ટકોણ મંગલકારી;

જવ ને જાંબુ રે વિરાજે, વજ ધ્વજ અંકુશ અતિશે છાજે-૩
અંબુજ શોભા રે સારી, લાગે ઊર્ધ્વરેખા અતિ પ્યારી;
શુક જેવા જોગી રે વિચારે, નિત્ય ઉઠી પ્રેમસખી ઉર ધારે-૪

**પદ-૫**

એ ચરણના રે ભોગી, શિવ સનકાદિક શુક જેવા જોગી;
મનમાં વિચારે રે પ્રીતે, તેણે કરી કામાદિક રિપુ જીતે-૧
ધ્યાનમાં નખમણિ રે દેખે, ઝીણી ઝીણી આંગળિયોની રેખે;
જોઈ ચિહ્ન જમણે રે અંગુઠે, બીજે નવ રાચે ભામે જુઠે-૨
ઋષિગણ પૂજે રે આનંદે, ભવ બ્રહ્માદિક નિત્ય ઊઠી વન્દે;
શેષ સંભારે રે મનમાં, પૂજે ગોવાળ વૃંદાવનમાં-૩
કુચને કુમકુમ રે સમારી, ઉર પર રાખે વ્રજની નારી;
ઉપનિષદનો રે સાર, પ્રેમસખી કરી રાખે ઉર હાર-૪

**પદ-૬**

સુંદર શોભે રે રસિયો, વહાલો મારા હૃદય કમળમાં વસિયો;
રૂપ અલૌકિક રે જોઈ, ઉપમા તોલે નાવે કોઈ-૧
નિત્ય ઉઠી નારદ રે ગાવે, શેષ સહસ્ર મુખ પાર ન પાવે,
શ્રી નારાયણ રે સ્વામી, હું તો એ જોઈને આનંદ પામી-૨





નખશિખ શોભા રે વખાણી, સુફળ કરૂં છું મારી વાણી;
અંગોઅંગને રે ગાઉં, હવે હું પાછી ભવમાં ના'વું-૩
હવે હું તો થઈ છું રે માતી, હરિના ગુણસાગરમાં ના'તી;
વહાલે મને ઝાલી રે હાથે, રસિયે પ્રેમસખીને નાથે-૪

**એકાદશીનું પદ**

**(રાગ ગરબી) પદ-૧**

કોડે કોડે એકાદશી કીજીએ રે,
એવું વ્રત જાવા નવ દીજીએ રે. કોડે૦ ૧
એવું વ્રત કરે તે ધન્ય માનવી રે,
તે તો નાહ્યો કોટિકવાર જાહ્નવી રે. કોડે૦ ૨
જેણે વચન પ્રમાણે વ્રત આદર્યું રે,
તેણે કારજ પોતાનું સર્વે કર્યું રે. કોડે૦ ૩
એનો મહિમા મુનિવર ગાય છે રે,
અવિનાશી મળ્યાનો ઉપાય છે રે. કોડે૦ ૪
બ્રહ્માનંદ કહે એમાં હરિ રહ્યા વસી રે,
કીધી ઉદ્ધવ પ્રમાણે એકાદશી રે. કોડે૦ ૫



નિત્ય નિયમ

**હનુમાનજીની આરતી**

જય કપિ બલવંતા, જય કપિ બલવંતા;
સુરનર મુનિજન વંદિત, પદરજ હનુમંતા...જય-૧
પ્રૌઢ પ્રતાપ પવન સુત, ત્રિભુવન જયકારી;
અસુર રિપુ મદ ગંજન, ભય સંકટ હારી...જય-૨
ભૂત પિશાચ વિકટ ગ્રહ, પીડત નહિ જંપે;
હનુમંત હાક સુણીને , થર થર થર કંપે...જય-૩
રઘુવીર સહાય ઓળંગ્યો, સાગર અતિ ભારી;
સીતા શોધ લે આયે, કપિ લંકા જારી...જય-૪
રામ ચરણ રતિ દાયક, શરણાગત ત્રાતા;
પ્રેમાનંદ કહે હનુમંત, વાંછિત ફળદાતા...જય-૫

**હનુમાન અષ્ટક**

નીતિપ્રવીણ ! નિગમાગમશાસ્ત્રબુદ્ધે ! રાજાધિરાજરઘુનાયક મન્ત્રિવર્ય !
સિન્દુરચર્ચિતકલેવર નૈષ્ઠિકેન્દ્ર શ્રીરામદૂત ! હનુમન્ ! હર સંકટં મે ॥૧॥
સીતાનિમિત્તજરઘૂત્તમભૂરિકષ્ટ પ્રોત્સારણૈ કકસહાય હતાસ્ત્રપૌઘ ।
નિર્દગ્ધયાતુપતિહાટકરાજધાને ! શ્રી રામદૂત ! હનુમન્ ! હર સંકટં મે ॥૨॥
દુર્વાર્યરાવણ વિસર્જિત શક્તિઘાત કંઠાસુલક્ષ્મણ સુખા હૃતજીવવલ્લે ।
દ્રોણાચલાનયનનન્દિતરામપક્ષ ! શ્રીરામદૂત ! હનુમન્ ! હર સંકટં મે ॥૩॥



નિત્ય નિયમ

રામાગમોક્તિતરિતારિતબંધ્વયોગદુ:ખાબ્ધિમગ્નભરતાર્પિતપારિબર્હ ।
રામાંઘ્રિપદ્મમધુપી ભવદન્તરાત્મન્ ! શ્રી રામદૂત ! હનુમન્ ! હર સંકટં મે ॥૪॥
વાતાત્મકેસરિમહાકપિરાટ્તદીય ભાર્યાંજનીપુરુતપ:ફલપુત્રભાવ ।
તાર્ક્ષ્યોપમોચિતવપુર્બલતીવ્રવેગ ! શ્રીરામદૂત ! હનુમન્ ! હર સંકટં મે ॥૫॥
નાનાભિચારિકવિસૃષ્ટસવીર કૃત્યા વિદ્રાવણારુણ સમીક્ષણદુ:પ્રધર્ષ્ય ।
રોગઘ્નસત્સુતદવિત્તદમન્ત્રજાપ ! શ્રીરામદૂત ! હનુમન્ ! હર સંકટં મે ॥૬॥
યન્નામધેયપદકશ્રુતિમાત્રતોપિ યે બ્રહ્મરાક્ષસપિશાચગણાશ્ચભૂતા: ।
તે મારિકાશ્ચ સભયં હ્યપયાન્તિ સ ત્વં શ્રી રામદૂત ! હનુમન્ ! હર સંકટં મે ॥૭॥
ત્વં ભક્તમાનસમીપ્સિતપૂર્તિશક્તૌ દીનસ્ય દુર્મદસપત્નભયાર્તિભાજ: ।
ઈષ્ટં મમાપિ પરિપૂરય પૂર્ણકામ ! શ્રીરામદૂત ! હનુમન્ ! હર સંકટં મે ॥૮॥
*ઈતિ શ્રીશતાનંદમુનિ વિરચિતં શ્રી હનુમત્સ્તોત્રમ્ સમાપ્તમ્ ॥*
*ૐ નમો હનુમતે ભયભંજનાય સુખં કુરુ ફટ્ સ્વાહા ॥*

**શ્રી ગણપતિદાદાની આરતી**

જય મંગલકારી જય મંગલકારી;
આરતી પ્રેમે ઉતારૂં (૨) ગણપતિ ભયહારી. જય-૧ **ટેક**
વંદિત ચરણ સુરાસુર, ત્રિભુવન વિખ્યાતા, (૨)
કામરિપુ સુત સુંદર (૨) મનવાંછિત દાતા...જય-૧

ગૌરવર્ણ ગિરિજાસુત, સુંદર ગજવદના, (૨)
શોભિત શશિવર ભાલે (૨)જય જય સુખસદના.જય-૨
એકદંત અઘમોચન, ઉંદર અસવારી (૨)
લંબોદર ગણનાયક (૨) વરદાયક ભારી...જય-૩
સુંદર ઉરગ વિભૂષણ, ભૂષિત સુખરાશી, (૨)
પ્રેમાનંદ બલિહારી (૨) શિવસુત અવિનાશી...જય-૪

**: શ્રી જનમંગલ સ્તોત્રમ્ :**

નમોનમઃ શ્રી હરયે, બુદ્ધિદાય દયાવતે ।
ભક્તિધર્માંગજાતાય, ભક્તકલ્પદ્રુમાય ચ ॥૧॥
સુગંધપુષ્પહારાદ્યૈર્વિવિધૈરૂપહારકૈઃ ।
સંપૂજિતાય ભક્તૌઘૈઃ સિતાંબરધરાય ચ ॥૨॥
નામ્નામષ્ટોત્તરશતં, ચતુર્વર્ગમભીપ્સતામ્ ।
સદ્યઃ ફલપ્રદં નૃણાં, તસ્ય વક્ષ્યામિ સત્પતેઃ ॥૩॥
અસ્ય શ્રીજનમંગલાખ્યસ્ય, શ્રીહર્યષ્ટોત્તરશતનામ-
સ્તોત્રમંત્રસ્ય શતાનન્દ ઋષિઃ । અનુષ્ટુપ્ છંદઃ ।
ધર્મનંદનઃ શ્રીહરિર્દેવતા । ધાર્મિક ઈતિ બીજમ્।
બૃહદ્વ્રતધર ઈતિ શકિતઃ । ભક્તિનન્દન ઈતિ
કીલકમ્ । ચતુર્વર્ગસિદ્ધ્યર્થે જપે વિનિયોગઃ ॥





**અથ ધ્યાનમ્ ।**

વર્ણિવેષરમણીયદર્શનં,મન્દહાસરુચિરાનનામ્બુજમ્ ।
પૂજિતં સુરનરોત્તમૈર્મુદા, ધર્મનંદનમહં વિચિન્તયે ॥૪॥
શ્રીકૃષ્ણઃ શ્રીવાસુદેવો, નરનારાયણઃ પ્રભુઃ ।
ભક્તિધર્માત્મજો ઽજન્મા કૃષ્ણો નારાયણો હરિઃ ॥૫॥
હરિકૃષ્ણો ઘનશ્યામો, ધાર્મિકો ભક્તિનન્દનઃ ।
બૃહદ્વ્રતધરઃ શુદ્ધો, રાધાકૃષ્ણેષ્ટદૈવતઃ ॥૬॥
મરુત્સુતપ્રિયઃ કાલીભૈરવાદ્યતિભીષણઃ ।
જિતેન્દ્રિયો જિતાહારસ્તીવ્રવૈરાગ્ય આસ્તિકઃ ॥૭॥
યોગેશ્વરો યોગકલાપ્રવૃત્તિરતિધૈર્યવાન્ ।
જ્ઞાની પરમહંસશ્ચ તીર્થકૃત્તૈર્થિકાર્ચિતઃ ॥૮॥
ક્ષમાનિધિઃ સદોન્નિદ્રો, ધ્યાનનિષ્ઠસ્તપઃપ્રિયઃ ।
સિદ્ધેશ્વરઃ સ્વતંત્રશ્ચ, બ્રહ્મવિદ્યાપ્રવર્તકઃ ॥૯॥
પાષંડોચ્છેદનપટુઃ સ્વસ્વરૂપાચલસ્થિતિઃ ।
પ્રશાન્તમૂર્તિર્નિર્દોષોઽસુરગુર્વાદિમોહનઃ ॥૧૦॥
અતિકારુણ્યનયન, ઉદ્ધવાધ્વપ્રવર્તકઃ ।
મહાવ્રતઃ સાધુશીલઃ સાધુવિપ્રપ્રપૂજકઃ ॥૧૧॥





અહિંસયજ્ઞપ્રસ્તોતા સાકારબ્રહ્મવર્ણનઃ ।
સ્વામિનારાયણઃ સ્વામી કાલદોષનિવારકઃ ॥૧૨॥
સચ્છાસ્ત્રવ્યસનઃ સદ્યઃસમાધિસ્થિતિકારકઃ ।
કૃષ્ણાર્ચાસ્થાપનકરઃ કૌલદ્વિટ્ કલિતારકઃ ॥૧૩॥
પ્રકાશરૂપો નિર્દમ્ભઃ સર્વજીવહિતાવહઃ ।
ભકિતસમ્પોષકો વાગ્મી, ચતુર્વર્ગફલપ્રદઃ ॥૧૪॥
નિર્મત્સરો ભક્તવર્મા, બુદ્ધિદાતાઽતિપાવનઃ ।
અબુદ્ધિહૃદ્ બ્રહ્મધામદર્શકશ્ચાપરાજિતઃ ॥૧૫॥
આસમુદ્રાન્તસત્કીર્તિઃ, શ્રિતસંસૃતિમોચનઃ ।
ઉદારઃ સહજાનંદઃ, સાધ્વીધર્મપ્રવર્તકઃ ॥૧૬॥
કન્દર્પદર્પદલનો, વૈષ્ણવકતુકારકઃ ।
પંચાયતનસન્માનો, નૈષ્ઠિકવ્રતપોષકઃ ॥૧૭॥
પ્રગલ્ભો નિઃસ્પૃહઃ સત્યપ્રતિજ્ઞો ભક્તવત્સલઃ ।
અરોષણો દીર્ઘદર્શી, ષડૂર્મિવિજયક્ષમઃ ॥૧૮॥
નિરહંકૃતિરદ્રોહ, ઋજુઃ સર્વોપકારકઃ ।
નિયામકશ્ચોપશમસ્થિતિર્વિનયવાન્ ગુરુઃ ॥૧૯॥
અજાતવૈરી નિર્લોભો, મહાપુરુષ આત્મદઃ ।
અખંડિતાર્ષમર્યાદો,વ્યાસસિદ્ધાન્તબોધકઃ ॥૨૦॥





મનોનિગ્રહયુક્તિજ્ઞો, યમદૂતવિમોચકઃ ।
પૂર્ણકામઃ સત્યવાદી ગુણગ્રાહી ગતસ્મયઃ ॥૨૧॥
સદાચારપ્રિયતરઃ, પુણ્યશ્રવણકીર્તનઃ ।
સર્વમંગલસદ્રૂપ નાનાગુણવિચેષ્ટિતઃ ॥૨૨॥
ઈત્યેતત્પરમં સ્તોત્રં જનમંગલસંજ્ઞિતમ્ ।
યઃ પઠેત્તેન પઠિતં, ભવેદ્વૈ સર્વમંગલમ્ ॥૨૩॥
યઃ પઠેચ્છૃણુયાદ્ભક્ત્યા, ત્રિકાલં શ્રાવયેચ્ચ વા ।
એતત્તસ્ય તુ પાપાનિ નશ્યેયુઃ કિલ સર્વશઃ ॥૨૪॥
એતત્સંસેવમાનાનાં, પુરુષાર્થચતુષ્ટયે ।
દુર્લભં નાસ્તિ કિમપિ હરિકૃષ્ણપ્રસાદતઃ ॥૨૫॥
ભૂતપ્રેતપિશાચાનાં, ડાકિનીબ્રહ્મરક્ષસામ્ ।
યોગિનીનાં તથા બાલગ્રહાદીનામુપદ્રવઃ ॥૨૬॥
અભિચારો રિપુકૃતો, રોગશ્ચાન્યોપ્યુપદ્રવઃ ।
અયુતાવર્તનાદસ્ય, નશ્યત્યેવ ન સંશયઃ ॥૨૭॥
દશાવૃત્ત્યા પ્રતિદિનમસ્યાભીષ્ટં સુખં ભવેત્ ।
ગૃહિભિસ્ત્યાગિભિશ્ચાપિ પઠનીયમિદં તતઃ ॥૨૮॥

**ઈતિ શ્રી શતાનંદમુનિ વિરચિતં શ્રી જનમંગલાખ્યં**
**શ્રીહરિ-અષ્ટોત્તર શતનામ-સ્તોત્રં સમ્પૂર્ણમ્ ॥**

# ॥ જનમંગલ નામાવલિ ॥

| | | |
|---|---|---|
| ૧. | ॐ શ્રીકૃષ્ણાય નમઃ। | ભક્તોના ચિત્તને પોતાની મૂર્તિમાં આકર્ષણ કરનારા. |
| ૨. | ॐ શ્રી વાસુદેવાય નમઃ। | વિશુદ્ધ અંતઃકરણમાં આવિર્ભાવ પામનારા. |
| ૩. | ॐ નરનારાયણાય નમઃ। | નર સહિત નારાયણ. |
| ૪. | ॐ પ્રભવે નમઃ। | સર્વશક્તિમાન. |
| ૫. | ॐભક્તિધર્માત્મજાયનમઃ। | ભક્તિ ધર્મના પુત્ર. |
| ૬. | ॐ અજન્મને નમઃ। | માયિક જન્મ વગરના. |
| ૭. | ॐ કૃષ્ણાય નમઃ। | કૃષ્ણ. |
| ૮. | ॐ નારાયણાય નમઃ। | નારાયણ. |
| ૯. | ॐ હરયે નમઃ। | હરિ. |
| ૧૦. | ॐ હરિકૃષ્ણાય નમઃ। | હરિકૃષ્ણ. |
| ૧૧. | ॐ ઘનશ્યામાય નમઃ। | મેઘ જેવા શ્યામ વર્ણવાળા. |
| ૧૨. | ॐ ધાર્મિકાય નમઃ। | ધર્મનું આચરણ કરનારા, ધર્મપુત્ર. |
| ૧૩. | ॐ ભક્તિનંદનાય નમઃ। | ભક્તિદેવીનાપુત્ર. |
| ૧૪. | ॐ બૃહદ્વ્રતધરાય નમઃ। | નૈષ્ઠિક બ્રહ્મચર્યવ્રત રાખનારા. |
| ૧૫. | ॐ શુદ્ધાય નમઃ। | શુદ્ધસ્વરૂપ. |
| ૧૬. | ॐ રાધાકૃષ્ણેષ્ટદૈવતાય નમઃ। | રાધાકૃષ્ણને ઈષ્ટદેવ તરીકે માનનારા. |
| ૧૭. | ॐ મરુત્સુતપ્રિયાય નમઃ। | વાયુપુત્ર હનુમાનજીને અતિપ્રિય. |





| | | |
|---|---|---|
| ૧૮. | ॐ કાલીભૈરવાદ્યતિભીષણાય-નમઃ। | કાળભૈરવવિગેરેતમોગુણીદેવતાઓને ભયંકર દેખાતા. |
| ૧૯. | ॐ જીતેન્દ્રિયાય નમઃ। | સર્વ ઈન્દ્રિયોને વશ કરનાર. |
| ૨૦. | ॐ જીતાહારાય નમઃ। | આહાર ઉપર જીત મેળવનાર. |
| ૨૧. | ॐ તીવ્રવૈરાગ્યાય નમઃ। | ગૃહસંસારથી અતિ વૈરાગ્ય પામેલા. |
| ૨૨. | ॐ આસ્તિકાય નમઃ। | સર્વત્ર દરેકનું રક્ષણ કરનાર એક ભગવાન જ છે એવા વિશ્વાસવાળા. |
| ૨૩. | ॐ યોગેશ્વરાય નમઃ। | યોગીઓનાં પણ ઈશ્વર. |
| ૨૪. | ॐ યોગકલાપ્રવૃત્તયે નમઃ। | અષ્ટાંગયોગ સાધનારા. |
| ૨૫. | ॐ અતિધૈર્યવતે નમઃ। | અત્યંત ધીરજવાળા. |
| ૨૬. | ॐ જ્ઞાનિને નમઃ। | યથાર્થ જ્ઞાનવાળા. |
| ૨૭. | ॐ પરમહંસાય નમઃ। | ઉત્તમ પ્રકારે યોગીના ધર્મને પાળનારા. |
| ૨૮. | ॐ તીર્થકૃતે નમઃ। | તીર્થમાં વિચરનારા. |
| ૨૯. | ॐ તૈર્થિકાર્ચિતાય નમઃ। | તીર્થવાસીઓએ પૂજેલા. |
| ૩૦. | ॐ ક્ષમાનિધયે નમઃ। | જીવોના અપરાધોને સહન કરનારા. |
| ૩૧. | ॐ સદોન્નિદ્રાય નમઃ। | નિરંતર નિદ્રાએ રહિત. |
| ૩૨. | ॐ ધ્યાનનિષ્ઠાય નમઃ। | સ્વ સ્વરૂપનું ધ્યાન કરવાવાળા. |
| ૩૩. | ॐ તપઃ પ્રિયાય નમઃ। | તપ જેમને વહાલું છે તે. |





| | | |
|---|---|---|
| ૩૪. | ॐ સિદ્ધેશ્વરાય નમઃ। | સિદ્ધપુરૂષોને ઈશ્વર રૂપે દર્શન દેનારા. |
| ૩૫. | ॐ સ્વતંત્રાય નમઃ। | સ્વતંત્ર,કોઈને પણ આધીન નહિ. |
| ૩૬. | ॐ બ્રહ્મવિદ્યાપ્રવર્તકાય નમઃ। | બ્રહ્મરૂપ થવાની વિદ્યા પ્રવર્તાવનાર. |
| ૩૭. | ॐ પાષંડોચ્છેદનપટવે નમઃ। | વેદથી વિરુદ્ધ એવા પાખંડ મતને ઉખેડી નાખવામાં ચતુર. |
| ૩૮. | ॐસ્વસ્વરૂપાચલસ્થિતયેનમઃ। | પોતાનાસ્વરૂપમાંઅચળપણેરહેનારા. |
| ૩૯. | ॐ પ્રશાન્તમૂર્તયે નમઃ। | શાંત સ્વરૂપવાળા. |
| ૪૦. | ॐ નિર્દોષાય નમઃ। | માયિક દોષ રહિત. |
| ૪૧. | ॐઅસુરગુર્વાદિમોહનાયનમઃ। | અસુરગુરૂ આદિકને મોહ પમાડનાર. |
| ૪૨. | ॐઅતિકારુણ્યનયનાયનમઃ। | અતિ કરુણામય દષ્ટિવાળા. |
| ૪૩. | ॐ ઉદ્ધવાધ્વપ્રવર્તકાય નમઃ। | ઉદ્ધવ સંપ્રદાય પ્રવર્તાવનારા. |
| ૪૪. | ॐ મહાવ્રતાય નમઃ। | સત્ય,અહિંસા,બ્રહ્મચર્યવિગેરેમહાવ્રતને ધારણ કરનારા. |
| ૪૫. | ॐ સાધુશીલાય નમઃ। | પવિત્રઆચરણવાળા. |
| ૪૬. | ॐ સાધુવિપ્રપ્રપૂજકાય નમઃ। | સાધુ અને બ્રાહ્મણોની પૂજા કરનારા. |
| ૪૭. | ॐ અહિંસયજ્ઞપ્રસ્તોત્રે નમઃ। | અહિંસક યજ્ઞનું શાસ્ત્ર-પ્રમાણોથી સ્થાપન કરનારા. |
| ૪૮. | ॐ સાકારબ્રહ્મવર્ણનાય નમઃ। | 'પરબ્રહ્મ પરમાત્મા સદા સાકાર છે' એવો ઉપદેશ આપનારા. |





| | | |
|---|---|---|
| ૪૯. | ॐ સ્વામિનારાયણાય નમઃ। | સર્વ વિશ્વમાં વ્યાપીને સર્વનું નિયમન કરનારા. |
| ૫૦. | ॐ સ્વામિને નમઃ। | સર્વઐશ્વર્યસંપન્ન,સર્વનાસ્વામી. |
| ૫૧. | ॐ કાલદોષનિવારકાય નમઃ। | કળિયુગના લોભાદિકદોષોનેભક્તોના હૃદયમાંથી દૂર કરનારા. |
| ૫૨. | ॐ સચ્છાસ્ત્રવ્યસનાય નમઃ। | વેદાદિકઆઠસત્શાસ્ત્રોનુંશ્રવણકરવાના વ્યસનવાળા. |
| ૫૩. | ॐસદ્યઃસમાધિસ્થિતિકારકાય-નમઃ। | અષ્ટાંગયોગના સાધન કરાવ્યા સિવાય પોતાના પ્રતાપથી દરેકને તત્કાળ સમાધિમાં સ્થિતિ કરાવનારા. |
| ૫૪. | ॐ કૃષ્ણાર્ચાસ્થાપનકરાય નમઃ। | નરનારાયણ, લક્ષ્મીનારાયણ, ગોપીનાથ આદિક કૃષ્ણ ભગવાનની પ્રતિમાઓની પ્રતિષ્ઠા કરનારા. |
| ૫૫. | ॐ કૌલદ્વિષે નમઃ। | વામમાર્ગનું ખંડન કરનારા. |
| ૫૬. | ॐ કલિતારકાય નમઃ। | કળિયુગના પ્રવાહમાંથી અનેકને તારનારા. |
| ૫૭. | ॐ પ્રકાશરૂપાય નમઃ। | અત્યંત તેજસ્વી રૂપવાળા. |
| ૫૮. | ॐ નિર્દમ્ભાય નમઃ। | બીજાને ઠગવા માટે ધર્મ ભક્તિનો આડંબર નહિ બતાવનારા. |
| ૫૯. | ॐ સર્વજીવહિતાવહાય નમઃ। | દરેક જીવ પ્રાણીમાત્રનું હિત કરનારા. |

| | |
|---|---|
| ૬૦. ૐ ભક્તિસંપોષકાય નમઃ। | નવધા ભક્તિનું પોષણ કરનારા. |
| ૬૧. ૐ વાગ્મિને નમઃ। | મધુર હિતવાણીને બોલનારા. |
| ૬૨. ૐ ચતુર્વર્ગફલપ્રદાય નમઃ। | ધર્મ,અર્થ,કામઅનેમોક્ષરૂપીફળઆપનારા. |
| ૬૩. ૐ નિર્મત્સરાય નમઃ। | મત્સર વગરના. |
| ૬૪. ૐ ભક્તવર્મણે નમઃ। | ભક્તોનું બખ્તરની માફક રક્ષણ કરનારા. |
| ૬૫. ૐ બુદ્ધિદાત્રે નમઃ। | સદ્‌બુદ્ધિ દેનારા. |
| ૬૬. ૐ અતિપાવનાય નમઃ। | દરેકને પવિત્ર કરનારા. |
| ૬૭. ૐ અબુદ્ધિહૃતે નમઃ। | અજ્ઞાનને હરનારા. |
| ૬૮. ૐ બ્રહ્મધામદર્શકાય નમઃ। | ભક્તજનોને અક્ષરધામ દેખાડનારા. |
| ૬૯. ૐ અપરાજીતાય નમઃ। | કોઈથી પણ પરાજય નહિ પામતા. |
| ૭૦. ૐ આસમુન્દ્રાન્તસત્કીર્તયે-નમઃ। | સમુદ્ર પર્યંત જેમની સત્કીર્તિ ફેલાયેલી છે તે. |
| ૭૧. ૐ શ્રિતસંસૃતિમોચનાય નમઃ। | શરણે આવેલાને જન્મ મરણ રૂપી સંસૃતિથી છોડાવનાર. |
| ૭૨. ૐ ઉદારાય નમઃ। | દાનશૂર-ઉદારતાથી દાન કરનારા. |
| ૭૩. ૐ સહજાનંદાય નમઃ। | પોતાના ભક્તોને સહેજે આનંદ આપનારા. |
| ૭૪. ૐ સાધ્વીધર્મપ્રવર્તકાય નમઃ। | પતિવ્રતા સ્ત્રીઓના ધર્મ પ્રવર્તાવનારા. |
| ૭૫. ૐ કંદર્પદર્પદલનાય નમઃ। | કામદેવના ગર્વનો નાશ કરનારા. |





| | |
|---|---|
| ૭૬. ૐ વૈષ્ણવક્રતુકારકાય નમઃ। | વૈષ્ણવ(અહિંસામય)યજ્ઞોકરનારા. |
| ૭૭. ૐ પંચાયતનસન્માનાય નમઃ। | વિષ્ણુ, શિવ, ગણપતિ, પાર્વતી અને સૂર્ય આ પાંચદેવોનું પૂજ્યપણે પ્રતિપાદન કરનારા. |
| ૭૮. ૐ નૈષ્ઠિકવ્રતપોષકાય નમઃ। | નૈષ્ઠિક બ્રહ્મચર્ય વ્રતનું પોષણ કરનારા. |
| ૭૯. ૐ પ્રગલ્ભાય નમઃ। | પંડિતોની સભામાં પ્રભાવ પાડનારા. |
| ૮૦. ૐ નિઃસ્પૃહાય નમઃ। | કોઈપણ પદાર્થની સ્પૃહા નહિ રાખનારા. |
| ૮૧. ૐ સત્યપ્રતિજ્ઞાય નમઃ। | પ્રતિજ્ઞાનું પાલન કરનારા. |
| ૮૨. ૐ ભક્તવત્સલાય નમઃ। | ભક્તો ઉપર અતિશય વાત્સલ્યભાવ રાખનારા. |
| ૮૩. ૐ અરોષણાય નમઃ। | કોઈના ઉપર,(અપકાર કરનારા ઉપર પણ)રોષ નહીં કરનારા. |
| ૮૪. ૐ દીર્ઘદર્શિને નમઃ। | સર્વ ક્રિયામાં પૂર્વાપરનું અનુસંધાન રાખનાર. |
| ૮૫. ૐ ષડૂર્મિવિજયક્ષમાય નમઃ। | શોક, મોહ, ક્ષુધા, તૃષા, જરા, અને મૃત્યુ આ છ ઉર્મિઓને જીતનારા. |
| ૮૬. ૐ નિરહંકૃતયે નમઃ। | કોઈપણ પ્રકારનો અહંકાર નહિ રાખનારા. |
| ૮૭. ૐ અદ્રોહાય નમઃ। | કોઈને વિષે પણ દ્રોહવૃત્તિ નહિ રાખનારા. |





| | |
|---|---|
| ૮૮. ૐ ઋજવે નમઃ। | સરળ સ્વભાવવાળા. |
| ૮૯. ૐ સર્વોપકારકાય નમઃ। | સર્વજનો ઉપર ઉપકાર કરવાવાળા. |
| ૯૦. ૐ નિયામકાય નમઃ। | સર્વના નિયામક. |
| ૯૧. ૐ ઉપશમસ્થિતયે નમઃ। | સર્વ ઈન્દ્રિયોની ક્રિયામાં ઉપશમ સ્થિતિને પામેલા. |
| ૯૨. ૐ વિનયવતે નમઃ। | વિવેકવાળા. |
| ૯૩. ૐ ગુરવે નમઃ। | સર્વના અજ્ઞાનને હરનારા. |
| ૯૪. ૐ અજાતવૈરિણે નમઃ। | જેના મનમાં કોઈને વિષે પણ શત્રુ ભાવ નથી. |
| ૯૫. ૐ નિર્લોભાય નમઃ। | લોભ વગરના. |
| ૯૬. ૐ મહાપુરૂષાય નમઃ। | મહા પુરૂષના સર્વ લક્ષણોથી યુક્ત. |
| ૯૭. ૐ આત્મદાય નમઃ। | એકાંતિક ભક્તોને આત્મ - સ્વરૂપ સુદ્ધા આપી દેનારા. |
| ૯૮. ૐ અખંડિતાર્ષમર્યાદાય નમઃ। | ઋષિમુનિઓએબાંધેલીધર્મમર્યાદાનો ક્યારેય ભંગ નહિ કરનારા. |
| ૯૯. ૐ વ્યાસસિદ્ધાન્તબોધકાય નમઃ। | વ્યાસજીનાસિદ્ધાંતોનોઉપદેશકરનારા. |
| ૧૦૦. ૐ મનોનિગ્રહયુક્તિજ્ઞાય નમઃ। | મનને વશ કરવાની યુક્તિ જાણનારા. |
| ૧૦૧. ૐ યમદૂતવિમોચકાય નમઃ। | યમના દૂતથી ભક્તોને છોડાવનારા. |
| ૧૦૨. ૐ પૂર્ણકામાય નમઃ। | જેમના સર્વે સંકલ્પો સંપૂર્ણ થયા છે. |
| ૧૦૩. ૐ સત્યવાદિને નમઃ। | સદા સત્ય જ બોલનારા. |





| | |
|---|---|
| ૧૦૪. ૐ ગુણગ્રાહિણે નમઃ। | દત્તાત્રેયનીમાફકદરેકમાંથીગુણગ્રહણ કરવાવાળા. |
| ૧૦૫. ૐ ગતસ્મયાય નમઃ। | જેને કંઈપણ આશ્ચર્ય જેવું નથી, બધું જ સહજ સિદ્ધ છે છતાં ગર્વ રહિત. |
| ૧૦૬. ૐ સદાચારપ્રિયતરાય નમઃ। | સદાચારપાળવામાંઅત્યંતપ્રીતિવાળા. |
| ૧૦૭. ૐ પુણ્યશ્રવણકીર્તનાય નમઃ। | જેમની કથા વાર્તાનું શ્રવણ તથા ગુણકર્મ નામોનું કીર્તન સર્વને પાવનકારી છે. |
| ૧૦૮. ૐ સર્વમંગલસદ્રૂપનાના-ગુણવિચેષ્ટિતાય નમઃ। | જેમનું ઉત્તમ સ્વરૂપ અને સદ્‌ગુણો અને દિવ્ય ચરિત્રો સર્વજનોનું કલ્યાણ કરનારા છે. |

**ૐ શ્રી સ્વામિનારાયણાય નમઃ ।**

**॥ ઈતિ શ્રી જનમંગલ નામાવલિ સમાપ્તા ॥**

**શ્રીપતિં શ્રીધરં સર્વદેવેશ્વરં, ભક્તિધર્માત્મજં વાસુદેવં હરિં ।**
**માધવં કેશવં કામદં કારણં, સ્વામિનારાયણં નીલકંઠં ભજે ॥**

# શ્રી પુરુષોત્તમ કવચ

राजोवाच –**वर्णिराट् कृष्णभक्तानां कस्मिंचिद्भय आगते ।**
**सर्वथा तद्विनाशाय कार्यं किं तैर्हरिश्रितैः ॥१॥**

(સદ્. શ્રી અખંડાનંદ વર્ણી રચિત **'શ્રીહરિચરિત્ર'** ગ્રંથમાં અધ્યાય ૪૨માં 'ભગવાનના ભક્તને કોઈ **દુઃખ** કે **ભય**ની આપત્તિ આવી પડે ત્યારે તે **દુઃખ કે ભયને સંપૂર્ણપણે મટાડવા માટે** ભગવાનના ભક્તોએ શું કરવું જોઈએ ?' આ પ્રમાણે સારંગપુરના દરબાર શ્રી વાઘાખાચરે **વિનયપૂર્વક** પૂછ્યું ત્યારે સદ્. શ્રીઅખંડાનંદ સ્વામીએ ઈષ્ટદેવ પ્રત્યક્ષ ભગવાન **શ્રીહરિ**ને સંભારીને જે પ્રમાણે તેનો **ઉત્તર** કર્યો તે અત્રે સદ્. શ્રીનિષ્કુળાનંદ સ્વામીના સંવાદમાં ખૂબજ **સરળ** અને **સચોટ** રીતે **વર્ણન** કરેલ છે.) ॥૧-૨॥

શ્રીઅખંડાનંદ વર્ણી કહે છે :- હે રાજન્ તમે શ્રીહરિના **ઉત્તમ** ભક્ત છો, તમે ઘણો સારો **પ્રશ્ન** પૂછ્યો છે 'જે કોઈ ભય આવી પડે ત્યારે ભગવાનના ભક્તે જે કરવું જોઈએ તે હું તમને ટૂંકમાં કહું છું. ॥૩॥ **'શ્રી પુરૂષોત્તમ કવચ'** નામે એક **સર્વોત્તમ** કવચ છે. સાક્ષાત્ શ્રીહરિના ભક્તોએ તે ધાર્યા જેવું છે અને તે બધા જ ભયને ટાળનારૂં છે. ॥૪॥ તે કવચ આધ્યાત્મિક આદિ સર્વ પ્રકારના **દુઃખ**ને ટાળે છે, **મોક્ષ** આપે છે અને ખૂબ સુખી પણ કરે છે. તે હું તમને કહું છું. તમે સાંભળો. ॥૫॥

જેના હૃદયમાં શ્રી લક્ષ્મીજીનો નિવાસ છે એવા શ્રી પુરૂષોત્તમ; જેમના શ્રીકૃષ્ણ, હરિ, હરિકૃષ્ણ એવા અનેક નામો છે, જે વૈરાટાદિ





સમગ્ર ઈશ્વરોના પણ નિયંતા છે, અનાદિ છે એવા પ્રત્યક્ષ ભગવાન શ્રી સ્વામિનારાયણને હું સાષ્ટાંગ પ્રણામ કરું છું. ॥૬॥

મનુષ્યને કોઈપણ પ્રકારનો ભય આવી પડે ત્યારે તેણે હાથ પગ ધોઈ શુધ્ધ થઈ, ઉત્તરમુખે બેસી **આચમન** કરવું. અને ''ॐ **न**मोऽ( अ )वतारिणे स्वामिनारायणाय'' આ મંત્રથી **અંગન્યાસ** કરીને શ્રી પુરૂષોત્તમરૂપ કવચ ધારણ કરવું. (અર્થાત્ તેનો જપ કરવો.) ॥૭॥

હવે **અંગન્યાસ** કરવાની રીત કહે છે :-

ॐ **न**कारम् अङ्घ्र्योः (બે ચરણમાં), ॐ **मो**कारम् गुल्फयोः (બંને ઘુંટીમાં), ॐ ऽ( **अ** )**व**कारम् जङ्घयोः (બે જંઘામાં), ॐ **ता**कारम् जानुनोः (બંને ગોઠણમાં), ॐ **रि**कारम् सक्थ्नोः (બંને સાથળમાં), ॐ **णे**कारम् कट्याम् (કેડના ભાગમાં), ॐ **स्वा**कारम् नाभौ (નાભિમાં), ॐ **मि**कारम् हृदये (હૃદયમાં), ॐ **ना**कारम् उरसि (વક્ષઃસ્થળમાં), ॐ **रा**कारम् बाहवोः (બંને ભુજામાં), ॐ **य**कारम् कण्ठे (ગળામાં), ॐ **णा**कारम् वक्त्रे (મુખમાં), ॐ **य**कारम् मूर्ध्नि (મસ્તકે), આ પ્રમાણે તે તે અંગમાં ઉપરોક્ત મંત્રના તે તે અક્ષરોની (ॐ સહિત) ધારણા કરવી. ॥૮-૧૦॥

હવે **કરન્યાસ** કેવી રીતે કરવા તે કહે છે :-

'ॐ नमोऽ( अ )वतारिणे स्वामिनारायणाय' એ મંત્રના અક્ષરોથી અથવા 'ॐ नमः श्रीपुरुषोत्तमाय' એ મંત્રના અક્ષરોથી **કરન્યાસ** કરવા.





ॐ **नमो** अंगुष्ठाभ्याम् नमः (બંને હાથના અંગૂઠામાં),
ॐ **अवतारिणे** तर्जनीभ्यां नमः (બંને અંગુઠા પાસેની આંગળીઓમાં),
ॐ **स्वामिनारायणाय** मध्यमाभ्यां नमः (વચલી આંગળીઓમાં),
ॐ **नमो** अनामिकाभ्यां नमः (બંને છેલ્લેથી બીજી આંગળીઓમાં),
ॐ **अवतारिणे** कनिष्ठिकाभ्यां नमः (બંને છેલ્લી આંગળીઓમાં),
ॐ **स्वामिनारायणाय** करतलकरपृष्ठाभ्यां नमः (બંને હાથના તળા અને ઉપરનો ભાગ).
(અથવા **'ॐ નમઃ શ્રી પુરૂષોત્તમાય'** એ મંત્રથી નીચે મુજબ **કરન્યાસ** કરવો.)

ॐ **ॐ** ॐ दक्षिण कर तर्जन्याम् (જમણા હાથની તર્જની આંગળીમાં)
ॐ **नं** ॐ दक्षिण कर मध्यमायाम्, ॐ **मः** ॐ दक्षिणकराऽनामिकायाम्,
ॐ **श्रीं** ॐ दक्षिणकरकनिष्ठिकायाम्, ॐ **पुं** ॐ वामकरकनिष्ठिकायाम्,
ॐ **रुं** ॐ वामकराऽनामिकायाम्, ॐ **षों** ॐ वामकर मध्यमायाम्,
ॐ **त्तं** ॐ वामकर तर्जन्याम्, ॐ **मां** ॐ वामकरांऽगुष्ठे,
ॐ **यं** ॐ दक्षिणकरांऽगुष्ठे.

હવે હૃદયાદિ **અંગન્યાસ** કહે છે.

ॐ **ॐ**कारं हृदये, ॐ **श्री**कारं मूर्ध्नि, ॐ **ह**कारं भुवोर्मध्ये, ॐ **र**कारं शिखायाम्, ॐ **ये**कारं नेत्रयोः, ॐ **न**कारं सर्वसन्धिषु, ॐ **म**कारम् ( **मः** ) अस्त्राय कट् (આ રીતે 'શ્રીહરયે નમઃ' એવા





વિસર્ગ સહિત મંત્રોચ્ચારથી **દિગ્બંધન** કરે. અર્થાત્ બે આંગળીઓને મસ્તક પર રાખી સર્વ દિશાઓમાં ફેરવે તે દિગ્બંધન કહેવાય છે.)

આ રીતે ન્યાસ કરવાથી ભક્તજન **મંત્રમૂર્તિ** બની જાય છે. ત્યારબાદ એકાગ્રમનથી હૃદયમાં શ્રીહરિનું **ધ્યાન** કરવું. ॥૧૧-૧૪॥

**अथ ध्यानम्** – જે મુક્તોની સભામાં નિરંતર વિરાજે છે. મેઘના સમાન શ્યામ વર્ણના - (ઘનશ્યામ) છે, સોનેરી વસ્ત્ર અને સોનાના અલંકારોને ધારી રહ્યા છે, એવા **શ્રીપુરુષોત્તમ** ભગવાનને હું મારા હૃદયમાં **ધ્યાન** કરું છું. ૧૫. અત્યંત ચમકતા ભાલા અને બરછીઓ હાથમાં લઈને **ઘોડે સવાર** થયેલ શ્રીસોમલાખાચર અને શ્રીદાદાખાચર આદિ પાર્ષદોથી ચારે બાજુ વીંટાયેલા અને માણેકવર્ણી **માણકી ઘોડી** ઉપર વિરાજેલા ભગવાન **પુરુષોત્તમ** શ્રીહરિ મારી સંપૂર્ણ રીતે રક્ષા કરો. ૧૬. શ્રીસ્વામિનારાયણ ભગવાન મારું અંતઃશત્રુઓથી રક્ષણ કરો. (ભક્તિધર્માત્મજ) **શ્રીકૃષ્ણ** ભગવાન અસુરોથી મારું રક્ષણ કરો. સર્વનિયંતા, ધર્મપુત્ર **શ્રીહરિકૃષ્ણ** મહારાજ સમગ્ર અધર્મસર્ગથી મારી રક્ષા કરો. **શ્રીનીલકંઠ** પ્રભુ મારી રાત દિવસ રક્ષા કરો અને **શ્રીનારાયણમુનિ** મારી પ્રાતઃ અને સાયં બન્ને સંધ્યા સમયે રક્ષા કરો. ૧૮. સ્વાભાવિક આનંદરસઘનમૂર્તિ **શ્રીસહજાનંદ સ્વામી** સમગ્ર દુઃખથી મારું રક્ષણ કરો. શ્રીભક્તિધર્માત્મજ **વાસુદેવ** નાશવંત અને દુઃખથી ભરેલા સુખથી મારી રક્ષા કરો. ૧૯. ઉદાર - સર્વોત્તમ જેનાં દર્શન છે એવા **ઘનશ્યામ** (શ્રીહરિ), મદોદ્ધત મનરૂપી હાથીથી મારી

રક્ષા કરો. સર્વ અવતારનું કારણ એવા શ્રીહરિ, એકાંતિક ધર્મના આચરણમાં રહેતા પ્રમાદથી મારું **રક્ષણ** કરો. ૨૦. નરે સહિત નારાયણ, વનમાં હિંસક પ્રાણીઓના ટોળાંથી મારી રક્ષા કરો. શ્રીલક્ષ્મીનારાયણ પ્રભુ, હું તેમનો દાસ છું, માટે દરિદ્ર અને મૂર્ખ મનુષ્યથી મારી રક્ષા કરો. ૨૧. શ્રીગોપીનાથજીમહારાજ, પાણીમાં જળજંતુ-પ્રાણીઓથી અને વરુણના પાશથી મારી રક્ષા કરો. રાધારમણ દેવ મારી સર્વ સ્થળોમાં રક્ષા કરો અને સત્પુરુષોના સ્વામી શ્રી રાધાકૃષ્ણદેવ મારી આકાશમાં રક્ષા કરો. ૨૨. શ્રી મદનમોહનજી મહારાજ, દુર્ગમ સ્થાનોમાં અને અરણ્યમાં - ભવાટવીમાં મારી રક્ષા કરો. શ્રી બળદેવજીની સાથે રહેલા શ્રીકૃષ્ણ(રામકૃષ્ણ) રણ સંગ્રામમાં મારી રક્ષા કરો. શ્રી રણછોડરાય મારી બધી જાતના કરજથી રક્ષા કરો અને વરાહ આદિ બધા અવતારો, માર્ગમાં મારું **રક્ષણ** કરો. ૨૩. શ્રીહનુમાનજી મહારાજ બધા જ ગ્રહોના સમુદાયથી રક્ષા કરો અને શ્રીવિઘ્નરાજ ગણપતિદેવ સમગ્ર વિઘ્નોથી મારી રક્ષા કરો. શ્રીરામપ્રતાપજી મહારાજ મારું નરક યાતનાથી રક્ષણ કરો અને શ્રીઈચ્છારામજી મહારાજ દયા કરીને અભિચારાદિ ઉગ્ર ધર્મથી મારી રક્ષા કરો. ૨૪. આચાર્ય શ્રીઅયોધ્યાપ્રસાદજી મહારાજ અસદ્‌બુદ્ધિ અને કળિયુગથી મારી રક્ષા કરો. આચાર્ય શ્રીરઘુવીરજી મહારાજ, દેહાસક્તિ અને વિષયી મનુષ્યના સંસર્ગથી મારી **રક્ષા** કરો. ૨૫. શ્રીમુકુંદાનંદ વર્ણી કામરૂપી સિંહ - ગર્જનાથી મારું રક્ષણ કરો અને શ્રીજયાનંદ બ્રહ્મચારી લોભ દોષથી રક્ષણ કરો. શ્રીશતાનંદ સ્વામી ક્રોધથી





અને શ્રી મુક્તાનંદ સ્વામી દુર્જનના સંગથી મારું રક્ષણ કરો. ૨૬. શ્રી ગોપાળાનંદ સ્વામી દેહાભિમાનથી અને શ્રી બ્રહ્માનંદ સ્વામી કુસંગથી મારું રક્ષણ કરો. શ્રી નિત્યાનંદ સ્વામી દેહ આદિમાં સ્નેહની આસક્તિથી અને શ્રી ચૈતન્યાનંદ સ્વામી પ્રમાદથી મારું **રક્ષણ** કરો. ૨૭. શ્રી આનંદાનંદ સ્વામી રસાસ્વાદથી, શ્રી સ્વરૂપાનંદ સ્વામી મદથી અને શ્રી પ્રેમાનંદ સ્વામી વિષાદ (ખેદ) થી મારું રક્ષણ કરો. શ્રી વ્યાપકાનંદ મુનિ મરણથી, શ્રી કૃષ્ણાનંદ મુનિ અને શ્રી કૃપાનંદ સ્વામી મારું મોહથી અને મૂઢતાથી રક્ષણ કરો. ૨૮. શ્રી શુકાનંદ સ્વામી દંભથી અને શ્રી નૃસિંહાનંદ સ્વામી દેવતાઓના અપરાધથી મારી **રક્ષા** કરો. શ્રી સચ્ચિદાનંદ સ્વામી, ભગવાનના વિયોગથી અને શ્રી ગુણાતીતાનંદ સ્વામી મારું કાળથી રક્ષણ કરો. ૨૯. શ્રી નિષ્કુળાનંદ સ્વામી, માયિક વિષય ભોગથી અને શ્રી સ્વયંપ્રકાશાનંદ સ્વામી શબ્દાદિ પંચ વિષયમાં રાગથી મારી રક્ષા કરો. શ્રી મહાનુભાવાનંદ સ્વામી નીચ યોનિની પ્રાપ્તિ (અધોગતિ)થી અને શ્રી શિવાનંદ સ્વામી અજ્ઞાનથી મારું રક્ષણ કરો. ૩૦. શ્રી વાસુદેવાનંદ વર્ણી, ખરાબ સ્વભાવથી; શ્રી નારાયણાનંદ વર્ણી ભગવાનની ભક્તિમાં વિઘ્નથી મારું રક્ષણ કરો. શ્રી આનંદાનંદ વર્ણી બ્રહ્મરાક્ષસાદિ ભૂતોથી અને શ્રી વૈકુંઠાનંદ વર્ણી કુબુદ્ધિથી મારું **રક્ષણ** કરો. ૩૧. શ્રી આત્માનંદ સ્વામી, શ્રીહરિનાં વચનલોપથી, શ્રી અદ્‌ભુતાનંદ સ્વામી સંસાર સાગરથી, શ્રી પરમાનંદ સ્વામી પાપી મનુષ્યના સંસર્ગથી અને શ્રી યોગાનંદ સ્વામી દુરાગ્રહથી મારું રક્ષણ કરો. ૩૨. શ્રી અક્ષરાનંદ સ્વામી,





ભગવદ્ ભક્તોના અપરાધથી, શ્રી ગોવિંદાનંદ સ્વામી શક્તિપંથીના સંગથી, શ્રી જ્ઞાનાનંદ સ્વામી શુષ્કજ્ઞાનીના સંગથી, શ્રી સર્વજ્ઞાનાનંદ સ્વામી, નાસ્તિક અને કુંડાપંથીના સંગથી મારી રક્ષા કરો. ૩૩. શ્રી ભજનાનંદ સ્વામી અધર્મી (ખરાબ) વૈદ્યથી, શ્રી દેવાનંદ સ્વામી ધર્મ વિરુદ્ધ બબડાટથી, શ્રી ભગવાનાનંદ સ્વામી ખરાબ વાદવિવાદથી અને શ્રી ભૂધરાનંદ સ્વામી અતિવાદથી મારી રક્ષા કરો. ૩૪. **સર્વ સંતો** અને **બ્રહ્મચારીઓ,** મૂર્છા, છળ, રોગ, ઘડપણ, માનસી પીડા, મત્સર, નિદ્રા, નિંદા, વિપરીતભાવના, દ્રોહ, અસૂયા અને મિથ્યા ભાષણ આદિથી મારી **રક્ષા** કરો. ૩૫. શ્રી હેમંતસિંહ (ઝીણાભાઈ), શ્રીસોમલાખાચર, શ્રીદાદાખાચર, શ્રીસૂરાખાચર, શ્રીજીવાખાચર, શ્રીમાંચાખાચર, શ્રીકાકાભાઈ, શ્રીપુંજાભાઈ, શ્રીનાજાજોગીયા, શ્રીગોવર્ધનભાઈ, શ્રીપર્વતભાઈ, શ્રીભીમભાઈ, શ્રીકાશીદાસ, શ્રીઆંબાશેઠ, શ્રીભોજભાઈ, શ્રીકુબેરજી, શ્રીનાથભક્ત, શ્રીવસ્તાખાચર, શ્રીનંદુભાઈ, શ્રીશિવા યાજ્ઞિક, શ્રીનથ્થુભટ્ટ, શ્રીવેણીભાઈ, શ્રીવિષ્ણુભાઈ, શ્રીપ્રતાપસિંહ, શ્રીએભલખાચર, શ્રીજોબનપગી, શ્રીમયારામ ભટ્ટ ઈત્યાદિ સમગ્ર **શ્રીહરિના એકાંતિક ભક્તો** ભગવાન સિવાયની બીજી વાસનાથી મારું **રક્ષણ** કરો. ૩૬. ૩૭. શ્રીભગુજી, શ્રીરતનજી, શ્રીવીરાજી, શ્રીકુબેરજી, શ્રીઅલૈયાખાચર, શ્રીભીમભક્ત, શ્રીકેશવજી, શ્રીલખાજી, શ્રી અર્જુનભક્ત, શ્રીકેસરીસિંહ, અને શ્રીઘેલા ધાધલ આદિ **શ્રીહરિના સહુ પાર્ષદો** સર્વ દિશાઓમાં મારી રક્ષા કરો. ૩૮. આ રીતે





સર્વ શ્રેષ્ઠ આ **પુરુષોત્તમ કવચ** બધા જ પાપને નાશ કરનારું છે અને ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય તથા ભક્તિને આપનારું છે. ૩૯. સર્વ ઉપદ્રવોને મટાડનારું અને શ્રીહરિનાં **અક્ષરધામ**માં પહોંચાડનારું છે, આ લોકમાં **ભોગ** અને છેવટે **મોક્ષ**ને આપનારું છે અને ઈચ્છિત **સિદ્ધિ**ને આપનારું છે. ૪૦. માનસી પીડા તથા રોગને ટાળનારું, શુભકાર્યમાં તત્કાળ વિજય આપનારું, ધન, યશ અને આયુષ્ય દેવાવાળું છે તથા કાળના ત્રાસને નિવારનારું છે. ૪૧. આ પુરુષોત્તમ કવચને કોઈ મનુષ્ય પ્રેમથી ધારણ કરે, આદરથી સાંભળે કે પાઠ કરે, તો તેને મનુષ્યો અને દેવતાઓ પણ **વંદન** કરે છે અને તે સર્વ પ્રકારના **ભય**થી છૂટી જાય છે. ૪૨. બધી જાતનાં સુખનું કારણ, ભક્તોની **પીડા**ને **નાશ** કરનારું અને શુભ એવું આ **પુરુષોત્તમ કવચ** ત્યાગી ગૃહસ્થ સહુએ આ દુનિયામાં કોઈ પણ **ભય પ્રસંગ** આવે ત્યારે આદર બુદ્ધિથી ધારવું. ૪૩. હે રાજન્ ! આ રીતે સદ્‌ગુરુ શ્રેષ્ઠ શ્રી અખંડાનંદ વર્ણીએ વાઘાખાચરને પ્રગટ શ્રીહરિના ભક્તોને સુખકારી આ 'શ્રી પુરુષોત્તમ કવચ' કહ્યું છે, તે ભગવાનના સર્વ ભક્તોને સાંભળવા લાયક અને પાઠ કરવા લાયક છે, માટે ભગવાનના ભક્તને આ **પુરુષોત્તમ કવચ** કહેવું પણ ભગવાનના જે દ્વેષી હોય તેને ન કહેવું. ૪૪.

**॥ ઈતિ શ્રીપુરુષોત્તમ કવચં સમાપ્તમ્ ॥**